"ક્યાંથી આવો છો તમે ? છોને કુશળક્ષેમ ?
એકાએક તમે અહીં, આજે આવ્યા કેમ ?" ૨૭
આગંતુક વધ્યો પછી ધરી નમ્ર-વિવેક,
'આવું છું હું પ્રભુ ! રાજકોટથી છેક' ૨૮
બહુ દિનથી ઈચ્છા હતી, તવ દર્શનની નાથ !
આજે પૂર્ણ થઈ, થયો સફળ જન્મ મુજ, તાત !" ૨૯
સૂણી વચન એ ભાઈનાં ત્યાં બેઠેલા જન,
આશ્ચર્યના અબ્ધિમાં ડૂબી ગયા તત્ક્ષણ. ૩૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! પેલા ભાઈ જેહ
આવ્યા 'તા રાજકોટથી છત્રી લઈને એહ. ૩૧
એ છત્રીમાં ઠેઠ હા ! રાજકોટથી જાણ,
એક ગરોળી ભરાઈને આવી ગઈ આ સ્થાન. ૩૨
છત્રી નીચે મૂકતાં ગભરાયેલી એહ,
વેગે નીકળી ચઢી ગઈ લીમડા ડાળે જેહ. ૩૩
પેલી ગરોળી મળી ગઈ, બન્ને થઈને મસ્ત;
અવધૂતના સાન્નિધ્યમાં ખેલે થઈ સુસ્વસ્થ. ૩૪
ગરોળી રાજકોટથી આવી રહી છે એક,
એ વાત અવધૂતજી જાણી ગયા'તા છેક. ૩૫
અલખ કહે આમાં ન'તો કોઈ ચમત્કાર,
અવધૂત-અંતર-શુદ્ધિનો હતો આવિષ્કાર. ૩૬
અંતર જેનું શુદ્ધ છે, સ્વચ્છ સ્ફટિક સમાન;
એવા સંતો જાણ તું અવનિ પર ભગવાન. ૩૭
મેરુ ચળે, પણ ના ચળે જેનું નિર્મળ મન,
એવા સંતોનું કદી થાય અહીં દર્શન; ૩૮
તો ભાગે ભવદુ:ખ ને જન્મ-મરણ ઘટમાળ,
તૂટી જાયે પલકમાં, થાય મોક્ષ તત્કાળ. ૩૯
માટે સાચા સંતને, સેવ નિરંજન બાળ;
ભોગળ ભ્રમની ભાંગશે, ખૂલશે જ્ઞાનનાં દ્વાર. ૪૦
સાંભળ વાત કહું તને, રાખી શ્રદ્ધા મન
રંગને શરણે જાય જે તેને કેવી ગહન ૪૧
સહાય કરે છે રંગ હા ! ભક્તવત્સલ દેવ,
સૂણતાં શ્રદ્ધા તાહરી થાશે દૃઢ તતખેવ. ૪૨
વડોદરાની બહેન એ, મધ્યમ વર્ગની જાણ;
પરમ ભક્ત અવધૂતની ભાવિક શ્રદ્ધાવાન. ૪૩
પતિ એનો એક બેન્કમાં, કરે નોકરી જાણ;
સાદો, સીધો સરળ એ સદા ભજે ભગવાન. ૪૪
ભાડાના ઘરમાં રહે, સંતોષે બંનેવ;
નારેશ્વરના નાથની, કરતાં ભાવે સેવ. ૪૫
એક દિવસ બન્નેવ આ, જઈ નારેશ્વર માંહ્ય;
અવધૂતજીને વિનવતાં, જોડી બન્ને બાંહ્ય:- ૪૬
"પ્રભુ ! અમારે ઘેર હા ! વડોદરામાં આપ,
પધારીને પાવન કરો, અમારું ઘર હે બાપ ! ૪૭
ત્યાં તો અવધૂતજી વદે, કરી હાસ્ય ધરી પ્રેમ:-
"અરે ! તમે બન્નેવ જણ જૂઠું બોલો કેમ ? ૪૮
તમારા બન્નેવનું વડોદરાની માંહ્ય
પોતાની માલિકીનું ઘર છે વળી ક્યાંય ? ૪૯
ભાડાના ઘરમાં રહો, કહો 'અમારું' કેમ
વાહ ! કેવું છેતરો છો ? તમેય બંનેવ એમ ! ૫૦
હું તો તમારી માલિકીનું વડોદરામાં એમ,
થાશે ઘર જ્યારે ખરે ! ત્યારે જ આવીશ તેમ. ૫૧
અમૃતની વર્ષા સમાં સૂણી રંગવચન,
પતિ-પત્ની બન્નેવનાં, હરખ્યાં અતિશય મન. ૫૨
કંઠ ગદ્‌ગદ્‌ થઈ ગયો, વહે નયન વારંવાર;
"ધન્ય વચન તારાં ગુરો ! સફલ થશે નિર્ધાર" ૫૩
એમ કહી અવધૂતને, વંદી વારંવાર;
આવ્યાં પછી વડોદરે, હૈયે હર્ષ અપાર. ૫૪
પાસે પૈસા છે નહિ, મકાન લેવા કાજ;
શ્રદ્ધામૂડી કિન્તુ હા !! સભર ભરી છે આજ. ૫૫
વહેતી મૂકી વાત કે "વડોદરામાં માન,
અમારે નિજનું, અહા ! ખરીદવું છે મકાન" ૫૬
વહેતી વહેતી વાત આ પડી સ્નેહીને કાન,
મળવા એ જો ગયા આ બેનને સ્થાન. ૫૭
"ચાલો શોધ્યાં મકાન ત્રણ, બેની તમારે કાજ,
પસંદ પડે તે એક હા ! રાખો આજ ને આજ. ૫૮
પૈસાતણી ચિંતા તમે, કરશો નહીં લગાર;
નાણાનું તો સૌ થશે પસંદ કરો એકવાર" ૫૯
સૂણી વચન આ સ્નેહીનાં, બન્ને થઈ તૈયાર;
આવ્યાં સ્નેહી સાથ હા ! નૂતન ઘરને દ્વાર. ૬૦
પગથિયાં ચઢતાં જ આ બેનના કાનની માંહ્ય,
અવધૂતજી કહી રહ્યા "બીજે જઈશ ના ક્યાંય. ૬૧
મકાન આ તું રાખી લે" એમ કહ્યું ત્રણ વાર !!
સૂણતાં બેનના અંતરે, થાતો હર્ષ અપાર. ૬૨

હર્ષાવેશમાં એકદમ સ્નેહીને તે વાર,
કહી દીધું મક્કમ સ્વરે આ બેને તત્કાળઃ- ૬૩
"આજ મકાન બસ માહરે, રાખવું છે નિર્ધાર;
બીજા મકાનનો હવે, કરવો નથી વિચાર" ૬૪
આશ્ચર્ય પતિને ત્યાં થયું, કરી રહ્યા વિચારઃ
"જોતી શા માટે નથી, ઘર બીજું આ વાર ?" ૬૫
પત્ની સમજી ગઈ છતાં બોલી ના તત્કાળ,
એ જ ઘર લેવાતણો કર્યો અફર નિર્ધાર. ૬૬
સ્વામી સાથે તે પછી આવીને નિજ ઘેર,
સદ્ગુરુના આદેશની વાત કરી સુપેર. ૬૭
સૂણી વચન નિજ પત્નીનાં, પતિ વદ્યા તત્ખેવ;
"કેવી આપણી કાળજી રાખે સદ્ગુરુ દેવ !" ૬૮
એમ કહી અવધૂતને વંદે વારંવાર,
નાણાંની પણ સગવડ બધી થઈ ગઈ તત્કાળ. ૬૯
સોદો થયો મકાનનો દોઢ માસની માંહ્ય,
પતિ-પત્ની રહેવા ગયાં, નિજ મકાનમાં ત્યાંહ્ય. ૭૦
ગયાં પછી નારેશ્વરે, કર્યાં સદ્ગુરુ-દર્શન;
મસ્તક મૂકી ચરણમાં, કર્યાં ફરી ફરી નમન. ૭૧
કૃતજ્ઞતાથી આંખમાં આંસુ સાથે એમ,
વાત બધી શ્રીચરણમાં, કરી નિવેદિત તેમ. ૭૨
પછી કહ્યું બહુ ભાવથી, હે મારા ગુરુરાય !
મકાન ખરીદાયું પ્રભો ! ધન્ય ! આપની સહાય ! ૭૩
આપે વચન દીધું હતું "આવીશ તમારે ઘેર,
થાશે જ્યારે મકાન તવ નહીં લગાડું દેર" ૭૪
હવે અમારું થઈ ગયું, માલિકીનું મકાન;
પુનિત કરવા પદ ધરો, એમાં શ્રીભગવાન !" ૭૫
સૂણી વચન એ ભક્તનું મંદ હસ્યા અવધૂત;
જાણે સુમન ખરી રહ્યાં, એમ વદ્યા મુનિસુતઃ ૭૬
"રંગ જયંતી પર અહા ! જયપુર હમણાં જઈશ,
ત્યાર પછી જયપુરથી હરિદ્વાર પહોંચીશ. ૭૭
હરિદ્વારથી જો કદી પાછો હું આવીશ,
અચૂક ત્યારે વડોદરા તમ ઘર હું ઉતરીશ" ૭૮
કહી એમ એ યુગ્મને, સાશિષ આપી વિદાય;
ખબર કોને હતી તિહાં, હતી છેલ્લી વિદાય ! ૭૯
ત્યાર પછી અવધૂતજી હરિદ્વારમાં એમ,
સ્થૂલ દેહથી લીન થયા સ્વયં બ્રહ્મમાં તેમ. ૮૦
પતિ-પત્ની બન્નેવ એ મનમાં દુઃખી થાય,
"અરે ! અમારે આંગણે ના આવ્યા ગુરુરાય ! ૮૧
માલિકીનું તમ ઘર થતાં, આવીશ તમારે ઘેર;
મળ્યું આશ્વાસન છતાં, રહ્યાં ઠેરનાં ઠેર ! ૮૨
ધિક્ ધિક્ છે અમ ભાગ્યને, અવધૂત સદ્ગુરુવર,
વચનબદ્ધ થયા છતાં, ના આવ્યા અમ ઘર !" ૮૩
એમ દંપતી આ અહીં, દિલમાં દુઃખી થાય;
ધિક્કારે નિજ ભાગ્યને, નયને જલ ઉભરાય. ૮૪
એક તીવ્ર ઈચ્છા હતી, બન્નેના મન માંહ્યઃ
"જ્યારે સદ્ગુરુ આપણે ઘેર પધારે આંહ્ય; ૮૫
ત્યારે આ મકાનનું સદ્ગુરુ પાસે એમ
નામકરણ કરાવવું જેથી થાયે ક્ષેમ" ૮૬
બ્રહ્મલીન થયા પ્રભુ, સ્થૂલ સ્વરૂપે આમ;
તો પણ આ યુગ્મે ન'તું આપ્યું ઘરનું નામ ! ૮૭
વસવસો એ રહી ગયો, અંતર અતિ અકળાય;
સ્થૂલ-સ્વરૂપ દર્શન અરે ! કયારે થાશે ? હાય !" ૮૮
આમ બન્ને વલવલે, છૂપાં કરે રુદન;
"હે અવધૂત ! દયાનિધે ! રાખ તારું વચન" ૮૯
શ્રદ્ધા શું શું ના કરે ? છે શ્રદ્ધા બલવાન,
જડ, ચેતન થઈ જાય ને દે મુડદામાં પ્રાણ. ૯૦
જોઈ શ્રદ્ધા આ યુગલની, અવધૂત થયા પ્રસન્ન;
વેગે દોડ્યા વાલમા, રાખવા નિજનું વચન. ૯૧
એક મળસ્કે બેન આ, ભરનિદ્રામાં એમ;
હતાં ત્યાહરે સ્વપ્નમાં થયું દૃષ્ટાંત તેમ. ૯૨
જાણે એમના ઘર વિષે, રોયલ ખુરસી માંહ્ય,
અવધૂતજી બેઠા હતા, સ્થૂલ સ્વરૂપે ત્યાંય. ૯૩
કાળાં ચશ્મા આંખપર, જટા શિષ સોહાય,
ઊનની ટોપી મસ્તકે, તેજ-નિતરતી કાય. ૯૪
દર્શન થાતાં રંગનાં, બન્ને ઉર હરખાય;
અંતર છલકે હરખ ને ગાંડાઘેલા થાય. ૯૫
"શી રીતે સ્વાગત કરું ? ઓ મારા ગુરુરાજ !
તન,મન,ધન ઓવારી દઉં, તોય અલ્પ છે આજ" ૯૬
એમ વદી પાગલ સમા, નાચે-કૂદે જ્યાંય;
ત્યાં તો અવધૂત બોલિયો "બન્ને બેસો આંહ્ય" ૯૭
એમ કહી બેસાડિયાં, બન્નેને નિજ પાસ;
પછી વદ્યા અવધૂતજી "જુઓ ! હું આવ્યો ખાસ. ૯૮

મેં તમને આપ્યું હતું, પૂર્વે એક વચનઃ
'જરૂર આવીશ હું અહા ! તમ ઘરે એક દન. ૯૯
આજે હું આવ્યો અને રાખ્યું મુજનું વેણ
હવે તમારા ઘરતણું કરું નામકરણ. ૧૦૦
ઘર લેવાની પ્રેરણા, નારેશ્વરથી આમ;
મળી, ત્યારે આ ઘરતણું રાખો 'પ્રેરણા' નામ !" ૧૦૧
એમ કહી અવધૂતજી, થયા અદૃશ્ય તત્ક્ષણ;
અદૃશ્ય થાતાં સદ્‌ગુરુ, બેનનાં ખૂલ્યાં નયન. ૧૦૨
નયન ખૂલતાં બેન હા ! દિઙ્મૂઢ થઈ ક્ષણવાર,
સ્વપ્ને દીઠા રંગનો કરી રહ્યાં વિચારઃ ૧૦૩
"મારા સદ્‌ગુરુ સ્વપ્નમાં, દઈ મુજને દર્શન,
મારું કામ કરી ગયા, રાખ્યું નિજ વચન" ૧૦૪
વેગે પતિને જગાડિયા "સૂણો સૂણો રે વાત
આપણે ઘેર અવધૂતજી, આવી ગયા સાક્ષાત્. ૧૦૫
નામકરણ કરી ગયા, આપણા ઘરનું આજ,
જીવન-જન્મ સફળ થયાં ધન્ય ! ધન્ય ! દિન આજ ! ૧૦૬
એમ કહી નિજ સ્વપ્નની માંડીને બધી વાત,
નિજ સ્વામીને કહી અહા ! હૈયે હર્ષ અફાટ ! ૧૦૭
પતિ-પત્ની બન્નેવનાં, હૈયે હર્ષ ન માય;
ફરી ફરી વંદન કરે, જય જય જય ગુરુરાય. ૧૦૮
તે દિનથી નિજ મકાનનું 'પ્રેરણા' રાખ્યું નામ,
પ્રેરણા દેતું મકાન એ આજે છે એ ઠામ. ૧૦૯
આજે પણ એ યુગલ હા ! એ મકાનની માંહ્ય,
પુત્ર-પૌત્ર સહ પ્રેમથી, રહે છે મગ્ન સદાય. ૧૧૦
પણ આ તો સંસાર છે, સુખ દુઃખ આવે જાય;
એક દિવસ એ બેનને, કંઈક અમૂંઝણ થાય. ૧૧૧
અંતરમાં અકળાય ને જીવડો અતિ મૂંઝાય,
દિલમાં દુઃખ વધે અને જડતો ન કો ઉપાય. ૧૧૨
એક ભકતે આવી કહ્યું 'શા માટે ગભરાય ?
તારા દિલના દુઃખનો સહેલો છે ઉપાય. ૧૧૩
તારું કષ્ટ અઘોર છે, એથી બચવા માટ;
'અઘોરકષ્ટોદ્ધરણ' ના કર નિરંતર પાઠ' ૧૧૪
સૂણી બેન રાજી થયાં, લઈ પુસ્તિકા હાથ,
શુદ્ધ મને 'અઘોર' ના કરવા બેઠાં પાઠ. ૧૧૫
પણ રચના આ તો સરી, સમર્થ કલમથી જાણ;
વાસુદેવાનંદતણી, શબ્દ કઠણ તું માન. ૧૧૬
સ્પષ્ટ રીતે વંચાય ના, થાય ન શુદ્ધોચ્ચાર;
અશુદ્ધ ઉચ્ચારથી સ્તોત્રના, હાનિ થાય અપાર. ૧૧૭
કોઈ પંડિત શીખવે, સાચો સ્પષ્ટોચ્ચાર;
તોજ પાઠનું ફળ મળે, નહિ તો વ્યર્થ અસાર. ૧૧૮
કોણ એમને શીખવે ? અંતર અતિ મૂંઝાય,
કષ્ટ દૂર કરવા હતો, એકજ આ ઉપાય. ૧૧૯
બેને સમર્યા સદ્‌ગુરુ અનાથના જે નાથ,
"ભીડભંજન અવધૂત હે ! ઝાલો મારો હાથ" ૧૨૦
એમ સ્મરી અવધૂતને, મૂક્યું ઉશિકે માથ,
પડ્યાં ગહન નિદ્રા મહીં, વીતી ગઈ મધરાત. ૧૨૧
ત્યાં તો સ્વપ્ન પડ્યું અને થયું એક દૃષ્ટાંત,
સામે આવીને ખડા સમર્થ સદ્‌ગુરુ તાત ! ૧૨૨
મધુર હાસ્યથી બેનને કહેવા લાગ્યા એમઃ
"ચાલ તને શીખવું હવે 'અઘોર' સ્તોત્ર તે વાર. ૧૨૩
એમ કહી અવધૂતજી, કરી સ્પષ્ટ ઉચ્ચાર;
ઊંચે સાદે બોલીયા 'અઘોર'સ્તોત્ર તે વાર. ૧૨૪
પછી કહ્યું એ બેનને, 'બોલ હવે બે વાર,'
બેન પછી બોલી ગયાં, કરી શુદ્ધ ઉચ્ચાર. ૧૨૫
સૂણી શુદ્ધ ઉચ્ચાર એ થઈ પ્રસન્ન ભગવાન,
મલકત મુખડે તુર્ત એ થાતા અંતર્ધાન. ૧૨૬
અંતર્ધાન થયા પ્રભુ ! બહેનનાં ખૂલ્યાં નયન,
અવધૂતદર્શનથી અહા ! થયાં અતિ પ્રસન્ન. ૧૨૭
વાત કરી નિજ સ્વામીને સદ્‌ગુરુ આવ્યા અત્ર,
સ્વપ્ને શીખવાડી ગયા મને 'અઘોર સ્તોત્ર' !" ૧૨૮
પુસ્તિકા લઈને સદા, વાંચી રહ્યાં તે વાર;
કડકડાટ વાંચી ગયાં, સ્પષ્ટ શુદ્ધ ઉચ્ચાર. ૧૨૯
ક્ષણવાર તો પતિ એમના, વિસ્મય પામી અપાર;
સૂણી રહ્યા નિજ પત્નીના શુદ્ધ શબ્દોચ્ચાર ! ૧૩૦
તે દિનથી એ બેન પણ માની દીક્ષા મંત્ર,
'અઘોરકષ્ટ' નો નિત્ય હા ! જાપ કરે ધરી ખંત. ૧૩૧
મૂંઝવણ દૂર થઈ બધી, વ્યાપ્યો હર્ષ અપાર;
ભકત અને ભગવાનનો, ગર્જ્યો જય જયકાર. ૧૩૨
ત્યાર પછી આ દંપતી, નિજ દાંપત્ય જીવન;
આનંદથી જીવતાં રહ્યાં, સ્મરતાં સદ્‌ગુરુ મન. ૧૩૩
એક દિવસ એ બેનને આવ્યો મન વિચારઃ
"બાવન દિન સુધી બાવની, કરું હું બાવન વાર" ૧૩૪

ઈચ્છા નિજ પતિને કહી, એ પણ થયા પ્રસન્ન;
આજ્ઞા આપી "કરો સુખે, થાશે ધન્ય જીવન" ૧૩૫
ચાલીસ દિન થયા પછી જોઈ પત્નીનો ભાવ,
પતિએ મૂકયો પ્રેમથી એક સરસ પ્રસ્તાવઃ ૧૩૬
"બાવન દિન પૂરા થયે ત્રેપનમે દિન એમ,
બાવન પાઠ કરાવીએ સમૂહમાં સપ્રેમ. ૧૩૭
બાવન ભિક્ષુકોને વળી બાવન ભાખરી દાન,
કરીએ ને બોલાવીએ સગાં સ્નેહી તમામ. ૧૩૮
વળી વડોદરા શહેરનો જે અવધૂત પરિવાર,
તેને આમંત્રણ અહા ! પાઠવીએ નિર્ધાર. ૧૩૯
કરાવીએ સદ્ગુરુતણી પાદુકાનું પૂજન,
મહાપ્રસાદનું સર્વને કરાવીને ભોજન" ૧૪૦
સૂણી પ્રસ્તાવ પતિતણો બેનનું હરખ્યું મન,
કિન્તુ સ્થિતિ નિજ વિચારતાં નીર ભરાયું નયન. ૧૪૧
અંદાજે આ ખર્ચનો, કરતાં બધો વિચાર,
રૂપિયા જોઈએ હાથમાં બેથી ત્રણ હજાર ! ૧૪૨
માંડ રૂપિયા સો હતા, નિજ ખિસ્સાની માંહ્ય;
બેથી ત્રણ હજારની ત્રેવડ કરવી કયાંય ? ૧૪૩
પત્નીએ બહુ પ્રેમથી સમર્યા સદ્ગુરુનાથઃ
'તેં જ આપ્યો વિચાર આ, તું જ પૂર્ણ કર નાથ !' ૧૪૪
એમ કહી અવધૂતને વંદી વારંવાર,
પછી કહ્યું નિજ સ્વામીને સૂણો વાત વહેવાર. ૧૪૫
"ઘેર આપણે આવી પડે કૌટુંબિક યદિ પ્રસંગ,
કેવાં એહ ઉજવીએ, મનમાં ધરી ઉમંગ ! ૧૪૬
ઉછી, ઉધારે લોન લઈ કરીને ફાવે તેમ,
આવેલા પ્રસંગને આટોપીએ એમ. ૧૪૭
આ તો છે અવધૂતનો, પ્રસંગ રૂડો, મહાન,
વાપરિયે મન મૂકીને, વણવિચારે આન. ૧૪૮
જાઓ હમણાં બેંકમાં, લોન ઉપાડવા કાજ;
અરજી આપી દો અરે ! તમો આજ ને આજ" ૧૪૯
અરે ! પણ જે બેંકમાં નોકરી કરતા એહ,
તે બેંકથી લોન હતી, લીધી પહેલાં જેહ. ૧૫૦
કર્યા વિના ભરપાઈ તે એ બેંકથી એમ
લોન મળે ના, તે થકી હાવે કરવું કેમ ? ૧૫૧
ત્યાં તો બીજી બેંકમાં જવા કર્યો નિર્ધાર,
ખાતું જ્યાં એમનું હતું, થાતો અલ્પ વે'વાર. ૧૫૨
લોન ઉપાડી લાવવા પહોંચી ગયા તત્કાળ,
ત્યાંના વહીવટદારને વાત કરી તે વારઃ ૧૫૩
"મારે તાતી જરૂર છે નાણાંની આ વાર,
માટે આપો લોન મને રૂપિયા ત્રણ હજાર" ૧૫૪
હતો પરિચય એમને આ સાહેબની સાથ,
તેથી માંડીને કરી, બધી એમને વાત. ૧૫૫
સાહેબ તો આશ્ચર્યથી બોલ્યા તેણી વારઃ
"શા માટે કરતા તમે લોનતણો નિર્ધાર ? ૧૫૬
અહીં અમારી બેંકમાં, તમારા ખાતા માંહ્ય;
સારી એવી રકમ હા જમે પડી છે આંહ્ય." ૧૫૭
મેનેજરે ખાતાવહી મંગાવીને જાણ,
શોધી ખાતું એમનું બતાવતા ત્યાં માન. ૧૫૮
પછી કહ્યું "જુઓ જરા તમ ખાતા ઉપર
રકમ કેટલી જમા પડી, નાખો જરા નજર" ૧૫૯
એ ભાઈએ જોયું તો આશ્ચર્ય થયું અપાર,
જમા હતા ખાતામહીં રૂપિયા ત્રણ હજાર !! ૧૬૦
અલખ કહે આ ભાઈએ વર્ષો પહેલાં એમ,
મૂકી હતી આ બેંકમાં, નાની રકમ હા તેમ. ૧૬૧
પોતે મૂકી બેંકમાં નાની રકમ તે વાત,
વર્ષો વીતતાં ભાઈ આ, ભૂલી ગયા સાક્ષાત્. ૧૬૨
વર્ષે વર્ષે રકમનું વધી વ્યાજનું વ્યાજ,
ત્રણ હજારની રકમ એ થઈ ગઈ હા ! આજ. ૧૬૩
જોઈ નિજ ખાતા મહીં ત્રણ હજાર રકમ,
આશ્ચર્યે દિઙ્મૂઢ એ થઈ ગયા એકદમ. ૧૬૪
કેવો ચમત્કાર આ થઈ ગયો અદ્ભુત !
લાજ બચાવી ભકતની ધન્ય ધન્ય અવધૂત ! ૧૬૫
ત્રણ હજારની રકમ એ, લઈને આવ્યા ઘેર;
હરખે વાત કરી બધી, પત્નીને સુપેર. ૧૬૬
સૂણી વાત નિજ સ્વામીની, પત્ની થયાં પ્રસન્ન;
ગદ્ગદ્ કંઠે રંગને, કરી રહ્યાં વંદન. ૧૬૭
ત્રેપનમે દિવસે અહા ! વડોદરાનો એમ,
અવધૂતપરિવાર સહુ બોલાવ્યો સપ્રેમ. ૧૬૮
સમૂહપાઠ થયા અને થયાં ધૂન ભજન,
પાદુકાપૂજન થયાં, થયાં સમૂહભોજન. ૧૬૯
આનંદ આનંદ થઈ ગયો, પતિ-પત્ની હરખાય;
"પૂર્ણ કરી મન-ભાવના ધન્ય ! ધન્ય ! ગુરુરાય." ૧૭૦

અલખ કહે અવધૂત પર રાખીને વિશ્વાસ,
અહા ! જે જન કાર્ય કરે, કદી થાય ન નિરાશ. ૧૭૧
તીવ્ર ઈચ્છા હૃદયમાં, મુખમાં સદ્‌ગુરુનામ;
શ્રદ્ધા ને વિશ્વાસથી ધારી હૈયે હામ; ૧૭૨
જે કોઈ ભકત કરે અહા ! પ્રભુનું મંગલ કામ,
તેની સહાયે સદાય છે, સદ્‌ગુરુ આત્મારામ. ૧૭૩
થાયે પુરણકામ ને વરસે સદ્‌ગુરુમહેર,
જેણે સેવ્યા સદ્‌ગુરુ, તેને લીલાલહેર. ૧૭૪
જગઝંઝટ માટે બધી, છોડી શિષ્ય ! સુજાણ;
જા શરણે અવધૂતના, કરશે તારું ત્રાણ. ૧૭૫
સાંભળ શિષ્ય કહું તને અવધૂતજીની એમ,
જેના પર થાયે કૃપા તેનું સઘળું ક્ષેમ ૧૭૬
થાયે છે અહીં સર્વદા, એમાં નહિ સંદેહ;
શ્રદ્ધાનું દૃષ્ટાંત આ સાંભળ ધારી સ્નેહ. ૧૭૭
વણિક અમદાવાદના ઈન્દ્રવદન છે નામ,
ધર્મે જૈન છતાં અહા ! અવધૂતજી પર આમ ૧૭૮
અતિશય દૃઢ શ્રદ્ધા અને પ્રેમ-ભક્તિ વિશ્વાસ;
તેથી સદ્‌ગુરુએ કરી, સફલ એહની આશ. ૧૭૯
ગુમાવ્યા માબાપને, બાળાપણથી એમ,
ઈન્દ્રવદનને ના મળ્યો, માતપિતાનો પ્રેમ. ૧૮૦
મોસાળે મોટા થયા, લગ્ન થયું પણ એમ;
મળી બેંકમાં નોકરી, સર્વે સધાયું ક્ષેમ. ૧૮૧
આ સુખ બહુ ના નભ્યું, ઈન્દ્રવદન ઉપર
મલિનપ્રયોગના કોઈની, થઈ અવળી અસર ! ૧૮૨
ઊંઘ ન આવે રાતરે, શિરોવેદના થાય;
ધમ ધમ મસ્તિષ્ક થાય ને ચેન પડે ના કયાંય. ૧૮૩
ઊંઘ ન આવે નયનમાં, આંખો રહેતી લાલ;
ચીડિયો સ્વભાવ થઈ ગયો, રહે ન તનનો ખ્યાલ. ૧૮૪
વાત-વાતમાં લઢી પડે, તન વ્યાપ્યો ઉન્માદ;
ચિત્ત ન ચોંટે કામમાં, વ્યર્થ કરે વિષાદ. ૧૮૫
ત્યાં તો પૂર્વતણા અહા ! ઋણાનુબંધે એમ,
પામ્યાં પંચત્વ પત્ની ને થયા ઘરભંગ તેમ. ૧૮૬
ઉપાધિ સાંસારિક થકી વ્યાપ્ત થઈને એહ,
ફરે બાવરા જગ વિષે, ધારી મન સંદેહ. ૧૮૭
મન શંકાશીલ થઈ જતાં, શાંતિ મળે ન લગાર;
કામકાજમાં બેંકના ભૂલો થાય અપાર. ૧૮૮
તેથી એમને બેંકથી છૂટા કરવા માટ,
'નોટિસો' મળતી અરે ! ખૂબ વધ્યો ઉચાટ. ૧૮૯
છેલ્લાં ચૌદ વર્ષથી ઊંઘ્યો નથી જે જન,
સ્થિતિ મસ્તકની તે તણા કેવી હશે ગહન ! ૧૯૦
હતા એમની બેંકમાં એક ભલા સજ્જન.
નાનુભાઈ વૈદ્ય હા ! વિપ્ર નિર્મલ મન. ૧૯૧
ઈન્દ્રવદન આ એક દિન નાનુભાઈની સાથ,
ઝઘડયો અતિશય ક્રોધથી, નજીવી બાબત માટ. ૧૯૨
સજ્જન નાનુભાઈ તો શબ્દ ન બોલ્યા એક,
ઈન્દ્રવદન તો ખૂબ લઢ્યા, છોડી સર્વ વિવેક. ૧૯૩
લઢીને ઘેર ગયા પછી, ઈન્દ્રવદનને એમ,
શાંતિથી વિચારતાં લાગ્યું મનમાં તેમઃ ૧૯૪
"ખોટો ઝઘડો મેં કર્યો, નાનુભાઈની સાથ;
એ સજ્જનને અરે ! દુભવ્યા મેં સાક્ષાત્ ! ૧૯૫
પોતાના દુષ્કૃત્યથી પસ્તાવો અતિ થાય,
હૈયું અતિ કકળે અને બેઠું ના રહેવાય. ૧૯૬
તેથી રાતે ઊઠીને ઈન્દ્રવદન તે વાર,
ઝટ વહેલા પહોંચી ગયા, નાનુભાઈને દ્વાર. ૧૯૭
ઝટ ઘરમાં જઈને પછી નાનુભાઈના એમ,
પગ પકડીને રડી રહ્યા, ધ્રૂસકે ધ્રૂસકે તેમ !! ૧૯૮
"માફ કરો સજ્જન મને, મોટો મુજ અપરાધ;
ખોટો ઝઘડો મેં કર્યો, આજ આપની સાથ. ૧૯૯
મસ્તિકની બિમારીથી, પીડાઉં છું બહુપેર;
ચૌદ વર્ષથી ઊંઘની લીધી નથી મેં લહેર. ૨૦૦
તેથી ઉશ્કેરાટમાં, સદા રહે મુજ મન;
બોલી નાખું ક્રોધમાં, ફાવે તેવાં વચન. ૨૦૧
ક્ષમા કરો માટે મને, હે સજ્જન ! આ વાર;
બતલાવો મુજ દર્દનો હોય કંઈ ઉપચાર. ૨૦૨
આવે જેથી ઊંઘ ને માથું હળવું થાય,
વિનવું કર જોડી તમે, બતલાવો કંઈ ઉપાય !!" ૨૦૩
એમ કહીને વણિક એ નાનુભાઈના એમ,
ચરણે માથું મૂકીને, રડ્યો અતિશય તેમ. ૨૦૪
નાનુભાઈ દ્રવી ગયા, જોઈ એનું દુઃખ;
હાથ ફેરવી પીઠપર, બોલ્યા હસતે મુખઃ ૨૦૫
"ચિંતા ના કરશો હવે, મારા ગુરુ મહારાજ
છે અતિ સમર્થ હા ! સફળ કરશે કાજ" ૨૦૬

એમ કહી કબાટથી, કાઢી લાવ્યા આમ;
નાની શી એક પુસ્તિકા ''દત્તબાવની'' નામ. ૨૦૭
ઈન્દ્રવદના હાથમાં, દેતાં બોલ્યા એમઃ
''શ્રદ્ધાથી આ વાંચજો ધારી હૈયે પ્રેમ, ૨૦૮
સારું કરશે સદ્‌ગુરુ, રાખજો મન વિશ્વાસ;
અનંત દુઃખનો અંત આ 'બાવની' લાવશે ખાસ.'' ૨૦૯
ઈન્દ્રવદને ભાવથી, 'બાવની' લીધી હાથ;
ઘેર આવી બેસી ગયો, કરવા એના પાઠ. ૨૧૦
'બાવની' પાઠ કર્યા પછી, પડ્યો પલંગ મોઝાર;
ઘસઘસાટ ઊંઘી ગયો ! ક્ષણે ન લાગી વાર ! ૨૧૧
અલખ કહે સૂણ શિષ્ય હે ! ઊંઘ મળે તે માટ,
ઈન્દ્રવદન ગયા હતા, દવાખાનાની વાટ. ૨૧૨
મગજરોગના દાકતરો પાસે કૈં ઉપચાર,
ઔષધ લીધાં વિવિધ ને રૂપિયા ખર્ચ્યા અપાર. ૨૧૩
તોય ઊંઘ ન'તી મળી, વ્યર્થ ગયા ઉપાય,
'દત્તબાવની' પાઠથી, ક્ષણમાં ઊંઘી જાય. ૨૧૪
કેવું આ આશ્ચર્ય ને શો થયો ચમત્કાર !
શ્રદ્ધા આગળ જગતના વ્યર્થ સહુ વ્યાપાર. ૨૧૫
'દત્તબાવની' તો અહા ! અવધૂતજીની એક,
દિવ્યભેટ છે ભક્તને, ટાળે દુઃખ અનેક. ૨૧૬
પ્રાતઃકાળે જાગતાં, આજે ઈન્દ્રવદન;
શિરોવેદના દૂર થતાં થયો અતિ પ્રસન્ન. ૨૧૭
દુઃખ દૂર થયું મસ્તિષ્કનું, આવી અતિ હળવાશ;
મુખ પ્રસન્ન થયું અને ફરકયું મધુરું હાસ્ય. ૨૧૮
વેગે દોડીને ગયા, નાનુભાઈને ઘેર;
ચમત્કાર હા ! જે થયો, વાત કરી સુપેર. ૨૧૯
સૂણતાં નાનુભાઈને થયો અતિ આનંદ,
''ધન્ય ! ધન્ય ! હે ગુરુવરા ! ભલો રચાવ્યો છંદ !'' ૨૨૦
વર્ષોથી જે મળ્યું ન'તું નિંદરડીનું સુખ;
સુખ તે મળતાં વણિક આ થયા અંતર્મુખ. ૨૨૧
'દત્તબાવની' દિવ્ય આ સ્તોત્રતણા રચનાર,
''સદ્‌ગુરુ રંગ અવધૂતના, કરવા છે દીદાર'' ૨૨૨
એમ વિચારી વણિક એ જાતા નારેશ્વર,
દુમ્મસ કિન્તુ ગયા હતા, તે સમય શ્રીગુરુવર. ૨૨૩
દર્શન કરતાં સ્થાનનાં, થયા અતિ પ્રસન્ન;
તન મનમાં જાગી ઊઠ્યાં, અલૌકિક સ્પંદન. ૨૨૪

સદ્‌ગુરુનાં દર્શનતણો, હૈયે દૃઢ નિર્ધાર;
તેથી ડુમ્મસ અન્ય દિન, પહોંચી ગયા તે વાર. ૨૨૫
દર્શન કરતાં રંગનાં, પામ્યા હર્ષ અપાર;
નષ્ટ જાણે થઈ ગયો, જુગજુગનો અંધાર. ૨૨૬
મુખ ખોલીને વણિક એ જ્યાં કંઈ બોલવા જાય,
ત્યાં તો અમૃતધાર શાં, વચન વદ્યા ગુરુરાયઃ ૨૨૭
''મટી ગઈને તાહરી, શિરોવેદના કેમ ?
રાત્રે હવે ઊંઘ તને, આવે છે ને એમ ?'' ૨૨૮
શું બોલે એ વણિક હા ! આશ્ચર્યાબ્ધિ માંહ્ય,
ડૂબી ગયા ને રડી પડ્યા, ધ્રૂસકે ધ્રૂસકે ત્યાંય. ૨૨૯
ભાવાવેશે હૃદયમાં, કર્યો દૃઢ નિર્ધારઃ
''સંત આ સાક્ષાત્ છે, પરબ્રહ્મ અવતાર. ૨૩૦
તન,મન,ધન સહુ માહરું, ઓવારી દઉં આજ,
મારા આ અવધૂત પર, તોય ઓછું છે આજ'' ૨૩૧
એમ વિચારી વણિક આ, જોડી બન્ને હાથ;
નીર વહેતા નયને વદ્યો ''જય જય જય ગુરુનાથ !'' ૨૩૨
પછી દિલ ખોલી કરી, એના દુઃખની વાત;
સદ્‌ગુરુએ દયા કરી, આપ્યા આશીર્વાદ. ૨૩૩
ઈન્દ્રવદનને તે પછી લાધી શાંતિ અપાર,
નારેશ્વર ગુરુદર્શને જાતો વારંવાર. ૨૩૪
એક દિવસ સદ્‌ગુરુવરે, કહ્યું વણિકને એમ;
તારાં બેન બનેવીને, તેડી લાવ અહીં તેમ. ૨૩૫
તેથી બેન-બનેવીને તેડીને એક દન,
આવી ગયો નારેશ્વરે પ્રેમે ઈન્દ્રવદન. ૨૩૬
ત્યાર પછી અવધૂતજીએ કહ્યું બેનને એમ,
''ભાડાના ઘરમાં તમે, રહો છો હમણાં તેમ. ૨૩૭
ઈન્દ્રવદનનું જે અહીં, વિશાળ છે મકાન;
વિશાળઘરમાં એકલો, થાય અતિ હેરાન. ૨૩૮
કાચું પાકું ખાય છે, કોઈ નથી રાંધનાર;
શરીર એનું તેથી હા ! બગડે વારંવાર. ૨૩૯
તમે બન્ને એહના, રહેવા બંગલે જાવ;
નૂતન ભોજન રાંધીને ખવરાવો ને ખાવ. ૨૪૦
એનું લગ્ન થતાં સુધી, રહો તમે બે આંહ્ય;
ઘર તમારું થાય પછી રહેવા જાજો ત્યાંય'' ૨૪૧
વચન સૂણી ગુરુદેવનાં, ત્રણે જણનાં મન;
આનંદે નાચી ઊઠ્યાં, થઈ અતિ પ્રસન્ન. ૨૪૨

ઈન્દ્રવદનને બેંકમાં બઢતી મળી ને એમ,
પગાર પણ સારો થયો, સર્વ સધાયું ક્ષેમ. ૨૪૩
થોડા દિન વીત્યા પછી મમ્માપુરીની આમ,
સુંદર સુશીલ કન્યકા લતા જેહનું નામ. ૨૪૪
કૃપા સદ્ગુરુએ કરી ઈન્દ્રવદનનું એમ,
લતા સાથે લગ્ન હા ! કરાવી આપ્યું તેમ. ૨૪૫
લગ્ન થયું નારેશ્વરે, ટળ્યો સર્વ વિષાદ;
અવધૂતજીએ યુગ્મને, આપ્યા આશીર્વાદ. ૨૪૬
પ્રભાબેનનું તે પછી અમદાવાદમાં એમ;
ગુરુકૃપાથી થઈ ગયું ઘર પોતાનું તેમ. ૨૪૭
બન્ને ત્યાં રહેવા ગયાં, વ્યાપ્યો હર્ષ અપાર;
ઈન્દ્રવદનને લતાતણો, ચાલે સુખ સંસાર. ૨૪૮
ઈન્દ્રવદનના બંગલે, અવધૂત આત્મારામ,
એક દિવસ પધારિયા કરવા જો વિશ્રામ. ૨૪૯
સદ્ગુરુએ એ બંગલે, કર્યો હતો વિશ્રામ,
નામ તિહાં બંગલાતણું રાખ્યું "રંગવિશ્રામ" ૨૫૦
આજે 'રંગવિશ્રામ'ના એ ઓરડાની માંહ્ય,
ભજન કીર્તન થાય ને ઝાંખી રંગની થાય. ૨૫૧
ધર્મે જૈન છતાં અહા ! આજે ઈન્દ્રવદન,
અવધૂતજીનાં ચરણમાં, રાખે રત નિજ મન, ૨૫૨
શ્રદ્ધભકિત એવી કે નારેશ્વર એ જાય,
અમદાવાદથી ચાલતા, હૈયે હરખ ન માય ! ૨૫૩
અમદાવાદથી અરે ! ઠેઠ ગાણગાપુર,
પગપાળા ચાલી ગયા, શ્રદ્ધા લઈ ભરપૂર. ૨૫૪
ધન કશુંય ના રાખવું, કદીય ખિસ્સા માંહ્ય,
કોઈની પાસે કંઈ પણ, માગવું નહિ હા ! કયાંય ! ૨૫૫
અનાયાસે જે મળે, ખાઈ લેવું એમ;
સ્મરતાં સદ્ગુરુ મોદથી જાવું ધરી નેમ. ૨૫૬
ગયા ગાણગાપુર વિષે, ધારી ચિત્ત વિવેક;
પૂરી પદયાત્રા કરી, પ્રભુએ રાખ્યો ટેક. ૨૫૭
શ્રદ્ધા શું ના કરે અહા ! સાંભળ શિષ્ય સુજાણ,
અનિદ્રાના રોગથી કરી પ્રભુએ ત્રાણ. ૨૫૮
નોકરીમાં બઢતી મળી, ખૂબ વધ્યો પગાર;
લગ્ન કરાવ્યું ગુરુવરે, થાતો બેડો પાર. ૨૫૯
'બાલક' બિચારો રાંક છે, ચાલે પકડી હાથ;
માતપિતા શ્રીરંગનો, શુભ કર એને માથ. ૨૬૦

આગળ એજ વદાવશે લીલા એની જાણ,
ભુકિત-મુકિત પાથેય જે, ભકતો કેરું માન. ૨૬૧

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અવધૂતલીલાવર્ણને ત્રિવિધગાથાવર્ણનં નામ એકોનષષ્ટિતમોઽધ્યાયઃ ॥ દોહરા ૨૬૧ ॥

## અધ્યાય : ૬૦

અલખ કહે સૂણ બાળ તું, અવધૂતલીલા અપાર;
ગાતાં સૂણતાં ભાગશે, જન્મ-મરણનો ભાર. ૧
એક સમે અવધૂતજી પોર પધાર્યા આમ,
નદી કિનારે ઘાસની કુટિરે કર્યો મુકામ. ૨
પ્રતિવર્ષ પ્રભુ આમ જો કરવાને આરામ,
પોર ગામે પધારતા નતજન - પૂરણકામ. ૩
પોર ગામના ભકત સૌ, ધારી હર્ષ અપાર,
સુંદર ઘાસકુટિર હા ! દેતા કરી તૈયાર. ૪
દૂર દૂરથી લાવતા, 'કાસડી' નામનું ઘાસ,
જલ છાંટ્યે એ ઘાસથી ફોરે મધુર સુવાસ. ૫
મીઠી શીતલતા અને પ્રસરે મધુર સુગંધ;
ઘાસ-કુટરિમાં રંગને, રહેતો બહુ આનંદ. ૬
એક દિવસ અવધૂતજી, ઘાસ-કુટિરની બહાર;
ભકતોથી વીંટળાઈને, બેઠા'તા અઘહાર. ૭
સંવત બે હજાર ને ત્રેવીસની આ વાત,
કૃપાદૃષ્ટિ કરી ભકતપર, બોલ્યા સદ્ગુરુનાથ; ૮
'પ્રતિવર્ષ રે ! તમે બધા, મારે માટે આમ;
કરવા ઘાસ-કુટિર આ, ખૂબ કરો છો કામ. ૯
મહેનત ખૂબ કરી, તમે દૂર દૂરથી ઘાસ;
લાવી તૈયાર કરો, મારો આ આવાસ. ૧૦
તમ સૌના ભાવતણો, આવ્યો મુજને ખ્યાલ;
તેથી એક વિચાર હા ! મનમાં આવ્યો હાલ. ૧૧
દર વર્ષે મારે અહીં, આવી કરવો મુકામ;
દર વર્ષે આ કુટિરની, ઝંઝટ શાને કામ ? ૧૨

ભેગા મળી માટે તમે, કરી બધો વિચાર;
પાકી નાની કુટિર અહીં, કરો શીઘ્ર તૈયાર. ૧૩
સૂણી શબ્દ સદ્‌ગુરુતણા, સઘળા થયા પ્રસન્ન;
નાચી ઊઠ્યા મોદથી, ભક્તોનાં તન-મન. ૧૪
હર્ષાવેશમાં મોદથી બોલ્યા ઊંચે સાદઃ
'ધન્ય ! કૃપા કરી અમ પરે, ધન્ય ધન્ય ગુરુનાથ !" ૧૫
ઉર ઉછળે આનંદ ને છોળો ઉછળે બહાર,
'અવધૂત ચિંતન' ગર્જના, કરતા વારંવાર. ૧૬
ભક્તોનો આ પ્રેમ ને ભાવ જોઈને એમ,
અવધૂતજી અંતર વિષે, પ્રસન્ન થાતા તેમ. ૧૭
પછી બધાંને હાથનો કરી ઈશારો તેમ,
બોલાવી નિજ પાસ જો બોલ્યા પછીથી એમઃ ૧૮
"જાણો છો સઘળા તમે, કડક મારો નિયમ,
કદીયે કોઈની પાસ હા, માગવી નહીં રકમ. ૧૯
મારી કુટિર બંધાવવા, કોઈની આગળ આમ;
હાથ નહીં લંબાવવો, લઈને મારું નામ. ૨૦
લખાણી નહિ કે ટીપ નહિ, નહિ ચિઠ્ઠી કાગળ;
નહિ જવાનું માગવા, કદીયે કો આગળ. ૨૧
તમ પાસે જે હોય હા ! તમ પરિશ્રમનું વિત્ત;
તે જ ખરચવું જો અહીં, પ્રસન્ન રાખી ચિત્ત. ૨૨
કોણે ? શું આપ્યું ? અહીં, એવો ક્ષુદ્ર વિચાર;
કરશો ના કયારેય પણ, રાખી શુદ્ધ વ્યવહાર. ૨૩
ઉપરના ધાબાતણી જો, ના સગવડ થાય,
તોય તમે કોઈ મન મહીં, મૂંઝાશો ન જરાય. ૨૪
દેશી નળિયાં નાખજો, મુજને ગમશે એહ;
માગશો કોઈની પાસ તો, અણગમતું મમ તેહ. ૨૫
મારા આ આદર્શનું, કરી સદા પાલન;
નહિ માગો કોઈ પાસ તો, અવધૂત થશે પ્રસન્ન" ૨૬
એમ કહી, અવધૂતની, અમૃતભરી નજર,
ફરી વળી બહુ ભાવથી, એક એક ભક્તપર. ૨૭
વચન સૂણી અવધૂતનાં, ભક્તહૃદય હરખાય;
ભક્તો જાણે ભાવથી, સુખનદીમાં ન્હાય. ૨૮
કંઠ ગદ્-ગદ્ થયો અને નયન અશ્રુની ધાર;
કરદ્વય જોડી ભકત સૌ, બોલ્યા તેણીવાર; ૨૯
'પ્રભુ ! કરીશું આપના નિયમતણું પાલન,
કડક રીતે, વળી નહીં આવે ત્રુટિ ભગવન્ !' ૩૦

વચન આપે ભક્ત સૌ, ભેગા મળી તે વાર;
કુટિર પાકી બાંધવા, કીધો વળી નિર્ધાર. ૩૧
કુટિર કેવી બાંધવી ? એનો બધા વિચાર,
ભેગા મળી કરી રહ્યા, એકાએક તે વાર. ૩૨
વડોદરાથી આવિયા આર્કિટેક્ટ ઈજનેર,
બચુભાઈ ત્રિપાઠી હા ! કેવી સદ્‌ગુરુ-મહેર ! ૩૩
સરખેજના વતની અહા ! શ્રી બાલકૃષ્ણના પુત્ર
હાલના બાલ અવધૂતના, નાના ભાઈ પવિત્ર. ૩૪
પરમ ભક્ત અવધૂતના, અવધૂત-દર્શન કાજ,
ભક્તિભાવથી આવિયા, પોર ગામમાં આજ. ૩૫
જોતાં એમને એકદમ, બોલ્યા સદ્‌ગુરુરાજ;
"ચાલો, બચુ આવી ગયો, સફલ થયું સહુ કાજ." ૩૬
પછી કહે બચુભાઈને, સદ્‌ગુરુ ધીર ગભિર;
"અરે બચુ ! મુજ માટ હા ! અહિયાં એક કુટિર. ૩૭
બાંધવાનો આ બધા, કરી રહ્યા વિચાર;
તેનો નકશો દોરીને આપી દે આ વાર. ૩૮
કલાપૂર્ણ નૌકાતણો હોય કુટિર-આકાર
જોઉં જલ ચોપાસનું, બેસી કુટિર મોઝાર. ૩૯
બેઠા હોય કુટિરમાં થાયે એવો ભાસ,
જાણે બેઠા નાવમાં સરિતાજલ ચોપાસ ૪૦
દેખાયે બારી થકી રાખ બારીઓ એમ,
નકશો એવી કુટિરનો બનાવી દે તું તેમ; ૪૧
વચન સૂણી સદ્‌ગુરુતણાં, બચુભાઈ હરખાય;
'ધન્ય ! આજ સેવા મળી, ફરી ફરી લાગે પાય.' ૪૨
બીજે દિન બચુભાઈ તો નકશો કરી તૈયાર,
આવ્યા લઈ સદ્‌ગુરુ કને, હૈયે હર્ષ અપાર. ૪૩
ગમ્યો નકશો અવધૂતને, થાય ચિત્ત પ્રસન્ન;
ખાત-મુહૂર્ત કુટિરનું, કરાવ્યું બીજે દન, ૪૪
હસ્તે ચીમનલાલના કરાવ્યું ખાત મુહૂર્ત,
બીજે દિને કામ પણ શરુ કરાવ્યું તુર્ત. ૪૫
ત્યાં તો શિષ્ય નિરંજન પૂછી રહ્યો તત્કાળ,
ખુલાસો એક વાતનો કરો અલખ દયાળ ! ૪૬
જેને હાથ કુટિરનું, ખાત મુહૂર્ત થાય;
ચીમનલાલ એ કોણ છે ? કહો મને ગુરુરાય. ૪૭
સદ્‌ગુરુના સાન્નિધ્યમાં, કુટિર-ખાત જો થાય;
જેના હાથે ધન્ય તે ભાગ્યશાળી કહેવાય ! ૪૮

માટે ચીમનલાલની માંડીને બધી વાત,
કહો મને હે સદ્‌ગુરો ! થાઉં ધન્ય સાક્ષાત્. ૪૯
વચન સૂણી એ શિષ્યનાં, બોલ્યા અલખ દયાળ !
"સાંભળ ગમ્મત-પાત્ર એ જાણ તું ચીમનલાલ. ૫૦
કાન્તાબેન લીલોડના, એમના કાકા થાય;
ભોળા ભાવિક ભકત એ, હસતા રહે સદાય. ૫૧
પોર-ગામ નિવાસી એ, સદા ભજે ગુરુદેવ;
તન, મન, ધનથી રંગની, કરે ભાવથી સેવ. ૫૨
સાદા, સીધા વિપ્ર એ, અભણ, અજ્ઞ તું જાણ;
અતિશય ભોળા હૃદયના, નહિ કપટ, અભિમાન. ૫૩
રમૂજપાત્ર અવધૂતનું ગણાય ચીમનલાલ,
રમૂજ કરતાં એમની હસતા ખૂબ દયાળ. ૫૪
ભોળા; સરળ તો એટલા, કરે કશો ન વિચાર !
મનમાં નિજ જે આવતું બોલી દે તત્કાળ !! ૫૫
આવા ભોળા ને વળી નિર્દોષ મનુષ્ય જેહ,
તેના પર અવધૂતને, રહેતો વિશેષ નેહ. ૫૬
જોતાં એવો માનવી, અવધૂત થતા પ્રસન્ન,
વાતોએ વળગે સદા, ગમ્મત ધારી મન. ૫૭
સાવ સરળ ને ગામઠી, ચીમનલાલનાં વેણ,
સૂણતાં ખળ-ખળ રંગ હસે, જાણે ઝરણાં વ્હેણ ! ૫૮
નિત નૂતન રમૂજ કરી, ચીમનલાલની એમ;
ખૂબ હસે ને હસાવતા, સદ્‌ગુરુ સહુને તેમ. ૫૯
એક દિવસ અવધૂતજીએ, મૂકયો એક પ્રસ્તાવ;
ચીમનલાલની પાસમાં, લાવી દિલમાં ભાવ. ૬૦
"અરે ! ચીમનલાલ તમે, કુટિર-કામની માંહ્ય;
શું ઈચ્છો છો આપવા ? કહી દો મુજને આંહ્ય." ૬૧
વચન સૂણી શ્રીરંગના, બોલ્યા ચીમનલાલ;
"ગરીબ શું આપી શકું ? લેવાલાયક બાળ !! ૬૨
બળિયાદેવમાં આવતા, યાત્રાર્થીજન એમ;
યજમાનવૃત્તિ બાળની, ચાલે યોગક્ષેમ. ૬૩
આનો-બેઆના કદી, આઠ-બાર વા ગુરુવર !
મળે જે કંઈ દક્ષિણા, તેથી ચાલતું ઘર. ૬૪
તોય મારી પાસ હા ! મુજ ખિસ્સાની માંહ્ય,
બચત જે કંઈ હશે, પ્રભુ ! દઈશ કુટિરની માંહ્ય. ૬૫
મારી પાસે રૂપિયા પ્રભુ ! સાઈઠ છે ભગવન્.
તેમાંથી અલબત્ત હું આપીશ એકાવન. ૬૬
બાકીના નવ જે વધ્યા તે હું મારે કાજ,
બીડી-તંબાકુ લાવવા, રાખી દઈશ, મહારાજ." ! ૬૭
સૂણી વચન એ ભકતનાં, ખૂબ હસ્યા ગુરુદેવ;
પછી વદ્યા, "સૂણો તમે વાત એક તતખેવ. ૬૮
એકાવનનો પાંચડો ને એકડા વચ્ચે માન,
મીંડું મૂકી દો તમે, અગર ન ફાવે જાણ. ૬૯
તો એકાવનના એકડા પછીથી મૂકો શૂન્ય,
જેથી ફેરવવો ના પડે આંકડો બીજો અન્ય !! ૭૦
બેમાંથી કોઈ પણ કરો, પસંદ રીતે જો આંહ્ય;
મૂકો વચમાં મીંડું વા બાજુએ વા ત્યાંય. ૭૧
ત્યાં તો ચીમનલાલ હા ! સમજ્યા વિણ કંઈ સાર,
આંખો મટમટાવી બોલિયા, મનમાં કરી નિર્ધાર; ૭૨
"પાછળ મીડું મૂકાય નહિ, વચમાં હું મૂકીશ;
ભલે તમે સઘળા હસો, મુજ ધાર્યું હું કરીશ." ૭૩
એમ કહીને પાંચને એકની વચ્ચે એમ,
મીડું મૂકી આપવા, થાતા સંમત તેમ. ૭૪
ત્યાં તો એક ભકતે તદા, પાંચ એકની એમ
મીડું વચ્ચે મૂકીને રકમ બતાવી તેમ. ૭૫
પાંચસો ઉપર એકની જોઈ મોટી રકમ,
ચોંકે ચીમનલાલ જો આશ્ચર્યથી એકદમ. ૭૬
"મુજથી આટલી મોટી હા ! રકમ નહીં અપાય,
તમે બધાંએ બોલીમાં, છેતર્યો મુજને હાય !" ૭૭
ખૂબ હસ્યા અવધૂતજી, સૂણી એમનાં વચન;
હાસ્ય રોકી પછી જરા, બોલ્યા પ્રસન્ન મનઃ ૭૮
"જૂઓ ચીમનલાલ તમે મુખથી તમારા એમ
વચન બોલીને હવે, ફરી જાઓ છો કેમ ?" ૭૯
ચીમનલાલ કહે, "બાપજી ! સમજ્યો ન હું છેક;
વચ્ચે મીડું મૂકતાં, થાશે પાંચસો એક. ૮૦
આ બધાની સાથ હા ! આપ પ્રભુ ! પણ એમ,
ભૂંગળ વિનાની માહરી, ભવાઈ કરો છો કેમ ? ૮૧
રૂપિયાનું કંઈ ઝાડ નથી, મારા વાડા માંહ્ય,
જેટલા જોઈએ તેટલા, તોડી લાવું આંહ્ય !!" ૮૨
સૂણતાં શબ્દો એમના, હાસ્યતણી જે પાળ
તૂટી ગઈ અવધૂતની, ખૂબ હસ્યા દયાળ. ૮૩
અવધૂતજીનું હાસ્ય હા ! રોકયું ના રોકાય;
હસતા જોઈ અવધૂતને, ભક્તો અતિ હરખાય. ૮૪

બોલી ઊઠયા તુર્ત ત્યાં, થઈને ભકત પ્રસન્ન
"ધન્ય ચીમનલાલને, છે જનેતાને ધન !" ૮૫
ચીમનલાલનું તે પછી વિચારે ચઢતું મનઃ
"આપણે સદ્ગુરુ દેવને આપી દીધું વચન. ૮૬
બ્રાહ્મણનો હું દીકરો, બોલેલું ન ફરાય;
લાવવા પૈસા કઈ રીતે ? શો કરવો ઉપાય ?" ૮૭
કંઈક વિચાર કર્યા પછી, બોલ્યા ચીમનલાલ;
"ઉપાય છે એક જ પ્રભુ ! સૂણો જરા દયાળ. ૮૮
ભકતો ભેળા આ થયા, તેમાંથી એક જણ;
પાંચસો એક રૂપિયા મને, ઉછીના દે આ ક્ષણ. ૮૯
છ માસમાં તો એમને દૂધે ધોઈને એમ,
પરત કરીશ હું રૂપિયા, રાખો જરાય ન વ્હેમ." ૯૦
ત્યાં તો બોલ્યો એક જણ "મહિના છમાં એમ
કેવી રીતે કમાઈને, લાવશે રૂપિયા તેમ ?" ૯૧
ત્યાં તો ચીમનલાલ હા ! થાતાં કંઈક ગરમ
બોલ્યા, "તારે તોડવો, શું લ્યા ! મારો મરમ ? ૯૨
હું યજમાન પાસ હા ! બમણી દખણા લઈશ,
રૂખ બેસશે તો કદી આંકડો ભરી દઈશ. ૯૩
આંકડો લાગી જાય તો એક દિવસની માંહ્ય,
તારા પાંચસો રૂપિયા, ફેંકીશ તુજ પર આંહ્ય." ૯૪
સૂણતાં શબ્દો એમના, સહુ ભકતોની સાથ
ખડખડાટ હસી પડ્યા, નારેશ્વરના નાથ ! ૯૫
ચીમનલાલને ત્યાં હવે, આવી ગયો એ ખ્યાલ !
"ભરમ-મરમ ભાંગી ગયો પોતાનો તત્કાળ. ૯૬
પોતે સટ્ટો-આંકડો રમે, કોઈ કોઈ વાર,
છૂપી વાત એ સદ્ગુરુ, જાણી ગયા આ વાર. ૯૭
ચીમનલાલ નિજ મન વિષે, હાવે અતિ પસ્તાય ।
મારો અરર ! દોષ આ, જાણી ગયા ગુરુરાય ! ૯૮
મારી ખોટી ટેવ હા ! છૂપી મારી વાત,
ગુસ્સામાં બસ મેં જ એ, પ્રગટ કરી સાક્ષાત્. ૯૯
ભોળા-ભાવિક ભકતના, અંતરનો વલોપાત;
અવધૂત-અંતર્યામી એ, જાણી ગયા સાક્ષાત્. ૧૦૦
થઈને ધીર-ગંભીર જરા, મીઠાં મધ શાં વચન
બોલ્યા સદ્ગુરુદેવ હા ! સંબોધી સહુ જન; ૧૦૧
"જુઓ, જગતમાં સર્વથી, બદતર છે જુગાર,
રમતમાં પણ જુગાર મહીં થાય સદાય ખુવાર. ૧૦૨
આંકડાઓની જાળમાં, ફસાઈ જેની જાત;
તેને બચાવી ના શકે' "સ્વયં પ્રભુ સાક્ષાત્. ૧૦૩
પાંડવો કેરી સહાયમાં, હતા કૃષ્ણ ભગવાન,
તોયે હાર્યા જુગારમાં, થયા ખુબ હેરાન. ૧૦૪
રમતા જુગટુ પાંડવો, કર્યો ન કાંઈ વિચાર;
ચીર ખેંચાય પત્નીનાં, ભરી સભા મોઝાર. ૧૦૫
રાજપાટ ગુમાવિયાં, ભટક્યા વન મોઝાર;
ભૂખ-તરસથી વન મહીં, પામ્યા દુઃખ અપાર. ૧૦૬
સ્વયં બ્રહ્મ શ્રીકૃષ્ણ હા ! રે'તા એમની સાથ,
સદાયના થઈ મિત્ર હા ! ચૌદ લોકના નાથ. ૧૦૭
તોયે ખેલ્યા પાંડવો, વિચાર વગર જુગાર;
કૃષ્ણ બચાવી ના શકયા, થઈ ગયા ખુવાર. ૧૦૮
નળરાજાની વાતનો, છે વળી સહુને ખ્યાલ;
રમવાથી જુગાર અહા ! થાતા કેવા હાલ !! ૧૦૯
કોઈએ માટે ના જવું, એવા દુર્ગુણ પાસ;
આટલી મારી વાત તમે, કાને ધરજો ખાસ." ૧૧૦
ચીમનલાલ પ્રતિ જોઈને, કે'તા અવધૂત એમ,
"સ્વકષ્ટાર્જિત ધન તમો દેજો દાનમાં તેમ. ૧૧૧
જુગાર રમીને જે તમે, પેદા કરશો દામ;
હીણા એવા ધનતણું, નથી અમારે કામ. ૧૧૨
છકકો પંજો ખેલીને, દેશો અહીંયાં દાન;
કરશે ના આ લોકમાં, તારું જો કલ્યાણ. ૧૧૩
અવધૂત કેરી કુટિર આ, રાખો સદા વિશુદ્ધ,
ધનશુદ્ધિ પણ રાખવી રે'જો સદા પ્રબુદ્ધ." ૧૧૪
અલખ કહે અવધૂતની, વાતો ના સમજાય;
ગૂઢાર્થ એ સમજાય તો, બેડો પાર થઈ જાય. ૧૧૫
વણશ્રમનું વણહકનું, પેદા કરેલું ધન,
આપે જો કોઈ દાનમાં વાવ્યું જાણ એ રણ ! ૧૧૬
દેનાર ને લેનારનું થાએ ના કલ્યાણ;
અવધૂતના આવાસમાં, કદી ન લેવું જાણ. ૧૧૭
લોહી વહાવી અન્યનું, આંસુ વહાવી તેમ;
છળ કપટ કરી અન્યને, છેતરીને વળી એમ; ૧૧૮
દિલદુખાવી અન્યનું, વળી કરી અન્યાય;
પેદા કરેલા ધનથી, સુખી કોઈ ના થાય. ૧૧૯
સ્વકષ્ટોપાર્જિત કરી, ખૂન પસીનો એક;
પ્રામાણિકતા નિષ્ઠા ધરી સારાસાર વિવેક; ૧૨૦

દુભવ્યા વિણ દિલ અન્યનું જે ધન પેદા થાય,
તે ધનથી માનવ જગે, સાચો સુખીયો થાય. ૧૨૧
વચન સૂણી અવધૂતનાં ચીમનલાલ પસ્તાય,
પસ્તાવાના પ્રતીક શાં, નીર નયન વહી જાય. ૧૨૨
મસ્તક ત્યાં તો મૂકીને, સદ્ગુરુચરણો માંહ્ય;
રડતી આંખે ગદ્ગદ્ થઈ, બોલી ઊઠયા ત્યાંય; ૧૨૩
"મસ્તક તવ ચરણે મૂકી, શપથ લઉં આ વાર;
જિંદગીમાં હવે પછી, નહીં ખેલું જુગાર" ૧૨૪
ભકતો ત્યાં બેઠા હતા, અંતર તે હરખાય;
"શાબાશ ! ચીમનલાલ ! ને ધન્ય ! સદ્ગુરુરાય" ૧૨૫
ચીમનલાલની એ રીતે વર્ષોજૂની ટેવ,
સટ્ટો રમવાની હતી, દૂર થઈ તતખેવ. ૧૨૬
અલખ કહે સત્સંગની ખૂબી નિરંજન જાણ,
દુર્વૃત્તિ દુર્દૈવથી કરે ભકતનું ત્રાણ. ૧૨૭
કાર્યારંભ થયા પછી, ત્રણ મહિનાની માંહ્ય;
સુંદર કુટિર નદીતીરે, ખડી થઈ ગઈ ત્યાંય, ૧૨૮
ભાગવત વિદ્યાપીઠનું સોલામાંહી એમ,
ખાતુમુહૂર્ત કર્યા પછી, પાછા વળતાં તેમ. ૧૨૯
સ્વયં સદ્ગુરુ પધારિયા, પોર ગામની માં હેવ
સાધના-શુદ્ધ કુટિર કરી, પછી બિરાજ્યાં ત્યાંય. ૧૩૦
એમ સ્વયં અવધૂતજીએ, કુટિરનું ઉદ્ઘાટન;
પોર પધારીને કર્યું, ભકતો હરખ્યા મન. ૧૩૧
મુકામ ઊઠયો જ્યાહરે પાછા ફરતાં એમ,
કહે સદ્ગુરુ રમૂજમાં ચીમનલાલને એમ; ૧૩૨
'કુટિર હવાલો આજથી, સોંપું તમને ભકત !
રોજ તમારે આવીને, કરવું આટલું ફકત; ૧૩૩
સાફસૂફ કરી બધે, ચંદન-પુષ્પે એમ,
ધૂપ-દીપ નીરાજને, પૂજન કરવું તેમ. ૧૩૪
કુટિરની ચોપાસ અહા ! વાળીઝૂડી એમ,
રાખો સ્વચ્છ, સુરમ્ય ત્યાં થાશે સઘળું ક્ષેમ" ૧૩૫
ચીમનલાલને આ ગમ્યું, પામ્યા હર્ષ અપાર;
દિવસ આખો ત્યાંજ એ, કરતા રહ્યા પસાર. ૧૩૬
બીજા ભકતો ગામના રોજ, આવીને આંહ્ય;
પૂજન અર્ચન ભજન પણ, કરે રાત્રિએ ત્યાંય. ૧૩૭
રંગજયંતી ને વળી દત્તજયંતી આમ,
ગુરુપૂર્ણિમા ઉત્સવો, ઉજવાય ત્યાં તમામ. ૧૩૮
આજ્ઞા સદ્ગુરુની હતી, 'કયારેય કોઈએ પણ
અંદર જઈને કુટિરની, કરવું કદી ન શયન" ૧૩૯
તેથી અહીંના ભકતોએ જઈ એમની પાસ;
ચેતવણી આપી હતી, ચીમનલાલને ખાસ. ૧૪૦
"જુઓ ચીમનકાકા તમે ભલે રહો અહીં રાત,
સૂવાનું નહિ કુટિરમાં, રાખજો એટલું યાદ. ૧૪૧
કુટિર કેરા ઓટલે અથવા ચોતરાપર
સૂવો ભલે પણ, કોઈ દિ' સૂવો ના અંદર. ૧૪૨
ફાવે તેમ વર્તો નહીં, એવી આજ્ઞા એમ;
આપી છે સદ્ગુરુવરે, રાખો વર્તન તેમ. ૧૪૩
કુટિર સોંપી આપને, સદ્ગુરુએ જો જાણ,
નિયમ એમણે આપીયા રાખો યાદ સુજાણ". ૧૪૪
બીડી પીવાનું તોય પણ એમનું ખોટું વ્યસન,
ચાલુ રાખ્યું રાતરે, છાનું હે નિરંજન ! ૧૪૫
તેથી અહીંના ભકતોએ, કડક બની લગાર;
ચીમનલાલને ચેતવ્યા, જોને વારંવાર. ૧૪૬
ગ્રીષ્મ ઋતુ રહી ત્યાં સુધી, કુટિરની બહાર,
વર્ષાઋતુ આવી તિહાં, ગયા કુટિર મોઝાર. ૧૪૭
રાત્રે મોડા ભજન પછી, જાય કુટિરમાં એમ,
અર્ધ પાગલ વણિકને સાથે લઈને તેમ. ૧૪૮
રાત્રે બન્ને કુટિરમાં, બીડીઓ ફૂંકે એમ;
ગામ ગપાટા મારીને, સૂએ અઘોરી જેમ. ૧૪૯
ખબર પડે ના કોઈને, એ રીતે બન્નેવ;
રોજ રાત્રે કુટિરમાં, શયન કરે તતખેવ. ૧૫૦
હણે કુટિરપાવિત્ર્ય જો, દોષિતકાર્યે એહ,
તેથી રુઠયા સદ્ગુરુ, જાણ તું નિઃસંદેહ. ૧૫૧
એક રાત્રે બેવ જણ અવધૂત-કુટિર માંહ્ય,
પડ્યા હતા ભર ઊંઘમાં કુંભકર્ણ સમ ત્યાંય. ૧૫૨
ત્યાં તો એકાએક હા ! વાદળ ગગન છવાય,
ઘડુડુડડુ ગાજે મેઘ ને વીજચમકાર થાય. ૧૫૩
જલસીકરથી હિમ સમ ઠંડો પવન ફૂંકાય,
જાણે તૂટ્યું આભ એમ ભારે વર્ષા થાય. ૧૫૪
સરિતા જાણે સળવળી, ધસમસ આવ્યાં પૂર;
ઘોડાપૂરથી પલકમાં, સરિતા થઈ ભરપૂર. ૧૫૫
ધસતાં સરિતાનીર હા ! ફરી વળ્યાં ચોપાસ,
ડૂબ્યો ચોતરો ને વળી, સરિતા થઈ ભરપૂર. ૧૫૬

ઊંચે ચઢતાં પાણી એ, પહોંચ્યાં બારીએ એમ;
બારી વાટે કુટિરમાં, પડે ધોધસમ તેમ. ૧૫૭
પાણીથી પલળ્યા અને સૂણી ધગ ધગ નાદ,
હાંફળા ફાંફળા જાગિયા, ભયથી પાડ્યો સાદ. ૧૫૮
"મારી નાખ્યા બાપ રે ! આવ્યું ભયંકર પૂર,
બચવાનો આરો નથી, મરશું આજ જરૂર" ૧૫૯
જેવો એક જણ કુટિરનું ખોલવા લાગ્યો દ્વાર,
તેવાં પાણી ધસી ગયાં, તુર્ત કુટિર મોઝાર. ૧૬૦
હતા તણાતા ઉભય ત્યાં જોઈ પીપળ ડાળ,
ડાળી પકડી બેઉ જણ ચઢ્યા ઉપર તત્કાળ. ૧૬૧
ડાળી પરથી કુટિરના ધાબા ઉપર એમ,
આવી જાતા બેઉ જણ, માન્યું એમણે ક્ષેમ. ૧૬૨
ઝડિયો વર્ષાની પડે, રાત અંધારી ઘોર;
ધાબા ઉપર આવીને, જોયું ચારે કોર. ૧૬૩
ચારેગમ અંધાર ને જલ જલ બંબાકાર;
હમ હમ કરતાં નીર હા ! નાદ કરે ભેંકાર. ૧૬૪
તદ્દન નિર્જન સ્થાન ને વસ્તીથી કંઈ દૂર,
ઘન-અંધારી રાત ને સરિતા ગાંડીતૂર ! ૧૬૫
વધતા નદીના પૂરમાં, ડૂબી ગઈ કુટિર;
ધાબા ઉપર વહી રહ્યાં, જોર થકી જો નીર ! ૧૬૬
ઘૂઘવતાં ઉછળે અરે ! નદીનીર ચોપાસ;
જોતાં મૂકી હવે દીધી, જીવવા કેરી આશ. ૧૬૭
ઘાંટો કાઢી બેવ જણ, બૂમો પાડે અપાર;
"કોઈ બચાવો કોઈ રે, નીકળો ઘરની બહાર" ૧૬૮
કોણ સાંભળે એમનો, અંધારામાં સાદ ?
ચોગમ ઘૂઘવે નીર ને વરસી રહ્યો વરસાદ. ૧૬૯
સૂણે ના કોઈ એમને, કોઈ ન જાગે લોક;
મોત નજીક જોઈ રડે, મૂકી છૂટી પોક. ૧૭૦
ધાબા ઉપર પાણી હા ! જ્યમ જ્યમ વધતાં જાય;
ત્યમ ત્યમ આ બન્નેવને મોત નજીક દેખાય. ૧૭૧
મૃત્યુ નિશ્ચિત છે હવે, જાણી મનથી એમ;
ચીમનલાલે સમરીયા અવધૂત સદ્ગુરુ તેમ. ૧૭૨
"હે અવધૂત દયાનિધિ ! હે ગુરુદેવ દયાળ !
મુખ ફાડી મૃત્યુ ખડું ! બચાવ તારો બાળ. ૧૭૩
મૂરખ હું અજ્ઞાન છું, હજાર મારા દોષ;
દીન-દયાળ દિગંબરા ! મા કર મુજ પર રોષ" ૧૭૪
એમ પ્રાર્થી ચીમનલાલ, રડતા છાટીફાટ;
ખૂબ ભાવથી કરી રહ્યા, 'દત્તબાવની' પાઠ. ૧૭૫
ત્યાં તો પ્હો ફાટ્યો અને બંધ થયો વરસાદ,
ગુરુજી જાણે એમનો સૂણતાં આર્તનાદ ! ૧૭૬
નજીકના ઘરેથી કોઈ ! બહાર નીકળ્યું કોક,
સૂણી એણે એકદમ, ચીમનલાલની પોક. ૧૭૭
દુઃખ ને આશ્ચર્યથી જોયું જયાં તત્ક્ષણ,
અવધૂત કેરી કુટિર પર ઘેરાયા બે જણ. ૧૭૮
દોડાદોડ કરી મૂકી, બૂમાબૂમ અપાર;
પ્રસરી વેગે ઝટ જુઓ, ખબર ગામ મોઝાર. ૧૭૯
"બે જણા કોઈ બાપડા, અવધૂત કુટિર ઉપર;
ઘેરાયા છે પાણીથી દોડો રે ! સત્વર. ૧૮૦
બૂમાબૂમ કરી રહ્યા, જીવ બચાવવા એમ;
દોડો, બચાવો અન્યથા તણાઈ જાશે તેમ." ૧૮૧
ખબર સાંભળી લોક સૌ નીકળ્યા ઘરની બહાર,
જુવાનિયાઓ, બાળકો વૃદ્ધો નર ને નાર. ૧૮૨
પુલ ઉપર ભેગાં થયાં, જોયું ખેંચી નજર;
મરણોન્મુખ બે વ્યકિતઓ, બેઠી કુટિર ઉપર. ૧૮૩
લાંબા હાથ કરી કરી, જોનારાને એમ
ઈશારાથી વિનવતા "બચાવો અમને તેમ" ૧૮૪
"કોણ હશે આ બે જણા ?" ગામલોક મૂંઝાય,
પુલ ઉપરથી કુટિરનો માનવ ના ઓળખાય. ૧૮૫
ખેંચી નજર ને નિરખતાં કોઈને આવ્યો ખ્યાલ;
"અલ્યા, આ તો આપણા, ચોક્કસ ચીમનલાલ !" ૧૮૬
બીજો સાથે કોણ છે ? આવે છે કંઈ ખ્યાલ ?
"હા હા પેલો વણિક એ ગાંડો જો રતિલાલ" ૧૮૭
પલકભરમાં લોકને, સમજાઈ આખી વાત;
બન્ને અંદર કુટિરમાં રહ્યા હશે ગઈ રાત. ૧૮૮
ભારે વર્ષા કારણે, નદીમાં ઘોડાપૂર;
પાણી આવ્યાં રાતરે થઈને ગાંડાતૂર. ૧૮૯
આ બન્ને ગભરાઈને બચાવવા નિજ જાત,
ગમે તેમ કરી કુટિર પર ચઢી ગયા ભલીભાત. ૧૯૦
એમને હવે બચાવવા કરવો શો ઉપાય ?
શોકાતુર થઈ ગામલોક મનમાં અતિ મૂંઝાય. ૧૯૧
સાગર સમ ઉછળી રહ્યાં, નદીનાં નીર અફાટ;
આ બેને બચાવવા, કેવો કરવો ઘાટ ? ૧૯૨

ચીમનલાલ ફસાઈ ગયા, જાણી એવી વાત;
ગામ આખું ભેગું થયું, પુલ ઉપર સાક્ષાત્. ૧૯૩
શોરબકોર બહુ કરે, જડે ન કોઈ ઉપાય;
મરણોન્મુખ આ બેવને, કેમેય બચાવાય ? ૧૯૪
ત્યાં તો ઉપડ્યા કેટલાક, ગયા વડોદરા માંહ્ય;
બંબાવાળા લઈ જૂઓ આવી ગયા ઝટ ત્યાંય. ૧૯૫
અફાટ પાણી જોઈને, ઘૂમરી લેતાં એમ;
બંબાવાળાઓ અરે ! પડ્યા વિચારમાં તેમ. ૧૯૬
મસલત છેવટની કરી, એમણે માંહ્યોમાંહ્ય;
નાખી તરાપો પાણીમાં, પહોંચી જાવું ત્યાંય. ૧૯૭
તરાપામાં નાખીને, બન્ને જણને ઝટ;
કુશળ ક્ષેમ ઉતારવા, નદીના સામે તટ. ૧૯૮
તુર્ત તરાપો મૂકિયો, જેવો તરતો થાય;
ત્યાં તો ભમર વમળ મહીં તરાપો ઘુમરી ખાય ! ૧૯૯
ડૂબતો તરાપો મૂકિયો, જેવો તરતો થાય;
જીવ બચાવવા કૂદી પડ્યા, તરીને નીકળ્યા બહાર. ૨૦૦
શું કરવું અરે ! હવે, જડતો ન કો ઉપાય;
ગામલોકના અંતરે, ચિંતા અતિશય થાય. ૨૦૧
"શું પોતાના દેખતાં, ચીમનલાલ તણાય ?
એવું કરુણ દૃશ્ય હા ! કયમ જોવાશે હાય !" ૨૦૨
ગામની બહેનો બાળકો, રુદન કરે અપાર;
કઠણ હૃદયના પુરુષ પણ, આંસુ લૂછે તે વાર ! ૨૦૩
આખા ગામના લોક હા ! વૃદ્ધ, બાળ, નરનાર;
પુલ આગળ ભેગા થઈ, કરતા રહે વિચાર. ૨૦૪
સવારના આવ્યા બધા, નથી ગયા કોઈ ઘેર;
ચીમનલાલને રક્ષવા, યત્ન કરે બહુ પેર. ૨૦૫
આજે આખા ગામમાં, કોઈને ઘેર પણ એમ,
ચૂલો સળગાવ્યો નથી, રસોઈ કરવા તેમ. ૨૦૬
ભૂખ્યું આખું ગામ છે, ચારેગમ ઉચાટ;
ખાવું પીવું ના ગમે, ગમે ન બીજી વાત. ૨૦૭
દેખી રડતા લોકને, ગામના એક વડિલ,
લોકો સામે આવીને બોલ્યા "હે ! બુઝદિલ ! ૨૦૮
રડવાથી શો ફાયદો ? શીદ રડો છો આજ ?
ચીમન બચાવવો હોય તો કરો કહું તે કાજ. ૨૦૯
તમે બધા પ્રેમે કરો, 'દત્તબાવની' ગાન;
બચાવશે એ ચીમનને, સ્વયં દત્ત ભગવાન" ૨૧૦
વચન સૂણી એ વડીલનાં, હૈયાં હળવાં થાય;
ગામલોક બહુ ભાવથી, 'દત્તબાવની' ગાય. ૨૧૧
હૈયે શ્રદ્ધા સભર ભરી, આંખ અશ્રુ વહી જાય;
નર-નારી સહુ ગામનાં ભેગાં મળીને ગાય. ૨૧૨
"જય યોગીશ્વર દત્ત" જ્યાં બોલવાનું શરૂ થાય,
બંબાવાળાને તિહાં સૂઝ્યો એક ઉપાય. ૨૧૩
"બે ટયુબો રબ્બરતણી, હવા ભરીને એમ;
લઈ જાઓ બે જણ તિહાં, ગોળી દ્વારા તેમ. ૨૧૪
જુદી જુદી ટ્યુબમાં મૂકી બેઉને એમ,
મુખ્ય વહેણમાં એ ટ્યુબો તરતી મૂકો તેમ. ૨૧૫
પુલના ગાળામાં થઈ વહે છે નદીનાં પૂર,
ગાળા આગળ એ ટ્યુબો અટકી જાશે જરૂર. ૨૧૬
ટ્યુબો અટકતાં એકદમ કઠેરા આગળ જેહ,
ઊભા હોય જુવાનિયા તેમણે રાખી કુનેહ. ૨૧૭
ઊંચકી લેવા બેવને ટ્યુબો ઉપરથી તેમ,
બન્ને જણ આવી જશે, પુલપર કુશળ ક્ષેમ" ૨૧૮
ઉપાય તો સાચો હતો, જોખમ ભારોભાર;
છૂટી તરતી મૂકવી, ટ્યુબ નદી મઝધાર. ૨૧૯
મધ્યવ્હેણ એ ટ્યુબ જો, એકાદ ગોથું ખાય;
તેના પર તો બેસનાર, જરૂર ડૂબી જાય. ૨૨૦
એના વિણ પણ ના હતો, બીજો કોઈ ઉપાય;
મૂકો પ્રભુનું નામ લઈ, થનાર હોય તે થાય. ૨૨૧
હવા ભરેલી બે ટ્યુબો સાથે લઈને એમ,
બે તરવૈયા ગોળી લઈ, પહોંચ્યા કુટિરે તેમ. ૨૨૨
એક એક ટ્યુબ પર પછી બન્ને જણને એમ,
ચીવટ રાખી બેસાડિયા, આપી હિંમત તેમ. ૨૨૩
બેવ ટ્યુબો તરતી મૂકી, બોલી 'જયગુરુદત્ત'
મુખ્ય વહેણમાં એ ટ્યુબો વહેવા લાગી ઝટ. ૨૨૪
છોડી દીધા બેયને, એમના ભાગ્ય ઉપર;
જોનારાના જીવ હા ! થઈ ગયા અદ્ધર. ૨૨૫
સડસડાટ વે'તી રહી, ટ્યુબો બે મઝધાર;
ચાલ્યા ચાલ્યા અરે ! જો, લોક કરે પોકાર. ૨૨૬
લોકોના જીવ તાળવે, ચોંટી ગયા પલભર;
કોણ બચાવે એમને ? સિવાય સદ્ગુરુવર ! ૨૨૭
જરાક ગોથું ખાય તો, બન્ને ડૂબી જાય;
ઓટેથી અવધૂતના, મહા અનર્થ સર્જાય ! ૨૨૮

આ તો પણ અવધૂત છે, એને કરતાં વહાલ,
શ્રદ્ધા રાખે તેહનો, થાય ન વાંકો વાળ ! ૨૨૯
ગામલોક બહુ ભાવથી, કાઢી ઊંચો સાદ;
દત્તબાવની ગાય હા ! છોડી સર્વ વિષાદ. ૨૩૦
દત્તબાવનીગાનથી, ચમત્કાર સર્જાય;
બન્ને ટ્યુબો પુલના ગાળે અટકી જાય. ૨૩૧
ટ્યુબો આવી અટકી હા ! પુલના ગાળે જયાંય,
ત્યાં તો પુલપર સ્થિત એ યુવાનોએ પલ માંહ્ય. ૨૩૨
ઊંચકી લીધા બેવને ચપળતાથી એમ
બન્ને પુલપર ઉતર્યા, સાજા, કુશળક્ષેમ ! ૨૩૩
ચીમનલાલ બચી ગયા, ગામલોક હરખાય;
ધન્ય બચાવ્યો ભકતને, ધન્ય ! સદ્‌ગુરુરાય ! ૨૩૪
કુટિર કેરા નિયમતણી અવગણનાને કાજ,
શિક્ષા કરી નિજ ભકતને, વળી બચાવ્યો આજ. ૨૩૫
પછી નિરંજન બોલિયોઃ "હે અલખ ભગવાન !
એક મમ શંકાતણું કરો જો સમાધાન. ૨૩૬
અવધૂતજીનો નિયમ કે કોઈ પાસે કોઈ દન,
કયારેય કશું ના માગવું, અન્ન-વસ્ત્ર કે ધન. ૨૩૭
તો પછી અવધૂતજીએ, ચીમન પાસે એમ;
રૂપિયા પાંચસો એકની રકમ પડાવી કેમ ? ૨૩૮
પાંચ એકની મધ્યમાં, મીડું મૂકાવી એમ;
અંકોની એ જાળમાં, ફસાવ્યો એને કેમ ? ૨૩૯
અકળ કળા અવધૂતની, મુજથી ના સમજાય;
સમજાવો હે સદ્‌ગુરુ ! પુનિપુનિ લાગું પાય" ૨૪૦
એમ કહી વંદી રહ્યો, શિષ્ય નિરંજન બાળ;
હાસ્ય મધુર કરતા વદ્યા પોતે અલખ દયાળઃ ૨૪૧
'સૂણ શિષ્ય અવધૂતનું અંતર આર્દ્ર અપાર,
અવનિપર જે અવતર્યા કરવા ભકતોદ્ધાર. ૨૪૨
ભાર વહે ભકતોતણો એજ ખરા ભગવાન,
'દૂરીકૃતનતભાર' આ સંત અલૌકિક જાણ. ૨૪૩
ચીમનલાલે આજ તક, લીધાં દક્ષિણા-દાન;
પણ કોઈને દીધું નથી, જમણા હાથે માન. ૨૪૪
"આપ્યા વિના મળતું નથી, વાવો તોજ લણાય"
અફર નિયમ એ સૃષ્ટિનો, કેમ તું વિસરી જાય ? ૨૪૫
માટે શ્રીઅવધૂતજી ચીમનલાલને હાથ,
દાન કરાવે પ્રેમથી, ગમ્મત સહ ગુરુનાથ. ૨૪૬
"હાથે તે સાથે જ હા !" એ નિયમ અનુસાર,
દાન કરાવી ભકતનો, આજ કર્યો ઉદ્ધાર. ૨૪૭
પૂર્વે ભારતયુદ્ધમાં રાખવા ભીષ્મવચન,
શ્રીકૃષ્ણે તોડ્યું હતું રાખ્યું જે નિજ પણ. ૨૪૮
શ્રીકૃષ્ણનું પણ હતું કે કુરુક્ષેત્રની માંહ્ય,
યુદ્ધ પોતે નહિ ધરે, શસ્ત્ર નિજ કર માંહ્ય. ૨૪૯
ભકતરાજ ભીષ્મે અહીં લીધી પ્રતિજ્ઞા એમ,
શ્રીકૃષ્ણતણા કર વિષે શસ્ત્ર ઝલાવું તેમ. ૨૫૦
શ્રીકૃષ્ણ કુરુક્ષેત્રમાં પોતે અંગુલિ-માંહ્ય,
રથનું ચક્ર ધરી અહા ! ફેરવી નાખ્યું ત્યાંય. ૨૫૧
નિજ ભકત એ ભીષ્મનું વચન રાખવા કાજ,
નિજ પ્રતિજ્ઞા તોડી હા ! ધન્ય ધન્ય યદુરાજ ! ૨૫૨
તોડ્યો નિજનો નિયમ જો, અવધૂતજીએ તેમ;
કરવાને ઉદ્ધાર હા ! ચીમનલાલનો એમ. ૨૫૩
ભક્તોદ્ધારક સદ્‌ગુરુ, ભક્તોદ્ધરવા કાજ;
લીલા નિત નૂતન કરે, અવધૂત યોગીરાજ.' ૨૫૪
એમ કહીને અલખજી બંધ કરીને નયન,
રંગસ્વરૂપના ધ્યાનમાં, લીન થયા તત્ક્ષણ. ૨૫૫
ભકતોદ્ધારક રંગની 'બાલક' વર્ણવે આંહ્ય,
લીલા અદ્‌ભુત જે બની પણ-અર્પણની ત્યાંય. ૨૫૬
એકી સાથે રૂપ બે, ધરી શકે જે જાણ;
તેને સઘળું શકય છે, નકી નિરંજન ! માન. ૨૫૭

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે ચીમનલાલોદ્ધરણં નામ ષષ્ટિતમોઽધ્યાયઃ ॥૬૦॥ દોહરા ૨૫૭॥

## અધ્યાય : ૬૧

અવધૂતજીના ધ્યાનમાં, થયા અલખજી લીન;
અમૃતધારા બંધ થતાં, જાગ્યો શિષ્ય તલ્લીન. ૧
જોયું તો શ્રીઅલખજી, બેઠા ધ્યાનનિમગ્ન;
રંગ-સ્વરૂપ સંધાનમાં, કેમ કરાયે ભગ્ન ? ૨

એમ વિચારી શિષ્ય એ, સદ્ગુરુ શશી-વદન;
ચકોર સમ નિરખી રહ્યો, ભરી ભરી નિજ નયન ! ૩

ધીમે ત્યાં તો ખૂલિયાં, સદ્ગુરુ-કમલનયન;
જોતાં સામે શિષ્યને, થયું ચિત્ત પ્રસન્ન. ૪

નિરંજન ત્યાં તો બોલિયો, વંદી અલખ દયાળ;
બે રૂપો કયારે ધર્યાં, કથા કહો રસાળ. ૫

મંદ હાસ્ય મધુરું કરી, બોલ્યા અલખ કૃપાળ;
કથા અદ્ભુત અવધૂતની, સૂણ નિરંજન ! બાળ. ૬

એક સમે અવધૂતજી, પોર ગામની માંહ્ય;
હતા બિરાજ્યા સરિત્ તટે, અવધૂત-કુટિર જયાંય. ૭

જ્યારે જ્યારે પોરમાં, પધારતા ગુરુરાય;
ત્યારે ભકતો ગામના, મન અતિ હરખાય. ૮

લૌકિક વ્યવહારિક વળી, ઘરનાં સઘળાં કામ;
છોડીને લાગી જતાં, સેવામાં હા ! તમામ. ૯

એક ભકત સદ્ગુરુતણો, વિઠ્ઠલ એનું નામ;
સેવામાં સદ્ગુરુતણી, રહેતો છોડી કામ. ૧૦

ખેડૂતનો એ દીકરો, ખેતીનું સહુ કામ;
સોંપી દેતો ભાઈને, લાલભાઈ જેનું નામ. ૧૧

જ્યાં સુધી અવધૂતજી, રહે ગામની માંહ્ય;
સોગંદ ખાવા પૂરતું, ખેતર એ ના જાય. ૧૨

લાલભાઈ વહેલો જાય તે, મોડી રાતે એમ;
ખેતરથી પાછો ફરે, થાકયો પાકયો તેમ. ૧૩

સદ્ગુરુના દર્શનતણી, તીવ્ર ઈચ્છા થાય;
હોય પ્રભુ આરામમાં, રાત્રે કેમ જવાય ? ૧૪

રહે વંચિત દર્શન થકી, લાલભાઈ જો જાણ;
તોય ઈચ્છા તીવ્ર ત્યાં, જાગે મનમાં માન. ૧૫

દર્શન કિન્તુ થાય ના, મનમાં એ મૂંઝાય;
મારા જેવો અભાગિયો, કોણ હશે જગ માંહ્ય ! ૧૬

પંદર પંદર દિવસથી, મારા ગામ-પાદર;
દત્ત દિગંબર બિરાજિયા, અવધૂત સદ્ગુરુવર. ૧૭

દૂર દૂરથી સેંકડો, ભકતો આવી આંહ્ય;
સદ્ગુરુના દર્શન થકી, પુનિત કરે નિજ કાય. ૧૮

મારું દુર્ભાગ્ય જુઓ, કેવું કઠણ છે હાય !
મારા એ ગુરુદેવનાં, દર્શન મને ન થાય !! ૧૯

લાલજી રોજે રોજ હા ! નાખે છે નિઃશ્વાસ;
ધિક્કારી નિજ ભાગ્યને, બેઠો છોડી આશ. ૨૦

ત્યાં તો શ્રીઅવધૂતજીએ, ભકતો આગળ એમ,
માંડેરા હનુમાનનાં, દર્શન કરવા તેમ ૨૧

જાવાની ઈચ્છા કરી; ભકતો હરખ્યા મન,
ચાલો જઈએ ગામડી, કરવાને દર્શન. ૨૨

પોર ગામની પશ્ચિમે, બે નદીઓની મધ્ય,
માંડેરા હનુમાનનું, સ્થાનક સુંદર અદ્ય. ૨૩

સંવત બે હજાર ને, ત્રણની સાલમાં એમ;
પોરમાં ઉજવી જયંતી, અડતાલીસમી તેમ. ૨૪

પછી પધાર્યા હતા, પ્રભુ ! કરવાને આરામ,
એક માસ નિવાસ થયો, એ જ ગામડી ગામ. ૨૫

નયનરમ્ય એકાંત ને અતિ પવિત્ર સ્થાન;
બિરાજતાં મંદિર મહીં, માંડેરા હનુમાન. ૨૬

જાવાની ત્યાં આજ હા ! અવધૂતજીએ એમ,
ઈચ્છા કરી તેથી બધા, ભકતો હરખ્યા તેમ. ૨૭

માંડેરાનો પણ હતો, મારગ અતિશય કઠણ;
મોટાં કોતર-ટેકરા, ઢાળ વિકટ ચઢણ. ૨૮

ગાડું, ડમણું ગાડી કે બીજું કોઈ વાહન,
જઈ શકે ના પંથ એ; એવો હતો ગહન. ૨૯

ખડતલ જન પણ ચાલતાં, જઈ શકે જો ત્યાંય;
એને પણ અઘરૂં પડે, ચાલવું માર્ગે આંહ્ય. ૩૦

ભકતોએ ભેગા મળી, સઘળો કરી વિચાર;
પ્રભુ માટે એક પાલખી, કરી તુર્ત તૈયાર. ૩૧

પુષ્પ-પત્રથી એ વળી, શણગારી બહુ રીત;
પાસે પ્રભુની લઈ ગયા, હૈયે ધારી પ્રીત. ૩૨

પ્રભુએ પેખી પાલખી, પ્રસન્ન થઈને એમ;
પૂછવા લાગ્યા પ્રેમથી, કહો બનાવી કેમ ? ૩૩

ભકતો બોલ્યા ભાવથી, જોડી બન્ને હાથ;
"આવતી કાલે વાર છે, શનિતણો ગુરુનાથ; ૩૪

માંડેરા હનુમાનમાં, દર્શનની ભગવાન !
આપે જે ઈચ્છા કરી, જાવા ત્યાં મતિમાન; ૩૫

તેથી રાત્રે પાલખી, અમે કરી તૈયાર;
આપ બિરાજો હે પ્રભુ ! દત્તતણા અવતાર !! ૩૬

ઊંચકી લઈશું ખાંધ પર, અતિ ચિવટથી એમ;
જરાય તકલીફ નહિ પડે ગુરુજી આપને તેમ. ૩૭

ગાદી તકિયા ગોઠવ્યા, સુખે બિરાજો આંહ્ય;
અમ અધમ પાપીતણી, સફળ થવા દો કાય." ૩૮

સૂણી વચન ભકતોતણાં, મન રીઝયા ગુરુનાથ;
આશિષ વહાવી બોલતા, ઊંચો કરીને હાથ :- ૩૯
“મહાવીર હનુમાન એ, દર્શન કરવા કાજ;
શિબિકા પર સ્વારી કરી, જઈશ શું હું આજ ? ૪૦
મારા જાતાં એમ તો, ગુરુદેવ લજવાય;
અતુલિતબલ હનુમાનનું, અંતર અતિ દુભાય. ૪૧
માટે એ મહાવીરનાં, દર્શન હું ઈચ્છીશ;
ત્યારે સૌ જો જો તમે, ચાલીને હું જઈશ.” ૪૨
એમ કહી અવધૂતજી, મરક મરક મલકાય;
મુખડું જોઈ મલકતું, ભકત-હૃદય હરખાય. ૪૩
આવી વાતો કુટિરમાં, આ બાજુ અહીં થાય;
ત્યાં તો પેલી બાજુએ, ખેતરમાં શું થાય ? ૪૪
વહેલી સવારે લાલજી, ખેતરમાં જઈ આમ;
શેઢાને ખોદવાતણું, કરી રહ્યો છે કામ. ૪૫
માંડેરા હનુમાનનાં, દર્શન કરવા માટ;
અવધૂતજી જાનાર છે, એવી ચર્ચિત વાત; ૪૬
પ્રસરી આખા ગામમાં, વા વેગે સત્વર;
લાલજીભાઈને પણ પડી, એ જ વાતની ખબર. ૪૭
એની ખેતરવાડની, આગળ થઈ તે વાર;
માંડેરાનો માર્ગ હા ! થતો હતો પસાર. ૪૮
ઘણા દિવસની ઝંખના, થાશે દર્શન આજ;
ભકત હૃદય અતિ હરખાય કે આવી રહ્યા ગુરુરાજ ! ૪૯
લાલજી સ્મરતો ચિત્તમાં, દત્ત દત્ત જો ત્યાંય;
ખોદી ઢેફાં ભાગીને, સરખી કરતો ભોંય. ૫૦
ત્યાં તો એકાએક હા ! એની એક નજર,
સહજ રીતે પડી અહા ! સામે રસ્તા પર. ૫૧
અવધી થઈ આશ્ચર્યની, સ્મૃતિગામી દયાળ;
રંગ સ્વયં આવી રહ્યા, ભકતતણા પ્રતિપાળ ! ૫૨
જટાતાજ શિર પર અને, તે પર ટોપી એક;
ઊનની ભૂખરા રંગની, દીસે સુભવ્ય છેક !! ૫૩
દિવ્ય તેજથી લસલસે, ભાલ વિશાલ અપાર !
ચંદ્રવદન ચમકી રહ્યું, ઓપે તેજ અંબાર. ૫૪
દિવ્ય ચમકતાં નેત્ર પર, કાળાં ગોગલ્સ એમ;
શોભા જાણે પદ્મપર, ભ્રમર વિરાજિત તેમ. ૫૫
કંચનસમ એ કાયથી, ફૂટતાં તેજકિરણ;
આછા ભૂરા કામળે, વેષ્ટિત છે શુભ તન. ૫૬
દક્ષ હસ્તમાં દંડ ને, વામ હસ્ત બસ એમ;
દેવા આશિષ ભક્તને, ખાલી રાખ્યો તેમ. ૫૭
પાંવ-પાદુકા નથી ધરી, અડવા ચરણે એમ,
ધીમી ચાલે માર્ગ પર, ચાલી રહ્યા છે તેમ. ૫૮
આશ્ચર્ય-આવેગ મહીં, લાલજી બોલવા જાય;
ત્યાં તો નજીક વાડની, આવી ગયા ગુરુરાય ! ૫૯
ગાંડો ઘેલો થઈ ગયો, લાલજી અતિશય આમ;
કરતો ઢેફાં પર પડી, અષ્ટઅંગથી પ્રણામ. ૬૦
ક્ષણ બે ક્ષણ થોભ્યા પ્રભુ ! ઊંચો કરીને હાથ;
ૐ ૐ ઉચ્ચારથી, આપ્યા આશીર્વાદ ૬૧
લાલજીભાઈનો દૂર થયો, અંતરતણો વિષાદ;
તસ હૃદય થયું તૃપ્ત, જ્યાં દર્શનનો વરસાદ. ૬૨
ધૂળિયા માર્ગે ચાલિયા, ધીમે સદ્‌ગુરુનાથ;
ધીરે ધીરે દૃષ્ટિથી, દૂર દીનાનાથ ! ૬૩
વૃક્ષો પાછળ થાય જો, અદૃશ્ય સદ્‌ગુરુરાય;
જાગ્યો ત્યારે લાલજી, તંદ્રામાંથી ત્યાંય ! ૬૪
આંખો ચોળી ફરી ફરી, મન વિચારે વાત;
નારેશ્વરના નાથનાં, દર્શન થયાં સાક્ષાત્. ૬૫
આ કેવું આશ્ચર્ય હા ! અવધૂતજી કોઈ વાર;
નથી નીકળતા એકલા, કોઈ દિ’ કુટિર બહાર. ૬૬
જ્યારે જ્યારે નીકળે, જાવા કયાંયે બહાર;
એમની સાથે હોય જો સેવક દસથી બાર. ૬૭
એકલા આજે કેમ છે ? મુજને ના સમજાય;
વિકટ માર્ગ પર એકલા, જાવા કેમ દેવાય ? ૬૮
શું કરે છે ત્યાં બધા, સેવામાં રહેનાર ?
પ્રભુને ભેજયા એકલા, છે કંઈ વિવેક-વિચાર ? ૬૯
એમ વિચારી લાલજી, ફેંકી દઈ હથિયાર;
સદ્‌ગુરુ પાછળ દોડિયો, મૂઠી દઈ તે વાર, ૭૦
ઠેઠ નદીના તટ સુધી, દોડી પહોંચ્યો તેહ;
તોયે સદ્‌ગુરુ ના મળ્યા, મન વિચારે તેહ. ૭૧
અવધૂતજીની તો હતી, ચાલ ધીમી અત્યંત;
શી રીતે ઉતર્યા હશે ? નદીપાર ભગવંત ! ૭૨
ત્યાં તો સામી પારથી, આવી રહ્યા બે જણ;
પૂછયું તેમને ભાવથી, લાલજીએ તત્ક્ષણ. ૭૩
“કહો ભાઈ ! જોયા તમે, અવધૂતજી તે પાર,
માંડેરાના માર્ગમાં, જતાં આણી વાર ?” ૭૪

પેલા કહે "અમે આવીએ, માંડેરાથી જાણ,
નિર્જન માર્ગે મળ્યું નથી, કોઈ અમોને માન." ૭૫
દોડયો ત્યાંથી લાલજી, વિચારતો મન માંહ્ય;
નરી આંખે મેં નિરખ્યા, અવધૂતજી કયાં જાય ? ૭૬
વેગે દોડી આવિયો, ગામ કેરા પાદર !
દેખી ત્યાં કો ભકતને, પૂછી રહ્યો સત્વર; ૭૭
"મોકલ્યા એકલા કેમ રે ? અવધૂતજીને એમ ?
માંડેરામાં તમે બધા, સાથે ગયા ન કેમ ? ૭૮
કંકર-કાંટાથી ભર્યો, વિકટ પંથ વેરાન;
અવધૂતજી ત્યાં એકલા, થઈ જાશે હેરાન. ૭૯
જાવા ચાહે એકલા, અવધૂતજી ભલે આંહ્ય;
આપણાથી પણ કેમ રે ? એમ જવા દેવાય ? ૮૦
તમે બધા સૌ મૂર્ખ છો, સેવામાં રહેનાર;
એકલા મોકલ્યા બાપજી ! કર્યો ન કંઈ વિચાર !" ૮૧
સૂણતાં પેલા ભકતને, થયું આશ્ચર્ય અપાર;
લાલજી સામું ભાળીને, બોલ્યો તેણી વારઃ ૮૨
'લાગે છે મને લાલજી, ડાગળી તારી એમ;
ચસકી ગઈ છે એટલે, બોલે ફાવે તેમ. ૮૩
છોડી કુટિર બાપજી, ગયા નથી હજી કયાંય;
પીંપળ નીચે ગાદી પર, એ બિરાજ્યાં ત્યાંય ! ૮૪
વડોદરાથી અહીં ઘણા, ભક્તો આવ્યા આજ;
તેમની સાથે હસી હસી, વાતો કરે મહારાજ.' ૮૫
ત્યાં તો બોલ્યો લાલજી, વિસ્મિત થઈ આ વાર;
માંડેરામાં હાલ મેં, કર્યા રંગદીદાર. ૮૬
ધીમે ધીમે ચાલતા, મુજ ખેતરની આમ;
વાડની આગળ ઊભા રહ્યા પોતે પૂરણકામ. ૮૭
વાડની પાછળથી થોભતાં, અહો ! હમણાં કર્યાં દર્શન;
પ્રણામ સાષ્ટાંગે જો કર્યા, નીરખ્યાં ભરી નયન. ૮૮
દીધા આશીર્વાદ મને, ઊંચો કરીને હાથ;
ૐ ૐ રટતાં તે પછી, ચાલ્યા ગયા ગુરુનાથ. ૮૯
વનમાં અદૃશ્ય થઈ ગયા, ત્યારે આવ્યું ભાન;
જાતાં પ્રભુજી એકલા, થઈ જાશે હેરાન. ૯૦
મૂઠી મેં તો વાળીને, પાછળ મૂકી દોટ;
ઠેઠ નદીતટ પહોંચિયો, રખે ઠરું હું ભોટ ! ૯૧
જોયા સામે પારથી, આવતા ત્યાં બે જણ;
ઊભા રાખી પૂછતો, એમને હું તત્ક્ષણ. ૯૨

'જોયા તમે ભાઈ શું, માંડેરામાં કયાંય,
હનુમાનજીના મંદિરે, અવધૂત સદ્‌ગુરુરાય ?' ૯૩
જવાબ મળતોઃ 'ના દીઠો, કોઈ અમે ત્યાં જન,
ચાલ્યા સીધા આવીએ, ત્યાંથી કરી દર્શન' ૯૪
સૂણી એમને હું સીધો, દોડી આવ્યો આંહ્ય,
પૂછવા તમને કે અરે ! કયાં છે સદ્‌ગુરુરાય ! ૯૫
ભકત કહે; 'સૂણ લાલજી, આજ સવારથી કયાંય;
ગયા નથી અવધૂતજી, બેઠા કુટિર માંહ્ય. ૯૬
ખાત્રી પડતી ના યદિ, જા હમણાં સત્વર;
પીંપળ નીચે ગાદી પર, દર્શન દે ગુરુવર., ૯૭
લાલજી દોડયો એકદમ, આવ્યો ઢાઢરતીર;
જોતો કુટિર બહાર જો, બેઠા જોગી ધીર. ૯૮
ભક્તોથી વીંટળાઈને, શોભે સદ્‌ગુરુ એમ;
ઉડુગણ મધ્યે ચંદ્રમા, શોભી રહે હા ! તેમ. ૯૯
વાડની આગળ લાલજીએ, જેવા વેષની માંહ્ય;
અવધૂતજી નિરખ્યા હતા, તે જ વેષમાં આંહ્ય, ૧૦૦
શોભે સુંદર સદ્‌ગુરુ, નયનરમ્ય તે વાર;
જોઈ લાલજી દિઙ્‌મૂઢ, વંદે વારંવાર !! ૧૦૧
નીર ભરાયાં નયનમાં, કંઠ ગદ્‌ગદ્‌ થાય;
સીવાઈ જાતી જીભ જો, બોલ્યું ના બોલાય. ૧૦૨
ચૂપચાપ ઊભો થયો, ફરી ફરી નમવી માથ;
ગામમાં આવી સર્વને, માંડી કે'તો વાત. ૧૦૩
ડૂબ્યા આનંદસાગરે, ભકતો સૌ આ વાર,
બે સ્વરૂપ ધારણ કર્યાં, અવધૂતે તે વાર. ૧૦૪
વાયુવેગે ગામમાં, પ્રસરી ગઈ આ વાત;
ભકિત-ભાવથી ગ્રામજન, વંદે સદ્‌ગુરુ-તાત ! ૧૦૫
રાત્રે જ્યારે બાપજી, નિજ કુટિરની માંહ્ય;
પાટ ઉપર નિજ દેહને, લંબાવીને ત્યાંય, ૧૦૬
આડે પડખે થયા, ત્યાં તો પોતે તેમ;
પાસ ઉભેલા શિષ્યને, કહેવા લાગ્યા એમ. ૧૦૭
'જોને મારા ચરણમાં, આજ દુઃખે છે એમ,
જાણે ખાડા-ટેકરે, ચાલ્યા હોયે તેમ. ૧૦૮
માટે મારા ચરણ તું, દાબ જરા જો આંહ્ય;
જેથી આવે ઊંઘ ને, પીડા ન રહે કયાંય !!' ૧૦૯
આ સેવક તો જાણતો, લાલજી કેરી વાત,
બીજા સ્વરૂપે થયા હતા, પ્રગટ પ્રભુ સાક્ષાત્‌. ૧૧૦

તેથી સદ્‌ગુરુ દેવની, ચરણ-ચંપીની માગ,
સૂણતાં, એના હૃદયમાં, ભાવ રહ્યો અતાગ. ૧૧૧
ભાવ-સભર હૈયું બન્યું, નયનવાટથી નિર્ઝર;
ખળ ખળ વહેતું રહ્યું, બોલ્યો પછી સત્વરઃ ૧૧૨
'પ્રભુ ! આખા ગામમાં, વાત એ જ ચર્ચાય;
ચમત્કાર એ ગજબનો, ભકત-હૃદય હરખાય. ૧૧૩
માંડેરામાં લાલજીના, ખેતર આગળ આપ;
નિજ સ્વરૂપે પ્રગટ થયા, દર્શન દીધાં બાપ ! ૧૧૪
આજે પ્રાતઃકાળમાં, પ્હેરી જે લેબાસ;
ગાદી ઉપર આપ જો, બિરાજતા બિન્દાસ, ૧૧૫
વેષ ધારણ કરી જતા, માંડેરાની માંહ્ય;
લાલજીભાઈએ આપને, દેખ્યા હે ગુરુરાય !! ૧૧૬
આપ્યાં દર્શન ભકતને, આપ્યા આશીર્વાદ;
ચાલ્યા તે પછી ગજવતા, ૐ ૐ નો રણકાર. ૧૧૭
લાલજી તો આશ્ચર્યમાં, થઈ ગયો ગરકાવ;
નયનભરી દર્શન કર્યાં, ધરી હૃદયમાં ભાવ. ૧૧૮
તંદ્રામાંથી જાગતાં, દોડયો પાછળ એહ;
સરિતાતટ સુધી દોડીયો, ના દીઠા વરદેહ. ૧૧૯
દોડી આવ્યો ગામમાં, કરી બધાંને વાત;
ચમત્કાર સર્જ્યો અહા ! ધન્ય સદ્‌ગુરુ તાત.' ૧૨૦
સૂણી વચન એ શિષ્યનાં, મંદ હસ્યા ગુરુનાથ;
પછી વદ્યા બહુ ભાવથી, ઊંચો કરી નિજ હાથઃ ૧૨૧
"સાંભળ આખા વિશ્વમાં, ચમત્કાર કરનાર,
કઈ વસ્તુ છે એહનો, કર તું જરા વિચાર. ૧૨૨
ભાવસભર શ્રદ્ધા અને તીવ્ર ઈચ્છા હોય;
તેને માટે વિશ્વમાં, કશું અશકય ન કયાંય !! ૧૨૩
મનમાં ઈચ્છા તીવ્ર ને, શ્રદ્ધા અંતઃકરણ;
લાલજી તેથી ખેતરે, કરતો મુજ દર્શન. ૧૨૪
આમાં તમને જો કંઈ, ચમત્કાર દેખાય;
એ તો મુજથી નથી થયો, હું નિર્લેપ સદાય. ૧૨૫
અવધૂત છે પથ્થર સમો, નિષ્ક્રિય ને જડ જાણ;
ભકતોની શ્રદ્ધા થકી, એમાં પ્રગટે પ્રાણ. ૧૨૬
શ્રદ્ધાથી પાષાણ પણ, દેવ બની જો જાય;
હું તો ચેતનવંત છું, દર્શન કેમ ન થાય ? ૧૨૭
માટે આ પ્રસંગ મહીં, દેખાતો ચમત્કાર,
તમને ગામના લોકને, નથી મારો ધરાર. ૧૨૮
તીવ્રેચ્છા દર્શનતણી, શ્રદ્ધા ભારોભાર;
લીલા અદ્‌ભુત રહસ્યથી, કરતો જગકરતાર." ૧૨૯
એમ કહી અવધૂતજી, રાખી હાસ્ય વદન,
રટતાં ૐ ૐ મીંચતા, નિજનાં કમલ-નયન. ૧૩૦
સેવક તો સૂણી રહ્યો, સદ્‌ગુરુનો વિતરાગ;
ઊભો રહ્યો દિઙ્‌મૂઢ થઈ, વિચાર કરતો અવાક્. ૧૩૧
એવી રીતે પોરમાં, લીલા કીધી અનુપ;
દર્શન દીધાં ભકતને, ધારી બે નિજ રૂપ ! ૧૩૨
અલખ નિરંજનને કહે, સાંભળ તું ફરી વાર;
રંગ અવધૂત છે ખરે, સ્વયં દત્ત અવતાર. ૧૩૩
નૃસિંહસરસ્વતી સદ્‌ગુરુ, પૂર્વે ભકતો માટ,
એકી સાથે રૂપ ધરે, ભકતભાવથી આઠ ! ૧૩૪
સંતોષ્યા નિજ ભકતને, જાણે છે તું વાત,
ગરુડેશ્વરના વાસુદેવ, સ્વયં દત્ત સાક્ષાત્. ૧૩૫
લીલા એવી જો કરે, ધારી ત્રણ નિજ રૂપ;
ભક્તોને દર્શન દઈ, આપે સૌખ્ય અનુપ. ૧૩૬
તેમ અહીં અવધૂતજીએ, ધારી નિજ બે રૂપ,
દરસ-ભૂખ ભાગી અહા ! આપી દર્શન-તૂપ.' ૧૩૭
બબ્બે રૂપ ધરે અહા ! એકી સાથે જેહ,
તે તો સાક્ષાત્ દત્ત છે, એમાં નહિ સંદેહ. ૧૩૮
ગુરુને માનવ જે ગણે, મૂરખ નર તે જાણ;
સદ્‌ગુરુરૂપે બ્રહ્મ એ, કરતા ભકતનું ત્રાણ. ૧૩૯
માટે સદ્‌ગુરુ મૂર્તિમાં, કર સ્વરૂપ-સંધાન;
ધ્યાનતણું જો મૂળ છે, સદ્‌ગુરુ મૂર્તિ માન. ૧૪૦
જેણે સેવ્યા સદ્‌ગુરુ, ભજયા વળી ગુરુરાય;
તેનાં ઐહિક સંકટો, દૂર પલકમાં થાય. ૧૪૧
સૂણ નિરંજન કહું કથા, સુણતાં શંકા જાય,
અવધૂતજીના ચરણમાં, શ્રદ્ધા દૃઢ થઈ જાય. ૧૪૨
વડોદરા જિલ્લાતણું વરસાડા છે ગામ,
ભકત તિહાં અવધૂતના, ધૂળાભાઈ છે નામ. ૧૪૩
વરસાડા નિજ વતનમાં, કરતા ખેતીકામ;
કાળી મજૂરી એ કરે, રાખી હૈયે હામ. ૧૪૪
કરતાં કરતાં કામ હા ! ધરતા સદ્‌ગુરુધ્યાન,
આછું પાતળું જે મળે, ચલાવતા ગુજરાન. ૧૪૫
પહાડી મધુરો કંઠ ને, ભાવ ઉરે અત્યંત;
વાજા પેટી સાથ હા ! ભજન ગાય ધરી ખંત. ૧૪૬

દર ગુરુવારે રાતરે, ગાવા ભજનો એમ;
વરસાડાથી ચાલીને, પોર આવતા તેમ. ૧૪૭
શિયાળાની ઠંડી વા, ચોમાસે વા તેમ;
ધ્રૂજતા વા પલળતા, અચૂક આવે એમ. ૧૪૮
ધૂળાભાઈ તો ભજનમાં, હાજર નિત્યે થાય,
પડતો ના ગુરુવાર કો, ભલે થવાનું તે થાય. ૧૪૯
અવધૂતી આનંદનાં, ભજનો ભાવે ગાય;
સૂણનારાના હૃદયમાં, ભાવભક્તિ રેલાય. ૧૫૦
લોકો બોલાવે ભાવથી, આ પંથકની માંહ્ય;
ધૂળા ભગતના નામથી, એ સદા ઓળખાય. ૧૫૧
સાદો સીધો સરળ ને ધર્મભીરુ એ જન;
પરોપકારી વૃત્તિ ને સદાય પ્રસન્ન-મન. ૧૫૨
સદ્‌ગુરુ શ્રીઅવધૂતનાં ચરણો પ્રત્યે એમ,
ઠાંસી ઠાંસી છે ભર્યાં, શ્રદ્ધાભક્તિપ્રેમ. ૧૫૩
જ્યારે જ્યારે રંગનાં, સ્મરણો વાગોળાય;
ધૂળાભગતની આંખથી, ઝરણાં ત્યાં ઉભરાય. ૧૫૪
આવા ધૂળાભગત હા ! કરી સખત મહેનત;
યોગક્ષેમ ચલાવતા, સદ્‌ગુરુ-સ્મરણે રત. ૧૫૫
ધૂળા ભગતની દીકરી, થાતી મોટી જાણ;
પરણાવવાને યોગ્ય હા ! થઈ હતી તું માન. ૧૫૬
મૂરતિયો શોધી કર્યું, નક્કી એનું લગન;
લગ્ન ખર્ચની ભગતને, ચિંતા થઈ છે મન. ૧૫૭
લગ્નખર્ચને કાજ હા ! કયાંથી લાવવા દામ ?
કંઈક વિચાર કર્યા પછી, ગયા ઈટોલા ગામ. ૧૫૮
લગ્ન ખર્ચમાં જોઈએ, રૂપિયા એક હજાર;
તે માટે પહોંચી ગયા, એક પટેલને દ્વાર. ૧૫૯
ચાકરી પટ્ટો લખાવીને, એક વરસનો એમ;
રૂપિયા હજાર અગાઉથી, ઉપાડી લાવ્યા તેમ. ૧૬૦
બીજે દિવસ સવારમાં, રૂપિયા લઈને હજાર;
લગ્ન ખરીદી કાજ હા ! નીકળ્યા ઘરની બહાર. ૧૬૧
આવી પહોંચ્યા વડોદરા, મંગલ બજારની માંહ્ય;
બસો એક રૂપિયાતણી, કરી ખરીદી ત્યાંય. ૧૬૨
બાકી વધેલા આઠસો, ઉપલા ખિસ્સા માંહ્ય;
નાખીને પહોંચી ગયા, નવા બજારની માંહ્ય. ૧૬૩
નવા બજાર છે સાંકડું, માનવગીર્દી અપાર;
ભરચક માર્ગે જામતો, ખૂબ વાહન-વ્યવહાર. ૧૬૪

ધૂળાભાઈ એ ગીર્દીમાં, ધીમે થાય પસાર;
અથડાયો ત્યાં તો અરે ! એક જણ જોરદાર. ૧૬૫
ધૂળાભાઈ કંઈ સ્વસ્થ થઈ, મુખથી કહેવા જાય;
ત્યાં તો અદૃશ્ય થઈ ગયો, પેલો ગીર્દી માંહ્ય. ૧૬૬
ક્ષણમાં ધૂળાભાઈની, ઓચિંતી પડી નજર;
પોતાના ખમ્મીસના, ઉપલા ખીસ્સા પર. ૧૬૭
જોતાં દુઃખ આશ્ચર્યથી, પાડી ઊઠયા બૂમઃ
"મારા રૂપિયા આઠસો, અરે ! થયા કયાં ગુમ ?' ૧૬૮
ખિસ્સાને ફંફોળતા, વ્યર્થ વારંવાર;
ઊંચે સાદે જોરથી, રડી રહ્યા ચોધાર. ૧૬૯
'મારા ખિસ્સામાંથી રે ! રૂપિયા આઠસો હાય !
ચોર કોક કાઢી ગયો, અરે ! હવે શું થાય ?' ૧૭૦
નિજ દીકરીના લગ્નમાં, વાપરવાને કાજ,
મૂડી એમની એજ તે, જતી રહી જો આજ. ૧૭૧
કયાં શોધે ? કોને પૂછે ? કોણ સાંભળે આંહ્ય ?
ગરીબ ગ્રામીણનું હતું, કોણ શહેરની માંહ્ય ? ૧૭૨
ભાંગી પડ્યા એ દુઃખથી, ધીરજ રે' ના ક્ષણ;
બેસી ગયા ફૂટપાથ પર, કરવા લાગ્યા રુદન. ૧૭૩
એમને રડતા જોઈને, દયા આવતાં એમ;
એક જણે થોભી પૂછયું, 'અરે ! રડે છે કેમ ?' ૧૭૪
અશ્રુવહેતી આંખથી, થઈ દુઃખી અત્યંત;
ધૂળાએ એ ભાઈને, કહી વાત સાદ્યંત. ૧૭૫
વિગત સૂણતાં એમની, દુઃખી થઈને એમ;
ઠપકો આપ્યો 'અરે તને, ભાન મળે કે કેમ ? ૧૭૬
ઉપલા ખિસ્સામાં અરે ! ધોળે દિવસે એમ;
રૂપિયા રાખી આવતાં, વિચાર કર્યો ના કેમ ? ૧૭૭
ન્હોય તારું આ ગામડું, છે વડોદરા શહેર;
ના રહીએ સચેત તો, વેઠવું પડે બહુ પેર. ૧૭૮
કોઈ ખિસ્સાકાતરૂ, તને અથડાઈ એમ;
કાઢ્યા રૂપિયા આઠસો, કુશળતાથી તેમ. ૧૭૯
શોધીશ તું કયાં એહને ? કોણ સૂણશે સાદ ?
માટે પોલીસ ચોકીએ, કર જઈને ફરિયાદ. ૧૮૦
નાકે ફતેહપુરાતણા, પોલીસ ચોકી જ્યાંય;
નોંધાવી વિગતથી દે, ફરિયાદ તારી ત્યાંય. ૧૮૧
કલાકો અહીં રડીશ ને, માથાં ખૂબ કુટીશ;
કોઈ તને નહિ સાંભળે, વ્યર્થ દુઃખી થઈશ.' ૧૮૨

એમ કહી એ ભાઈ તો, ચાલ્યા ગયા તત્કાળ;
વાસ્તવિક જો સત્યનો, ધૂળાને દઈ ખ્યાલ. ૧૮૩
વાસ્તવિક સમજીને, ધૂળાભાઈ તે વાર;
જાતાં ફતેહપુરાની, પોલીસ-ચોકી દ્વાર. ૧૮૪
મૂછ મરોડતા ત્યાં ઊભા, ચોકીમાં ફોજદાર;
એમની સામે આવીને, ધૂળાભાઈ તે વાર ૧૮૫
સલામ કરી ઊભા રહ્યા; અદબ વાળીને તેમ,
રડતી આંખે સા'બને, કહેવા લાગ્યા એમ: ૧૮૬
'સા'બ મુજ ખિસ્સા થકી, કોઈ હરામખોર,
રૂપિયા આઠસો કાઢીને, ભાગી ગયો કંઈ ઓર. ૧૮૭
મુજ દીકરીનું લગ્ન છે, હું ગરીબ માણસ,
ફરિયાદ મારી નોંધીને, સા'બ કરો તપાસ.' ૧૮૮
ધૂળા ભગતનાં શબ્દો આ, સાંભળતાં તે વાર,
ક્રોધાવેશમાં એકદમ, બોલ્યા જો ફોજદાર: ૧૮૯
'લીધા કોણે છે અલ્યા ! રૂપિયા તારા ક્યાંય ?
ફરિયાદ કરવા તુજને, મોકલ્યો કોણે આંહ્ય ? ૧૯૦
નવરી બેઠી શું અહીં, પોલીસ તમ સૌ કાજ ?
આવ્યા સીધા દોડતા, ફરિયાદ કરવા આજ ? ૧૯૧
જાણે ફરવા નીકળ્યા, બાપના બાગની માંહ્ય,
અભાનતાથી શહેરમાં, ફરતા જ્યાં ને ત્યાંય. ૧૯૨
કાળજી રાખો ના તમે, થાતાં કંઈ નુકસાન,
દોડી આવી ચોકીએ, વ્યર્થ કરો હેરાન. ૧૯૩
રૂપિયા આઠસો હોય શું, તુજ ખિસ્સા મોઝાર ?
અમને એવું લાગે નહિ, જોતાં તુજ દીદાર ! ૧૯૪
છતાં જો તું હઠ કરી, ફરિયાદ નંધાવીશ,
પોલીસનાં લફરાં મહીં, ખોટો ફસાઈ જઈશ. ૧૯૫
સીધો માટે ઘેર જા, બીજે ના ભટકીશ,
નહિ તો નીકળી ઓલેથી, ચૂલામાં પેસીશ.' ૧૯૬
ધૂળાને ધમકાવીને, ફોજદારે એમ;
પોલીસચોકીથી અહા ! કાઢી મૂકયો તેમ. ૧૯૭
ધૂળો હાવાં જાય કયાં ? કયાં કરે ફરિયાદ ?
માનવતાહીન જગતમાં, કોણ સૂણે રે સાદ ? ૧૯૮
આમ અતિશય દુ:ખ એ, ધૂળો કરે તત્કાળ;
ત્યાં તો આવ્યા યાદમાં, સદ્‌ગુરુદેવ દયાળ. ૧૯૯
દુ:ખિયાંના બેલી અહા ! અનાથના જે નાથ;
ભકતોના પ્રતિપાળ જે, નારેશ્વરના નાથ. ૨૦૦
સ્મરણ થતાં ગુરુદેવનું, અનુભવતો હળવાશ;
કરવા લાગ્યો પ્રાર્થના, ધારી મન વિશ્વાસ; ૨૦૧
'હે અવધૂત દિગંબરા, હે ગરીબનવાજ,
ભકત ગરીબ આ તાહરો, દુ:ખમાં ડૂબ્યો આજ. ૨૦૨
ચાકરીપટ લખાવી ને, લાવ્યો'તો હું દામ,
દીકરીને પરણાવવા, એક હતી ઉર-કામ. ૨૦૩
આજે ભરબજાર મહીં, ગયો લૂંટાઈ હે નાથ !
કોઈ નથી અહીં માહરું, અનાથનું ગુરુનાથ !! ૨૦૪
હું તો દીન અનાથ છું, તું અનાથનો નાથ;
નિર્બલનું બલ તું જ છે, સમર્થ સદ્‌ગુરુનાથ ! ૨૦૫
જલચર બીજે કયાં જશે, જલ મૂકી ? ગુરુરાય !
તુજ વિણ મુજને હે ગુરો ! કરશે કોણ સહાય ? ૨૦૬
ભીડ પડી છે ભક્તને, ભીડભંજન અવધૂત !
ભકત અતિ મૂંઝાય છે, દોડો અવધૂત ! તુર્ત !' ૨૦૭
આર્તહૃદયની પ્રાર્થના, નયનનીર ચોધાર;
સૂણતાં સદ્‌ગુરુ દોડિયા, ભક્તોના પ્રતિપાળ. ૨૦૮
જાણે ફૂટી નીકળ્યો, ધરતીથી તત્ક્ષણ;
ધૂળા સામે આવીને, ઊભો રહ્યો એક જણ. ૨૦૯
લહેરાતી દાઢી અને શિર પર જટા સોહાય;
મુખ પર અનુકંપાતણી, રેખાઓ લહેરાય. ૨૧૦
સફેદ પહેરણ ધોતિયું, ચંપલ પગમાં એમ;
ધીમે પૂછયું ભગતને, અરે ! રડે છે કેમ ? ૨૧૧
ધૂળાએ રડતે મુખે, કરી વિગતથી વાત;
સૂણી એ સજ્જન કહે, 'ચાલ તું મારી સાથ. ૨૧૨
હમણાં અપાવી દઉં તને, રૂપિયા આઠસો એમ;
મૂંઝાઈશ ના જરાય રે ! જરાય ન રાખીશ વહેમ.' ૨૧૩
ધૂળો તો દિઙ્‌મૂઢ થઈ, સ્મરતો શ્રીગુરુદેવ;
પાછળ ભાઈની એ અહા ! ચાલી રહ્યો તતખેવ. ૨૧૪
બન્ને આવી પહોંચિયા, એક હોટલની પાસ;
પેલા ભાઈ અંદર જઈ, કરી આવ્યા તપાસ. ૨૧૫
પછી ઈશારો હાથથી, એણે કરી સત્વર;
ધૂળાને બોલાવિયો, હોટલની અંદર. ૨૧૬
ખુરસી પર બેસાડિયો, ચાનો પ્યાલો એક;
ધૂળાની સામે જો મૂકયો, પીવા માટે છેક. ૨૧૭
હાથ ઈશારતથી કહ્યું,ચા પીવાનું એમ;
તુર્ત ધૂળો યંત્રવત્‌, પીવા લાગ્યો તેમ. ૨૧૮

ત્યાં તો બહારથી દોડતો, હાંફતો માણસ એક;
આવીને ઊભો રહ્યો, બન્ને પાસે છેક. ૨૧૯
એટલે પેલા સજ્જને, આગંતુકને એમ;
કરી ઈશારત હાથની, તુર્ત જ નિજની તેમ. ૨૨૦
નિજ ખિસ્સાથી કાઢી હા ! ચલણી નોટો બહાર,
ગણીને આપ્યા આઠસો, રૂપિયા તેણીવાર. ૨૨૧
નોટો પેલા ભાઈએ, ગણી ગોઠવી એમ;
ધૂળાભાઈના હાથમાં, મૂકી દીધી તેમ. ૨૨૨
મુખથી કંઈ બોલ્યા વિના, કરી હાથથી ભાવ;
ધૂળાભાઈને જો કહ્યું, હવે તમે ભાઈ જાવ. ૨૨૩
ધૂળો તો આભારથી, પેલા ભાઈના એમ;
દબાયો ત્યાં ખૂબ હતો, ભાર નીચે હા ! તેમ. ૨૨૪
બોલી એ કંઈ ના શકયો, માત્ર આંસુની ધાર
ભીંઝવતી ચિબુકને; કરતી વ્યકત આભાર. ૨૨૫
અંધાને આંખો મળે, મળે મુર્દાને પ્રાણ;
તેમ ધૂળાને ધન મળ્યું, થઈ આનંદની લ્હાણ. ૨૨૬
રૂપિયા મળતાં અંતરે, થયો હર્ષ અપાર;
સ્મરી સ્મરી અવધૂતને, વંદે વારંવાર. ૨૨૭
રૂપ ધરી સજ્જનતણું, થઈ પ્રગટ દયાળ;
કામ પતાવ્યું ભક્તનું, ધન્ય ! ભક્ત-પ્રતિપાળ. ૨૨૮
એમ કહી બજારથી, મન મૂકી સુપેર,
કરી ખરીદી લગ્નની, સાંજે ગયો નિજ ઘેર. ૨૨૯
ઘેર પહોચતાં ભગતને, દીકરાએ ત્યાં એમ;
નારેશ્વરથી આવેલો, પત્ર દીધો સપ્રેમ. ૨૩૦
પત્ર વાંચતાં ભગતનાં, નેત્રોથી તત્ક્ષણ;
હર્ષાશ્રુ જો સરી પડયાં, ધન ઘડી ધન આ દન ! ૨૩૧
અલખ કહે સૂણ શિષ્ય તું, ધૂળા ભગતને એમ,
દીકરી કેરા લગ્નની, કંકોતરી હા ! તેમ ૨૩૨
કંકુ કેરા છાંટણાં, છાંટીને સપ્રેમ;
પ્રથમ લખી નારેશ્વરે, અવધૂતજીને એમ. ૨૩૩
વાંચી તે સદ્‌ગુરુવરે, મોદીજીની પાસ;
આશિષ પાઠવતો અહા ! પત્ર લખાવ્યો ખાસ. ૨૩૪
તે પત્ર આજે જ હા ! દસ વાગે સુપેર,
વરસાડા પહોંચ્યો હતો, ધૂળા ભગતને ઘેર. ૨૩૫
તેમ વડોદરા શહેરમાં, દસ વાગે બસ આમ;
ધૂળાભાઈને પરત મળ્યાં, ખોયાં હતાં જે દામ ! ૨૩૬
અકળ કળા અવધૂતની, કોઈ ન પામે પાર;
સ્વયં દત્ત જે અવતર્યા, કરવા જગઉદ્ધાર. ૨૩૭
માટે છોડી જગતની, સર્વ આળ-પંપાળ,
જા શરણે સદ્‌ગુરુતણા, એ કરશે પ્રતિપાળ. ૨૩૮
એમ કહી અલખજી, કરી બંધ નિજ વાણ;
સદ્‌ગુરુને વંદી રહ્યા, જોડી બન્ને પાણ. ૨૩૯
રંગ-કથા છે રમ્ય ને, રસતણી જો ખાણ,
'બાલક' લૂંટે નિત્ય એ, પંડિત ચૂકે લ્હાણ ! ૨૪૦

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે દ્વિરૂપધારણલીલાદિકથનં નામ એકષષ્ટિમોઽધ્યાયઃ ॥૬૧॥ દોહરા ૨૪૦ ॥

## અધ્યાય : ૬૨

અલખ કહે અવધૂતની લીલા અકળ સુજાણ,
ગાતાં આવે પાર ના, અગમ્ય અનોખી માન. ૧
શિષ્ય નિરંજન સૂણ તું એક સમયની વાત,
સેવક સાથે નીકળ્યા સમર્થ સદ્‌ગુરુનાથ. ૨
વ્હેલા પ્રાતઃકાળમાં કરવા નૌકાવિહાર,
રબરની નૌકામહીં રેવાજલ મોઝાર. ૩
ચુનીલાલ લીલોડના, મગનભાઈ વળી એમ;
માસ્તર જગજીવન તથા સાથે લઈને તેમ. ૪
શીતલ, શાંત, સુરમ્ય હા ! ગ્રીષ્મની એ સવાર,
બંને તટપર શોભતા રમ્ય પ્રકૃતિભંડાર. ૫
શીતલ, મંદ સમીર હા ! આહ્‌લાદક લહેરાય,
લહેરે લહેરે સ્ફૂર્તિથી, તન ને મન ભરી જાય. ૬
હલેસાંના હલનથી, જલસીકર છંટાય;
શીતલ-સીકર છાંટથી તન મન પ્રફુલ્લ થાય. ૭
સદ્‌ગુરુ ભકતો સાથ હા ! કરતા વિનોદ-વાત,
હાસ્ય-ફુવારા ઉડાવતા, ક્ષણ ક્ષણ સદ્‌ગુરુનાથ. ૮
વિનોદી અવધૂતનું આવું દિવ્ય દર્શન,
જેણે કર્યું હા ! તેહનું ધન્ય ધન્ય જીવન ! ૯
પ્રાતઃકાળનો સમય, ને રેવાજીનો ઘાટ;
પ્રકૃતિનું સૌંદર્ય હા ! ચોગમ ખીલ્યું અફાટ. ૧૦

રેવાનીર પર નાચતી, વહે નાવ સડસડાટ;
સદ્‌ગુરુનું સાન્નિધ્ય હા ! શું કરવી પછી વાત ! ૧૧
અનહદ આ આનંદની અવધૂત-દીધી લહાણ
જેણે હા ! માણી હશે, સદ્‌ભાગી તે જાણ. ૧૨
નાવ આમ હંકારતા, કહોણા ગામને ઘાટ
આવ્યા ને પાછા વળ્યા ત્યાંથી સદ્‌ગુરુનાથ. ૧૩
પાછા ફરતાં લીલોડનો આવ્યો ઘાટ જે વાર,
પૂછ્યું ચુનિભાઈને સદ્‌ગુરુએ તે વારઃ ૧૪
"ચુનિભાઈ ! કહો તમે ગોર તમારો એમ
જાગ્યો હશે કે પછી હજી ઊંઘતો તેમ ?" ૧૫
ચુનિભાઈ કહેઃ "હે પ્રભુ ! ગોર અમારા જેહ,
વિશુભાઈ જાગ્યા હશે, એમાં નહિ સંદેહ. ૧૬
આમ તો દરરોજ હા ! વહેલા ઊઠી એમ;
સ્નાન કરી સેવા-પૂજા કરતા જોઉં સપ્રેમ" ૧૭
સૂણીને અવધૂતજી, થાતા અતિ પ્રસન્ન;
પછી વદ્યા ચુનિભાઈનેઃ 'તમે ને જગજીવન ૧૮
બન્ને જાઓ ગામમાં, કરો કહું હું તેમ;
ઝટપટ કામ પતાવીને પાછા આવો એમ. ૧૯
માસ્તર ! જાઓ તમે અને વિશ્વનાથને ઝટ
તેડીને લાવો અહીં કહેજો એને સ્પષ્ટઃ ૨૦
'આજે સાંજ સિવાય નહીં પરત અવાશે ઘેર
માટે ઘરનાંને કહી નીકળે એ સુપેર' ૨૧
પછી ચુનિભાઈને કહ્યુંઃ "સાંભળ ચુનિલાલ,
ચારેક જણને થાય હા ! એટલાં ચોખા-દાળ ૨૨
શાક, મીઠું હલદર અને દહીં-જીરૂ વળી તેમ,
તપેલી ઢાંકણ ઘી અને બીજું સાધન એમ; ૨૩
જે કંઈ જોઈએ તે બધું, લઈને વહેલા આંહ્ય
આવો હું બેઠો અહીં રબરનાવડી માંહ્ય". ૨૪
બન્ને પહોંચ્યા ગામમાં, જગજીવન માસ્તર;
વિશ્વનાથને તેડીને આવી ગયા સત્વર. ૨૫
ચુનિભાઈ પણ ઝડપથી, લઈ સઘળો સામાન;
આવી પહોંચ્યા ઘાટપર, જ્યાં બેઠા ભગવાન. ૨૬
પછી બોટ હંકારીને, કરતા રમૂજની વાત;
સામે તટ પહોંચ્યા અહા ! વાસણા ગામને ઘાટ. ૨૭
વાસણાઘાટે થોભતાં બોલ્યા સદ્‌ગુરુદેવઃ
"સામે કિનારે નાવડી લો અહીંથી તતખેવ" ૨૮
હંકારી જે નાવડી, આવી ઊભી તેમ;
બરાબર સામે તટે નારેશ્વરની એમ. ૨૯
ત્યાં તો બોલ્યા સદ્‌ગુરુ "અહિંયા ઉતરો આમ,
પેલા આંબા છે અહા ! ત્યાં કરવો મુકામ". ૩૦
આજ્ઞા થતાં સદ્‌ગુરુની, નાવને રાખી ત્યાંય;
સામાન સઘળો લઈ ગયા આમ્રકુંજની માંહ્ય. ૩૧
સઘન-ઘટા આંબા તણી, શીતલ-શાંતિ અપાર;
કલરવ પક્ષીઓ કરે, કોકિલ કરે ટહૂકાર. ૩૨
સુંદર, શાન્ત, સુરમ્ય હા ! જોઈ અનુપમ સ્થાન,
થયા પ્રસન્નમન અતિ, સ્વયં રંગ ભગવાન ! ૩૩
ઘટાદાર આંબાતણી, છાયા નીચે એમ;
સાફસૂફ કરી પછી, બોટ લાવીને તેમ; ૩૪
રબરની એ બોટને ઊંધી નાખી તુર્ત;
તે પર કામળ પાથરી બેસાડયા અવધૂત. ૩૫
બોટ-સિંહાસનપર અહા ! એવા શોભે રંગ !
સાત શાહના શાહ હા ! બેઠા જાણ સુઢંગ !! ૩૬
આમ્રપત્રને ચારણે, ચળાઈ વારંવાર;
બાલ-અર્કના રશ્મિ હા ! કરી રહે ચમકાર. ૩૭
તેજપુંજ સમ રંગની, કંચન-કાયા પર
સૂર્ય-રશ્મિ પડતાં અહા ! ક્ષણ બે ક્ષણ તત્પલ. ૩૮
સદ્‌ગુરુના શુભ તન થકી, વહે તેજ અંબાર;
નીરખી નીરખી ભકતને થાયે હર્ષ અપાર. ૩૯
આમ બધા આનંદના, મહાસાગરમાં ન્હાય;
ત્યાં તો માલિક ખેતનો, આવી પહોંચ્યો ત્યાંય. ૪૦
જોતાં સદ્‌ગુરુને અહા ! વેગે દોડ્યો ત્યાંય,
ભાવે સદ્‌ગુરુચરણમાં, નાખી દીધી કાય. ૪૧
હર્ષાશ્રુ નયને વહે, મરક મરક મુખ થાય;
ધન્ય! આજ મુજ ખેતરે, પધાર્યા સદ્‌ગુરુરાય. ૪૨
નજીક પરવટા ગામનો, ઉમર એનું નામ;
કરદ્વય જોડી કહે "પ્રભુ ! પધારો મારે ગામ. ૪૩
મુજ ઘરને પાવન કરો હે મારા ગુરુરાય !
પુનિત પદ-દર્શન થકી જન્મ સફળ થઈ જાય". ૪૪
જોઈ એનો ભાવ હા ! સદ્‌ગુરુ થયા પ્રસન્ન,
આશિષધાર વહાવતા, બોલ્યા મધુર વચન; ૪૫
"જુઓ, તમારા ખેતરે, અમે કર્યો મુકામ;
ખેતર એ ખેડૂતનું માની લો ઘર-ગામ. ૪૬

અમને અહીં આનંદ છે, તમારા ખેતર માંહ્ય;
માટે ઝટ જાઓ તમે, કામે લાગો ત્યાંય'' ૪૭
નમન કરી શ્રીચરણમાં, હૈયે હર્ષ અપાર;
ઉમરભાઈ ચાલ્યા ગયા ત્યાંથી તેણીવાર. ૪૮
ઉમરભાઈ ગયા પછી ભક્ત સાથેના એમ,
સૌ કામે લાગી ગયા વિધવિધ રીતે તેમ. ૪૯
જગજીવન માસ્તર અહા ! અવધૂતજીની પાસ,
સેવામાં બેસી ગયા, સ્વસ્થ ચિત્તથી ખાસ. ૫૦
વિશ્વનાથ બેઢું લઈ જાતા રેવાતીર,
સ્નાન કરી, વાસણ ઘસી લાવ્યા રેવા-નીર. ૫૧
ચુનિભાઈની સાથમાં, મગનભાઈએ એમ,
સૂકાં લાકડાં પાંદડાં, કરિયાં ભેગાં તેમ. ૫૨
રોડાં, ઢેફાં, ઢેખળાં, ભેગાં કરીને એમ,
સુંદર ચૂલો બનાવિયો, રાંધવા માટે તેમ. ૫૩
ચૂલે મૂકી ખીચડી, બટાકાનું શાક,
વિશ્વનાથે ભાવથી બનાવ્યો સુંદર પાક. ૫૪
પવિત્ર જલ રેવાતણું, શુદ્ધ, સાત્ત્વિક અન્ન;
બનાવ્યું ભકતે ભાવથી રાખી ચિત્ત પ્રસન્ન. ૫૫
વાતો કરતાં મોદથી, ભિક્ષા થઈ તૈયાર;
વિશ્વનાથ વિનયે વદે ''ચાલો પ્રભુ ! આ વાર'' ૫૬
કામળના આસન પરે બિરાજતા ગુરુદેવ,
વિશ્વનાથ પીરસી રહ્યા, ભિક્ષા હા ! તતખેવ. ૫૭
સ્વકષ્ટોપાર્જિત અહા ! સાત્ત્વિક સાદું અન્ન,
રેવાજલમાં રાંધિયું, ભકતે મન પ્રસન્ન. ૫૮
ભાવથી લાવ્યા અન્ન ને ભાવથી રાંધ્યું અન્ન,
ભાવથી પીરસે ભકત હા ! ભાવ-સભર સહુ જન. ૫૯
આમ ભક્તિ-ભાવનાં ઝરણ વહે ચોપાસ,
એવા સાત્ત્વિક અન્નનો, સ્વાદ અનુપમ ખાસ. ૬૦
કોઈ વિરલો જોગીડો, અવધૂત જેવો મહાન;
આસ્વાદે આ અન્નને, સાંભળ શિષ્ય સુજાણ. ૬૧
વિશ્વનાથના ભાગ્યની શું કરું હું વાત ?
જેણે જમાડ્યા નાથને, ભાવથકી ભલીભાત ! ૬૨
ભિક્ષા હજુ તો લઈ રહ્યા છે અવધૂતજી આંહ્ય;
ત્યાં તો પેલો ઉમર હા ! હાંફતો આવ્યો ત્યાંય. ૬૩
માથાપર એક ટોપલો, લાવ્યો મૂકી વિશાળ;
પાકી તેમાં કેરીઓ, લાવ્યો ભરી ચિક્કાર. ૬૪
અમૃતસમ મીઠાં અહા ! મઘમઘતાં એ ફલ,
જોતાં મ્હોમાં પાણી હા ! આવી જાય તત્પલ. ૬૫
અવધૂતજીની પાદુકા આગળ ટોપલો એહ,
મૂકીને બોલ્યો પછી વંદન કરીને તેહ. ૬૬
''આરોગો પ્રભુ ! કેરીઓ સુંદર ને સ્વાદિષ્ટ,
તાછી તાછી લાવિઓ, આપને કાજ વરિષ્ટ.'' ૬૭
જોઈ એનો ભાવ જો થયા સદ્ગુરુ પ્રસન્ન,
હસતા મુખડે તે પછી બોલ્યા મધુર વચનઃ ૬૮
''જુઓ ઉમરભાઈ હું લઉં છું ભિક્ષા-અન્ન,
એ સિવાય લેતો નથી, બીજું કંઈ ભોજન. ૬૯
મારી સાથે આ બધા, આવ્યા ભકતો જેહ;
તે ખાશે આ કેરીઓ, મા કરશો સંદેહ'' ૭૦
એમ કહી સદ્ગુરુવરે, સઘળા ભકતને એમ,
ખાવા માટે કેરીઓ આજ્ઞા આપી તેમ. ૭૧
આજ્ઞા માની દેવની, સહુ ભકતોએ એમ;
દૂર જઈને કેરીઓ, ખાધી બહુ સપ્રેમ. ૭૨
કેરીઓ તોયે ઘણી વધી, જોઈ સદ્ગુરુ એમ;
બોલ્યા ''રહેવા દો અરે ! ખવાય ના તો તેમ; ૭૩
સાંજે દર્શન કાજ અરે ! આવશે ભકતો આંહ્ય,
પ્રસાદ કરીને વ્હેંચજો કેરી સઘળી ત્યાંય.'' ૭૪
એમ કહી અવધૂતજી ઊંધી નાવડીપર,
આડે પડખે થઈ સૂતા રાખી શિર કર પર. ૭૫
સદ્ગુરુ અહીં આરામમાં, સૂતા કે તત્ક્ષણ,
ભકતોએ બહુ ભાવથી કરી લીધું ભોજન. ૭૬
પછી કર્યો આરામ ને નમતા પ્હોરે એમ,
સદ્ગુરુને વીંટળાઈને બેઠા સઘળા તેમ. ૭૭
વાતો વિધવિધ કંઈ કરી, રમૂજ કરી અપાર;
હસી હસાવ્યા ખૂબ હા ! ભકતોને તે વાર. ૭૮
ત્યાં તો વેળુગામમાં થાતી જોને ખબર,
આમ્રકુંજમાં પધારિયા, અવધૂત સદ્ગુરુવર. ૭૯
ગામલોક હરખ્યા અતિ, દોડ્યા તેણી વાર;
કરવા દર્શન રંગનાં, આમ્રકુંજ મોઝાર. ૮૦
આવ્યા સેંકડો લોક હા ! નર, નારી ને બાળ,
નયન ભરીને નીરખ્યા, સદ્ગુરુ રંગ દયાળ. ૮૧
દર્શન કરીને સર્વ ત્યાં પામ્યાં કેરી-પ્રસાદ,
સર્વત્ર ગૂંજી રહ્યો દત્ત દત્તનો નાદ ! ૮૨

ત્યાં તો અસ્તાચળ ગયા જોને દિનકરનાથ,
કે'તા 'ગુરુદેવદત્ત' ઊઠયા સદ્‌ગુરુનાથ. ૮૩
ભકતો સાથે ચાલીને આવ્યા રેવા-તીર,
રબરનાવડીમાં પછી બેઠા યોગી ધીર. ૮૪
નારેશ્વરમાં આવિયા, વંદ્યાં રુક્‌મા માત,
ધન્ય બનાવ્યા ભકતને, લીલા કરી અગાધ. ૮૫
સૂણ શિષ્ય હું કહું તને, નાનો ભલે પ્રસંગ,
સમજાવે કેવા હતા સરળ સદ્‌ગુરુ રંગ. ૮૬
સરળતા એ સંતનું, મોટું લક્ષણ જાણ;
સંત સરળ ના હોય તો થાયે ભારે હાણ. ૮૭
અભણ, ગ્રામીણ લોક સહ સરળ-હૃદય અવધૂત;
થઈને કેવા ઓત-પ્રોત વાતો કરે અદ્‌ભુત ! ૮૮
સરળતાની સરિતમાં માન અને અભિમાન,
વહી ગયાં છે જેહનાં, એજ સંત ભગવાન. ૮૯
સરળ સંત જ વિશ્વનું ખરે ! કરે કલ્યાણ,
ડૂબે ડૂબાડે માની જો, ડૂબતો જેવો પહાણ. ૯૦
બાલ-સહજ જે સરળતા અવધૂતજીમાં જાણ,
હતી તે થકી સર્વને, કરતા સુખની લહાણ. ૯૧
સાંભળ શ્રી અવધૂતની સરળતાની વાત,
બીજી એક કહું તને સૂણતાં જાશે ઘાત, ૯૨
રેવાતીરે ગામ છે માલસર જેનું નામ,
સમર્થ સંત થઈ ગયા માધવતીર્થ ત્યાં આમ. ૯૩
કલિમલહારિણી નર્મદા માના તટપર એમ,
છે આશ્રમ પવિત્ર હા ! માધવતીર્થનો તેમ. ૯૪
ભૂમિ અતિ પવિત્ર ને દિવ્ય અનોખી રસાળ,
ત્યાં છે સત્યદેવનું, મંદિર એક વિશાળ. ૯૫
એક સમે અવધૂતજી, ફરતા ફરતા એમ;
આવી પહોંચ્યા માલસર રેવાતીરે તેમ. ૯૬
સત્યનારાયણ દેવનાં દર્શન કરવા એમ,
અવધૂતજી પહોંચી ગયા મંદિરે સપ્રેમ. ૯૭
મંદિરના દ્વારે જઈ ધરી ભાવ અપાર,
કર જોડી બંધ નયને કરતા નમસ્કાર. ૯૮
મંદિરના પૂજારીજી નિજ મંદિરથી ત્યાંય,
આવ્યા નીકળી બહાર જો સાધુ નિરખતા જ્યાંય. ૯૯
મુખપર અતિશય કોપ ને ક્રોધે આંખો લાલ,
લાંબા હાથ કરી કરી બોલ્યા કૂટી કપાળઃ ૧૦૦

"સાધુ છે કે કોણ છે ? ભાન ના છે લગાર !
આવડતું નથી દેવને કરતાં નમસ્કાર ! ૧૦૧
જટા-દાઢી વધારીને, ધર્યો સાધુનો વેષ !
દેવનાં દર્શન કેમ કરાય, તે નવ જાણે લેશ" ૧૦૨
સૂણી વચન પૂજારીનાં અવધૂતજી તત્ક્ષણ,
શાંતિથી કર જોડીને બોલ્યા મધુર વચનઃ ૧૦૩
"ક્ષમા કરો મહાશય મને, ના હું સાધુ લગાર;
નમસ્કારરીત ના લહું, અતિ મૂર્ખ ને ગમાર. ૧૦૪
આપ જ સમજાવો મને, સમજી લઉં આ વાર,
શી રીતે કરવા અહા ! દેવને નમસ્કાર ?" ૧૦૫
એમ કહી વંદી રહ્યા, પૂજારીને અવધૂત;
પૂજારી આશ્ચર્યથી મૂક થઈ ગયો તુર્ત, ૧૦૬
અલખ કહે સૂણ શિષ્ય હે ! સરળ શાંત જે સંત,
ગમે તેવા ક્રોધીને, મૂક કરી દે, હંત ! ૧૦૭
પૂજારી બાઘાઈથી થઈ જરા સભાન,
મુખપર ઘમંડ લાવીને બોલ્યો ધીમે વાણઃ ૧૦૮
"હંમેશા ભગવાનને જમણી બાજુથી એમ
નમસ્કાર કરવા અહા ! શાસ્ત્રે ભાખ્યું એમ. ૧૦૯
માટે જમણી બાજુથી દેવને નમસ્કાર
કરવા, સાચું કહું તને લઈ શાસ્ત્ર આધાર" ૧૧૦
સૂણી વચન પૂજારીનાં, મંદ હસ્યા ગુરુદેવ;
મધ-મીઠા શબ્દો પછી બોલ્યા સદ્‌ગુરુદેવઃ ૧૧૧
"જમણી બાજુથી હવે ધરી ભાવ અપાર,
સત્યનારાયણ દેવને વંદું વારંવાર. ૧૧૨
એમ કહી અવધૂતજી જમણી બાજુથી એમ,
ફરીવાર વંદન કરે, દેવપદે સપ્રેમ. ૧૧૩
પોતે મહા વિદ્વાન છે, ત્યાગી યોગી મહાન;
એની આ પૂજારીને થવા ન દીધી જાણ ! ૧૧૪
પૂજારી જેથી રીઝે, એવું કરીને કામ;
પૂજારીના ક્રોધને શાન્ત પમાડ્યો આમ. ૧૧૫
વાદ વિવાદ કર્યો નહિ, પૂજારીની સાથ,
પોતે જાણે ઘણું ઘણું, કરી ન એવી વાત. ૧૧૬
કેવળ કરીને મધુર તિહાં હાસ્ય મુખપર ખાસ,
પૂજારીના ક્રોધનો કેવો કીધો હ્રાસ ! ૧૧૭
પાછળથી પૂજારીને પડતી જોને ખબર,
વ્યર્થ ક્રોધ કર્યો હતો એણે જેનાપર; ૧૧૮

એ તો બીજું કોઈ નહિ, સંત હતા પ્રખ્યાત;
રંગ અવધૂત બાપજી નારેશ્વરના નાથ !! ૧૧૯
ત્યારે એના અંતરે, થાતું દુ:ખ અપાર;
પસ્તાવો છલકી રહ્યો, આંસુ દ્વારા બહાર. ૧૨૦
આમ ક્રોધ-આવેશમાં કૂડું કામ કરનાર,
પાછળથી પસ્તાય ને દુ:ખી થાય અપાર. ૧૨૧
અરે શ્રીઅવધૂતની સરળતાનું અન્ય
દૃષ્ટાંત કહું આજ જો સાંભળ શિષ્ય સુધન્ય ! ૧૨૨
એક વખત અવધૂતજી પોર ગામની માંહ્ય,
ઢાઢર તીરે કુટિરમાં હતા બિરાજ્યા ત્યાંય. ૧૨૩
ત્યારે પોતે એક દિ' પત્ર લખાવવા ખાસ,
સેવકને બોલાવિયો, નિજ ખુરસીની પાસ. ૧૨૪
સેવકને આજ્ઞા કરી, "પેન-પત્ર લઈ આવ;
લખ લખાવું તેમ જો રાખી હૈયે ભાવ" ૧૨૫
સેવક ઝટ આવી ગયો, લઈને પેન-કાગળ;
શ્રીચરણે વંદન કરી, બેઠો ખુરસી આગળ. ૧૨૬
સદ્ગુરુ કહે જો પત્ર આ અંગ્રેજીમાં એમ,
લખવાનો છે ખૂબ હા ! કાળજી રાખી તેમ. ૧૨૭
ફક્કડ અક્ષર કાઢજે, શુદ્ધ જોડણી ત્યાંય;
છેક-છાક ના થાય ને વિરામ ચિહ્ન સુહાય. ૧૨૮
"ભલે પ્રભુ ! એમ જ થશે, જુઓ છો અહીં આપ;
તેથી થાતાં ભૂલ કદી, ટકોર કરજો બાપ !" ૧૨૯
'ભલે' કહી અવધૂતજીએ, એમ લખાવવાને પત્ર,
ત્યાં પ્રારંભ કીધો, લખતો સેવક તત્ર. ૧૩૦
લખતાં લખાવતાં તિહાં, શબ્દ્ આવ્યો 'રેલ્મ',
'રેલ્મ' શબ્દની જોડણી આર.ઈ.એ.એલ.એમ. ૧૩૧
લખી સેવકે જોડણી આર.ઈ.એ.એલ.એમ,
જે જોડણી સાચી હતી રેલ્મ, શબ્દની તેમ. ૧૩૨
અવધૂતજી જોતા હતા, બેઠા બેઠા એહ,
સેવક જે લખતો હતો અંગ્રેજીમાં તેહ. ૧૩૩
રેલ્મ શબ્દની જોડણી જોતાં તેણી વાર,
અવધૂતજીના અંતરે શંકા થાય લગાર. ૧૩૪
તેથી બોલ્યા શ્રીપ્રભુ 'રેલ્મ'ની જોડણી એમ
હું ધારું છું ત્યાં સુધી થાય આર.ઈ.એલ.એમ. ૧૩૫
સૂણતાં સેવક એકદમ ચેંકો મારવા જાય,
'રેલ્મ' શબ્દ ઉપર તિહાં બોલ્યા સદ્ગુરુરાય: ૧૩૬
"અરે ! રહે છેકીશ ના, ઘેર જઈને એમ;
શબ્દકોષમાં જોઈ જજે, શબ્દ-જોડણી તેમ. ૧૩૭
સુધારજે તે પછીજ તું કારણ એનું એક,
ઘણા વર્ષથી માહરો અંગ્રેજીનો છેક ૧૩૮
મહાવરો લખવાતણો છૂટી ગયો છે જાણ,
તેથી અંગ્રેજી ગયું કટાઈ મારું માન. ૧૩૯
મારી ભૂલ પણ કદાચ જો તેથી થાતી હોય,
જોઈ સુધારજે પછી જેવી કોષમાં હોય !". ૧૪૦
પત્ર લખી પૂરો કરી, વાંચી ગયો સુપેર;
સદ્ગુરુને સંભળાવીને વહેલો આવ્યો ઘેર. ૧૪૧
અંગ્રેજીનો શબ્દકોષ લઈને બેઠો એમ,
'રેલ્મ' શબ્દની જોડણી શોધી કાઢી એમ. ૧૪૨
પોતે લખેલી જોડણી આર.ઈ.એ.એલ.એમ,
સાચી હતી એ જોઈને પ્રસન્ન થાતો તેમ. ૧૪૩
અવધૂતજીની સરળતા નિખાલસતા વાહ !
જોતાં એના અંતરે વહ્યો આનંદ-પ્રવાહ. ૧૪૪
છેકવા દીધો શબ્દ ના, કદાચ હોય નિજ ભૂલ;
કેવી સરળતાથી અહા ! કીધી ભૂલ કબૂલ ! ૧૪૫
અલખ કહે સૂણ શિષ્ય હે ! ભૂલ કબૂલ કરનાર
પોતાનો ને અન્યનો કરે અહીં ઉદ્ધાર. ૧૪૬
માટે ભૂલ કબૂલતાં ક્ષોભ શરમ જરાય,
ના રાખે તે માનવી, જરૂર ઊંચે જાય. ૧૪૭
આ નાનકડો પ્રસંગ હા ! કેવો આપે બોધ !
નિજની ભૂલ કબૂલતાં કદી ન કરીએ ક્ષોભ ! ૧૪૮
અંગ્રેજી ભાષાતણું અતિશય ઊંચું જ્ઞાન
ધરાવતા અવધૂતજી સાંભળ શિષ્ય સુજાણ. ૧૪૯
'રેલ્મ' શબ્દની જોડણી અઘરી ના કે'વાય,
એવું તે બનતું હશે ! રંગતણી ભૂલ થાય !! ૧૫૦
શીખવવા પણ શિષ્યને સરળતાનો પાઠ,
અવધૂતજીએ રચ્યો હતો 'રેલ્મ' શબ્દનો ઘાટ. ૧૫૧
ભૂલ કબૂલતાં જો વળી જરા ન જે ખચકાય,
તે જ જીવન ઉન્નત કરે, સફળ કરે નિજ કાય. ૧૫૨
સેવકોએ એક દિ' કર્યો મન વિચાર,
નદી કિનારે કુટિર ને જંગલ-ઝાડી અપાર. ૧૫૩
માટે રાત્રે મચ્છરો આવીને કોઈ વાર,
અવધૂતજીના શરીરને આપે ત્રાસ અપાર. ૧૫૪

તેથી મચ્છરદાની હા ! નૂતન લાવી એક,
અવધૂતજીની પાટ પર બાંધી દીધી છેક. ૧૫૫
એક બે દિન તો સદ્‌ગુરુ બોલ્યા ના કંઈ એમ,
સેવકને ત્રીજે દિને કહેવા લાગ્યા એમઃ ૧૫૬
"મચ્છરદાની છોડીને કાઢી નાખ તું ઝટ
મુજને આ ગમતું નથી નકામું અંતરપટ" ૧૫૭
સેવક બોલ્યો : "હે ! પ્રભુ, જંગલ ઝાડ ને પાન;
નદીકિનારે મચ્છરો રાત્રે કરે હેરાન; ૧૫૮
તેથી મચ્છરદાની આ, બાંધી દીધી આમ;
મચ્છર જેથી આપની કરે ન ઊંઘ હરામ" ૧૫૯
બોલે અવધૂતજી તિહાંઃ 'મચ્છર ના અહીં એક,
ઉલ્ટી મચ્છરદાની આ, ગુંગળાવે છે છેક. ૧૬૦
માટે કાઢી નાખ તું, આ નકામા ફંદ;
જેથી મુક્ત હવાતણો, મળે મને આનંદ" ૧૬૧
આજ્ઞા થતાં અવધૂતની સેવક મૂકે બહાર,
મચ્છરદાની કાઢીને જરાય ન લાગી વાર. ૧૬૨
અવધૂતજીની સુઘડતા, સ્વચ્છતા પણ એમ;
એવી હતી કે ઊડીને આંખે વળગે તેમ. ૧૬૩
મચ્છરદાની જેમ તેમ લોચો વાળી ત્યાંય,
મૂકે તો અવધૂતની આંખ લાલ થઈ જાય. ૧૬૪
મચ્છરદાનીની ગડી સેવક એકલો એમ,
વાળવા કેરો યત્ન હા ! કરવા લાગ્યો તેમ. ૧૬૫
મચ્છરદાની વિશાળ ને હતી સુંવાળી હાય !
છેડો એક પકડે તિહાં બીજો છૂટી જાય !! ૧૬૬
આ પહેલાં દીન સેવકે, એની જિંદગી માંહ્ય;
કયારેય પણ વાપરી ન'તી, મચ્છરદાની કયાંય ! ૧૬૭
તેથી એની ગડી અહા ! કેમ કરતાં વળાય,
હતો ખ્યાલ નહીં તેતણો, તેથી મન મૂંઝાય. ૧૬૮
એક છેડો માંડ અહા ! શોધી બીજો જ્યાંય,
પકડવા એને જાય ત્યાં પહેલો ગૂમ થઈ જાય !! ૧૬૯
ગડમથલ એવી કરે, કિન્તુ ગડી ન વળાય;
સેવક તેથી એકલો મનમાં બહુ અકળાય. ૧૭૦
વાળે નહીં ને એમ જો એ લોચા મૂકી જાય,
દેખી ફૂવડતા ભકતની, અવધૂત ત્યાં ચીડાય. ૧૭૧
ગડી આમ વળતી નથી, તેનું શું રે થાય ?
અણઘડ સેવક એકલો મનમાં અતિ મૂંઝાય. ૧૭૨
બેઠા બેઠા પાટપર ત્રાંસી નજરે એમ,
સેવકની આ ગડમથલ જોતા'તા પ્રભુ તેમ. ૧૭૩
જ્યમ ત્યમ સેવક બાપડો ચારે છેડા એમ,
ભેગા કરી, નીચો વળી ગડી વાળવા તેમ ૧૭૪
યત્ન કરે ત્યાં તો અહા ! એની સહજ નજર
એકાએક પડે અહા ! સદ્‌ગુરુ અવધૂત પર. ૧૭૫
દૃષ્ટિ જોતાં રંગની, છેડા સરકી જાય,
મચ્છરદાની ભોંયપર પડીને ઢગલો થાય. ૧૭૬
ઘડીભર મચ્છરદાની પર, ઘડીભર સદ્‌ગુરુ પર;
સેવકની લાચારીથી ફરતી રહી નજર. ૧૭૭
જોઈ સેવકની અહીં લાચારી તત્કાળ,
પાટપરથી ઊભા થયા સદ્‌ગુરુદેવ દયાળ. ૧૭૮
સેવકને કે'તા પ્રભુ કાઢી ઊંચો સ્વરઃ
"લાવ પેલો છેડો હા ! મુજ કરમાં સત્વર. ૧૭૯
બીજો છેડો ઝાલ તું ગોઠવ પછી જો આમ"
એમ કહી છેડા અહા ! ગોઠવી દીધા તમામ. ૧૮૦
ક્ષણ બે ક્ષણમાં તો અહા ! ચપોચપ નિઃસ્પંદ,
મચ્છરદાનીની ગડી કરી દીધી અકબંધ ! ૧૮૧
કાપડ કેરો અનુભવી, હોય દુકાનદાર;
ગડી કરે કાપડતણી, જેટલી સફાઈદાર; ૧૮૨
એવી સફાઈદાર હા ! મચ્છરદાનીની એમ,
કરી અવધૂતજીએ, ક્ષણ બે ક્ષણમાં તેમ. ૧૮૩
સેવક તો બાઘા સમો થઈ આશ્ચર્યમુગ્ધ,
અવધૂતજીની ચપળતા જોઈ થાતો સ્તબ્ધ. ૧૮૪
સેવકની ઈચ્છા થઈ કહેવાની તે વાર,
શબ્દ અટકિયા કંઠમાં નીકળ્યા ના જો બહાર ! ૧૮૫
"મચ્છરદાનીની પ્રભુ ! ગડી કરવાનું આમ,
કયાંથી શીખ્યા ? એ જ જે સંસારીનું કામ ?" ૧૮૬
શું બોલે પણ બાપડો ? ગ્રામીણ, દીન, ગમાર,
કેસરી આગળ મગતરું શો કરે વહેવાર ? ૧૮૭
અલખ કહે આ પ્રસંગમાં અવધૂતજીની એમ,
સરળતાની ચરમ સીમા, છતી થાય છે તેમ. ૧૮૮
હીન દીન સેવકતણી, ગડમથલ મૂંઝવણ;
બેઠા બેઠા પાટપર જોઈ રહ્યા તત્ક્ષણ. ૧૮૯
અણઆવડત સેવકતણી જોઈને તત્કાળ
ફટાક ઊભા થઈ ગયા, પાટપરથી દયાળ. ૧૯૦

સેવકને સહાય કરી ગડી વાળવા તેમ,
શીખવ્યો સ્વાશ્રય-પાઠ હા ! એને જો સપ્રેમ. ૧૯૧
આમ સરળતા સંતની દઈ સ્વાશ્રયલહાણ,
શિષ્યો ને સંસારનું, કરે સર્વ કલ્યાણ. ૧૯૨
સરળતાની એમની કેટલી કહું હું વાત ?
સાંભળ શિષ્ય એક ત્યાં, વહેશે નંદપ્રપાત. ૧૯૩
એક સમે અવધૂતજી, જાતા અમદાવાદ;
ભકતો હરખ્યા અતિ ઘણા, દૂર થયો વિષાદ. ૧૯૪
સ્ટેશનથી તે ભદ્ર સુધી શોભાયાત્રા એમ,
ફેરવવી અવધૂતની, ઘડી યોજના તેમ. ૧૯૫
આનંદવાજાં વાગે ને મંગલગીત ગવાય,
શિરપર મંગલ કલશ લઈ કુમારિકાઓ ગાય. ૧૯૬
ઝાંઝ તાલ પખવાજ સહ ભજન-મંડળી ગાય,
નાચે કૂદે મોદથી, આનંદ-આનંદ થાય. ૧૯૭
હજારો ભાવિક નરસ્ત્રી સાથે ભાવિક બાલ,
મોદમસ્ત થઈ મહાલતા ઊડે અખંડ ગુલાલ. ૧૯૮
સફેદ બે અશ્વોતણી સુંદર ગાડી જેહ,
શણગારી પુષ્પોથકી, ભલીભાતથી એહ. ૧૯૯
બિરાજ્યા એ ગાડીમાં અવધૂતજી વરદેહ,
સાત શાહના શાહ સમ શોભી રહ્યા છે એહ. ૨૦૦
સ્ટેશનથી સદ્‌ગુરુતણી શોભાયાત્રા એમ,
થોડે દૂર ગઈ અહા ! ત્યાં તો બનિયું કેમ ? ૨૦૧
આવી ગયાં કો બેન ત્યાં ઘોડાગાડી પાસ,
સરસ સુંવાળા ઊનની ટોપી લઈને ખાસ. ૨૦૨
પોતાના હાથે અહા ! અવધૂતજીને કાજ
ટોપી ગૂંથીને લઈ, આવ્યાં'તાં એ આજ. ૨૦૩
અતિશય ભાવે ગુરુતણા કર-કમળની માંહ્ય,
ટોપી મૂકી બહેન એ વંદે ફરી ફરી ત્યાંય. ૨૦૪
જોઈ એનો ભાવ હા ! રીઝ્યા સદ્‌ગુરુવર,
ખૂબ પ્રેમે ટોપી એ ધારી નિજ શિરપર. ૨૦૫
સદ્‌ગુરુ શિરપર ટોપી એ શોભે કેવી વાહ !
જાણે શિરપર તાજ ધરી બેઠો શાહનશાહ ! ૨૦૬
ત્યાંથી થોડે દૂર ગઈ, શોભાયાત્રા જ્યાંય;
આવ્યાં બીજાં બહેન હા ! ટોપી લઈને ત્યાંય. ૨૦૭
શણના રેસાઓ અને સૂતળી રંગી એમ,
અવધૂતજી કાજે અહા ! ગૂંથી હતી એ તેમ. ૨૦૮
અંતરના અતિ ભાવથી સદ્‌ગુરુના કર માંહ્ય,
ટોપી મૂકી બાઈ એ, વંદી રહી ગુરુરાય. ૨૦૯
ભાવ જોઈ એ બેનનો સદ્‌ગુરુ થયા પ્રસન્ન,
ઊનની ટોપી કાઢીને નિજ શિરપરથી સન્ન; ૨૧૦
ધારણ કરી સૂતળીતણી, મસ્તક પર એમ;
જોતાં પેલી બેનનું, અંતર હરખ્યું તેમ. ૨૧૧
એમ સૂતળીતાજ હા ! મસ્તક પર લહેરાય,
શોભાયાત્રા રંગની આગળ વધતી જાય. ૨૧૨
થોડે દૂર ગયા હશે, ત્યાં તો એકાએક;
એક બહેન આવી ખડી ગાડી પાસે છેક. ૨૧૩
કોડીઓથી ગૂંથેલ હા ! ભાતીગર કલામય,
ટોપી લઈ ઊભી હતી જોડીને કરદ્વય. ૨૧૪
મુખપર અતિશય ભાવ ને નયન અશ્રુની ધાર,
જોઈ એનો ભાવ હા ! રીઝ્યા જગદાધાર. ૨૧૫
એની કોડી-ટોપીનો, તુર્ત કર્યો સ્વીકાર;
સૂતળી-ટોપી શિર થકી ઉતારી તે વાર. ૨૧૬
કોડીમુગટ ધારણ કર્યો, શિરપર તેણીવાર;
જોતાં કો ધરાય નહીં, શોભા એની અપાર. ૨૧૭
જાણે સાક્ષાત્ કપર્દીશ, શંકર ભોલાનાથ,
નીકળ્યા છોડી હિમગિરિ, પૃથ્વીપર સાક્ષાત્. ૨૧૮
એવા સદ્‌ગુરુ જોઈને, ભકતો મન હરખાય;
કપર્દીશ્વર રંગનો જયજયકાર ગવાય. ૨૧૯
યાત્રામાં રંગાતણી નૌતમ લીલા થાય,
નૂતન ટોપી-પ્રવાહ હા ! ક્ષણ ક્ષણ જો બદલાય. ૨૨૦
ભક્તો તો આ જોઈને, અંતર બહુ હરખાય;
મનમાં એક વકીલના જોઈ કંઈ કંઈ થાય ! ૨૨૧
એ વકીલ સાહેબના, મનમાં થયો વિચાર;
આ કેવો મહારાજ છે ? ટોપીઓ વારંવાર ૨૨૨
બદલવાનું નવી નવી ! નાટક કરે અપાર,
નટખટ બાવો નાટકી, લાગે એહ લગાર. ૨૨૩
માટે લાવ કરું જરા, ગમ્મત જો આ વાર,
યાદ કરશે બાવો પણ, મળ્યો કો' સૂત્રધાર ! ૨૨૪
મનમાં વિચારી વકીલ એ કરતા કેવું કામ ?
સરળતા અવધૂતની ચઢી એરણે આમ ! ૨૨૫
ચાલી થોડે દૂર જો શોભાયાત્રા માન,
આવી ત્યાં તો બજારમાં, કુંભારની દુકાન. ૨૨૬
પેલા વકીલ બંધુને સૂઝ્યો તુકકો એક,
હાંસી કરવા સંતની, વિવેક ભૂલ્યો છેક. ૨૨૭
કુંભારની દુકાનેથી ઝટપટ ખરીદે એહ,
માટી કેરી તાવડી રોટલા શેકે જેહ !! ૨૨૮

તાવડી લઈ આવી ઊભા, અવધૂત ગાડી પાસ,
તાવડી મૂકી ભાવથી, રંગ-હસ્તમાં ખાસ. ૨૨૯
અવધૂત અંતર્યામી એ સમજ્યા એનો ભાવ,
મધુર હાસ્ય કરી વદ્યા: "લાવ અરે ! ભાઈ લાવ" ૨૩૦
કોડી-મુગટ શિરથકી કર્યો તત્ક્ષણ દૂર,
તાવડી મસ્તકપર મૂકી, મુખપર હાસ્ય પ્રચુર. ૨૩૧
ભકતોએ આ જોયું ને હરખ્યા સર્વ અપાર,
ગગન ભેદતો નાદ ત્યાં ગર્જ્યો જયજયકાર. ૨૩૨
વકીલ તો બાઘા સમા સૂણી રહ્યા જયકાર !
પોતાના અપકૃત્યથી પસ્તાઈ રહ્યા અપાર, ૨૩૩
મસ્તકપર તાવડી ધરે, માટીતણી અવધૂત;
મધુર હાસ્યથી શશી-વદન શોભી રહ્યું અદ્ભુત. ૨૩૪
અલખ કહે મધુરાધિપતિ હતા સદ્ગુરુ રંગ,
જ્યમ જ્યમ મુખ નીરખ્યા કરો, ત્યમ ત્યમ વધે ઉમંગ. ૨૩૫
ગમે તેવા લેબાસમાં, બેઠા હોય અવધૂત;
લાગે એ સોહામણા, આકર્ષક અદ્ભુત. ૨૩૬
દાઢી મૂછ મૂંડાવીને શિરપર મુંડન હોય,
નિત નૂતન સુરમ્ય એ, અતિશય લાગે તોય. ૨૩૭
જથર-વથર જટાતણો તાજ શિર સોહાય,
ત્યારે પણ જોનારનું મન અતિ લોભાય. ૨૩૮
ખાલી કૌપીન પહેરીને ઊભા હોય અવધૂત,
તોય ધોધ સૌંદર્યનો, તનથી વહે અદ્ભુત. ૨૩૯
જરિયન જામા કદી કદી કવચિત્ પુષ્પ-પરિધાન,
પુષ્પ-મુગટ કદી ઊનની ટોપી ધરે ભગવાન; ૨૪૦
તોયે એવા શોભતા જાણે સૌંદર્ય-ખાણ,
જેમ જેમ નિરખતા રહો, ત્યમ ત્યમ વધે પ્રમાણ. ૨૪૧
હાસ્ય કરે તો મુખડું ખિલતા પદ્મ સમાન
શોભે, જોતાં ભકતનું ભાગે દુ:ખ-અજ્ઞાન. ૨૪૨
ગંભીર મુખ-મુદ્રા કરી, બેઠા હોય કોઈ વાર;
મુખમંડલથી તેજના, વહી રહે અંબાર. ૨૪૩
હસી હસી વાતો કરે, કરે વાત ગંભીર;
હરે, ફરે ભોજન કરે, શયન કરે સુધીર; ૨૪૪
ઊઠે, બેસે, ને વળી ચાલે ઝડપી ચાલ;
પાન કરે જલકમંડલે, જટા ખસેડે ભાલ; ૨૪૫
સૂર્ય-ચંદ્રસમ નયનના પલકારામાં એમ,
નયનપદ્મને ધ્યાનમાં, મીંચે ત્યારે તેમ; ૨૪૬
દંડતણા ખડખડાટ ને પાવડીના રણકાર;
સ્વૈર લીલા સર્વમાં વહે સૌંદર્ય-ધાર ! ૨૪૭
આમ અવધૂત રંગની, દરેક લીલા માંહ્ય;
વ્હેતું લાવણ્ય નિત જુએ, કોક વિરલો ત્યાંય. ૨૪૮
અરે ! કદી અવધૂતજી કરતા પુણ્ય-પ્રકોપ,
તોયે મુખસૌંદર્ય પર જામે જબરો ઓપ. ૨૪૯
અંગઅંગથી રંગના, ફૂટે રૂપની ધાર;
તેથી તો મધુરાધિપતિ રંગતણો જયકાર. ૨૫૦
મસ્તક રાખી તાવડી, રસ્તામાં ગુરુરાય;
શોભાયાત્રામાં ફર્યા, અમદાવાદની માંહ્ય. ૨૫૧
કશું અજુગતું ના થયું, કરે ન કો અન્ય વિચાર;
તાવડી શિરપર ધારતા, શોભે રંગ અપાર !! ૨૫૨
કોઈને કંઈ દુ:ખ ના થયું, કોઈનું ન દુભ્યું મન;
એકલા પેલા વકીલનાં રડી રહ્યાં નયન !! ૨૫૩
અલખ કહે કેવા હતા સરળ સદ્ગુરુરાય,
તાવડી જોઈ ના એમનું દુભ્યું ચિત્ત જરાય. ૨૫૪
પ્રેમે વા દ્વેષે દીધું, તુર્ત કર્યો સ્વીકાર;
અવધૂતદિલની સરળતા પામી જો આકાર. ૨૫૫
માટે એવા સંતને, સેવો શિષ્ય સુજાણ;
ભવસાગર તરવા અહા ! સરળ સંત છે વહાણ. ૨૫૬

'બાલક' એમાં બેસતાં, ધારે રંગ સુકાન;
લઈ જાયે ભવપાર એ હસી હસાવી માન !! ૨૫૭

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે અવધૂતસારલ્યવર્ણનં નામ દ્વિષષ્ટિતમોઽધ્યાયઃ ॥૬૨॥ દોહરા ૨૫૭॥

## અધ્યાય :૬૩

નિરંજન ત્યાં લૂંટતો, અમૃતરસની લ્હાણ;
અલખ આગળ શું વદે સુણો સંત સુજાણ. ૧
વડોદરા જિલ્લા મહીં ડભોઈ તાલુકે આમ,
નાનું પણ સંસ્કારવંત થુવાવી નામે ગામ. ૨

બ્રહ્મભટ્ટ, બ્રાહ્મણ અને પાટીદારની ત્યાંય,
મુખ્ય વસ્તી પણ બધાં સંપી રહે સદાય. ૩
સ્વતંત્રતાની લડાઈમાં, રાષ્ટ્રભક્તિનો રંગ,
ચઢ્યો હતો આ ગામને; હતો અનોખો ઢંગ. ૪
મહાત્મા ગાંધીજીતણો ઝીલીને પડકાર,
વિદેશી માલનો થુવાવીએ કર્યો'તો, બહિષ્કાર. ૫
હાથે કાંતીને બધા, પહેરે ખાદી જન;
આ પંથકમાં થુવાવીનું નામ હતું રોશન. ૬
મહંત રામજી મંદિરે, નામે નરહરિદાસ,
ભ્રાતા પોપટલાલ જો ભાઈઓ બન્ને ખાસ. ૭
મોટી જાગીરી અને મંદિર અતિ વિશાળ,
દેશદાઝ અંતર વિષે સ્વભાવ થકી ઉદાર. ૮
ક્રાન્તિકારી વીર જે ભૂગર્ભે ચાલ્યા જાય,
તેમને આ મંદિરમાં આશ્રય મળે સદાય. ૯
ગુજરાતના ક્રાન્તિવીરો, મોટા મોટા જેહ;
થુવાવીના મંદિરમાં, રહેતા નિઃસંદેહ. ૧૦
દેશભક્તિ સાથ જો રામભક્તિ પણ એમ,
બંને મહંતબંધુઓ કરતા ધારી પ્રેમ. ૧૧
એક વખત મીંઢોળના ગોર પ્રભાશંકર,
આવ્યા થુવાવી ગામમાં, કોઈ કારણસર. ૧૨
મહંત નરહરિદાસ ને પોપટલાલ મહંત,
ગોરની સાથે તેમને હતો પ્રેમ અત્યંત. ૧૩
તેથી તે મળવા ગયા, વાતવાતમાં એમ;
નારેશ્વરના સંતની વાત કરી હા ! તેમ. ૧૪
સંત-પ્રેમી મહંતને અવધૂતજીની વાત,
સૂણતાં દર્શનની થઈ તીવ્રેચ્છા સાક્ષાત્. ૧૫
મીંઢોળ પાસે માંડવા ગામ મહીં તત્કાળ,
હતા પધાર્યા જાણીને ત્યાં ગુરુદેવ દયાળ. ૧૬
પહોંચી જાતા માંડવા પોપટલાલ મહંત,
ગીરધરભાઈને ઘેર જો રાખી ઉરમાં ખંત. ૧૭
પ્રથમ દર્શને રંગનાં પોપટલાલ મહંત
રાજી રાજી થઈ ગયા, પામ્યા સુખ અનંત. ૧૮
જોતાં વારમાં તાપ જો તન-મનના દૂર થાય,
વિષમ વિકાર શમે અને ચિત્ત શાંત થઈ જાય; ૧૯
આધિ વ્યાધિ ઉપાધિઓ ક્ષણમાં નાસી જાય,
અંતરમાં આનંદનો મહાસાગર છલકાય. ૨૦

પૂર્વજન્મનાં પુણ્યનો ઉદય જ્યારે થાય,
ત્યારે આવા સંતનાં દર્શન અચૂક થાય, ૨૧
કાળા-ભમ્મર વાળની, દાઢી જટા સોહાય;
તેજસ્વી એ ભાલપર, જટા-લટો લહેરાય. ૨૨
સૂર્ય-ચંદ્ર સમ ચમકતાં તેજસ્વી બે નયન,
આશિષધાર વહાવતાં, દીસે દિવ્ય ગહન. ૨૩
પ્રાતઃકાલે ખીલતા પદ્મસમું ધરી મુખ,
મધુર હાસ્યને વેરતું, દેતું અત્યંત સુખ ! ૨૪
દુઃખભર્યા સંસારના પ્રલોભનોથી દૂર,
દર્શન રંગ અવધૂતનું, અર્પે આનંદ ઉર. ૨૫
સુંદર મૂર્તિ રંગની ધારી હૃદયમાં એમ,
પોપટલાલ ઢળી પડ્યા ચરણોમાં ધરી પ્રેમ. ૨૬
તે દિનથી મહંતજી સદ્‌ગુરુચરણે જાણ,
તન, મન, ધન અર્પણ કરી, બન્યા ભકત તું માન. ૨૭
પોપટલાલે તે પછી કરતાં ચરણ-વંદન,
થુવાવીમાં પધારવા આપ્યું આમંત્રણ. ૨૮
પ્રભાશંકરભાઈએ આપ્યું અનુમોદન,
સદ્‌ગુરુએ સ્વીકારીયું પ્રેમતણું બંધન. ૨૯
સંવત ઓગણીસો અને ચોરાણુંમાં આમ;
પ્રથમવાર પધારિયા રંગ થુવાવી ગામ. ૩૦
ધજા પતાકા તોરણો વિવિધ રંગના એમ,
ગામ સકલ શણગારિયું, કમાનમંડપ તેમ. ૩૧
ગામલોકના હૃદયમાં આનંદ અતિ ઉભરાય,
નાચે કૂદે જુવાનિયા, દત્ત-ધૂન લહેરાય. ૩૨
મહંત નરહરિદાસ ને ત્રિભોવન બ્રહ્મભટ્ટ,
ભાઈલાલભાઈ પટેલ ને માણેકલાલ ભટ્ટ; ૩૩
મૂળજીભાઈ પટેલ ને લલ્લુભાઈ પટેલ;
શંકરલાલ ઉપાધ્યાય, કેસુરભાઈ પટેલ. ૩૪
આમ બધા જુવાનિયા ભેગા થઈ તે વાર,
અવધૂતની તહેનાતમાં ખડે પગે તૈયાર. ૩૫
ગામથી અર્ધો માઈલ હા ! દૂર એક મહાન
ભૂતનાથ મહાદેવનું પુરાતની છે સ્થાન. ૩૬
સાંજ સવારે સદ્‌ગુરુ ભૂતનાથનાં એમ
દર્શન કરવા જાય હા ! ધારી હૈયે પ્રેમ. ૩૭
આ બધા જુવાનિયા મળસ્કે વહેલા એમ,
ઊઠી હાથમાં ઝાડુઓ લઈને પહોંચે તેમ. ૩૮

ભૂતનાથના માર્ગને વાળી-ઝૂડી માન,
સાફ કરી પાણી બધે રસ્તે છાંટે જાણ. ૩૯
ધૂપ-કુંડાં સળગાવીને, મહેંકાવી દે પંથ;
જેથી સદ્ગુરુ રંગને, થાયે અતિ આનંદ. ૪૦
પાણી ભરી ભરી દેગડા, માથે લઈને આમ;
હોંશે હોંશે આવતા જુવાનીઆઓ તમામ. ૪૧
જોતાં એમને આપણું મન મૂકે પ્રસ્તાવ:
"અવધૂતજી પ્રત્યે અહો ! કેવો જબરો ભાવ !" ૪૨
છ-એક દિન થુવાવીમાં રંગે કર્યો મુકામ,
રંગાયું શ્રીરંગના રંગે આખું ગામ. ૪૩
'દત્ત ભક્ત મંડળ' તણી કરી સ્થાપના ત્યાંય,
ભક્તિબીજ નાખ્યાં અહા ! ધન્ય સદ્ગુરુરાય !! ૪૪
મહંત નરહરિદાસ ને પચાસ જુવાનો એમ,
દત્તજયંતી ઉત્સવે નારેશ્વરમાં તેમ. ૪૫
ઘરથી ઝાડુ બાંધીને, જાય નારેશ્વર ધામ
સ્થાનને વાળીને કરે સફાઈ કેરું કામ. ૪૬
થુવાવી-મંડળને નહીં, ક્ષોભ શરમ જરાય;
જોઈ સ્વચ્છ સ્થાનને સદ્ગુરુમન હરખાય. ૪૭
દત્તજયંતી ઉત્સવે બાળક નર ને નાર,
હજારો કંઈ ભેગાં મળે તોય ચોખ્ખું અપાર. ૪૮
ગંદકી જોવા ના મળે, કચરો કાગળ કયાંય;
આંખે વળગે ઊડીને એવી સ્વચ્છતા ત્યાંય. ૪૯
લીંપી-ગૂંપી ભૂમિ પર દિનમાં અનેકવાર
સાવરણા ફરી વળે ! રે' ન કચરો લગાર. ૫૦
આમ થુવાવીના જનો સેવા કરે, અપાર,
તેથી ત્યાં અવધૂતજી, જાતા વારંવાર. ૫૧
એક દિવસ થુવાવીના ભક્તજનોએ એમ,
નારેશ્વર જઈ વિનવ્યા રંગ પ્રભુને તેમ: ૫૨
'પ્રભુ ! પધારો થુવાવીમાં દત્તજયંતી પર,
ઉત્સવ અનેરો ઉજવો દત્તજન્મનો ગુરુવર. ૫૩
આટલી અમારી ભાવના પૂર્ણ કરો હે નાથ !"
એમ કહી વંદી રહ્યા ભક્તો જોડી હાથ. ૫૪
ભાવ જોઈ ભક્તોતણો, તુષ્ટ થાય ગુરુદેવ;
આપી સંમતિ થુવાવીમાં પધારવા તતખેવ. ૫૫
ભક્તો સૌ આનંદથી ગયા થુવાવી ગામ,
સદ્ગુરુને સત્કારવા કરી ખૂબ ધૂમધામ. ૫૬

વાળી-ઝૂડી માર્ગ પર પાણી છાંટી એમ,
રંગવિરંગી તોરણે શણગાર્યું છે તેમ. ૫૭
દત્તજયંતી જે દિને તેની આગળ એમ,
થુવાવીમાં પધારિયા અવધૂતજી સપ્રેમ. ૫૮
જયંતીનું બીજે દિન ઊગ્યું જોને પ્રભાત !
ત્યાં તો મંગલ વાદ્યથી થઈ ઉત્સવ-શરૂઆત. ૫૯
ભક્તો સર્વે આવિયા, પ્રભાત ફેરી ફરાય;
દત્તની ધૂનમાં ગ્રામજન, મસ્ત બની લહેરાય. ૬૦
અખંડ ધૂનની મસ્તીમાં, દિ' આખો વહી જાય;
સાયંકાળે જન્મની, તૈયારી સૌ થાય. ૬૧
હજારો નર-નારીઓ, બાળક વૃદ્ધ-યુવાન;
દત્તજન્મોત્સવ અહા ! ઉજવવા તે સ્થાન; ૬૨
ભેગા મળી આનંદથી બેઠા નિજ નિજ સ્થાન,
બ્રહ્મવૃન્દ પૂજન કરે, થાય વેદનાં ગાન. ૬૩
પ્રદોષ સમયે દત્તનો જન્મ થયો જે વાર,
અખંડ ઊડ્યું ગુલાલ ને વર્ત્યો જયજયકાર. ૬૪
બિરુદાવલી ગવાઈ ને પૂજન-આરતી થાય,
શણગારેલા પારણે પ્રભુને ઝૂલાવાય. ૬૫
ભક્ત ઝૂલાવે પારણું, હાલરડું સૌ ગાય;
એમ અતિ આનંદથી, દત્તજન્મ ઉજવાય. ૬૬
હાલરડું થાતાં પૂરું પાલખી થઈ તૈયાર,
શોભાયાત્રા દત્તની, નીકળી તેણીવાર. ૬૭
શોભાયાત્રા દત્તની, જોડાવા તે વાર,
શુભ તનપર ચાદર વીંટી અવધૂત થયા તૈયાર. ૬૮
ત્યાં તો એકાએક હા ! બન્યો વિચિત્ર બનાવ,
કહેતાં મારી જીભને આવે છે અચકાવ. ૬૯
અવધૂતજીનાં નયન હતાં તેજસ્વી અપાર,
સતત તેથી વહ્યા કરે દિવ્ય તેજની ધાર ! ૭૦
દિવ્ય તેજ વરસાવતી અવધૂતજીની નજર,
પડતી જેના પર અહા ! તેનું તો સત્વર ૭૧
થઈ જતું કલ્યાણ ને હર્ષ હૃદય ઉભરાય,
એ અનુભવની વાત તો વરણી ના વરણાય. ૭૨
અવધૂતજી નિજ આંખ પર રાત્રે કોઈ પણ વાર;
પ્રકાશનું એક કિરણ પણ પડવા દે ન લગાર. ૭૩
રાત્રે કદી અંધારમાં સેવકને કોઈવાર,
ફાનસ કે બેટરી લઈ થવું પડે પસાર. ૭૪

તો પ્યારા અવધૂતને કરે વિનંતી એમઃ
"પ્રભુ ! ફાનસ લઈને હું જાઉં અહીંથી તેમ" ૭૫
સૂણતાં સદ્‌ગુરુ આંખને મીંચી દે તત્કાળ,
નીચું ભાળી દે પછી સેવક થાય પસાર. ૭૬
તે પણ ફાનસને અહા ! ઝીણું કરી લગાર,
તે પર વસ્ત્ર વીંટાળીને પછી જ થાય પસાર. ૭૭
જેથી પ્રભુની આંખપર પ્રકાશનું નાનું એક,
કિરણ પણ પડે નહિ એવી કાળજી છેક. ૭૮
રાખે ભક્તો ભાવથી અંધારામાં સદાય,
બેસીને વાતો કરે ભક્તો સહ ગુરુરાય. ૭૯
સદ્‌ગુરુ બેઠા હોય ત્યાં કૃત્રિમ દીપ પ્રકાશ,
કદીએ લઈ જવાય ના વહે તિમિર ચોપાસ. ૮૦
શુક્લ પક્ષે ચાંદની, વદમાં તારાતેજ;
અવધૂતના દીપક હતા અંધારામાં એજ. ૮૧
અરે ! શિષ્ય હું શું કહું ? અવધૂતજીનાં નયન
એવાં તેજસ્વી હતાં, ભલે હોય તિમિર ગહન; ૮૨
તોયે એ અંધારમાં, વાંચે સદ્‌ગુરુરાય;
સેવક તો એ જોઈને આશ્ચર્યે હરખાય. ૮૩
કોઈ દુષ્ટ બદદાનતે અવધૂત પાસે જાય,
નજર પડતાં જ રંગની, છક્કા છૂટી જાય ! ૮૪
કોઈ અભિમાની રંગની, કસોટી કરવા જાય;
દિવ્ય તેજ જોઈ આંખનું, ઠંડો-ગાર થઈ જાય ! ૮૫
વાદ-વિવાદ કરવા અરે ! કંઈ પંડિતો જાય,
દૃષ્ટિ પડતાં રંગની, બોબડી બંધ થઈ જાય ! ૮૬
આવાં તેજસ્વી અને દિવ્ય રંગ-નયન,
તેના પર પડવા દીધું નથી તેજનું કિરણ. ૮૭
સાંભળ શિષ્ય કહું તને શું બન્યું તે વાર,
શોભાયાત્રામાં જવા રંગ થયા તૈયાર. ૮૮
ત્યાં તો અંધારા મહીં ખબર પડે ના એમ,
ફોટોગ્રાફર એક ત્યાં, ફોટો લેવા તેમ ૮૯
સામે આવીને ઊભો; પડી ન કોઈને ખબર;
ચાંપ દબાવી પ્રકાશનો પૂંજ અતિ જબ્બર ૯૦
ફેંકયો અવધૂતજી ઉપર; થયો ગજબ ચમકાર;
દિવ્ય નયન અવધૂતનાં ચમકી ગયાં તે વાર. ૯૧
સાધારણ પ્રકાશનું નાનકડુંયે કિરણ,
જેણે પડવા દીધું નથી, આંખો પર હજુ પણ. ૯૨
તે આંખો પર પડે અરે ! કૃત્રિમ ભારે પ્રકાશ,
કેવી પીડા થતી હશે ? કોણ કાઢે કયાસ ? ૯૩
પ્રકાશ પડતાં એકદમ અવધૂતજીનાં નયન
ચમકી ગયાં ને 'રેટીના' ખસી ગયો તત્ક્ષણ. ૯૪
આંખો મીંચાઈ ગઈ, અસહ્ય પીડા થાય;
આંખ ઉઘાડે પંતગિયાં, ઊડતાં હોય દેખાય !! ૯૫
'ૐ ૐ ગુરુદેવ દત્ત' કરીને મુખથી નાદ,
પીડા સહેતા મોદથી ઊભા રહ્યા ગુરુપાદ. ૯૬
સાથે ચાલતા ભકત સૌ વ્યાકુળ થઈ ક્ષણભર,
બાઘા સમ જોઈ રહ્યા પડી ન કાંઈ ખબર. ૯૭
ક્ષણ વિચાર કર્યા પછી આવ્યો સૌને ખ્યાલ,
ઝબકારે અવધૂતની આંખો થઈ બેહાલ. ૯૮
સન્નાટો છવાઈ ગયો અરે ! હવે શું થાય ?
ત્યાં તો મધુરું હાસ્ય કરી બોલ્યા સદ્‌ગુરુરાયઃ ૯૯
"અરે ! હવે તમે બધા ચિંતા છોડી ઝટ,
શોભાયાત્રા શરુ કરો, બોલી ગુરુદેવદત્ત" ૧૦૦
સૂણી વચન અવધૂતનાં, છાયી બધે હળવાશ;
ગંભીરતા ભાગી ગઈ, જામ્યો મુખ ઉલ્લાસ. ૧૦૧
શોભાયાત્રા નીકળી, વર્ત્યો જયજયકાર;
અવધૂતે નિજ દુઃખના, ના દીધા અણસાર. ૧૦૨
અગન બળે બહુ આંખમાં, મીંચી ના રહેવાય;
નયન ખોલતાં પતંગિયાં, ઊડતાં જો દેખાય ! ૧૦૩
શોભાયાત્રા પૂર્ણ થઈ, વીતી ગઈ એ રાત;
બ્રાહ્મમુહૂર્ત જાગીયા, પોતે સદ્‌ગુરુતાત. ૧૦૪
પ્રાતઃકર્મ કર્યું બધું, આંખો મીંચી એમ;
બેઠા પછી ધ્યાનમાં, નયન બંધ કરી તેમ. ૧૦૫
પૂર્વ દિશામાં પ્રગટ થયા સૂર્ય તેજ અંબાર,
અવધૂતજીએ નયન બે ખોલ્યાં ત્યાંય લગાર. ૧૦૬
નયન ખોલતાં રંગને શું દેખાયે હાય !
ચોગમ ઊડતાં પતંગિયાં હોય એમ દેખાય ! ૧૦૭
સૂર્ય-તેજ સહેવાય ના, આંખો મીંચાઈ જાય;
યત્ને ખોલવા જાય તો, પીડા અતિશય થાય. ૧૦૮
થુવાવીના ભકત લોક સાથે અન્યને ત્યાંય,
જોતાં સ્થિતિ ગુરુદેવની દુઃખ અતિશય થાય. ૧૦૯
"ધિક્ ધિક્ છે અમ ભાગ્યને અમે કર્યો ન વિચાર,
અમ કાજે અવધૂતજી પામ્યા દુઃખ અપાર" ૧૧૦

ભક્તો દુઃખી થાય પણ અવધૂતજી હરખાય,
"શાને દુઃખી થાવ તમે, ધાર્યું પ્રભુનું થાય" ૧૧૧
ત્યાં તો એક અનુભવી બોલ્યા નમ્ર વચનઃ
"આપ કહો તો ઉપાય્ એક દેખાડું ભગવન્" ! ૧૧૨
મધુર હાસ્ય કરી તે સમે બોલ્યા સદ્ગુરુરાજઃ
"જરૂર બતાવો આપનો અજમાવીશું ઈલાજ" ૧૧૩
પેલા ભાઈ વધ્યા પછી જોડી બન્ને હાથઃ
"તાજા-લીલા ધાણાનો રસ કાઢી હે નાથ ! ૧૧૪
બબ્બે ટીપાં દિવસમાં બે ત્રણવાર નખાય,
ચક્ષુપીડા આપની દૂર જરૂર ત્યાં થાય. ૧૧૫
લીલા-ધાણાતણી વળી ચટણી ભાખરી સાથ,
લેશો તો પણ ફાયદો અચૂક થશે ગુરુનાથ !" ૧૧૬
વાત સૂણતાં મહંતજી પામ્યા હર્ષ અપાર,
તાજા લીલા ધાણા હા ! મંગાવ્યા તે વાર. ૧૧૭
ધોઈ સ્વચ્છ કરી બધા તાજા ધાણા એમ,
ત્રિભુવનદાસે ચિવટથી કાઢ્યો રસ હા ! તેમ. ૧૧૮
બળતી પ્રભુની આંખમાં ટીપાં નાખ્યાં ચાર,
આંખ મીંચી પ્રભુ સૂઈ રહ્યા, પાટ ઉપર કંઈ વાર. ૧૧૯
કોથમીરના આ રસતણી થઈ સરસ અસર,
અગન જલતી આંખમાં, બંધ થઈ સત્વર. ૧૨૦
ભક્તો હરખાયા અતિ, સદ્ગુરુ થયા પ્રસન્ન;
નાચી ઊઠ્યું મહંતનું આનંદે તન-મન. ૧૨૧
અવધૂતજીની આંખના ફેલાયા ચોપાસ
સમાચાર, સૂણી બધા ભક્તો દોડ્યા ખાસ. ૧૨૨
દૂર દૂરથી ભક્ત કંઈ દોડી આવ્યા ત્યાંય,
બની બાવરા ઉતાવળા ગયા કુટિરની માંહ્ય. ૧૨૩
શું જોયું ? જોતાં અહા ! હૈયું ગયું ચીરાઈ,
આંખ મીંચી બેઠા હતા, પાટ ઉપર ગુરુરાય ! ૧૨૪
જે આંખો જોતાં અહા ! દુખિયાંનાં દુઃખ જાય,
જે આંખોમાં શાંતિનો મહાસાગર છલકાય; ૧૨૫
જે આંખોએ જગતમાં, દ્વૈત દીઠું ના કયાંય;
જે આંખોને નિરખતાં દુઃખ શોક, ભય જાય; ૧૨૬
જે આંખમાં દયા અને કરુણતા ઉભરાય,
જે આંખો પડતાં અહા ! તાપ શાંત થઈ જાય; ૧૨૭
જે આંખોના તેજથી, હૃદય-તિમિર દૂર થાય;
જે આંખો છે ભક્તની એક અનેરી સહાય ! ૧૨૮
તે આંખો તેજસ્વી હા ! બંધ જોઈને હાય !
ભક્તોના કાળજ ઉપર કરવત ફરી ફરી જાય. ૧૨૯
આંખ મીંચેલા રંગ હા ! જોયા ના જોવાય,
જોતાં ભક્ત-હૃદય મહીં દુઃખ અતિશય થાય. ૧૩૦
આંખ બંધ કરી અરે ! બેઠેલા ગુરુરાય,
જોતાં સેવક રડી પડે, ધ્રૂસકે ધ્રૂસકે ત્યાંય. ૧૩૧
અવધૂતજીની આંખનું, સેવકના મન માંહ્ય;
ગૌરવ અતિશય હતું અરે ! એ જ આંખ બંધ થાય ! ૧૩૨
એ તો કયમ જોવાય રે ! કેમ કરી સહેવાય ?
આંખ ગઈ અવધૂતની, સુણી ધ્રૂજી જવાય. ૧૩૩
આંખો જોતાં રંગની તૂટી સંયમ પાળ;
ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો સેવક, જાણે બાળ. ૧૩૪
સેવકનાં ધ્રૂસકાં સૂણી, મધુર હસ્યા અવધૂત;
આંખ મીંચી હસતા અહા ! શા દીપે અદ્ભુત ! ૧૩૫
હસતા હસતા વધ્યા પછી સદ્ગુરુ મધુર વચનઃ
"જાણે નિયમ નિયતિતણો શાને કરે રુદન ? ૧૩૬
મેં તો મુજ ગુરુદેવને મારાં તન મન પ્રાણ,
અર્પી દીધાં છે પછી, મારે શાની હાણ ? ૧૩૭
જે દિનથી મેં માહરા, સદ્ગુરુખોળા માંહ્ય,
માથું મૂકયું ત્યારથી મારા તનની કયાંય ૧૩૮
પરવા મેં રાખી નથી, બનીને બેપરવાહ;
ભટકયો છું આ જગતમાં, થઈ શાહનો શાહ. ૧૩૯
ખુલ્લી આંખે આજ સુધી, બહુ ભટકયો બહુ ઠામ;
બહુ જોયું જાણ્યું બહુ, માણ્યું બહુ અવિરામ. ૧૪૦
હવે મુજ ગુરુદેવતણી ઈચ્છા હશે આમ,
આંખો મીંચી બેસું હું ઠરી જો એક ઠામ. ૧૪૧
કેવી મારી કાળજી રાખે મુજ ગુરુદેવ !"
એમ કહી વંદી રહ્યા અવધૂતજી તતખેવ. ૧૪૨
સૂણી શબ્દો રંગના ભક્તોનો સમુદાય,
ભીની આંખે લળી લળી, વંદે સદ્ગુરુરાય. ૧૪૩
સદ્ગુરુનું સ્મરણ કરી, વંદીને ક્ષણવાર;
મધુર સ્વરે સહુ ભક્તને કે'તા રંગ દયાળઃ ૧૪૪
"ચિંતા કો' કરશો નહિ, ના કરશો રુદન;
મારી લાગણી હોય તો કરો બધાં ભજન. ૧૪૫
સર્વ દુઃખના નાશનું એકજ છે સાધન,
ખૂબ શ્રદ્ધા ભાવથી, કરવું ઈશભજન. ૧૪૬

એક વાત તમે બધા, સમજી લો મન માંહ્ય;
અવધૂતના અંતરતણો આવિષ્કાર છે આંહ્ય. ૧૪૭
દુનિયા જોવા જેવી જો, હશે માહરે કાજ,
મારા ગુરુદેવ મને દૃષ્ટિ દેશે આજ. ૧૪૮
જોવા જેવી હોય નહિ, જો એ મારે માટ;
લઈ લેશે દૃષ્ટિ પ્રભુ, એમાં શાને ઉચાટ ?'' ૧૪૯
એમ કહીને સદ્ગુરુ હાસ્ય વેરતા ત્યાંય,
ચિંતા મૂકી આંખની, સ્મરતા સદ્ગુરુરાય. ૧૫૦
અલખ કહે હે શિષ્ય ! તું કરી લે જરા વિચાર,
સદ્ગુરુ પ્રત્યે રંગની શ્રદ્ધા કેવી અપાર ! ૧૫૧
આવી ઈશપરસ્તી હા ! જે સાધુમાં હોય,
તે જ સંત ભગવાન છે, બીજો અન્ય ન કોય. ૧૫૨
આમ થુવાવી કુટિરમાં, બેઠા છે ગુરુરાય;
ત્યાં તો આવ્યા ભક્ત એક વડોદરાથી ત્યાંય. ૧૫૩
શ્રીચરણે મસ્તક મૂકી, મૂકી ફૂલ-ફલહાર;
એક ચળકતું બોકસ હા કાઢ્યું ખિસ્સા બહાર. ૧૫૪
ત્યાં બેઠેલા ભકતને થયું આશ્ચર્ય લગાર,
કાળા ચશ્મા કિમતી કાઢયાં બોકસની બહાર. ૧૫૫
કર-કમળમાં રંગના મૂકતાં ચશ્મા એહ,
બોલ્યો ''પ્રભુ ! આ આંખપર પહેરો નિઃસંદેહ; ૧૫૬
સૂર્ય-રશ્મિના તેજથી, બચાવશે એ નયન;
આટલી મારી વિનતી, સ્વીકારો ભગવન્'' ૧૫૭
ભાવ જોઈ એ ભક્તનો, ભીંજયા શ્રી અવધૂત;
કાળા ચશ્માં આંખ પર ધારણ કીધાં તુર્ત. ૧૫૮
કાળાં ચશ્મા પહેરીને આંખો ખોલી જ્યાંય,
પતંગિયાં ઊડતાં બધાં ના દેખાયાં કયાંય ! ૧૫૯
દેખાતું સુંદર બધું, દૂર થયો અવરોધ;
સૌ ભક્તોના હૃદયમાં વહ્યો હર્ષનો ધોધ. ૧૬૦
આનંદ આનંદ થઈ ગયો, હરખ્યા ભકત અપાર;
અવધૂતની શ્રદ્ધાતણો, થયો જયજયકાર. ૧૬૧
ધાણાના રસપ્રયોગથી બંધ થાતી અગન,
તેજ વધ્યું નેત્રોતણું ગયું દુઃખ ગહન. ૧૬૨
ત્યાર પછી ત્રાટકતણા કરી પ્રયોગ અનેક,
અવધૂતજીએ 'રેટીના' સ્થિર કર્યો હા ! છેક. ૧૬૩
'રેટીના' સ્થિર થઈ ગયો, ખામી રહી ગઈ એક;
સૂર્યતેજ એ આંખથી સહન થાય ના છેક. ૧૬૪
તેથી દિવસે જ્યાહરે નીકળે સદ્ગુરુ બહાર,
કાળાં ચશ્મા અચૂક હા ! પ્હેરે જો નિર્ધાર. ૧૬૫
સૂર્ય-તેજ સહેવાય ના તેથી સદ્ગુરુવર,
કાળાં ચશ્મા પહેરતા, દિવ્ય નયનો પર. ૧૬૬
તેથી આદિવાસીઓ ભોળા ભાવિક ભકત,
''દાબડાવાલા બાપજી' કહેતા થઈને મસ્ત. ૧૬૭
અલખ કહે અવધૂતની, લીલા અપરંપાર;
કોણ વર્ણવે એ બધી ? સાંભળ કહું છું સાર. ૧૬૮
વડોદરામાં એક સમે લહેરીપુરાની માંહ્ય,
રામગલોલા મંદિરે પ્રભુ પધાર્યા ત્યાંય. ૧૬૯
રંગ-જયંતી ઉત્સવે ખૂબ કર્યો'તો ઠાઠ,
પારાયણ યોજ્યાં હતાં એકસો ને આઠ. ૧૭૦
દર્શન કરવા આવતા ભકતો હારોહાર,
સંખ્યા અગણિત તેથી જો રંગ બેસતા બહાર. ૧૭૧
બીજે દિવસે કિન્તુ ત્યાં રંગ તનમાં જ્વર
આવ્યો એવા જોરથી, શરીર ધ્રૂજે થર-થર. ૧૭૨
તલ મૂકે તતડી ઊઠે એવું ઉષ્ણ શરીર,
તાવ-તૃષાથી સદ્ગુરુ પીએ ક્ષણ-ક્ષણ નીર. ૧૭૩
ત્યાં તો આવ્યો એક જણ જોડી બન્ને પાણ,
વિનવી રહ્યો અવધૂતને બોલી વિનયની વાણઃ ૧૭૪
''સદ્ગુરુ મારા બાપજી ! આપનાં દર્શન કાજ,
લોકો ઊભા જો રહ્યા, હજાર છોડી કાજ; ૧૭૫
આપ પધારો મંડપે, ભીડ અતિશય થાય;
તમ દર્શન વિણ ભકત સૌ, આકુળ-વ્યાકુળ થાય'' ૧૭૬
સૂણી વચન એ ભકતનાં, તુર્ત ઊઠ્યા ગુરુરાજ;
ભકત સકળની ભાવના પૂરી કરવા કાજ. ૧૭૭
સેવક તો બાઘો બની બોલ્યો ધીમે અવાજઃ
''પ્રભુ ! આપના તન વિષે જ્વર અતિશય આજ. ૧૭૮
તપ્ત તાંબા સમ અહા શરીર તપ્યું અપાર,
કલાકો સુધી હે પ્રભુ ! શેં બેસાશે બહાર ? ૧૭૯
માટે મારું માનો તો, લો આજે આરામ;
આવા તાવમાં ના જશો મારા પૂરણકામ !'' ૧૮૦
સૂણી વચન સેવકતણાં હાસ્યે ભરતાં વદન,
અવધૂતની ખુમારીથી બોલ્યા મધુર વચનઃ ૧૮૧
''જ્વર તો આ શરીરનો છે મોંઘો મહેમાન,
જ્યાં હું બેસાડીશ હા ! ત્યાં એ લેશે સ્થાન ! ૧૮૨

મહેમાનને બેસાડીને, જાશું આપણે બહાર;
સાંજે આવી એમનો કરશું સૌ સત્કાર'' ૧૮૩
એમ કહી સદ્ગુરુવરે તનપર જે ચાદર,
ઓઢેલી તે ઉતારીને મૂકતા બાજુ પર. ૧૮૪
સેવકને આજ્ઞા કરી ''લાવ બીજી ચાદર,
ઓઢી દઉં હું પ્રેમથી મારા શરીર પર'' ૧૮૫
ઘણા ભાવથી સેવકે દીધી અન્ય ચાદર,
મંદ હાસ્ય કરી ગુરુવરે લપેટીને તનપર. ૧૮૬
નૂતન ચાદર લપેટતાં થયો શું ચમત્કાર !
અવધૂતજીના શરીરમાં, તાવ રહ્યો ન લગાર ! ૧૮૭
હાથ પસારી બોલિયા સેવકને તે વાર,
''જોને મારા શરીરમાં છે કંઈ તાવ લગાર ?'' ૧૮૮
લંબાવેલા હાથને સેવક અડે લગાર,
અવધી થઈ આશ્ચર્યની, એ તો ઠંડોગાર !! ૧૮૯
જ્વર તનથી દૂર થયો, મુખ પર તેજ અપાર;
અંગ અંગમાં રંગના, વ્હેતી સ્ફૂર્તિધાર. ૧૯૦
સેવક પેલો શું વદે ? મૂગો થઈ તે વાર,
અલૌકિક એ અવધૂતને, વંદે વારંવાર. ૧૯૧
પહેરી પાદુકા ચરણમાં, દિવ્ય દંડ લઈ હસ્ત;
મંડપમાં આવી ગયા, રંગ અવધૂત મસ્ત. ૧૯૨
'અવધૂત-ચિંતન નાદથી, ગાજ્યું ગગન અપાર;
ભક્તોએ બોલાવિયો, અવધૂતનો જયકાર. ૧૯૩
હજારો ભક્તો આવિયા એક પછીથી એક,
દર્શન કીધાં રંગનાં રાખી શિસ્ત વિવેક. ૧૯૪
કોઈની સાથે વાત કરી, કોઈને આશીર્વાદ;
કોઈને દીધો પ્રેમથી, હાથે સ્વયં પ્રસાદ. ૧૯૫
છ કલાક વીતી ગયા, બેઠા સદ્ગુરુરાય
એકજ આસન પર અહા ! ટટાર રાખી કાય. ૧૯૬
સાંજે સાડા છ બજે સંધ્યા-આરતી થાય,
તેનાં દર્શન કર્યા પછી ભક્તો થાય વિદાય. ૧૯૭
જાણી સૌ ભક્તો ગયા, ઊભા થયા ગુરુદેવ;
'અવધૂતચિંતનનાદ'થી ગગન ગાજ્યું તતખેવ. ૧૯૮
મુકામ પર આવ્યા પછી, કર્યું પ્રભુએ સ્નાન;
સ્નાન પછી બહુ પ્રેમથી, ધર્યું પ્રભુનું ધ્યાન. ૧૯૯
સેવકને આજ્ઞા કરી ''પેલી ચાદર લાવ,
જે ચાદરમાં આપણા બેઠા મહેમાન તાવ'' ૨૦૦
આજ્ઞા થાતાં સેવકે આપી ચાદર એહ,
ચાદર ઓઢતાં રંગનો ધ્રૂજવા લાગ્યો દેહ. ૨૦૧
જે જ્વર મહેમાનને મૂકી ચાદર માંહ્ય,
ગયા હતા અવધૂતજી તેને ઓઢતા ત્યાંય; ૨૦૨
તાવે પ્રવેશ કર્યો ફરી સદ્ગુરુના તન માંહ્ય,
સેવક દુ:ખી થઈ ઊભો વ્યાકુળ મુખડે ત્યાંય. ૨૦૩
ત્યાં તો વદ્યા અવધૂતજી ''તું શાને ગભરાય ?
મુજ તનના મહેમાનથી મુજને આનંદ થાય. ૨૦૪
લાવી પેલો કામળો, ઓઢડી દે આમ,
મુજને મુજ મહેમાન સહ કરવા દે આરામ'' ૨૦૫
એમ કહી અવધૂતજી પાસું ફેરવી આપ,
મસ્તીથી જપતા રહ્યા ૐ ૐના જાપ. ૨૦૬
સેવક લાવે કામળો, સદ્ગુરુના તન પર,
ઓઢાડીને ચિવટથી ખસી ગયો સત્વર. ૨૦૭
રાત આખી સદ્ગુરુવરે, લીધો જો આરામ,
બ્રાહ્મ મુહૂર્તમાં અન્ય દિન જાગ્યા પૂરણકામ. ૨૦૮
આજે તાવ શરીરમાં, રહ્યો નથી જરાય;
પ્રફુલ્લ પદ્મ પ્રભાતનું શોભે એમ ગુરુરાય. ૨૦૯
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજીમાં આમ,
તાવ દૂર કરવાતણી શક્તિ હતી તમામ. ૨૧૦
ભક્તો દર્શન કાજ હા ! વાટ જુવે ધરી ભાવ,
સૂણતાં શ્રીઅવધૂતજીએ દૂર કર્યો નિજ તાવ. ૨૧૧
ભક્તોની એ ભાવના પૂર્ણ કરીને એમ,
સ્વીકાર્યો ફરી તાવને, નિજ તનમાં સપ્રેમ. ૨૧૨
આમ દેહના દંડને, ભોગવવો ધરી પ્રેમ;
દેહકર્મ છૂટે નહિ, માટે છોડી વ્હેમ. ૨૧૩
સુખ દુ:ખ કારણ મનતણું, બંધમોક્ષનું જાણ,
જેણે જીત્યું મન અહો ! વિજયી તે જ મહાન. ૨૧૪
અવધૂતજીએ તાવને નિજ શરીરથી એમ,
ચાદર સામે કાઢીને ફેંકી દીધો તેમ. ૨૧૫
એમાં કંઈ સિદ્ધિ ન'તી, ન હતો ચમત્કાર;
નજરબંદી કે જાદુનો ન'તો ખેલ વ્યાપાર. ૨૧૬
મનોબળ અવધૂતજીએ કેળવ્યું જબરજસ્ત,
જેથી ના કયાંયે કદી, થાતા એ અસ્વસ્થ. ૨૧૭
મનમાં દૃઢ નિશ્ચય કર્યો ''તાવ છે તનની માંહ્ય;
મુજને તાવ જરાય ના ! હું નિર્લેપ સદાય'' ૨૧૮

જેનું મનોબળ જો અહા ! આવું મક્કમ હોય,
તેને આખા વિશ્વમાં, જીતી શકે ના કોય. ૨૧૯
માટે મન નિશ્ચલ કરી, ધરો પ્રભુનું ધ્યાન;
નિશ્ચલ મનનો માનવી, જાય બની ભગવાન. ૨૨૦
આંખ બગડવી ને વળી, તાવ આવવો તેમ;
સ્વયં દત્ત અવતારને થતું હશે આ કેમ ? ૨૨૧
જગન્નાટકી રંગ એ, નાટક એનું અપાર,
ભકતોને ઉદ્ધારવા લીલા કરે નિર્ધાર. ૨૨૨
માટે સદ્ગુરુને ભજો, છોડી બીજા છંદ;
સદ્ગુરુચરણે શાંતિ ને સદાય છે આનંદ, ૨૨૩
આગળ અનુપમ રંગ એ વદાવશે અવધૂત,
અલખ નિરંજન મિષે 'બાલક' વદે ગુરુદૂત. ૨૨૪

ઈતિ શ્રીરંગપાદાવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે જ્વરાદિદ્વન્દ્વસહનં નામ ત્રિષષ્ટિતમોઽધ્યાયઃ ॥ ૬૩ ॥ દોહરા ૨૨૪ ॥

## અધ્યાય : ૬૪

અલખ કહે સૂણ શિષ્ય હે ! એક સમે ગુરુરાજ,
સિદ્ધ-ક્ષેત્ર સરખેજમાં, હતા સિદ્ધ શિરતાજ. ૧
મહાત્મા રતનલાલતણી, જામફળી વાડી માંહ્ય,
પર્ણકુટિરમાં સદ્ગુરુ, હતા બિરાજ્યા ત્યાંય. ૨
ભકતોની વિનતી સૂણી, એક દિવસ ગુરુદેવ;
સરખેજ ગામમાં પધારિયા, ભાવ થકી તતખેવ. ૩
સરખેજ ગામમાં વિચર્યા, ભકતને દ્વારે દ્વાર;
પડતાં સદ્ગુરુ-ચરણરજ, હરખ્યા ભકત અપાર. ૪
ત્યાંથી શ્રીમણિલાલજી ત્રિપાઠીને ઘેર,
મેડા પર બેઠ । પ્રભુ ! થઈ આનંદની લહેર. ૫
ભક્તો સાથે હસી હસી, વાતો કરી અપાર,
ત્યાં તો સંધ્યાકાળ થયો, વ્યાપ્યો બધે અંધકાર. ૬
'પ્રભુ બોલે સમય થયો, ચાલો હાવાં ઝટ,'
એમ કહી ઊભા થયા, વદી ગુરુદેવદત્ત. ૭
ભક્તો સહુ ઊભા થયા, બોલી ગુરુજયકાર;
દાદર આગળ આવીને, ઊભા રહ્યા તત્કાળ. ૮
ઉતરે સદ્ગુરુ જો તિહાં, દાદરનાં સોપાન;
ત્યાં તો ચૂકયા પગથિયું, નિજ મસ્તીમસ્તાન. ૯
ચૂકતાં પગથિયું ત્યાં અરે ! ગબડયા સદ્ગુરુરાય,
જમણો હાથ મૂકી દીધો, પડતાં ભૂ પર ત્યાંય. ૧૦
જમણા હાથ પર શરીરનું, વજન પડયું હા ! જ્યાંય,
જમણા હાથનું હાડકું, ભાંગી ગયું રે ! હાય ! ૧૧
ભક્તો દોડયા એકદમ, ઊભા કર્યા ગુરુરાય;
દક્ષ હસ્ત ભાંગ્યો અરે ! પીડા અત્યંત થાય. ૧૨
ભક્તો બાઘા સમ બન્યા, આકુળ-વ્યાકુળ થાય;
અરે ! અરે આ શું થયું ? અંતર અતિ દુભાય. ૧૩
હસ્ત-ભંગની પીડા છતાં, રાખી હાસ્ય વદન
ભકતોને પ્રભુ કહી રહ્યા, મર્મ-ગંભીર વચનઃ ૧૪
ભલે હાથ ભાંગી ગયો, હું નથી નારાજ;
મારો ભકત કો મૃત્યુથી, જરૂર બચ્યો છે આજ ! ૧૫
અત્યારે મુજ હાથ આ, જો ના ભાંગ્યો હોત;
જરૂર કોઈ મુજ ભક્તનું, માથું ઊડયું હોત ! ૧૬
એમ કહી અવધૂતજી, નિજાનંદમાં મસ્ત,
બોલ્યા ચાલો શહેરમાં, લઈ ભાંગલો હસ્ત. ૧૭
લઈ જાઓ મુજને હવે, હાડવૈદ્યની પાસ;
જેથી હાથ બેસાડીને, બાંધે પાટો ખાસ ! ૧૮
આજ્ઞા સૂણતાં લાવતા, ઘોડાગાડી એમ;
બેસાડીને લઈ ગયા, અવધૂતજીને તેમ ૧૯
હાડવૈદ્યને ત્યાં જઈ, બેસાડાવ્યો હાથ;
પરત તરત આવી ગયા, પાટા સાથે નાથ ! ૨૦
હાથ ભલે ભાંગ્યો અરે મને નથી કંઈ રંજ;
ભકત મારો બચી ગયો, તેનો છે આનંદ. ૨૧
ભકતો સૌ સરખેજના, કરી રહ્યા વિચાર,
ભકત મારો બચી ગયો, એવું વારંવાર; ૨૨
શા માટે કહે સદ્ગુરુ ? જરૂર છે કંઈ અર્થ,
બચાવવા કોઈ ભકતને, પ્રભુએ ભાંગ્યો હસ્ત. ૨૩
ત્યાં તો શિષ્ય નિરંજન, બોલ્યો હે ગુરુરાય !
મને પણ એ પ્રશ્નની, શંકા મનમાં થાયઃ ૨૪
શા માટે અવધૂતજી, બોલ્યા એવી વાણઃ
'હાથ માહરો ભાંગતા, બચ્યા ભકતના પ્રાણ.' ૨૫
કોણ હતો એ ભકત હા ! કેવી રીતે એહ,
મૃત્યુ-મુખથી બચી ગયો, કહો હવે વરદેહ. ૨૬

સૂણી વચન એ શિષ્યનાં, બોલ્યા અલખ દયાળ,
અકળ કળા અવધૂતની, શું સમજાવું બાળ ? ૨૭
મીંઢોળ ગામના ગોર જે, જોષી લાભશંકર,
અજુપુરામાં એમનાં, હતાં જમીન ને ઘર. ૨૮
બે-ચાર જણ ભેગા થઈ, મીંઢોળના તે વાર,
લાટ રાખ્યો જમીનનો, થઈને ભાગીદાર. ૨૯
પાછળથી પણ લાટ આ, વહેંચતા તેણી વાર;
અંદરોઅંદર જો થઈ, તેઓને તકરાર. ૩૦
બ્રાહ્મણને નથી આપવો, આટલો મોટો ભાગ;
તેથી એને કાઢવો, શોધી કાઢી લાગ. ૩૧
કિન્તુ લાભશંકર તો હતા, અવધૂત કેરા ભકત;
રંગચરણમાં એમનું, ચિત્ત સદા આસકત. ૩૨
ધમકીઓ દેતા હતા, વિરોધીઓ બહુ વાર;
છોડી દો અજુપુરા, નહિ તો ખાશો માર. ૩૩
ગોર કિન્તુ નિર્ભયી, સદા જપે ગુરુરાય;
મોટા ચમરબંધીથી, જરાય ના ગભરાય. ૩૪
ગોરની સામે જમીનને છોડવા કેરી વાત
કહેવાની એ કોઈમાં, હતી નહિ તાકાત. ૩૫
વિરોધીઓ તેથી ઘડે, છૂપી યોજના એક;
ગોરને મારી નાંખીને, દાટી દેવા છેક. ૩૬
અજુપુરાથી આવવા, મીંઢોળ ગામે એહ;
નીકળે ગોર ગાડીમાં, સમય સાધવો તેહ. ૩૭
રાત્રે માંજરોલ સ્ટેશને, ઉતરી મીંઢોળ જાય;
ત્યારે રસ્તે કોતરે, ઘાટ ઘડી દેવાય. ૩૮
એમ ઘડીને યોજના, વિરોધી જોતા વાટ;
આવે કયારે ગોર ને કયારે ઘડીએ ઘાટ ? ૩૯
ત્યાં તો આવી ખબર કે, અમુક દિવસે એમ,
આવી રહ્યા છે ગોર હા ! મીંઢોળ ગામે તેમ. ૪૦
ખબર આ સાચી હતી, ઘાતી લઈ હથિયાર;
કોતરમાં સંતાઈ રહ્યા, મારાઓ એ ચાર. ૪૧
આ બાજુ ગોર નીકળ્યા, અજુપુરાથી એમ;
ડાકોરથી માંજરોલની, ટિકિટ લઈને તેમ. ૪૨
કરજણ આવી ને પછી, નાની ગાડી માંહ્ય,
બેઠા લાભશંકર અહા ! મીંઢોળ જાવા ત્યાંય. ૪૩
ત્યાં તો ગાડીમાં મળ્યા, પટેલ ગોપાલદાસ,
મીંઢોળ ગામના પટેલ એ, મિત્ર ગોરના ખાસ. ૪૪
બે મિત્રો પ્રેમે મળ્યા, થયો ભલો સંઘાત;
ખબર અંતર પૂછીને, કરી મઝાની વાત. ૪૫
વાત વાતમાં તે પછી, પૂછે ગોપાલદાસ,
કયાંની ટિકિટ લીધી તમે, લાભશંકર ખાસ ? ૪૬
માંજરોલ સ્ટેશનની લીધી, મેં તો ટિકિટ આંહ્ય,
જેથી થોડા વખતમાં, ઘેર પહોંચી જવાય. ૪૭
ગોપાલજી કહે સાધલી, ઉતરી પડો મહારાજ;
સાધલી મેં મંગાવ્યું છે, ડમણું મારે કાજ. ૪૮
વાતો કરતા બેઉ જણ, ડમણે બેસી આમ;
પહોંચી જાશું જલદીથી, બન્ને મીંઢોળ ગામ. ૪૯
ગોરકાકાને આ ગમ્યું, ખરી કરી આ વાત;
ચાલવાનું તો મટી ગયું, ભલો મળ્યો સંઘાત. ૫૦
વાતવાતમાં આવિયું, સાધલીનું સ્ટેશન;
બન્ને જણ ઉતરી પડયા, રાખી મન પ્રસન્ન. ૫૧
ડમણું ત્યાં આવ્યું હતું, બેસી ડમણાં માંહ્ય;
ક્ષેમકુશળ પહોંચી ગયા, મીંઢોળ ગામની માંહ્ય. ૫૨
આ બાજુ માંજરોલના, કોતરમાં તૈયાર
મારાઓ બેઠા હતા, લઈ વિવિધ હથિયાર. ૫૩
માંજરોલ સ્ટેશને ગાડીની, સૂણી સીસોટી એમ;
મારાઓ સહુ સજ્જ થઈ, સંતાઈ બેઠા તેમ. ૫૪
જેવા ગોર આ માર્ગથી, થાવા જાય પસાર;
ત્યારે ચોગમથી અરે ! કરવો શસ્ત્ર પ્રહાર. ૫૫
ટુકડે-ટુકડા ગોરના, તનના કરીને આંહ્ય;
દૂર ખૂણે ખેતરતણા, દાટી દેવા ત્યાંય. ૫૬
આમ એ તૈયાર થઈ, બેસી રહ્યા કંઈ વાર;
માર્ગે કિન્તુ માનવતણો, ના દીઠો અણસાર. ૫૭
વાટ ખૂબ જોયા પછી, ચારે કરે વિચાર,
ગાડી શિનોર પહોંચવા, આવી ગઈ આ વાર. ૫૮
તોય આપણો ગોર અરે ! દેખાયો ના કેમ ?
આવ્યો નથી કે શું પછી, ઉતર્યો બીજે એમ ? ૫૯
ચારે જણ ઊઠી ગયા માંજરોલને સ્ટેશન,
રસ્તામાં કયાંય પણ, જોયો ના કોઈ જન ! ૬૦
થાકી હારી રાતરે, મોડા આવ્યા ઘેર;
જરૂર બાતમી કોઈએ, ખોટી દીધી ખેર ! ૬૧
એમ વિચારી સૂઈ ગયા, બીજે દિવસે એમ;
પ્રાતઃકાળે જાગિયા, હવે કરીશું કેમ ? ૬૨

ત્યાં તો અતિ આશ્ચર્યથી, સરવા થાતા કાન;
ગોરકાકા જાતા હતા, કરતા દત્તનું ગાન. ૬૩
ચંદન-પુષ્પો થાળમાં, તામ્રપાત્રે સ્થિત જલ,
પૂજન કરવા રંગનું, જતા હતા તત્પલ. ૬૪
સ્વચ્છ ધોતિયું ધારીને, ભસ્મવિભૂષિત અંગ;
બેધડક જાતા અહા ! સ્મરતા સદ્ગુરુ રંગ. ૬૫
સદ્ગુરુના સ્મરણ થકી, મુખડું અતિ પ્રસન્ન;
દેખી એવું મારકો, પસ્તાયા બહુ મન. ૬૬
અરે ! અરે ! આ ગોરને, ગઈ રાતે ઓ બાપ !
મારી નાંખ્યા હોત તો, લાગત કેટલું પાપ ! ૬૭
મારાઓ એમ તિહાં, મનમાં જો પસ્તાય;
ગોરને માથે સદ્ગુરુ, રક્ષણ કરે સદાય. ૬૮
અલખ કહે સૂણ શિષ્ય હે ! જેને માથે હોય,
સમર્થ સદ્ગુરુ તેહને, મારી શકે ના કોય ! ૬૯
જે રાત્રે જે સમયે, અવધૂતજીનો હાથ
ભાંગ્યો' તો સરખેજમાં, તે જ સમય તે રાત ૭૦
લાભશંકર ગોરતણું, અચૂક ખૂન થઈ જાત;
સદ્ગુરુ પણ બચાવતા, ભાંગીને નિજ હાથ. ૭૧
આમ છે અવધૂત સદા, ભક્તોનો રખવાળ;
પોતે મુસીબત ભોગવી, કરે ભક્તપ્રતિપાળ. ૭૨
જમણો હાથ અવધૂતનો, ભાંગી ગયો'તો જેહ,
વૈદ્યની સારવારથી, સારો થાતો તેહ. ૭૩
નારેશ્વરમાં જે હતો, જૂનો અવધૂતનિવાસ,
જૂના ભક્તોએ દાસ-સહ, બાંધ્યો હતો જે ખાસ. ૭૪
જૂના ભક્તો તે બધા, ઉંમર થાતા આમ,
છોડી નશ્વર દેહ આ, ગયા દત્તને ધામ. ૭૫
નૂતન ભક્તો, ટ્રસ્ટીઓ, આવ્યા તેણીવાર,
અમરસિંહજી રાજવી, સારોદના દરબાર. ૭૬
મિસ્ત્રી પ્રાગજીભાઈ ને, ડૉકટર રણજીત ભટ્ટ,
સૌએ ભેગા જો મળી, કર્યો વિચાર એક ઝટ. ૭૭
વ્યવસ્થાપક સ્થાનના, મોદીજીને એમ,
મળી બધાએ એક મતે, નિર્ણય લીધો તેમ. ૭૮
ઝણોરના ભીમસિંહ તથા, ડૉકટર વાણી એમ,
શંકરભાઈ દિવેરના, જયદેવભાઈ તેમ. ૭૯
જૂની ગુફા જે હતી, શ્રીઅવધૂતનિવાસ,
જેમાં રહેતા સદ્ગુરુ, ધ્યાન ધરતા ખાસ. ૮૦

એ ગુફાને તોડીને, એ જ જગ્યાએ એમ,
નૂતન સગવડતા ભરી, મોટી બનાવવી તેમ. ૮૧
સર્વાનુમતે આ બધા, નિર્ણય લઈને ખાસ;
આજ્ઞા લેવા આવિયા, અવધૂતજીની પાસ. ૮૨
બોધિસમ લીમડા નીચે, પાર્થિવ ગાદી પર,
દિવ્ય તેજથી ચમકતા, બેઠા છે ગુરુવર. ૮૩
કૌપીન એકમાત્ર ધર્યું, શુદ્ધ ખાદીનું શ્વેત;
લ્હેરે કંચન કાય પર, એવું ઉપવીત શ્વેત. ૮૪
જટા લટૂરી શિષ પર, પવન થકી લહેરાય;
શરદ શશી સમ વદન હા ! મરક મરક મલકાય. ૮૫
બ્રહ્માનંદની છોળ જે, રંગ-હૃદય છલકાય;
મુખ પર તે આનંદનાં, પલ પલ દર્શન થાય. ૮૬
અંગ-અંગથી રંગના, સુંદરતા લહેરાય,
નિરખી નિરખી ભક્તનાં, અંતર અતિ હરખાય. ૮૭
દૂર દૂર રેવાતણા, વિશાળ પટ ઉપર,
સ્થિર ઠરી છે રંગની, અમૃતભરી નજર. ૮૮
મધુરા સ્વરથી પક્ષીઓ, કરી રહ્યાં કૂજન;
થનક થનક નાચી રહ્યા, મયૂરો ચિત્ત પ્રસન્ન. ૮૯
દિવ્યાનંદના ધોધમાં, અવધૂત અહીંયાં ન્હાય;
ત્યાં તો ભક્તોનું અહા ! ટોળું આવ્યું ત્યાંય. ૯૦
શ્રીચરણે વંદન કરી, ધરી નમ્રતા છેક;
આસપાસ બેસી ગયા, સૌ એક પછી એક. ૯૧
અવધૂત અંતર્યામી એ, જાણી ગયા છે વાત;
મધુર હાસ્ય તેથી કરી, બોલ્યા સદ્ગુરુનાથઃ ૯૨
તમે બધા ભેગા મળી, એકી સાથે એમ;
હુમલો કરવા મારી ઉપર, આવ્યા છો કે કેમ ? ૯૩
કહી એમ અવધૂતજી, હસી રહ્યા ખડખડાટ;
પૂછે મધુર સ્વરે પછી, શી છે બોલો વાત ? ૯૪
ત્યાં તો ડૉકટર વાણીએ, જોડી બન્ને હાથ,
અતિશય નમ્ર સ્વરે કહ્યું: 'સમર્થ હે ગુરુનાથ ! ૯૫
આપ રહો છો તે ગુફા, અતિશય નાની એમ;
છે અતિશય સાંકડી, અગવડતાભરી તેમ. ૯૬
તેથી અમ સહુએ પ્રભુ ! નક્કી કર્યું છે એમ,
જૂની તોડી તે સ્થળે, નવી બાંધીએ તેમ. ૯૭
જગ્યા થોડી વધારીએ, બારી વળી ચોપાસ;
મૂકીએ જેથી કુટિરમાં, આવે હવા-ઉજાસ. ૯૮

આજ્ઞા આપો તો પ્રભુ ! ઈજનેર પાસે આમ,
નકશો દોરાવી પછી, ઉપાડીએ એ કામ. ૯૯
અમ સેવકને હે ગુરો ! કરશો નહીં નિરાશ,
સેવા આટલી દઈ પ્રભુ ! પૂર્ણ કરો અભિલાષ." ૧૦૦
એમ કહી વંદી રહ્યા, દાક્તર સહ સહુ ભક્ત;
કાન સરવા સૌ કરે, સૂણવા રંગ સમર્થ. ૧૦૧
સૂણી વચન સહુ ભક્તનાં, મંદ હસે ગુરુદેવ;
બોલ્યા અમૃતવાણ ત્યાં, અવધૂતજી તતખેવ. ૧૦૨
સઘળા અહિયાં જો તમે, ભેગા થઈને એમ;
નવી ગુફાનું તૂત આ, કયાંથી લાવ્યા ? કેમ ? ૧૦૩
નાની આ ગુફા મહીં, છે આનંદ અપાર;
અગવડ-સગવડનો કદી, કરે ન મન વિચાર. ૧૦૪
સાત વેંતને સાથરે, કંબલ પર સૂનાર
મારે મોટા નિવાસની, લગારે શી જરુર! ૧૦૫
એમ કહી અવધૂતજી રેવાના પટ પર;
હસતા મંદ મંદ અહા ! નાખી રહ્યા નજર. ૧૦૬
વચન સૂણી શ્રીરંગના, ભક્તો થાય નિરાશ;
અશ્રુ વ્હેતાં નયનથી, મુખડાં થાય ઉદાસ ! ૧૦૭
મોદી નગીનલાલ, દાકતર વાણી એમ;
લળી લળી વંદન કરી, વિનવે પ્રભુને તેમ. ૧૦૮
અમ ભક્તોની આટલી, ઈચ્છા હે ગુરુરાય !
પૂર્ણ કરો લાવી દયા, પ્રાર્થીએ આપને પાય. ૧૦૯
એમ કહેતાં ભક્તની, આંખે અશ્રુધાર;
વહેવા લાગી જોઈ તે, દ્રવિયા દીનદયાળ. ૧૧૦
જોતાં આંસુ ભક્તનાં, જે દ્રવી ના જાય;
અલખ કહે એ સંતને, ભગવાન શેં કે'વાય ? ૧૧૧
અશ્રુ નેત્રે જોઈને, દ્રવી ગયા ગુરુદેવ;
મધ-મીઠા સ્વરથી પછી, બોલ્યા એ તતખેવઃ ૧૧૨
જુઓ દાક્તર અમે રહ્યા, અવળપંથી અવધૂત;
દુનિયાથી અવળું બધું, નીકળે અમારું તૂત. ૧૧૩
નારેશ્વરમાં જ્યાં સુધી, માજી રહેશે આમ;
ત્યાં સુધી જ અવધૂતનો, રહેશે અહીં મુકામ. ૧૧૪
માજી હશે તે પછી, મારું આ શરીર;
નારેશ્વરમાં નહિ પડે, ખચિત માનજો ધીર. ૧૧૫
મોટી ગુફા તો પછી, મારે માટે એમ;
બંધાવીને વ્યર્થ હા ! ખર્ચ કરાવું કેમ ?' ૧૧૬

ત્યાં તો દાકતર બોલિયા, મારા હે ગુરુરાય !
અમ સૌ ભકતો કરીએ પ્રાર્થના, એક સદાય. ૧૧૭
માજીનું આયુષ્ય પ્રભુ ! સો વરસનું થાય,
વર્ષોનાં વર્ષો સુધી, ભક્તો અહીં ઉભરાય. ૧૧૮
વર્ષો જેટલાં આપ પ્રભુ ! રહેશો ગુફાની માંહ્ય
વરસ તેટલાં આપની, તપસ્યાની ઝાંય ૧૧૯
આવનાર સૌ ભકતોનું, કરશે સદા કલ્યાણ;
યુગોના યુગો સુધી, કરશે ભક્તનું ત્રાણ. ૧૨૦
ગયા પછીથી આપના, આપના તપનું સ્થાન;
નારેશ્વરમાં યુગો સુધી, બનશે તીર્થસ્થાન. ૧૨૧
માટે દો આજ્ઞા અને આશિષ હે ગુરુરાય !
જેથી ગુફા નવીતણું, કામ શરુ થઈ જાય. ૧૨૨
એમ કહીને દાકતર, અવધૂતચરણે શિશ,
નમાવીને માગી અહા ! સદ્‌ગુરુની આશિષ. ૧૨૩
મુલાયમ-માખણ સમું, અવધૂતઅંતઃકરણ;
દ્રવ્યું અને બોલ્યા પછી, સદ્‌ગુરુ અશર્ણ-શર્ણ. ૧૨૪
જો તમ સૌ ભકતોતણી, એમ જ ઈચ્છા હોય;
તો બાંધો ગુફા નવી, મને ન વાંધો કોય. ૧૨૫
પણ મારો એક નિયમ છે, જાણો છો જ બધાય;
કોઈની પાસે કયારેય પણ, હાથ ન ધરવો કયાંય. ૧૨૬
કોણે શું આપ્યું અને, કોનું કેટલું દાન !
એનો શબ્દ એક પણ, પડે ન મારે કાન. ૧૨૭
જાઓ બાંધો ગુફા નવી છે મુજ આશીર્વાદ;
પૂર્વ ઋણાનુબંધ હા કરી રહ્યું છે સાદ. ૧૨૮
સૂણી વચન અવધૂતનાં, હરખ્યા ભકત અપાર;
એકી અવાજે ગજવીયો, અવધૂતનો જયકાર. ૧૨૯
વાણી દાકતરે તે પછી, જઈને અમદાવાદ,
દેવસાહેબ ઈજનેરને, કરી બધી એ વાત. ૧૩૦
ગુફા સાથે કુટિરનો, સુંદર નકશો એમ,
દોરી મુજને આપી દો, જેથી થાયે ક્ષેમ. ૧૩૧
દેવ બાપુરાવ સૂણી, થાતા ખૂબ પ્રસન્ન;
સેવા કરવા સંતની, તક મળી આ ધન્ય. ૧૩૨
બીજે દિન નીકળી ગયા, દાકતર સાથે એમ;
પહોંચી ગયા નારેશ્વરે, ધારી હૈયે પ્રેમ. ૧૩૩
રેવા-સ્નાન કર્યા પછી, કર્યાં સદ્‌ગુરુદર્શન;
દર્શન કરી સદ્‌ગુરુતણાં, થયું મનડું પ્રસન્ન. ૧૩૪

રચના નવી ગુફાતણી, કેવી કરવી તેમ;
સદ્ગુરુ સાથે તે વિષે, વાત કરી સપ્રેમ. ૧૩૫
પછી નવી ગુફાતણો, નકશો દોરી એમ;
સદ્ગુરુચરણે મૂકિયો, ધરી હૃદયમાં પ્રેમ. ૧૩૬
નકશો જોઈ સદ્ગુરુ, થયા અતિ પ્રસન્ન,
જીવન બાપુરાવનું, થઈ ગયું ધન ધન ! ૧૩૭
આજ્ઞા મળતાં જૂની કુટિર, તોડીને તત્ક્ષણ,
એની ઈંટ-માટીતણો, એકે એક કણ કણ ૧૩૮
પધરાવ્યો રેવાતણા, પવિત્ર જળની માંહ્ય !
નૂતન ગડેરા ખોદીને, કાર્યારંભ જો થાય. ૧૩૯
આજુબાજુના વળી, દૂર દૂરના એમ;
ભકતો અનેક ગામના, સેવા કરવા તેમ. ૧૪૦
આવી ગયા નારેશ્વરે, કરવા લાગ્યા કામ;
સદ્ગુરુના સત્કાર્યમાં, છે આરામ હરામ. ૧૪૧
કોદાળી ને પાવડા, તગારાં લઈ તમામ;
ભકતો સૌ લાગી ગયા, ગુરુનું કરવા કામ. ૧૪૨
સુતાર-કડિયા ને વળી, મજૂર ભકત તમામ;
દિગંબરાની ધૂન સહ, સખત કરતા કામ. ૧૪૩
મજૂરીનો એક પણ, પૈસો લીધા સિવાય;
ગામ-ગામના ભકત સૌ, કરતા કામ સદાય. ૧૪૪
નજીકના લીમડા નીચે, ખુરસી નાખી ત્યાંય,
સ્વયં સદ્ગુરુ નિરખતા, ભકતોનું આ કાર્ય. ૧૪૫
ભકતોની શ્રદ્ધા અને, ભક્તિ-ભાવ ઉમંગ,
સદ્ગુરુનું સાન્નિધ્ય હા ! જબરો જામે રંગ ! ૧૪૬
ભાવ-સભર મહેનત થકી, લાગી ના બહુ વાર;
ત્રણેક માસમાં કુટિર-ગુફા, થઈ ગઈ જો તૈયાર. ૧૪૭
શિવપ્રસાદ જોશીએ, પંચાંગ કાઢી એમ;
નવી કુટિરપ્રવેશનું, કાઢયું મુહૂર્ત તેમ. ૧૪૮
સંવત બે હજાર ને, આઠની સાલે એમ;
ચૈત્ર સુદી પૂર્ણિમા શુભ દિન તેમ. ૧૪૯
ગામેગામના ભકતોને, ખબર પડી ગઈ ત્યાંય;
આજે સદ્ગુરુ પ્રવેશ, નવી કુટિર માંહ્ય. ૧૫૦
ઉત્સવ એનો ઉજવવા, અનેક ભક્તો એમ;
નારેશ્વરમાં આવીયા, દૂર દૂરથી તેમ. ૧૫૧
કુટિરની ઉપર અહા ! દત્તનાં ત્રણ સ્વરૂપ,
પધરાવવા ત્રણ ગોખ હા ! રચ્યા હતા અનુપ. ૧૫૨
શ્રીપાદશ્રીવલ્લભ, દત્તાત્રેય ભગવાન,
વાસુદેવાનંદ એમ, ત્રણ પ્રતિમાનું સ્થાન. ૧૫૩
મૂકી કાચની બારીઓ, ત્રણે ગોખ પર આમ;
દર્શન જેથી કરી શકે, દૂરથી ભકત તમામ. ૧૫૪
સંગેમરમરથી અહો ! ત્રણે મૂર્તિઓ એહ,
અચ્છા કો કારીગરે, બનાવી'તી વરદેહ. ૧૫૫
એ દર્શનપ્રતિમાતણું, સ્થાપન કરીને ત્યાંય;
પ્રવેશ કરવાના હતા, સદ્ગુરુ કુટિર માંહ્ય. ૧૫૬
આજે ચૈત્રી પૂર્ણિમા, હજુ તો દિનકરરાય,
નથી પ્રવેશ્યા પૂર્વમાં, તે પહેલાં તો આંહ્ય ૧૫૭
નારેશ્વરમાં ભકત સૌ, કરીને રેવા-સ્નાન;
નવી કુટિરે ભાવથી, ગાયે પ્રાતઃગાન. ૧૫૮
ભસ્મ-પીતાંબર ધારીને, વિપ્રો હા ! વિદ્વાન,
મધુર ઉચ્ચ સ્વરે કરે, વેદમંત્રનું ગાન. ૧૫૯
ત્યાં તો પૂર્વ દિશા મહીં, વિવિધ રંગ રેલાય,
ઉત્સવના સાક્ષી થવા, પધાર્યા દિનકરરાય. ૧૬૦
પ્રથમ સૂર્યરશ્મિ અહા ! રેવાજલ ઉપર,
પડતાં વિધવિધ રંગના, જામ્યા થરના થર. ૧૬૧
નરી સાત્ત્વિકતા અને પવિત્રતાનો પ્રપાત,
નારેશ્વરમાં વહી રહ્યો, કરતો દિવ્ય નિનાદ. ૧૬૨
ત્યાં તો પધાર્યા સદ્ગુરુ, ભકતો ભાવાવેશ;
અંતર છલકાયાં ભાવથી, જોતાં અવધૂતવેષ. ૧૬૩
કર્પટકંથા તન ધરી, ચિંથરીયાળી જેહ;
જોતાં ભકત નયનથી, વહે નેહના મેહ. ૧૬૪
શિર પર એવી ટોપી ને દક્ષ હસ્તમાં દંડ,
ખટખટ રણકે પાદુકા, દેતી સૌખ્ય અખંડ. ૧૬૫
ભકતો સાથે વાતનો, દોર પકડતા જાય;
શબ્દો સાથે વાતમાં, વામ હસ્ત લહેરાય. ૧૬૬
સૂર્યરશ્મિ અવધૂતના, દિવ્ય તને અથડાય;
અથડાતાં ત્યાં તેજના, ફુવારા છલકાય. ૧૬૭
કુટિર સામે આવીને, ઊભા જ્યાં ગુરુરાય;
'અવધૂતચિંતનનાદ'થી, ભકતો અતિ હરખાય. ૧૬૮
સામે બિરાજેલા દત્તનાં, ત્રણ સ્વરૂપને ત્યાંય,
ભાવ-સભર વંદન કરી, બિરાજ્યા ખુરસી માંહ્ય. ૧૬૯
સદ્ગુરુ બિરાજ્યા પછી, હજારો ભાવિક-જન,
નયન ભરી ભરી કરે, સદ્ગુરુતણાં દર્શન. ૧૭૦

ત્યાં તો નારેશ્વરતણા, ધર્મ-કર્મ આચાર્ય,
શિવપ્રસાદ જોશીજીએ, શરૂ કર્યું નિજ કાર્ય. ૧૭૧
ત્રણેય મૂર્તિઓનું અહા ! વિધિપૂર્વક પૂજન,
કરાવીને ઊભા થઈ, સદ્ગુરુને વંદન ૧૭૨
કરી અતિ વિનયથી, વિનવ્યા સદ્ગુરુદેવ;
મૂર્તિ સ્થાપનનો હવે, શુભ સમય છે દેવ. ૧૭૩
માટે હે પ્રભુ ! આપના, શુભ હસ્તેથી એમ;
સ્થાપન પ્રતિમાઓ કરો, જેથી થાયે ક્ષેમ. ૧૭૪
વિનતી સૂણી જોશીતણી, તુર્ત ઊઠયા ગુરુરાજ;
વચ્ચે દત્ત પ્રભુતણી મૂર્તિ સ્થાપન કાજ. ૧૭૫
જ્યાં સદ્ગુરુ ઊભા થયા, ત્યાં તો ગજવ્યો નાદ
'અવધૂત ચિંતન દત્ત'નો, ભકતોએ ભલી ભાત. ૧૭૬
ઊભા થઈ સદ્ગુરુવરે, નજર કરી ચોપાસ,
હતી શોધતી નજર એ, કોઈ ભકતને ખાસ. ૧૭૭
કિન્તુ ભકત મળ્યા નહિ, તેથી ઉચ્ચ સ્વર;
કાઢી બોલ્યા 'દેવ'ને બોલાવો સત્વર. ૧૭૮
દેવસાહેબને ઈજનેર ત્યાં, ભકતોની ભીડ માંહ્ય;
ઊભા ભાવાવેશ મહીં, દૂર ખૂણાની માંહ્ય. ૧૭૯
દેવસાહેબ શોધવા, ભક્તો દોડયા ત્યાંય;
આમ-તેમ શોધી રહ્યા, ભીડમાં મળે ન કયાંય. ૧૮૦
ત્યાં તો જૂના ટ્રસ્ટી જે, ત્રિપાઠી મણિભાઈ;
હાથ ઝાલીને 'દેવ'ને, ખેંચી લાવ્યા ત્યાંય. ૧૮૧
અવધૂતજીની પાસ હા ! જોતાં 'દેવ'ને એમ,
સદ્ગુરુ હાસ્ય કરી પૂછે, 'સંતાઈ જાઓ કેમ ? ૧૮૨
ખોટું લાગ્યું છે કંઈ ! દૂર ઊભા છો ત્યાંય ?
પણ છટકવા નહિ દઉં, તમને અહીંથી કયાંય.' ૧૮૩
'દેવ' કહેઃ 'ના ના પ્રભુ ! એવું નથી જરાય,
આપની આજુબાજુએ, ભીડ અતિશય થાય. ૧૮૪
દૂર એટલે ઊભો હતો, માની મનમાં એમ,
નાહક અહીં ઊભા રહી, ભીડ વધારવી કેમ ? ૧૮૫
તેથી ત્યાં ઊભો હતો, હે મારા ગુરુનાથ,
શી આજ્ઞા છે શિષ્યને, બોલો સદ્ગુરુનાથ.' ૧૮૬
એમ કહીને દેવ ત્યાં, ઊભા જોડી હાથ,
ત્યાં તો બોલ્યા મધુર સ્વરે, નારેશ્વરના નાથઃ ૧૮૭
'જુઓ દત્ત ભગવાનની, આ મૂર્તિની અધ,
કરવાની છે સ્થાપના, તમારા હસ્તે સદ્ય. ૧૮૮
માટે ધીમેથી તમે, ચઢી જાવ ઉપર;
પ્રાગજી મિસ્ત્રી મૂર્તિને, કરી દેશે અદ્ધર. ૧૮૯
ઉપર ખેંચીને તમે, વ્યવસ્થિત રીતે એમ,
મૂર્તિને એ ગોખમાં, ગોઠવી દેજો તેમ.' ૧૯૦
દેવસાહેબનું આ સૂણી, હરખ્યું ચિત્ત અપાર;
ક્ષણ બે ક્ષણ મનમાં અરે ! કરી રહ્યા વિચાર. ૧૯૧
મારા જેવા હીન ને પામર જનને હાથ,
મૂર્તિ સ્થપાવે છે અહા ! ધન્ય ધન્ય ગુરુનાથ ! ૧૯૨
ધન્ય ભાગ્ય મારાં ખરે ! કરતાં એમ વિચાર;
કુટિર ઉપર પહોંચી ગયા, દેવ સાહેબ તે વાર ૧૯૩
ઊભા થઈને ત્યાં જુએ, અનેક નર ને નાર,
રંગ-દત્ત અવધૂતનો, કરતા જયજયકાર. ૧૯૪
વાગે મંગલ વાદ્ય ને વેદમંત્રો ભણાય,
ધજાપતાકા કુટિર પર ફર ફર ફર લહેરાય. ૧૯૫
હજારો ભકતોતણી, નજર થઈ છે સ્થિર;
સ્થાપિત જોવા મૂર્તિને, આંખો બની અધીર. ૧૯૬
અવધૂતજીએ મૂર્તિને, પહેરાવ્યો ફૂલહાર;
ત્યાં તો ગગને ગાજિયો, દત્તતણો જયકાર. ૧૯૭
જેવી પ્રાગજી મિસ્ત્રીએ, મૂર્તિ કરી અદ્ધર;
ઉપર 'દેવ' ખડા હતા, લઈ લેવા સત્વર. ૧૯૮
જેવા દેવ સાહેબ એ, મૂર્તિ લેવા જાય,
ત્યાં તો કોઈની જો તિહાં, ટકકર લાગી હાય ! ૧૯૯
ટકકર વાગતાં મૂર્તિનો, તૂટયો જમણો હાથ;
તૂટી ખોળામાં પડયો, અવધૂતના સાક્ષાત્. ૨૦૦
હાથ તૂટતાં એકદમ, સોપો પડતો ત્યાંય;
વેદમંત્ર જયકાર બધું, રહી ગયું મુખની માંહ્ય. ૨૦૧
મૂર્તિના સ્થાપન સમે, મૂર્તિ ખંડિત થાય;
તો તે અપશુકન થકી, યદ્વા-તદ્વા થાય. ૨૦૨
સૌના જીવ અદ્ધર થયા, ચઢ્યા તાળવે પ્રાણ;
સ્થાપતાં મૂર્તિ ભાંગે તો, અમંગલ એ એંધાણ. ૨૦૩
સન્નાટો છાયો બધે, અદ્ધર થઈ ગયા શ્વાસ;
અવધૂતજી ક્રોધિત થશે, થઈ જાશે વિનાશ. ૨૦૪
ભકત બધા બાઘા બની, મનમાં અતિ અકળાય;
હાથ ભાંગ્યો મૂર્તિતણો, અરે ! હવે શું થાય ? ૨૦૫
લોક બધા વ્યાકુળ થઈ, જોઈ રહ્યા ચોપાસ;
ત્યાં તો અવધૂતજી વદ્યા, કરતા ખડ ખડ હાસ્ય ૨૦૬

'સ્વયં દત્ત ભગવાન હા ! ભાંગીને નિજ હસ્ત;
મુજ ખોળામાં નાખીને, કહી રહ્યા છે મસ્ત. ૨૦૭
તારો જમણો હાથ હા ! ભાંગેલો છે આમ,
તો મારો જમણો હાથ પણ, નવરો રહે શું કામ ? ૨૦૮
તારો હાથ સાંધી દીધો, હાડવૈદ્યે જેમ;
મારો હાથ પણ એમ તું, સાંધી દે તું તેમ.' ૨૦૯
એમ કહી અવધૂતજીએ, પ્રાગજી મિસ્ત્રી પર,
અર્થસૂચક દૃષ્ટિ કરી, મિસ્ત્રીએ સત્વર ૨૧૦
પ્લાસ્ટર ઓફ પેરીસ હા ! મંગાવીને એમ;
મૂર્તિનો એ હાથ હા ! સાંધી દીધો તેમ. ૨૧૧
ક્ષણ બે ક્ષણમાં આ બન્યું, રહ્યો ન કોઈને ખ્યાલ;
અવધૂતજીના શબ્દથી, વ્યાપ્યો હર્ષ અપાર. ૨૧૨
વાગ્યાં મંગલ વાદ્ય ને થયાં વેદનાં ગાન,
ગોખમાં સ્થાપિત થઈ ગયા, સ્વયં દત્ત ભગવાન. ૨૧૩
શ્રીપાદશ્રીવલ્લભ, વાસુદેવગુરુ એમ,
આજુબાજુ દત્તની, બેઠા સ્થાપિત તેમ. ૨૧૪
આનંદ આનંદ થઈ ગયો, વિઘ્ન-વાદળ જેહ;
અવધૂતજીના શબ્દથી, વિખર્યું પળમાં તેહ. ૨૧૫

અલખ કહે અવધૂતની, એક વિશેષતા આંહ્ય;
જે મેં જોઈ તે અરે ! બીજે ન જોઈ કયાંય. ૨૧૬
હસ્તભંગ મૂર્તિ થતાં, ભક્તોને લાગ્યું એમ;
અવધૂતજી ગુસ્સે થશે, લઢશે ફાવે તેમ. ૨૧૭
પણ અવધૂત હસી રહ્યા, ખડખડાટ તે વાર;
મધમીઠી વાણી વદ્યા, ક્રોધ કર્યો ન લગાર. ૨૧૮
ગંભીરતાને એમ હા ! કરી મધુરું હાસ્ય;
પલટાવી આનંદમાં, લાવી દે હળવાશ. ૨૧૯
જે પ્રભુએ નિર્માણ હા ! કર્યું હોય તે થાય;
તેનો શોક વૃથા કરી, મૂરખ દુઃખી થાય. ૨૨૦
અલખ કહે આ પ્રસંગથી, આપે અવધૂત બોધ;
ગમે તેવા પ્રસંગમાં, કદી ન કરીએ ક્રોધ. ૨૨૧
અવધૂતજીના અંતરે, જલતો જ્ઞાન-પ્રકાશ;
ગંભીરતા પલટાવીને, લાવી દે હળવાશ. ૨૨૨
રક્ષે સદા નિજ ભક્તને, રંગરૂપી દત્ત;
દેવા શિક્ષણ લોકને, ભાંગ્યો મૂર્તિ-હસ્ત ! ૨૨૩
આ અધ્યાયે એ કથા આગળ અપૂર્વ જાણ;
અલખ નિરંજનને કહે, 'બાલક' ભક્તને માન ! ૨૨૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દયુનીલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે નૂતનગુફાપ્રવેશો નામ ચતુઃષષ્ટિતમોઽધ્યાયઃ ॥૬૪॥ દોહરા ૨૨૪ ॥ **સપ્તાહપારાયણ - ૬ ઠ્ઠો દિવસ**

## અધ્યાય : ૬૫

અલખ કહે સૂણ શિષ્ય તું, અવધૂતલીલા અપાર;
આ કળિયુગમાં એજ છે સૌની તારણહાર. ૧
નવધા ભક્તિમાં અહા ! નારદજીએ એમ,
સૌથી પહેલાં મૂકી છે, શ્રવણભક્તિને તેમ. ૨
લીલાશ્રવણનું તે થકી, માહાત્મ્ય છે અપાર;
પ્રસન્ન મનથી સૂણ તું શ્રદ્ધા ધરી નિર્ધાર. ૩
કલિમલહારક આ લીલા, શ્રવણે પાતક જાય;
ભાગે મલિન વિચાર ને અંતરશુદ્ધિ થાય. ૪
કેવા હતા અવધૂતજી ! ભક્તોનાં જે દુઃખ
લઈ લેતા નિજ શરીર પર, દેવા ભક્તને સુખ. ૫
તે સમે નારેશ્વરે અવધૂત સદ્‌ગુરુ આમ,
ભિક્ષા લઈ નિત્યે કરે, ગુફામહીં આરામ. ૬
અલખ કહે સૂણ શિષ્ય હે ! જેનું મન અવિરામ,
બ્રહ્મ સાથ સંલગ્ન છે તેને શો આરામ ? ૭

છતાં લીલા મનુષ્યની, કરવાને ગુરુરાય;
ગુફામાં જઈ પાટ પર, આડે પડખે થાય. ૮
ચિત્તતણું સંધાન હા ! પરબ્રહ્મની સાથ,
અર્ધોન્મિલિત નેત્રથી પડ્યા રહે ગુરુનાથ. ૯
બાહ્યભાન આ દેહનું, ત્યારે રહે ન લગાર;
ચિત્ત લક્ષ્યમાં લઈ લૂંટે, બ્રહ્માનંદ અપાર. ૧૦
બ્રહ્માનંદની મસ્તીનો, એ અનહદ આનંદ;
વિરલો અવધૂત યોગી કો, માણે થઈ ઉન્મન !! ૧૧
ગ્રીષ્મ ઋતુમાં એક દિવસ, ભિક્ષા લઈ ગુરુરાય;
કરવાને આરામ હા ! ગયા ગુફાની માંહ્ય. ૧૨
ગ્રીષ્મ ઋતુના સૂર્યનો, પ્રખર પડતો તાપ;
શરીરપ્રકૃતિ પિત્તની, વધે પિત્તનો વ્યાપ. ૧૩
તેથી જલ પીવાતણી, પળપળ ઈચ્છા થાય;
જ્યમ જ્યમ જલ પીએ અહા ! ત્યમ ત્યમ વધતી જાય ! ૧૪

તરસ છીપાવવા ત્યાં કરે, અવધૂત એક ઉપાય;
લીંબું નિચોવી પાણીમાં, પીતા જો ગુરુરાય. ૧૫
એક પ્યાલા પાણીમાં, અર્ધું લીંબુ એમ;
નિચોવીને પી જતા, તરસ છીપતી તેમ. ૧૬
તેથી સેવક શું કરે ? એક રકાબી માંહ્ય,
લીંબુ ને છરી સાથમાં, મૂકી રાખે ત્યાંય. ૧૭
તરસ લાગે જ્યાહરે, લીંબુ કાપી એમ;
જાતે નિચોવી બાપજી. તરસ છીપાવે તેમ. ૧૮
એક દિવસ ભિક્ષા પછી, સમર્થ સદ્‌ગુરુરાય;
લેવાને આરામ હા ! ગયા ગુફાની માંહ્ય. ૧૯
આડે પડખે જ્યાં થયા, ત્યાં તો લાગી તૃષાય;
લીંબુ-જલ પીવા પ્રભુ, તુર્ત તૈયાર થાય. ૨૦
ડાબા હાથે લીંબુ લઈ, ચપ્પુ જમણે હાથ;
જેવા લીંબુને કાપવા જાતા સદ્‌ગુરુનાથ, ૨૧
ત્યાં તો લીંબુ હાથથી છટકી ગયું ઓ બાપ !
પડતો ડાબા હાથની આંગળી ઉપર કાપ. ૨૨
ઊંડો ખાસ્સો એ ગયો, વહી રકતની ધાર;
અવધૂતજીને ઘાતણી, ખબર પડી ન લગાર !! ૨૩
પ્રભુ સાથે હા ! જેહનું થયું છે સ્વર-સંધાન,
અલખ કહે નિજ દેહનું, રહે ન તેને ભાન. ૨૪
લીંબુ શોધવા આસપાસ, નજર કરે સદ્‌ગુરુવર;
ત્યાં તો જાતી એ અહા ! નિજની આંગળી પર. ૨૫
ચપ્પુ કેરા ઘાવથી રકત ટપકતી એહ,
જોતાં આંગળી રંગના હૃદે થયો સંદેહઃ ૨૬
"લીંબુ કાપતાં આંગળી જરૂર કપાઈ આજ,
વ્હેતા લોહીને રોકવા ઈચ્છી સદ્‌ગુરુરાજ; ૨૭
ગયા ગુફાની ટાંકીએ, છોડી નળને જાણ,
ધરી રાખી નિજ આંગળી, કંઈક સમય તું માન, ૨૮
લોહી વ્હેતું એમ જ્યાં, થાતું બંધ સુજાણ;
સૂઈ ગયા અવધૂતજી નિશ્ચિંત થઈને માન. ૨૯
નિશ્ચિત સમયે એમના, નીકળ્યા ગુરુજી બહાર;
બેસી ગયા જો ઓટલે પૃચ્છા કરી તે વાર. ૩૦
કોણ કોણ આજે આવિયું, થાતાં મધ્યાહ્‌ન કાળ;
બચુભાઈએ કહી દીધું, સઘળું જો તત્કાળ. ૩૧
ત્યાં તો અવધૂત બોલિયા, જોને બચુ આ ગમ;
આંગળી ઉપર વાગીને, થયો લાગે જખમ. ૩૨
બચુભાઈએ જોયું ત્યાં, ઊંડો ઘા દેખાય;
દુઃખી હૃદયે પૂછતાઃ 'કેમ થયું ગુરુરાય ?' ૩૩
અવધૂતપાસે વિગતથી વાત જાણીને ત્યાંય,
બોલ્યા બચુભાઈઃ- બાપજી ! આવું કૈં તે થાય ! ૩૪
બૂમ પાડી હોત મને, આવી જાત હું તુર્ત;
લીંબુ કાપી નિચોવીને, આપત સદ્‌ગુરુ તુર્ત. ૩૫
ભકતવત્સલ બાપજી, બોલ્યા ત્યાં તો વાણઃ
'નાહક તમને પીડવા' નાના કામે જાણ. ૩૬
શી કરવી દવા હવે આની ? વદ તું ઝટ,
ઉપાય કરતાં જે સારું થઈ જાય પટ. ૩૭
બચુભાઈ ત્યાં બોલિયાઃ દિવેલ બાપજી ! સરસ;
એજ લગાડે ગામડે, આદમી મહેનતકશ. ૩૮
ગરમ કરી દિવેલને, ઠંડું પાડી તેમ;
પાટો બાંધી ઘા પરે, રોજ નિત એમ; ૩૯
લગાડતાં દિવેલને મોટા ઘા રુઝાય;
દેશી આ ઉપચારથી, ધનુર વળી ના થાય. ૪૦
જઈ આવું ડોલડાલ હું, ત્યાં લગીમાં જાણ;
તૈયારી કર તું બધી, સ્નાન પછીથી માન; ૪૧
દવા તારી આજથી, કરીશું સઘળી આંહ્ય;
એમ કહી નિત નિયમથી, કરતા કાર્ય જો ત્યાંય. ૪૨
માજીને ખબર પડી, મોદીજીને તેમ;
દુઃખી સર્વે જો થયાં, દોડ્યા આમ ને તેમ. ૪૩
રોકી સર્વને બોલતા, અવધૂત રંગ તે પળ,
સૂચવી બચુએ જે દવા, કરવી અહીં કેવળ ! ૪૪
પાટો બાંધવા કરી રહ્યા, બચુભાઈ તો વિચાર;
'અરે ! આ અવધૂતને, દેહભાન ન લગાર ! ૪૫
નિજ મસ્તીમાં મસ્ત જે, રહે ન દેહનું ભાન;
સદા સદ્‌ગુરુ સાથ હા ! જેનું સ્વરસંધાન. ૪૬
વળતી વિચારે જો તિહાં, ઊગ્યું પૂર્વનું પુણ્ય !
બાંધું પાટો કૃષ્ણને દ્રૌપદી સમ હું ધન્ય !!' ૪૭
ત્યાં તો ઘાને યાદ કરી, દુઃખી થાતા જાણ;
સહન ગુરુથી શેં થયું ? દુઃખ ઘાનું માન ? ૪૮
જાણી ગયા અવધૂતજી, કહેવા લાગ્યા ત્યાંય;
બચુભાઈને પ્રેમથી, દુઃખી શાને થાય ? ૪૯
મારા સદ્‌ગુરુદેવનું, ધાર્યું જગમાં થાય;
લીલા આંગળ-કાપની, જરૂર એમની જણાય. ૫૦

કપાઈ મારી આંગળી, વહી રકતની ધાર;
એમાં પણ સદ્‌ગુરુતણા, લાગે શુભ અણસાર ! ૫૧

ભલેને મારી આંગળી, કપાઈ આજે જાણ;
મસ્તક કપાતું જરૂર કોઈ, બચ્યું હશે તું માન !’ ૫૨

સૂણી શબ્દ બચુભાઈ ત્યાં મનમાં કરે વિચાર;
“એવા કો સદ્‌ભાગીનો થયો હશે ઉદ્ધાર ?” ૫૩

ત્યાં તો અવધૂત બોલિયા, “પાટો જોરથી જાણ,
બાંધો બચુભાઈ જેથી તે, છૂટી જાય ન માન” ૫૪

પૂછયું વળી ‘દિવેલથી, પાક થશે કે કેમ ?’
તુર્ત ઉત્તર ત્યાં મળે ‘નહીં પાકે જો એમ !!’ ૫૫

ભકત અને ભગવાનનાં, મન થયાં પ્રસન્ન;
દિવસ ગયો ને રાત પડી, પ્રભુએ કર્યું શયન. ૫૬

સદ્‌ગુરુને પોઢાડીને, બચુભાઈ નિજ સ્થાન
ગયા અને આડા પડયા, સ્મરતા શ્રી ભગવાન. ૫૭

સૂતાં સૂતાં એમને ત્યાં તો થાય વિચાર,
“દિવેલથી તો ઘા અરે ! પાકે છે ઘણી વાર !!” ૫૮

વિચાર આવો આવતાં, બચુભાઈ તો એકદમ
બેઠા થઈ પથારીમાં, ચિંતા કરે હરદમ. ૫૯

“આખી રાત દિવેલની અસર ઘા પર થાય,
પ્રાતઃકાલ થતાંજ અરે ! આંગળી પાકી જાય. ૬૦

આંગળી પાકતાં પાકથી, પીડા થાય અપાર,
સૂઝ્યું શું આ મને અહા ! ઓ મારા ગુરુરાય !!” ૬૧

એવી રીતે બચુભાઈ હા ! અંતર દુઃખી થાય,
પાકે ના શી રીતથી, શોધી રહ્યા ઉપાય ! ૬૨

‘પાકે તો તો થાય શું ?’ એવો કરતાં વિચાર,
બચુભાઈનું અંગ હા ! ધ્રૂજી ઊઠે તે વાર ! ૬૩

આધિ વ્યાધિ ઉપાધિનું કરવાને જો શમન,
એક જ છે ઉપાય ને તે છે નામ-જપન. ૬૪

વિચાર કરે બચુભાઈ ત્યાં ‘કરવું કોનું રટણ ?
સદ્‌ગુરુ વિણ આરો નહિ કરું આજ ગુરુ-સ્મરણ.’ ૬૫

મારા ગુરુ મહારાજ હે ! તું જ મારો ભગવાન !
પ્રાર્થું તમને થાય ના, પાક વા કંઈ આન !! ૬૬

‘શ્રીરંગઃ શરણં મમ’ જપતા દિવસ રાત;
પાટા બાંધ્યા આઠ દિન, રોજના ત્રણ ભલી ભાત. ૬૭

ધીરે ધીરે આંગળી, રૂઝાતી જો જાય;
પાટા બદલાતા રહે, પ્રાર્થના સાથે ત્યાંય. ૬૮

મંદ હાસ્ય કરી સદ્‌ગુરુ, બોલ્યા મધુર વચન;
જાણે મુખદ્રુમથી ખર્યાં મધ ઝરતાં સુમન ! ૬૯

“જોને બચુભાઈ ! તાહરી દવા થકી સત્વર
આંગળી સારી થઈ ગઈ, પડી ન કાંઈ ખબર !” ૭૦

એમ કહી સદ્‌ગુરુવરે, લંબાવી નિજ હાથ;
બચુભાઈને આંગળી બતાવી અહા સાક્ષાત્. ૭૧

બચુભાઈએ જોયું તો આંગળી તદ્દન સાફ !
ઘા પણ દેખાતો ન’તો, ભૂલ થઈ ગઈ માફ ! ૭૨

બચુભાઈના અંતરે, વ્યાપ્યો હર્ષ અપાર;
કૃતજ્ઞતાભરી આંખથી વ્હેતી આંસુધાર. ૭૩

કંઠ ગદ્‌ગદ્ થઈ ગયો, મુખથી ના બોલાય;
અગમ્ય લીલા રંગની શી રીતે વર્ણાય ? ૭૪

સદ્‌ગુરુની આ આંગળી, પાકે ના તે માટ
એ જ સદ્‌ગુરુપ્રાર્થના હૈયે ધરી ઉચાટ ! ૭૫

ગોળ કેરા ગણપતિ ને ગોળ કેરો પ્રસાદ !
અર્પી ભાવે અહીં અહો ! પામે દિવ્ય પ્રતિસાદ !! ૭૬

આનંદ આનંદ થઈ ગયો, પડ્યો ભકતનો વટ;
પાકયું નહીં દિવેલથી, સારું થયું જો ઝટ ! ૭૭

ટેક રાખે ભકતની, અંતર્યામી રંગ;
સાથે શીખવ્યો પાઠ પણ કરી અહંનો ભંગ !! ૭૮

શિષ્ય નિરંજન સૂણ તું; બચુભાઈ છે બડભાગ;
પાટા ચોવીસ બાંધિયા, રાખી ચિત્ત સજાગ. ૭૯

દ્રૌપદી ભગવાનને બાંધે પાટો એક,
રાખી ભાવો અવનવા, હૈયે દુઃખી છેક; ૮૦

તેથી રાખે લાજને કૃષ્ણ સ્મરી ઉપકાર,
રંગે રાખ્યો ટેકને, કર્યો ભકત જયકાર ! ૮૧

અંતરના ઊંડાણથી, શ્રદ્ધા ભાવથી એમ;
ચિંતા છોડી ચિત્તને રાખી લક્ષ્યમાં તેમ; ૮૨

નીર ઝરતી આંખથી જેહ પ્રાર્થના થાય,
તેહ પ્રાર્થના વિશ્વમાં, કદી ન નિષ્ફળ જાય ! ૮૩

માટે સદ્‌ગુરુને ભજો, ત્યજી આળ પંપાળ;
સદ્‌ગુરુ સ્મરતાં ભાવથી, કંપી રહે છે કાળ. ૮૪

સદ્‌ગુરુ આ સંસારમાં સર્વ શ્રેષ્ઠ છે દેવ,
બ્રહ્મા વિષ્ણુ મહેશ સૌ, કરતા ગુરુની સેવ. ૮૫

જન્મી જગમાં થાય નહીં, જ્ઞાન વિના ઉદ્ધાર,
જ્ઞાન મળે નહિ ગુરુ વિના, સદ્‌ગુરુ તારણહાર. ૮૬

સાંભળ શિષ્ય હવે કહું, કપાઈ આંગળી કેમ ?
અવધૂતજીની જો અહીં લીંબુ કાપતાં તેમ. ૮૭
કપાઈ જ્યારે આંગળી વહી રકતની ધાર,
ત્યારે પ્રભુ બોલ્યા હતા, હાસ્ય વદનથી એમઃ ૮૮
'ભલે કપાઈ આંગળી વહી રકતની ધાર,
પણ મસ્તક કોઈ ભકતનું બચ્યું હશે આ વાર!" ૮૯
એ વચનનું રહસ્ય તું, સાંભળ શિષ્ય સુજાણ;
નિજનું રકત વહાવીને કોના બચાવ્યા પ્રાણ ! ૯૦
રાજપીપલા નગરના મિસ્ત્રી પ્રાગજીભાઈ,
પરમ ભકત અવધૂતના, કામ કરે નિત ધાઈ, ૯૧
અવધૂતજી પ્રત્યે હતો, એમને અતિશય પ્રેમ;
તન, મન, ધન, ઓવારી દે સદ્ગુરુ માટે તેમ. ૯૨
નારેશ્વરનું નિબિડ વન, થાતું નંદનવન;
એની પાછળ મિસ્ત્રીની મહેનત હતી ગહન. ૯૩
મિસ્ત્રીનો લક્કડતણો, મોટો હતો વ્યાપાર;
કાષ્ઠ-કાપ યંત્રો હતાં, રાજપીપલા મોઝાર. ૯૪
રાચ-રચીલું કાષ્ઠનું બનાવીને એમ,
વેચ-રાખનો ધંધો એ, કરતા મોટો તેમ. ૯૫
મોટાં-મોટાં આલયો બાંધતા આલિશાન,
કંતરાટીનું કામ એ, કરતા રાખી ધ્યાન. ૯૬
આવો મોટો ધંધો પણ છોડીને એકવાર
આવી પહોંચે દોડતા નારેશ્વર મોઝાર ! ૯૭
મકાન ઘણાં નારેશ્વરે સુંદર જે દેખાય;
એની પાછળ મિસ્ત્રીની મહેનત જો ડોકાય. ૯૮
વિશ્વકર્મા સ્થાનના, નારેશ્વરના એહ;
આજે પણ સહુ ભકત હા ! માને નિઃસંદેહ. ૯૯
લક્કડપીઠું એમનું, ચાલે ધમધોકાર;
કાષ્ઠ-યંત્રથી કાષ્ઠ હા ! કપાય પાસાદાર. ૧૦૦
કાષ્ઠ-પીઠાપર એમના, એમનો દીકરો યુવાન;
કરે-કરાવે કામ ને રાખે સઘળું ધ્યાન. ૧૦૧
એક દિ' લક્કડપીઠમાં, આવ્યું કામ અપાર;
લાકડું કાપી વહેરીને કરવા પાસાદાર. ૧૦૨
લાકડાં કાપવાનું અરે ! કરવતયંત્ર અપાર,
ધમ્ ધમ્ અવાજ કરતું હા ! ચાલે ધમધોકાર. ૧૦૩
ઘણું જોખમી યંત્ર આ, જીવલેણ કહેવાય;
કામદાર જો ભૂલથી જરાક ગફલત ખાય; ૧૦૪
આવી જાય એ યંત્રમાં, હાથ, પગ કે કાય;
ક્ષણ બે ક્ષણમાં કપાઈને, ટુકડે ટુકડા થાય !! ૧૦૫
પ્રાગજીભાઈનો દીકરો, ચપળ ને હોશિયાર,
કરવતયંત્રે ઊભો રહી, કામ કરે તે વાર. ૧૦૬
ઉનાળાના દિવસના થયા સાડા અગિયાર,
તાપ પડે ને યંત્રનો થાય અવાજ અપાર. ૧૦૭
યંત્રોના ઘર્ષણ થકી થાય અતિ ચિત્કાર,
કાન પડયું સંભળાય ના, કોઈને કયાંય લગાર. ૧૦૮
પ્રાગજીભાઈનો દીકરો વજુભાઈ છે નામ,
કરવતયંત્રે ખંતથી, કરી રહ્યો છે કામ. ૧૦૯
અતિ ચપળ છે છોકરો, પ્રાગજીભાઈનો માન,
તોયે આજે થાપ ખઈ, ચૂકી ગયો એ ધ્યાન. ૧૧૦
ધ્યાન ચૂકતાં યંત્રમાં, ભરાઈ એની કાય;
ક્ષણમાં થઈ જાશે અહો ! ટુકડા એના હાય ! ૧૧૧
સૂણ નિરંજન તે સમે ચમત્કાર સર્જાય,
વજુભાઈ ઊછળી પડ્યા, ધરતી પર જો ત્યાંય. ૧૧૨
સઘળા દોડે એકદમ, અનર્થ કલ્પી ત્યાંય;
વજુભાઈની યંત્રમાં, જરૂર કપાઈ કાય ! ૧૧૩
કિન્તુ અહીં તો તેમને, સારા નરવા આમ,
જોઈ અચરજ જો થયું, દિઙ્મૂઢ થયા તમામ. ૧૧૪
ઉઝરડો રે ! એક પણ, તન પર ના દેખાય;
શી રીતે નરવા રહ્યા, પૂછે સઘળા ત્યાંય. ૧૧૫
વજુભાઈ ત્યાં બોલતાઃ 'યંત્રે ભરાશે કાય,
જાણીને મેં તુર્ત ત્યાં, સ્મર્યા રંગ ગુરુરાય. ૧૧૬
ઓચિંતો હું ફેંકાઈ ગયો, કારણ ના કલ્પાય;
સાંભળી વચન જો એમનાં, આનંદ ત્યાં વર્તાય ! ૧૧૭
અલખ કહે સૂણ શિષ્ય હે ! કેવા રંગ દયાળ !
સ્મરણમાત્રે ભકતના દોડી ગયા તત્કાળ. ૧૧૮
આશ્ચર્યકારક શું ન આ ? થયો વા ચમત્કાર ?
ભકતવત્સલા ભકતની કેવી કરે છે વ્હાર ! ૧૧૯
જે સમે વજુભાઈની, યંત્રે કાય ભરાય;
તે જ સમે અવધૂતની, અંગુલિ જોને કપાય !! ૧૨૦
વિચાર કર તું શિષ્ય હે ! અહીં સમય-સંધાન,
અવધૂત એના ભકતનું કેવું રાખે ધ્યાન ! ૧૨૧
લીંબુ નિમિત્તે આંગળી કાપી વહાવ્યું રકત,
પણ મૃત્યુ કેરી ઝપટથી રક્ષ્યો નિજનો ભકત ! ૧૨૨

પ્રાગજીભાઈના માણસે, કરી બધી આ વાત;
જાણી સઘળું ભકતજન, સદ્‌ગુરુપદયશ ગાત. ૧૨૩
સૂણી સઘળી વાતને, ભકતો થયા પ્રસન્ન;
પ્રાણ બચાવ્યો ભકતનો, કોટિ કોટિ વંદન !! ૧૨૪
એમ ભકત વંદી રહ્યા, થઈ ભાવથી મત્ત;
એક અવાજે બોલિયા 'જય જય જય ગુરુદત્ત' ૧૨૫
નારેશ્વરમાં રહી પ્રભુ, લીલા કરે અપાર;
વર્ણવવા બધી જાઉં તો, થાય ગ્રંથ વિસ્તાર. ૧૨૬
સૂણ ભરૂચ જિલ્લા મહીં, પખાજણ છે ગામ;
ત્યાંના વતની પટેલ હા ! શિવલાલભાઈ નામ. ૧૨૭
ભરૂચની એક બેન્કમાં, કરે નોકરી એહ;
ભાડાનું ઘર રાખી અને રહે ભરૂચમાં તેહ. ૧૨૮
ત્રીજે માળ રહેતા હતા, કુટુંબસહ એ ઠામ;
હતો એમને દીકરો, વિપિન એનું નામ. ૧૨૯
ત્રણ દીકરીઓ પર હતો, દીકરો એકનો એક;
વહાલો અતિ મા બાપને, લાડીલો બહુ છેક. ૧૩૦
ત્રણ વર્ષનો વિપિન એ, હતો ખૂબ ચકોર;
હર્ષાવે મા-બાપને, કરી શોરબકોર. ૧૩૧
કરે વિવિધ તોફાન ને બોલે કાલા બોલ,
માત-પિતાના હર્ષનો, કોણ કરે હા ! તોલ ! ૧૩૨
બાપ ગયા 'તા બેન્કમાં, મા કરતી કંઈ કામ;
દોડતો વિપિન આવિયો, બારી પાસે આમ. ૧૩૩
બારી ઉપર ચઢી અને નીચે જોવા જાય,
ત્યાં તો પગ ખસી ગયો, વિપિન પડ્યો રે હાય ! ૧૩૪
ત્રીજે માળની બારીથી, પટકાયો ભૂપર;
ઊંધે માથે એ પડયો, ખૂબ વાગ્યું શિરપર. ૧૩૫
માથું કચ્ચકઘાણ થયું, વહે રકતની ધાર;
દોડો ! બચાવો ! એમ ત્યાં, લોક કરે પોકાર. ૧૩૬
માને ખબર પડી અરે ! પડી ગયો નિજ લાલ,
બની બાવરી દોડતી. જાય નીચે તત્કાલ. ૧૩૭
રડી પડી દેખી તિહાં, દીકરા કેરા હાલ"
"ચાલો દાકતર પાસ હા ! લઈ હાલને હાલ ૧૩૮
સેવાશ્રમ ઈસ્પિતાલમાં, લઈ ગયા તત્કાલ.
ખબર પડતાં દોડતા, આવી ગયા શિવલાલ. ૧૩૯
બાઘા સમ અતિ દુઃખથી, જોઈ લાલના હાલ;
શિવલાલ રુદન કરી કહે : 'નહિ જીવે મુજ લાલ". ૧૪૦

મોટા મોટા દાકતરો, ભેગા થઈ તત્કાલ;
વિવિધ રીતથી જો કરે, બાળકની સારવાર. ૧૪૧
ફોટા લીધા મગજના, પાટાપીંડી તેમ;
ઈંજેકશન આપ્યાં ઘણાં, ચઢાવ્યા બાટલા તેમ. ૧૪૨
બે દિન લગ દાકતર કરે, ઘનિષ્ઠ જો સારવાર,
બાળક ન આવે ભાનમાં, પડ્યો ફેર ન લગાર. ૧૪૩
ત્રીજે દિન દાકતર વદે, શિવલાલને એમઃ
"હવે અમારા હાથમાં, ઉપાય કોઈ ના તેમ. ૧૪૪
ત્રણ દિવસ મથ્યા છતાં અસર દવાની કયાંય
આ બાળક પર થતી નથી, કહે હવે શું થાય ? ૧૪૫
ઉપરવાળો દેવ હા ! કરે જો કંઈ મહેર,
તોજ તમારો બાળ આ જીવતો જાયે ઘેર." ૧૪૬
એમ વદી દાકતર તિહાં, મુખડું કરી ઉદાસ;
ધીમેથી ચાલ્યા ગયા, કરી સહુને નિરાશ. ૧૪૭
ત્યાં તો શિવલાલ પૂછતા, દેખી દાકતર અન્ય;
લઈ જઈએ મુંબઈ યદિ બચશે ? કહો સુધન્ય ! ૧૪૮
બીજા દાકતર પણ અહા ! બોલ્યા થઈ ઉદાસઃ
'મુંબઈ લઈ જાઓ છતાં, મને નથી કંઈ આશ; ૧૪૯
કદાચ મુંબઈ લઈ જશો તે મુંબઈ પહોંચતાં પહેલ,
રસ્તામાં જ આ બાળનો ખલાસ થાશે ખેલ.' ૧૫૦
સૂણી દાકતરનાં અરે, દુઃખદ અશુભ વચન;
માતપિતા ને સગાં સહુ, કરી રહ્યાં રુદન. ૧૫૧
સૂણી રુદન સૌ જનતણાં, દાકતર થોભ્યા લગાર;
ફરી તપાસ્યો બાળને બોલ્યા કરી વિચારઃ ૧૫૨
"અરે ! એના કાનથી પાણી વહે છે બહાર,
વહેતું બંધ આ થાય તો આશા હજીય લગાર. ૧૫૩
વહેતી બંધ થવા અરે ! પાણીની એ ધાર,
કર્યા અમે અત્યાર સુધી ઘણા ઘનિષ્ટ ઉપચાર. ૧૫૪
પણ તે સફળ થયા નહિ, તેથી છોડી આશ;
પ્રાણી માત્ર લાચાર છે મૃત્યુ આગળ ખાસ. ૧૫૫
સૂણી વચન દાકતરતણાં, વ્યાપે ઘોર નિરાશ;
સગાં વહાલાં આપ્તજન નાખી રહ્યાં નિઃશ્વાસ. ૧૫૬
ત્યાં તો શ્રીનરેન્દ્રભાઈ ઝવેરી, સાહેબ એમ,
ધીમા પણ મક્કમ સ્વરે, બોલ્યાઃ "રડો છો કેમ ? ૧૫૭
હજુ તો એ બાળકતણો, ધબકી રહ્યો છે પ્રાણ;
માટે મારી વાત પર આપો સર્વે ધ્યાન. ૧૫૮

ઉપાય દવાનો ના રહ્યો, પ્રાર્થો સંત સુજાણ;
દુવા-દયા અવધૂતની, નિશ્ચય રક્ષે પ્રાણ. ૧૫૯
નારેશ્વરના સંત જે સમર્થ રંગ અવધૂત;
મારા એ ગુરુદેવ છે, સ્વયં દત્તના દૂત.' ૧૬૦
'દત્તબાવની' એમની, દેણ મોટી છે જાણ;
શ્રદ્ધાથી પઢતાં અહા ! શબમાં આવે પ્રાણ. ૧૬૧
માટે જાઓ એક જણ, જલ્દીથી મુજ ઘેર;
દત્તબાવની છે ઘણી, લઈ આવો સુપેર'' ૧૬૨
ત્યાં તો ઉપડ્યો એક જણ, ઝડપી વાહન પર;
દત્તબાવની લઈ તિહાં આવી ગયો સત્વર. ૧૬૩
વિપિન કેરી પથારીની, આસપાસ સહુ સજ્જન;
શ્રદ્ધાથી 'દત્તબાવની' કરવા લાગ્યા પઠન. ૧૬૪
પાઠ કરતાં સર્વની, આંખે જલ ઉભરાય;
પાઠ બાવનીના અહા ! બહુ શ્રદ્ધાથી થાય. ૧૬૫
રડતી આંખે શિવલાલ, પાઠ કરતો જાય;
પાઠ કરતાં મન વિષે, પ્રભુને કહેતો જાયઃ- ૧૬૬
“હે પ્રભુ ! મારા પુત્રના બચી જાય જો પ્રાણ,
વિપ્ર એકસો-આઠ હું જમાડીશ વિદ્વાન'' ૧૬૭
એમ શ્રદ્ધા-ભાવથી, દત્તબાવનીપાઠ;
કરી રહ્યા એક ચિત્તથી, મનમાં બીજી ન વાત. ૧૬૮
શ્રદ્ધા શું શું ના કરે ! સૂણ નિરંજન બાળ,
દત્તબાવનીપાઠથી, કંપી ભાગ્યો કાળ ! ૧૬૯
બે એક કલાક પાઠ હા ! કર્યા હશે તે વાર,
ત્યાં તો વહેતી બંધ થઈ, કાનથી જલની ધાર. ૧૭૦
પાણી વે'તું બંધ થયું, કાનથી ત્યાં તત્કાળ;
આંખ ખોલી આસપાસ, જોવા લાગ્યો બાળ. ૧૭૧
આંખ ઉઘડતાં બાળના, તનમાં આવ્યુ ભાન,
જોતાં ભકતો જોરથી, કરવા લાગ્યા ગાન ! ૧૭૨
એક જણ દોડ્યો વેગથી, ગયો દાકતર પાસ;
તેડી લાવ્યો વેગથી, વિપિન પાસે ખાસ. ૧૭૩
તપાસ કરતાં દાકતર, પામી હર્ષ અપાર;
કહ્યું “આ બાળકની હવે, ચિંતા ન કરો લગાર'. ૧૭૪
દવાથી જે ના બન્યું, બન્યું ભજનથી તેહ;
'દત્તબાવની' પાઠથી બચ્યો બાળનો દેહ !'' ૧૭૫
ત્યાર પછી એ દાકતરે, વિધ-વિધ રીતે એમ;
કરી ચકાસણી બાળની અને વદ્યા સપ્રેમ; ૧૭૬
'હવે ચિંતા કંઈ નથી, મગજપરની અસર
એકાએક જતી રહી, ભાન આવ્યું સત્વર'' ૧૭૭
માત-પિતા સહ સર્વને, થયો હર્ષ અપાર;
એકી અવાજે કરી રહ્યા અવધૂતનો જયકાર. ૧૭૮
થોડા દિન ઈસ્પિતાલમાં, રાખ્યા પછીથી એમ;
સાજો કરી વિપિનને ઘેર મોકલ્યો તેમ. ૧૭૯
વિપિન ઘેર આવી ગયો, આનંદ આનંદ થાય;
માત-પિતા અવધૂતના, ગુણલા પ્રેમે ગાય. ૧૮૦
'દત્તબાવની' એ અહા ! સર્જ્યો ચમત્કાર,
પ્રાણ બચાવ્યો બાળનો, રંગ તારણહાર ! ૧૮૧
શિવલાલભાઈએ તે પછી, આસ્તા ગામે એમ;
ગુરુલીલામૃતકથા સમે, બોલાવી સપ્રેમ; ૧૮૨
વિપ્ર એકસો આઠને, આપ્યું મિષ્ટ ફરાળ;
બાધા પૂર્ણ કરી અને વર્ત્યો જયજયકાર. ૧૮૩
અલખ નિરંજનને કહે, 'બાળક'ને રંગ એમ;
સૂણતાં શ્રદ્ધા ભક્તિથી, બચે ન કોઈ કેમ ? ૧૮૪

**ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે ભકતબાલોદ્ધરણં નામ પંચષષ્ટિતમોડધ્યાય : ॥૬૫॥ દોહરા ૧૮૪ ॥**

## અધ્યાય : ૬૬

અલખ કહે અવધૂતજી જેના ઉપર એમ,
કૃપા કરે તેનું સદા, વહાવે યોગ-ક્ષેમ. ૧
સદ્ગુરુ રંગ અવધૂત પર, શ્રદ્ધા ને વિશ્વાસ;
રાખી બેસે ભકત જે, કદી ન થાય નિરાશ. ૨
ભકતો કેરા ભારને, દૂર કરે ગુરુનાથ;
“દૂરીકૃતનતભાર''નું રાખે બ્રીદ સાક્ષાત્. ૩
આગળના અદયાયમાં, અમદાવાદના એમ;
દેવસાહેબની વાત તું, જાણે છે હા તેમ. ૪
પહેલાં નાસ્તિક એ હતા, સાધુ-સંતને એમ;
લફરાં માની દૂર એ, ભાગી જાતા તેમ. ૫
નારેશ્વરમાં આવીને કરતાં રંગદર્શન,
આસ્તિક બની સંતો પ્રતિ વળ્યું હતું નિજ મન. ૬

નારેશ્વર અવધૂતનો, નૂતન જે આવાસ,
તેનો નકશો દોરિયો દેવસાહેબે ખાસ. ૭

રાખી સુવિધા સર્વને ઉનાળે પણ જાણ;
અર્પે ઠંડક ખંડમાં, એવી ભીંતો માન; ૮

કીધી અદ્‌ભુત જે અહો ! તેની પાછળ આમ,
ડોકાય છે દેવની, શ્રદ્ધા ભક્તિ તમામ. ૯

જે દિનથી અવધૂતને, દેવસાહેબે આમ;
દેહ ઢાળી જયાં કર્યા દંડવત્ પ્રણામ. ૧૦

તે દિનથી અઠંગ આ, બન્યા રંગના ભકત;
મન-બુદ્ધિ શ્રીચરણમાં, થઈ ગયાં આસકત. ૧૧

દેવસાહેબે એક દિ' નારેશ્વરમાં જઈ,
અવધૂતજીના ચરણમાં, નિજ શિષ મૂકી દઈ ૧૨

કરી વિનંતી પ્રેમથી "હે મારા ગુરુદેવ !
અમદાવાદે મુજ ઘરે પધારીને તતખેવ ૧૩

પુનિત કરો મુજ આંગણું, પુનિત કરો મુજ ઘર;
આટલી મારી વિનતિ, હૃદય ધરો ગુરુવર." ૧૪

સૂણી વચન એ દેવનાં મંદ હસ્યા ગુરુનાથ,
રમૂજ કરતાં દેવની બોલ્યા સદ્‌ગુરુનાથઃ ૧૫

"અમદાવાદમાં તાહરું માલિકીનું એમ,
કયાં છે લ્યા ! મકાન જે, જૂઠું બોલે કેમ ? ૧૬

ભાડાના મકાનમાં હું નહીં આવીશ;
મકાન તારું જ્યાં થશે, જરૂર પગ મૂકીશ" ૧૭

"પ્રતિમાસ ભાડું હું ભરૂં" દેવ પૂછતા એમ,
"આપણું મકાન તો પ્રભુ કહો ન કહેવાય કેમ ? ૧૮

ભાડું દઈને જયાં સુધી મકાનમાં હું રહીશ,
ત્યાં સુધી તો એહને, મારું પોતાનું કહીશ" ૧૯

"ભાડાનું તે ભાડાનું," સદ્‌ગુરુ બોલે ત્યાંય,
"પોતાના ઘર જેવો નહીં, સંતોષ મનમાં થાય" ૨૦

દેવ કહે "પ્રભુ આપની દયા હશે મુજ પર,
અમદાવાદમાં થઈ જશે, મારું નિજનું ઘર" ૨૧

એમ કહી સદ્‌ગુરુતણા ચરણે કરી પ્રણામ,
દેવસાહેબ આવતા, અમદાવાદમાં આમ. ૨૨

ઘેર આવતાં એમના મકાનતણા માલિક,
નામ મલ્હારાવ ને અટક જો પુરાણિક. ૨૩

ખાલી ઘર કરવાતણી એમની 'નોટિસ' એક,
મળી દેવસાહેબને, ઘેર આવતાં છેક. ૨૪

ડોકટર વાણીને પછી દેવસાહેબે એમ,
નોટિસ બતાવી પૂછિયું "કહો કરવું કેમ ?" ૨૫

ડોકટર વાણીએ કહ્યું "કોર્ટ-કચેરીએ એમ,
જાવું નથી આપણે, ઘેર પતવીએ તેમ" ૨૬

ડોકટર વાણી તે પછી પુરાણિકને ઘેર
ગયા અને સમજાવવા, કર્યો યત્ન સુપેર. ૨૭

ઘરના માલિક કિન્તુ એ, સમજ્યા ના લગાર;
"મકાન મારે જોઈએ ખાલી કરો એકવાર !" ૨૮

થોડા દિનમાં તે પછી ડોકટર વાણી એમ,
સદ્‌ગુરુ-દર્શન કાજ હા ! ગયા નારેશ્વર તેમ. ૨૯

વાત-વાતમાં વાણીએ, અવધૂતજીને એમ;
દેવસાહેબના મકાનની, વાત કરી બધી તેમ. ૩૦

અવધૂતજીએ તે પછી કરી કંઈક વિચારઃ-
"દાક્તર ! મારી વાતમાં આપો ધ્યાન લગાર. ૩૧

નમન કરી દાક્તર વદ્યા 'પ્રભુ ! આપની વાત
સદાય છે મારે અરે ! શિરોમાન્ય સાક્ષાત્' ૩૨

એટલે સદ્‌ગુરુ બોલિયા, "જુઓ ભદ્રની માંહ્ય,
માંડેવાળું મકાન જે, છે તમ કબજા માંહ્ય; ૩૩

વેચવાનું છે અરે ! તે તમારે મકાન,
આપી દો એ દેવને કિંમત લઈ નિદાન" ૩૪

દાકતર કહે, એ મકાનનો, હું છું 'ટ્રસ્ટી' એમ;
એટલે એ વેચાય ના મુજથી ફાવે તેમ. ૩૫

આજે બજારભાવથી એ મકાનના એમ,
રૂપિયા બાવીસ હજાર હા ! બોલાયે છે તેમ. ૩૬

દેવ પાસે છે રોકડા રૂપિયા સોલ હજાર;
છ હજાર રાખું ના, બાકી હું ઉધાર. ૩૭

આ મિલ્કત છે ટ્રસ્ટની, ઉધાર કૈં ન રખાય,
ટ્રસ્ટી હું છું એટલે દેવને ઓછું દેવાય ? ૩૮

પાઈ પણ ઓછી નહિ, પૂરા બાવીસ હજાર;
આપે રોકડા તો જ એ, મકાન આપું નિર્ધાર" ૩૯

એમ કહી મક્કમ સ્વરે, સ્પષ્ટ કરી નિજ વાત;
દાક્તર વાણી ખડા રહ્યા જોડી બન્ને હાથ. ૪૦

કર્તવ્ય-નિષ્ઠા જોઈને, દાકતરની તે વાર;
અવધૂતજી અંતર વિષે, થયા પ્રસન્ન અપાર. ૪૧

નારેશ્વરથી વાણી જ્યાં, આવ્યા અમદાવાદ;
દેવસાહેબ સાથ હા ! થયો ખૂબ વિવાદ ! ૪૨

ડોકટર ત્રિકમલાલ જે મિત્ર વાણીના એમ,
બોલ્યા "કનૈયા ! વ્યર્થ તું વાદ કરે છે કેમ ?" ૪૩
સોલ હજાર છે દેવના, બીજા છ હજાર;
આપી દઉં હું રોકડા, અબઘડી આ વાર. ૪૪
અથવા તો સરખેજના કમ્પાઉન્ડ કેરી વાડ,
એના ખર્ચે દેવ જો કરાવશે તૈયાર." ૪૫
સુહૃદ્ કનૈયાલાલને, ઉતરી ગળે આ વાત;
મકાન દેવા માંડેનું કબૂલ થયા સાક્ષાત્. ૪૬
મકાન મળી ગયું દેવને, પ્રભુએ રાખ્યું વચન;
ભકત અને ભગવાન હા ! બન્ને થયા પ્રસન્ન. ૪૭
નવા મકાનમાં દેવ હા ! રહેવા ગયા તે વાર,
પ્રસન્ન મનથી કરી રહ્યા, અવધૂતનો જયકાર. ૪૮
બીજે દિન કુટુંબ સહ, જાતા નારેશ્વર;
અવધૂતજીના ચરણમાં, ઢળી પડ્યા સત્વર. ૪૯
'થઈ કૃપા પ્રભુ ! આપની, મળ્યું મુજને નિજ ઘર,
નિજ ઘર એ પાવન કરો, પધારી હે ગુરુવર !' ૫૦
સૂણી વચન ભકતનાં, સદ્ગુરુ થયા પ્રસન્ન;
અંતરના આશિષ સહ, બોલ્યા મધુર વચનઃ- ૫૧
"જ્યારે કણભા ગામમાં, રંગજયંતી કરીશ;
પાછા વળતાં તુજ ઘરે, જરૂર હું આવીશ" ૫૨
એમ કહીને ગુરુવરે, દેવને આપ્યું વચન;
પ્રભુવચનથી ભકતમન, થયું અતિ પ્રસન્ન. ૫૩
ત્યાર પછીથી સદ્ગુરુ રંગજયંતી પર,
કણભા ગામે પધારિયા, ત્યારે દેવને ઘર ૫૪
પધારીને પાવન કર્યું, હરખ્યા ભકત અપાર;
ભકતભાવ પૂરો કર્યો, જયજય નતજનતાર. ૫૫
અલખ કહે સૂણ શિષ્ય હે ! જેના પર ગુરુ એમ,
કૃપા કરે હા ! તેહનું, થાયે સઘળું ક્ષેમ. ૫૬
ત્યાર પછી એ દેવનું, ચમકયું ભાગ્ય અપાર,
કંતરાટ મોટા અહા ! મળ્યા ઘણા તે વાર. ૫૭
લક્ષ્મી અઢળક પ્રાપ્ત થઈ, બંગલાઓ બે-ચાર;
બની ગયા નિજના અહા ! સદ્ગુરુ-કૃપા અપાર. ૫૮
સદ્ગુરુએ સંપત્ અને ખ્યાતિ આપી અનંત,
બાકી શું રહે શિષ્ય ! ત્યાં ! કૃપા કરે જ્યાં સંત ? ૫૯
દેવસાહેબનો આમ જો, સુખી હતો સંસાર;
એ સુખમાં પણ એક હા ! ખામી હતી તે વાર. ૬૦

લગ્ન થયે શ્રીદેવને, થયાં હતાં દશ વર્ષ;
તોયે કંઈ સંતાન ન'તું, દેવા એમને હર્ષ. ૬૧
વૈદ્ય દાક્તર ઘણા કર્યા, દવા કરી અપાર;
જપ-તપ-ધાર્મિક વિધિઓ, તેનો નહીં કંઈ પાર ! ૬૨
તોયે સંતાન-પ્રાપ્તિનું, ચિહ્ન કાંઈ ન જણાય;
તેથી આ પતિ-પત્ની હા ! મનમાં દુઃખી થાય. ૬૩
મળ્યા સમર્થ સદ્ગુરુ અહા ! તેને કેમ કહેવાય ?
વાત કરતાં પૂજ્યને 'દેવ' અતિ શરમાય. ૬૪
દાકતર વાણી દેવનું હતા જાણતા દુઃખ,
નારેશ્વરમાં એક દિ' સદ્ગુરુની સન્મુખ ૬૫
આવીને વિનતી કરી "હે ! અવધૂત ભગવાન !
દેવને ઘેર હજી સુધી નથી થયું સંતાન. ૬૬
કરી કૃપા માટે ગુરો ! દો એવું વરદાન,
જેથી દેવને ઘેર હા ! થાય પુત્ર-સંતાન. ૬૭
શરમ નડે છે આપની, એટલે આપની પાસ;
આવીને શરમાળ એ, નથી બોલતો ખાસ" ૬૮
વચન સૂણી દાકતરતણાં બોલ્યા સદ્ગુરુવરઃ-
"દાકતર ! એના દુઃખની છે મને પણ ખબર. ૬૯
એને માટે માહરે, કરવું છે અનુષ્ઠાન;
જેથી સદ્ગુરુ એમને દે સુંદર સંતાન. ૭૧
જુઓ દાકતર ! દેવને લઈને સાથે એમ,
રંગજયંતીએ આવજો, ગણદેવીમાં તેમ. ૭૧
એને ત્યાં અનુષ્ઠાનની સમજાવીશ કંઈ વાત,
જેથી ભાગશે એહના અંતરનો આઘાત" ૭૨
"ભલે પ્રભુ ! લાવીશ હું" એમ કહી તે વાર,
વંદી રહ્યા અવધૂતને, ડૉકટર વારંવાર. ૭૩
રંગજયંતી પર પછી, વાણી દાકતર એમ;
દેવને લઈ પહોંચી ગયા, ગણદેવી સપ્રેમ. ૭૪
ગણદેવીમાં તે પછી મળતાં કંઈ એકાન્ત,
અવધૂતચરણે દેવની કરી નિવેદિત વાત ! ૭૫
"હમણાં તો એ નહિ બને, સમજી લો દાકતર;
દેવને એની પત્ની સહ લાવો નારેશ્વર. ૭૬
મણિભાઈ ત્રિપાઠીને, સાથે લાવજો એમ;
જેથી અનુષ્ઠાનવિધિ સમજાવીશ હા તેમ" ૭૭
સૂણી આવું દેવને, થયું અંતરે દુઃખ;
સદ્ગુરુ સમક્ષ પણ અહા ! શકયા ન ખોલી મુખ. ૭૮

"બોલાવ્યો અહીં ગણદેવીમાં ! કે'તા ના ઉપાય !"
કારણ કંઈ સમજાય ના, અંતર અતિ અકળાય. ૭૯

અલખ કહે અવધૂતના, દરેક કાર્ય પાછળ
ભકતોનું કલ્યાણ હા ! હોય સમાયેલ બાળ ! ૮૦

ટૂંકી દૃષ્ટિ આપણી, સમજી શકે ના એહ,
તેથી દુઃખી થાય હા ! કરી વ્યર્થ સંદેહ. ૮૧

'માટે સદ્‌ગુરુ જે કરે, તેમાં મુજ કલ્યાણ;'
એમ માનીને વિશ્વમાં લૂંટો સુખની લહાણ. ૮૨

જ્યારે દાકતર વાણીએ, આવી પ્રભુની પાસ;
કહ્યું "પ્રભુ ! આ દેવ તો થાતો સાવ નિરાશ." ૮૩

હાસ્ય કરી ખડખડ તદા, બોલ્યા સદ્‌ગુરુનાથઃ
"દાકતર અરે ! તમેય પણ ના સમજ્યા મુજ વાત! ૮૪

અનુષ્ઠાનના નિયમ જે અતિશય કડક-પવિત્ર,
વ્યવસાયી આ દેવથી પળાય નહીં ખચિત. ૮૫

એટલે એની પત્ની છે, ભાવિક-શ્રદ્ધાવાન;
કડક નિયમો પાળીને, કરશે એ અનુષ્ઠાન. ૮૬

માટે કહેજો દેવને, જરા ન થાય ઉદાસ;
સમર્થ સદ્‌ગુરુ એહની, પૂરણ કરશે આશ." ૮૭

સૂણી વચન સદ્‌ગુરુતણાં, દાકતર થયા પ્રસન્ન;
કહ્યું દેવને 'તું હવે થઈ જા નચિંત મન. ૮૮

ગણદેવીથી નીકળ્યા, બન્ને પ્રસન્નમન;
અમદાવાદ આવી ગયા, પોતપોતાને સદન. ૮૯

દક્ષિણ ગુજરાતે પછી, કરી થોડો વિહાર;
અવધૂતજી આવી ગયા, નારેશ્વર મોઝાર. ૯૦

નિજ પત્નીને સાથ લઈ, મણિભાઈની સાથ;
નારેશ્વર આવી ગયા, દેવ ત્યાં ભલીભાત. ૯૧

રેવાસ્નાન કર્યા પછી, લઈ પ્રસાદ ફૂલહાર;
લીમડા નીચે આવિયા, જ્યાં બેઠા અઘહાર. ૯૨

પ્રસાદ પ્રભુચરણે ધર્યો, કંઠે ફૂલનો હાર;
વંદન શ્રીચરણે કરી, પ્રાર્થે મન મોઝાર. ૯૩

પત્ની સહ જોઈ દેવને, થયા સદ્‌ગુરુ પ્રસન્ન;
મંદમંદ હસતા પછી, બોલ્યા મધુર વચનઃ ૯૪

'સારું થયું આવ્યા તમે, આપું એક અનુષ્ઠાન;
શ્રદ્ધાથી કરજો તમે, જરૂર થશે સંતાન. ૯૫

વાવી ઔદુંબરતણો, છોડ કુંડામાં એમ,
તેની પાસે બેસીને, કરવાના જપ તેમ. ૯૬

છોડ સૂકાઈ જાય તો બીજો લાવી તેમ,
એ જ કૂંડામાં રોપવો, ધારી હૈયે પ્રેમ. ૯૭

દર ગુરુવારે નકોરડો, કરવાનો ઉપવાસ;
દત્તબાવની પાઠ હા ! બાવન કરવા ખાસ. ૯૮

વર્ષ એક પુરૂં અહા ! કરવાનું અનુષ્ઠાન,
વ્રત ઉદ્યાપન તે પછી, કરવું જાણ નિદાન. ૯૯

તન મનને પવિત્ર હા ! રાખી શુદ્ધ વિચાર,
શ્રદ્ધા રાખી ભાવથી, કરવું વ્રત નિર્ધાર. ૧૦૦

સારૂં કરશે સહુ પ્રભુ ! ના કરશો સંદેહ;
મનોકામના પુત્રની, પૂર્ણ થશે તમ જેહ. ૧૦૧

અંતરના ઊંડાણથી, છે મુજ આશીર્વાદ;
પૂર્ણ થશે તમ કામના, પુત્રની નિર્વિવાદ.' ૧૦૨

કૃતજ્ઞતાના ભાવથી, દેવ પત્નીની સાથ;
અવધૂતચરણે નમી રહ્યા, જોડી બન્ને હાથ. ૧૦૩

ઘેર જઈને દેવનાં પત્નીએ સહર્ષ,
વ્રત કર્યું બહુ ભાવથી, વીતી ગયું એક વર્ષ. ૧૦૪

વ્રતનું ઉદ્યાપન કર્યું, ખર્ચીને ખૂબ ધન;
શ્રદ્ધા ભાવથી કર્યું બધું, રાખી ચિત્ત પ્રસન્ન. ૧૦૫

ભકતતણી શ્રદ્ધા અને સદ્‌ગુરુ આશીર્વચન;
કરે શકય અશકયને, રણને નંદનવન ! ૧૦૬

વ્રતના ઉદ્યાપન પછી, થોડા દિનની માંહ્ય;
પત્ની દેવસાહેબનાં ગર્ભવતી જો થાય. ૧૦૭

નવ માસ પૂરા જ્યાં થયા, આવ્યો શુભ દિન એમ,
દેવપત્ની પુત્રને, પ્રસવ આપે તેમ. ૧૦૮

વ્રત કરાવ્યું આમ જો, દેવપત્નીની પાસ;
પુત્ર-રત્ન આપ્યું અહા ! ધન્ય ! રંગ અવિનાશ ! ૧૦૯

કરે અભિમુખ ધર્મમાં, ભકતને પૂરણકામ;
સિદ્ધ કરે શુભ કામના, આપે સુખ અવિરામ. ૧૧૦

સાંભળ શિષ્ય કહું તને ભરૂચ જિલ્લામાં આમ,
ઓચ્છણ-દાયમા ગામમાં; એક વખત મુકામ ૧૧૧

હતો શ્રીઅવધૂતનો; દૂર દૂરથી લોક,
દર્શન કરવા રંગનાં આવે થોકેથોક. ૧૧૨

ગાડાં-ડમણાં જોડીને, પગે ચાલીને એમ;
આજુ-બાજુના ગામથી, આવે ભકતો તેમ. ૧૧૩

સહુના અંતરમાં અહા ! એકજ ઈચ્છા થાય;
કે "અમ ઘર-અમ ગામમાં, અવધૂત સદ્‌ગુરુરાય ૧૧૪

જો પધારે તો અહા ! કેવો આનંદ થાય ?
સદ્‌ગુરુ ચરણ-રજથી અહા ! ત્રિતાપ ભાગી જાય. ૧૧૫
ત્યાં તો કરેણા ગામથી, વિઠ્ઠલભાઈ પટેલ;
દર્શન કરવા રંગનાં ભાવથકી આવેલ, ૧૧૬
દર્શન કરતાં રંગનાં, હૈયું હરખ્યું અપાર;
અત્યંત શાંતિ ચિત્તમાં, વ્યાપી ગઈ તે વાર. ૧૧૭
મનમાં દૃઢ ઈચ્છા કરી, અવધૂતજીને આમ;
લઈ જાઉં વિનતિ કરી, મારા કરેણા ગામ. ૧૧૮
એટલે ઓચ્છણ ગામના ભકત કહરસંગ એમ,
પુરોહિત શાંતિલાલ ને અનોપસંગને તેમ; ૧૧૯
દૂર જઈ એકાન્તમાં નિજ હૈયાની વાત
કરી અતિશય ભાવથી, "નારેશ્વરના નાથ ૧૨૦
મારા ઘર ને ગામને પાવન કરવા કાજ,
એકાદ-બે દિન માટ હા ! પધારે જો ગુરુરાજ ૧૨૧
મારા અંતર મહીં તદા, અતિશય આનંદ થાય;
મારાં વળી એ ગામનાં આધિ-વ્યાધિ સહુ જાય !! ૧૨૨
માટે ચાલો તમે બધા પરિચિત ભકતો એમ
મુજ સાથે અવધૂતજીને, વિનતિ કરીએ તેમ" ૧૨૩
ભાવ વિઠ્ઠલભાઈનો, જોઈને તે વાર;
ઓચ્છણના ભકતો બધા, થયા પ્રસન્ન અપાર. ૧૨૪
'ચાલો ત્યારે અબઘડી, સદ્‌ગુરુજીની પાસ;
તમ વતીથી અમ બધા, વિનતિ કરશું ખાસ. ૧૨૫
એમ કહી આવ્યા બધા, જ્યાં બેઠા ગુરુરાજ;
કુટિર કેરે ઓટલે, સંતોના શિરતાજ. ૧૨૬
સુવર્ણસમ શુભ દેહથી, તેજ રશ્મિ લહેરાય;
વદન ચમકતું ચંદ્ર સમ, મરક મરક મલકાય. ૧૨૭
દિવ્ય જયોત ચમકાવતાં, કમલ-નયન વિશાલ,
શાંતિને છલકાવતાં, વહાવે આશિષધાર. ૧૨૮
તેજસ્વી એ ભાલપર જટા લટૂરી એમ,
ફર-ફર-ફર ફરકી રહે, પવન-સ્પર્શથી તેમ. ૧૨૯
ભકતોથી વીંટળાઈને બેઠા છે ગુરુરાય;
વાતવાતમાં હાસ્યનાં મોજાં ઉછળે ત્યાંય. ૧૩૦
ઓચ્છણ કેરા ભક્ત સહ વિઠ્ઠલભાઈ તે વાર,
શ્રીચરણે વંદન કરી, બેઠા સભા મોઝાર. ૧૩૧
શાંતિલાલ પુરોહિતે પ્રભાશંકરને એમ,
ઈચ્છા વિઠ્ઠલભાઈની, કહી સવિસ્તર તેમ. ૧૩૨
પ્રભાશંકર બોલતા, 'હમણાં સદ્‌ગુરુ પાસ,
વાત તમારી મૂકું છું, ધીમે રહીને ખાસ.' ૧૩૩
એમ કહી સદ્‌ગુરુતણા સાંનિધ્યે જઈ એમ,
પ્રભાશંકરભાઈ ઊભા, વંદન કરી સપ્રેમ. ૧૩૪
ભક્તો સાથે વાતનો, પૂર્ણ થયો જ્યાં દોર;
ત્યાં તો એમણે વાત જો મૂકી આણી કોરઃ ૧૩૫
"પ્રભુ ! વિઠ્ઠલભાઈના હૃદય કેરી વાત,
સૂણવા આપને વિનતિ, કરવી છે ગુરુનાથ ! ૧૩૬
નજીક એમનું ગામ છે, કરેણા નામે એમ;
ત્યાંના જમીનદાર છે, શ્રદ્ધાળુ પણ તેમ. ૧૩૭
અવધૂતજીને એમ કહી, ગોર પ્રભાશંકર
વિઠ્ઠલભાઈ તરફ પછી જોઈ કહે સત્વરઃ ૧૩૮
"વિઠ્ઠલભાઈ તમે હવે આપના મનની વાત,
હોય જે તે સુખે કહો સદ્‌ગુરુને સાક્ષાત્." ૧૩૯
ત્યાં તો સદ્‌ગુરુદેવની સ્નેહસભર નજર,
પડી વિઠ્ઠલભાઈ પર બોલે જો ગુરુવરઃ ૧૪૦
"'બોલી દો શી વાત છે, તમારી વિઠ્ઠલભાઈ !
ના રાખો અવધૂત કને, ક્ષોભ અને સકુચાઈ" ૧૪૧
હૃદય ભાવથી ભરાઈ ગયું, વિઠ્ઠલભાઈનું ત્યાંય,
કંઠ થયો ગદ્‌ગદ્ અને બોલ્યું ના બોલાય. ૧૪૨
તૂટક તૂટક શબ્દે પછી બોલ્યા કરી પ્રણામ;
"પ્રભુ ! પધારો દયા કરી, કરેણા જે મુજ ગામ. ૧૪૩
મીયાગામ ઠાકોરનો, લઈ આવીશ સગરામ;
બેસાડીશ એમાં પ્રભુ ! જવા મારે ગામ. ૧૪૪
વધુ નહિ તો એક દિન, પધારો પણ ગુરુરાજ !
મારું ઘર ને ગામ હા ! પુનિત કરો મહારાજ." ૧૪૫
વિઠ્ઠલભાઈની વિનતિ, સૂણીને ગુરુદેવ;
અતિ પ્રસન્ન થયા અને વદ્યા વચન તતખેવઃ ૧૪૬
"જાઓ વિઠ્ઠલભાઈ ! હું જરૂર ત્યાં આવીશ,
એક નહિ પણ બે દિવસ, ગામ કરેણા રહીશ" ૧૪૭
વચન સૂણી અવધૂતનાં, વિઠ્ઠલભાઈ હરખાય;
એક નહિ પણ બે દિવસ, રહેશે સદ્‌ગુરુરાય. ૧૪૮
એમ વિચારી વેગથી, આવી ગયા નિજ ઘેર;
અવધૂતના સ્વાગતતણી, તૈયારીઓ સુપેર ૧૪૯
કરવા લાગ્યા હોંશથી, ગામ લોકની સાથ;
રસ્તા વાળી-ઝૂડીને, કરી દીધા સૌ સાફ. ૧૫૦

વિધવિધ રંગી પતાકડાં, તોરણ બાંધ્યાં આમ;
કમાન-દરવાજા થકી, શણગાર્યું હા ! ગામ. ૧૫૧
વિશાળ મંડપ બાંધિયો, ભકતજનોને કાજ;
જેમાં બેસી સર્વને, દર્શન દે ગુરુરાજ. ૧૫૨
નિજ ઘરની મેડી પર વિશાળ ઓરડો એક,
ધોળાવી સજાવતા, લીંપી-ગૂંપી છેક. ૧૫૩
એ ઓરડામાં રંગનો, રાખ્યો હતો મુકામ;
ધોઈ સ્વચ્છ કરાવીને, પાટ મૂકી તે ઠામ. ૧૫૪
બીજે દિન વિઠ્ઠલભાઈ, લઈ સુંદર સગરામ;
અવધૂતજીને લાવિયા, પ્રેમે કરેણા ગામ. ૧૫૫
સામૈયું સદ્‌ગુરુતણું, કર્યું ભાવથી જાણ;
શોભાયાત્રા કાઢીને, લાવ્યા નિજ ઘર માન. ૧૫૬
આનંદ આનંદ થઈ ગયો, આખા ગામની માંહ્ય;
સદ્‌ગુરુનાં દર્શન કરી, ધન્ય થયા સહુ ત્યાંય. ૧૫૭
વિઠ્ઠલભાઈની મેડીએ, અવધૂતજીનો મુકામ;
સ્નાન કરી ભિક્ષા લીધી, પછી કર્યો આરામ. ૧૫૮
સાંજે મોટા મંડપે, બિરાજ્યા ગુરુરાય;
'દિગંબરા'ની ધૂન સહ, ભજન કીર્તન થાય. ૧૫૯
કરેણા ગામના લોક સૌ, બાળક નર ને નાર;
દર્શન કરી અવધૂતનાં, પામ્યાં હર્ષ અપાર. ૧૬૦
સંધ્યાકાળ પછી પ્રભુ, આવ્યા મુકામ પર,
લેતા અવધૂત દૂધ ત્યાં, બોલ્યા પ્રભાશંકરઃ ૧૬૧
"પ્રભુ ! આ વિઠ્ઠલભાઈને બે પત્ની છે આમ,
પ્રથમ દિવાળીબેન ને બીજાં ચંચળ નામ. ૧૬૨
બન્નેમાંથી એકને નથી કોઈ સંતાન !
વિઠ્ઠલભાઈની વિપદ આ ટાળો હે ભગવાન ! ૧૬૩
પુનિતપદ પ્રભુ ! આપનાં પડયાં છે એમને ઘેર,
કુળ-દીપક સુત જો મળે, થાયે લીલા લહેર." ૧૬૪
વિઠ્ઠલભાઈના ભાવ ને ભક્તિ જોઈ એમ,
રીઝ્યા ત્યાં અવધૂતજી, સૂણી વાત આ એમ. ૧૬૫
દુગ્ધપાન કરતાં અહા ! પ્રસન્નવદને એમ,
પ્રભાશંકરને કહ્યું: "કરો કહું હું તેમ. ૧૬૬
કાલે પ્રાતઃકાળમાં, ધ્યાનથી ઊઠું જ્યાંય;
બન્ને બહેનોને તમે, તેડી લાવો આંહ્ય. ૧૬૭
મારે હાથે બેવને પ્રસાદ-ફૂલ આપીશ,
બન્નેને જોયા પછી બીજી વાત કરીશ." ૧૬૮
સૂણી વાત અવધૂતની, ગોર પ્રભાશંકર
રાજી થઈ મનમાં કહેઃ 'વિઠ્ઠલભાઈ ઉપર ૧૬૯
કૃપા થઈ અવધૂતની, જરૂર થશે સંતાન;
પૂર્વપૂણ્ય ઉદયે અહા ! કૃપા કરે ભગવાન'' ૧૭૦
એમ વિચારી વેગથી, વિઠ્ઠલભાઈની પાસ,
આવીને સદ્‌ગુરુતણી, વાત કહી તે ખાસ. ૧૭૧
સૂણતાં વિઠ્ઠલભાઈને, હરખ થયો અપાર;
"ધન્ય ! પધાર્યા સદ્‌ગુરુ થાશે બેડો પાર !" ૧૭૨
પ્રાતઃકાલ થયો અને વિઠ્ઠલભાઈનું મન,
સદ્‌ગુરુના સાન્નિધ્યથી, થયું પ્રસન્ન પ્રસન્ન. ૧૭૩
બન્ને પત્નીઓ પછી, પ્રાતઃકાલે એમ;
સ્નાન કરી થઈ શુદ્ધ ને નૂતન વસ્ત્રો તેમ ૧૭૪
ધારણ કરીને આવિયાં; પ્રભાશંકર સાથ;
મેડાપર જ્યાં પાટપર બેઠા સદ્‌ગુરુનાથ. ૧૭૫
તેજપુંજ અવધૂતનો, થાતો દિવ્ય દીદાર;
ઉત્કટ ભાવથી બેવને, નયન વહે જલધાર. ૧૭૬
પાલવ પાથરી રંગના, ચરણે નમાવ્યાં શિષ;
"ૐ ૐ" ઉચ્ચારણથી, પ્રભુએ દીધી આશિષ. ૧૭૭
પછી શ્રીઅવધૂતજીએ બન્ને બહેનો પર,
પલ બે પલ કરુણાભરી નાખી દિવ્ય નજર. ૧૭૮
પ્રભાશંકરે તે પછી, સુંદર બે શ્રીફળ;
અવધૂતજીની સમક્ષ હા મૂકી દીધાં તત્પલ. ૧૭૯
અવધૂતજીએ તે પછી બેવના પાલવ માંહ્ય,
સ્વહસ્તે શ્રીફળ મૂકી, આશિષ આપી ત્યાંય. ૧૮૦
અવધૂતજીનાં ચરણમાં, લાગી ફરી ફરી પાય;
બન્નેએ હસતા મુખે, લીધી ત્યાંથી વિદાય. ૧૮૧
બન્નેના ગયા પછી, અવધૂતજીએ એમ;
વિઠ્ઠલભાઈને પ્રેમથી, કહ્યું ધીમેથી તેમઃ ૧૮૨
"જુઓ તમારાં બેઉ આ પત્નીમાંથી આમ,
પ્રથમ પત્ની જે આપનાં, દિવાળીબેન છે નામ; ૧૮૩
તેમના જ શુભ ઉદરથી, પુત્ર રત્ન એક આમ;
પ્રસવશે ને આપની પૂર્ણ થશે શુભ કામ. ૧૮૪
પુત્ર થશે સોહામણો, ગૌર વર્ણનો તેમ;
ધાર્મિક દાની ઉદાર ને સંતો પ્રત્યે પ્રેમ ૧૮૫
ધરાવશે એ દીકરો, કરશે કુળ ઉજ્જ્વલ;
અવધૂતદીધું વચન આ, જાય નહિ નિષ્ફલ'' ૧૮૬

સૂણી વચન અવધૂતનાં, વિઠ્ઠલભાઈ તે વાર;
કૃતજ્ઞતાથી રંગને વંદે વારંવાર !! ૧૮૭

કંઠ ગદ્ગદ્ થઈ ગયો, નયન વહે જલધાર;
"ધન્ય ! સદ્ગુરુ ! પધારીને કીધો મુજ ઉદ્ધાર" ૧૮૮

બીજે દિવસે ગુરુવરે, લીધી ત્યાંથી વિદાય;
વિદાય દેતાં ભક્તના, નયને જલ છલકાય. ૧૮૯

વિઠ્ઠલભાઈ તો બાવરા, થઈ ઊભા દિઙ્મૂઢ;
"એક દિવસમાં આવીને શું ચાલ્યા અવધૂત !" ૧૯૦

આ તો પણ અવધૂત છે, અનાસક્ત નિર્લેપ;
સ્નેહ-દ્વેષનાં દ્વંદ્વ હા ! કરતાં ના વિક્ષેપ. ૧૯૧

ગામલોકના નયનમાં, વહે વિરહનાં નીર;
અવધૂત તો અચલ રહે, સદા શાન્ત ગંભીર. ૧૯૨

ભાવ જોઈ સહુ ભકતનો, કરીને ઊંચો હાથ;
ૐ ૐના નાદથી, આપ્યા આશીર્વાદ. ૧૯૩

આમ સદ્ગુરુ રંગને ભાવ-ભીની વિદાય
આપી, આવ્યા ગામમાં, સૂણ પછી શું થાય ? ૧૯૪

સદ્ગુરુના પ્રસાદથી, પ્રથમ પત્ની જેહ;
નામે દિવાળીબેન જો, થયાં ગર્ભવતી તેહ. ૧૯૫

નવમે મહિને એમણે, પ્રસવ્યો સુંદર બાળ;
વિઠ્ઠલભાઈના હૃદયમાં, વ્યાપ્યો હર્ષ અપાર. ૧૯૬

સાકર વહેંચી ગામમાં, દીધાં દીનને દાન,
"ધન્ય કૃપા કરી ભકત પર ! જય અવધૂત ભગવાન !" ૧૯૭

હતો એકનો એક ને અતિ લાડલો આમ,
તેથી રાખ્યું બાળનું છીતુભાઈ જો નામ. ૧૯૮

છીતુભાઈ મોટા થયા, ભણ્યા ગણ્યા પણ આમ;
ખેતી કરાવે ખંતથી, પકવે પાક બેફામ. ૧૯૯

પ્રીતિ મેળવી લોકની, કરીને સારાં કામ;
થયા સરપંચ ગામના, માને આખું ગામ. ૨૦૦

વૃત્તિ અતિ ધાર્મિક વળી, સાધુ સંત પર પ્રેમ;
સ્વભાવે શરમાળ ને શાન્ત સૌમ્ય પણ એમ. ૨૦૧

આજે છીતુભાઈ એ, કરેણા ગામની માંહ્ય;
સુખી ને સમૃદ્ધ છે, ભક્તિ-મગ્ન સદાય, ૨૦૨

જ્યારે જ્યારે એમના, જન્મની નીકળે વાત;
ત્યારે છીતુભાઈ હર્ષથી, ભીને નયન સાક્ષાત્ ૨૦૩

કહે ગૌરવ સાથઃ "હું અવધૂત-દીધો બાળ,
ખોટું કામ કરું નહિ, ડરું નહિ કોઈ કાળ !" ૨૦૪

અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજીનો પ્રસાદ,
જેને મળ્યો હા ! તેહને, રહે ન કયાંય વિષાદ ! ૨૦૫

અવધૂતજીએ કંઈકનાં, વાંઝિયામહેણાં એમ;
ભાંગ્યાં છે, ને કંઈકને રાખ્યા કુશળ-ક્ષેમ. ૨૦૬

જેણે શ્રદ્ધાથી ભજ્યા, તેનો સઘળો ભાર;
દૂર કર્યો સદ્ગુરુવરે, કીધો વળી ઉદ્ધાર. ૨૦૭

સંતપ્ત સંસારીને, શાંતિ દેવા કાજ;
સ્વયં બ્રહ્મ પ્રગટ થયા, અવધૂત સદ્ગુરુરાજ. ૨૦૮

માટે સદ્ગુરુચરણમાં, મૂકી દે તુજ ભાર;
હળવો ફૂલ કરશે તને 'દૂરીકૃતનતભાર'' ૨૦૯

ખેડૂત ઈજનેર સમાન છે અવધૂત મનમાં જાણ,
શ્રદ્ધા મોટી ચીજ છે, કરે ભકતની ત્રાણ. ૨૧૦

લીલા એવી અનેક જો, કે'તાં નાવે પાર;
સૂણતાં નિરંજન ! જાણ તું, થાએ બેડો પાર ! ૨૧૧

'બાલક' મુખે વદાવશે રંગ એજ નિર્ધાર,
અલખ એવું કહી તિહાં, મૂક થયા તે વાર ! ૨૧૨

ઈતિશ્રીરંગપાદારવિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે
શ્રીદેવાદિગૃહેપુત્રજનનં નામ ષટ્ષષ્ટિતમોऽધ્યાયઃ ॥૬૬॥ દોહરા ૨૧૨ ॥

## અધ્યાય : ૬૭

અલખ કહે અતિ ભાવથી, સૂણ નિરંજન બાળ;
અવધૂતજી કેવા હતા, ભકતોના રખવાળ. ૧

રાજપીપલા નગરના હતા એક દ્વિજવર,
માલોદ સ્ટેશન પર હતા, એ સ્ટેશન માસ્તર. ૨

ધાર્મિક પવિત્ર વિપ્ર એ, ચિંતામણિ અભિધાન,
પરમ ભકત મહાદેવના, સ્મરે શિવ ભગવાન. ૩

એક વખત અવધૂતજી, ધરમપુરથી એમ;
નારેશ્વર પરત થતાં ઉતર્યા માલોદ તેમ. ૪

ગાડીમાંથી ઉતર્યા, તેજપુંજ જ્યાં રંગ,
જોતાં ચિંતામણિ અહા ! થયા આશ્ચર્યે દંગ. ૫

કાળા ભમ્મર વાળની, જટા શીષ સોહાય,
દિવ્ય ચમકતાં નેત્રથી, તેજરશ્મિ રેલાય. ૬

દિવ્ય તેજથી લસલસે, વિશાલ ભાલ અપાર,
જટા લટૂરી ભાલપર ફરકે વારંવાર. ૭
કાળાં ડીમ ઘનઘોર હા ! વાદળ માંહી જેમ,
ક્ષણ ક્ષણ ચમકી જાય હા ! વિદ્યુલ્લેખા તેમ; ૮
કાળી ભમ્મર મૂછ ને દાઢી વચ્ચે એમ,
વિદ્યુતસમ દંતાવલિ, હાસ્યે ચમકે તેમ. ૯
શુદ્ધ સ્વર્ણ સમ અંગપર ખાદીની ચાદર,
ઘૂંટણ સુધી લપેટીને, છેડો છે કર પર. ૧૦
જમણે હાથે દંડ ને ડાબે જલનું પાત્ર;
ખટ્ ખટ્ રણકે પાદુકા; પવિત્ર સઘળાં ગાત્ર ! ૧૧
નિરખતાં અવધૂતને, નવા સ્ટેશન માસ્તર;
દિઙ્મૂઢ થઈ જોઈ રહ્યા, નયન ભરી પલભર. ૧૨
ખુરસી લાવી તે સ્થળે, નાખીને આસન;
અવધૂતને બેસાડિયા, બોલ્યા પછી વચનઃ ૧૩
''ધર્મજના સ્ટેશન થકી, બદલાઈને એમ;
સ્ટેશન માસ્તર હું નવો, આવી ગયો છું તેમ.'' ૧૪
એમ કહી સદ્ગુરુતણા, ચરણે કરી પ્રણામ;
બોલ્યા, ''જ્ઞાતે વિપ્ર છું ચિંતામણિ છે નામ'' ૧૫
ત્યાં તો અવધૂતજી વદ્યા મુખથી મીઠાં વચનઃ
'કયાંના વતની છો તમે ?' માસ્તર કરી નમન ૧૬
બોલ્યા, 'મારું વતન છે, રાજપીપલા એમ;
દર્શન કરવા આપના, હતી હૃદયમાં નેમ. ૧૭
આજે મારી હે ગુરો ! પૂર્ણ થઈ અભિલાષ;
ચરણોમાં રાખો મને, જાણી આપનો દાસ.' ૧૮
પ્રથમ દર્શને રંગનાં, ચિંતામણિએ આમ,
રંગ-ચરણમાં અરપિયાં, તન અને મન તમામ. ૧૯
એમ ઘડી-ભર બેસીને, ઊઠ્યા સદ્ગુરુરાય;
પગે ચાલીને પહોંચિયા, નારેશ્વરની માંહ્ય. ૨૦
અવધૂત તો ચાલ્યા ગયા, લઈ માસ્તરની વિદાય;
પણ માસ્તરના હૃદયમાં, વસી ગયા સદાય. ૨૧
બે-ત્રણ દિન વીતી ગયા, માસ્તર કેરાં નૈન;
અવધૂતનાં દર્શન વિના, થઈ ગયા બેચૈન. ૨૨
બીજે દિન નારેશ્વરે, કરે અવધૂત-દર્શન;
ત્યારે ચિંતામણિતણું, ચિત્ત થયું પ્રસન્ન. ૨૩
અનહદ શાંતિ અનુભવી, દુઃખ ભૂલ્યા પલભર;
સંતાપો સંસારના, દૂર થયા સત્વર. ૨૪

પાછા ફરતાં માર્ગમાં, માસ્તર કરે વિચારઃ
''મારી માંદી પત્નીને, લાવું અહીં એકવાર'' ૨૫
અલખ કહે સૂણ શિષ્ય હે ! માસ્તરપત્ની એમ,
અસાધ્ય ક્ષયના રોગથી પીડાતાં'તાં તેમ. ૨૬
કાયમ જ્વર તનમાં રહે, અન્ન ન પચે લગાર;
ઉધરસ અતિશય થાય ને આવી અશક્તિ અપાર. ૨૭
હરી-ફરી શકાય ના, બેઠું ના રહેવાય;
સૂતાં રહેતાં દિનભર, દુઃખ સહ્યું ના જાય. ૨૮
રાજપીપલા તે થકી, મોકલ્યાં એમને ઘેર;
જેથી દવા ને ચાકરી થાય ત્યાં સુપેર. ૨૯
નારેશ્વરથી આવતાં, માસ્તર કરે વિચારઃ
''સદ્ગુરુ-શરણે પત્નીને મૂકી દઉં એકવાર'' ૩૦
રજા મૂકી, આવતાં માણસ છોડવનાર,
નારેશ્વરથી જાય એ, ગામ ભણી તત્કાળ. ૩૧
રાજપીપલા નગરમાં, પહોંચીને નિજ ઘેર;
નિજ માતાને વાત કરી, અવધૂતની સુપેર. ૩૨
માત કહે '''તુજ વાત હા ! સોલ આની છે સાચ;
સંત-શરણ જાનારને, કદી ન આવે આંચ'' ૩૩
આ બાજુ માસ્તર વળી, જુદું વિચારે મન;
''છેલ્લી સ્થિતિ છે બાઈની, નહિ કાઢે બહુ દન. ૩૪
મૃત્યુ એનું છે નકી, થોડા દિનમાં આંહ્ય;
શા માટે લઈ જાઉં ના નારેશ્વરની માંહ્ય ! ૩૫
સદ્ગુરુના સાન્નિધ્યમાં રેવાજીને તીર;
સાત્ત્વિક વાતાવરણમાં, છૂટશે એનું શરીર. ૩૬
તીર્થે છૂટતાં દેહ જો, મોક્ષ પામશે એહ,
ભલે પડે નારેશ્વરે, મુજ પત્નીનો દેહ !'' ૩૭
ચિંતામણિએ ચિત્તમાં, એવો કરી વિચાર;
નિજ પત્નીને લાવતા, નારેશ્વરને દ્વાર. ૩૮
ઝોળીમાં ઊંચકી અને જેમ તેમ ગાડા માંહ્ય;
નાખીને લાવ્યા હતા, નિજ પત્નીને ત્યાંય. ૩૯
અલખ કહે માસ્તરતણાં, સદ્ગુરુ પ્રત્યે એમ,
હતાં કેટલાં દૃઢ અહા ! શ્રદ્ધા-ભકિત-પ્રેમ ! ૪૦
નાખી એમને ઝોળીમાં, લઈ ગયા સદ્ગુરુ પાસ;
ગુફા કને ખુરસી ઉપર, જેહ બિરાજ્યાં ખાસ. ૪૧
સદ્ગુરુ સામે એમને, બેસાડ્યાં જેમ તેમ;
વંદન કર્યાં અવધૂતને, બે કર જોડી એમ. ૪૨

સમર્થ એ અવધૂતની, દયાભરી નજર;
એકાએક પડી અહા ! માસ્તર-પત્ની પર. ૪૩

નજર પડતાં રંગની, બાઈ ઉપર તે વાર;
બાઈના અંતરમાં ફૂટ્યા સુખના સ્રોત હજાર ! ૪૪

પછી શ્રીઅવધૂતજીએ, નિજ કમંડલજલ;
સ્વહસ્તે આપ્યું અને પાયું એ તત્પલ. ૪૫

જલ પીતાં એ બાઈને, લાગી કંઈ હળવાશ,
જાણે દુઃખ જતું રહ્યું ! બોલી મુખથી હાશ !! ૪૬

પછી વદ્યા અવધૂતજી, એ બાઈને એમ:
“ઊભા થઈને ગુફાતણી કરો પરિક્રમા તેમ” ૪૭

માસ્તર વિચારે મનમહીં “ઊભા થવાની એમ,
જેનામાં શક્તિ નથી, ફેરા ફરશે કેમ ?” ૪૮

પણ કમંડલ-જલતણું કર્યા પછીથી પાન,
શક્તિ આવી ગજબની, તરત કર્યું ઉત્થાન. ૪૯

ઊભા થઈને એકદમ, કોઈના ટેકા વગર;
પરિક્રમા ગુફાતણી, ત્રણ કરી સત્વર. ૫૦

માસ્તર તો આશ્ચર્યથી, જોઈ રહ્યા તે વાર;
પંગુ પરિક્રમા કરે, કેવો ચમત્કાર ! ૫૧

ત્રણ પરિક્રમા પછી, સદ્ગુરુ સન્મુખ એમ;
હાથ જોડી ઊભી રહી, બાઈ કુશળક્ષેમ. ૫૨

ૐ ૐ વદી રંગ ત્યાં, અરપે આશીર્વાદ;
માસ્તર સામે જોઈને બોલ્યા સદ્ગુરુનાથ. ૫૩

“બહેન ભણેલાં હોય તો સવારમાં પ્રતિદિન
સ્નાને શુદ્ધ થયા પછી, રાખી મન યકીન ૫૪

‘વાસુદેવનામસુધા’નો નિત્ય કરે એક પાઠ,
જેથી દુઃખ ચાલ્યું જશે, નહીં રહે ઉચાટ” ૫૫

માસ્તર તો ગદ્ગદ્ થઈ, સદ્ગુરુચરણો માંહ્ય,
કૃતજ્ઞતા દર્શાવતા, ફરી ફરી વંદે ત્યાંય. ૫૬

ઘેર આવતાં બેન આ, ધારી શ્રદ્ધા-પ્રેમ,
‘શ્રીવાસુદેવનામસુધા’ પાઠ કરે હા ! તેમ. ૫૭

દર ગુરુવારે એ વળી, નારેશ્વરમાં જાય;
કરે ગુફાની પરિક્રમા, આનંદ આનંદ થાય. ૫૮

ગુરુવાર ત્રણ એમ ત્યાં, ભરતાં નારેશ્વર;
લગભગ રોગ મટી ગયો, શરીર થયું સુંદર. ૫૯

ત્યાં તો એકાએક હા ! અવધૂતજીને એમ,
નડિયાદ જવાનું જો થયું, કાર્યાર્થે કંઈ તેમ. ૬૦

તેથી વહેલી સવારમાં, સદ્ગુરુ અવધૂત જાણ;
માલોદ સ્ટેશન આવિયા, ગાડીએ બેસવા માન. ૬૧

અવધૂતજીને દૂરથી, આવતા દેખી એમ;
માસ્તર આસન નાખતા, ખુરસી મૂકી તેમ. ૬૨

બેઠા સુખે અવધૂતજી; શ્રીચરણમાં આમ,
પત્ની સહ ચિંતામણિ, કરી રહ્યા પ્રણામ. ૬૩

ત્યાં તો અવધૂતજી ચિંતામણિને જાણ;
“માસ્તર ! તમારા નસીબમાં દુઃખ સહેવાનું માન; ૬૪

કેટલુંક અહો બાકી રહ્યું, એટલે એકાએક
મારે જવાનું થયું, નડિયાદ ગામે છેક. ૬૫

પણ ચિંતા કરશો નહિ, એને કશું નહિ થાય;
શ્રદ્ધાથી કરજો સદા, મેં ચીંધ્યો ઉપાય. ૬૬

ન કરે નારાયણ અને મરી જાય કદાચિત્
કરવા એને જીવતી, આવીશ હું ખચિત. ૬૭

‘નામસુધા’ ના પાઠને, કરજો ધારી પ્રીત;
પડે ગમે તે દુઃખ પણ ચલિત ન કરશો ચિત્ત” ૬૮

એમ હિંમત આપી હા ! માસ્તરને અપાર,
ત્યાં તો ગાડી આવી હા ! સ્ટેશન પર તે વાર. ૬૯

“અવધૂત ચિંતન...” નાદથી, ગાજી ઊઠ્યું સ્ટેશન,
સદ્ગુરુ-દર્શન કાજ હા ! દોડ્યા સર્વે જન. ૭૦

ગાડી ઉપડી ગયા પછી, માસ્તર કરે વિચાર:
“મુજ પત્નીને દર્દ તો રહ્યું નથી લગાર. ૭૧

તો પછી સમર્થ ગુરુવરે મુજને વારંવાર,
ચિંતા નહિ કરવાતણું કેમ કહ્યું આ વાર ? ૭૨

અગમ્ય લીલા રંગની, મુજથી ના સમજાય;
ચિંતા હું શાને કરું ? ધાર્યું પ્રભુનું થાય !” ૭૩

વિચાર કરતા એમ ત્યાં આવી ગયા નિજ ઘર,
ચિંતા છોડી પ્રેમથી, સ્મરી રહ્યા ગુરુવર. ૭૪

તે રાતે નિજ પત્નીને, ચઢ્યો અતિશય જ્વર;
ગએલું દર્દ જો ઉપડ્યું, ફરી આવ્યું સત્વર. ૭૫

અન્ન ઉદર પચે નહિ, ખાતાં વાન્તિ થાય;
અશક્તિ આવી ગઈ અતિ, ઊભું ના રહેવાય. ૭૬

માસ્તર હિંમત રાખીને, સ્મરતા સદ્ગુરુદેવ,
‘નામસુધા’ ના પાઠ કરે, શ્રદ્ધાથી તતખેવ. ૭૭

ત્યાં તો એક પરોઢિયે, માસ્તરને દૃષ્ટાંત
થયું, સ્વપ્નમાં આવીને, બોલ્યા રંગ નિતાંત ! ૭૮

"ચિંતા કરશો ના હવે, હું આવું છું કાલ,
જાણું છું તમ પત્નીના કેવા થયા છે હાલ !" ૭૯
એમ બોલીને સદ્‌ગુરુ, થઈ ગયા અદૃશ્ય;
માસ્તર જાગ્યા જોયું ને વિચાર્યું "અવશ્ય ૮૦
આજે સદ્‌ગુરુ આવશે, થશે દુઃખનો અંત;
નહિ ભૂલે એ ભક્તને, ભક્તસખા ભગવંત." ૮૧
દિવસ એમ વીતી ગયો, વિચાર કરતાં ત્યાંય;
ત્યાં તો ગાડી સાંજની, આવી સ્ટેશન માંહ્ય. ૮૨
દૂરથી જોયું માસ્તરે પ્રથમવર્ગના એમ,
ડબા કેરી બારીએ ફૂલમાળાઓ એમ ૮૩
ઝૂલી રહી છે, જોઈને માસ્તરનો મનમોર
નાચી રહ્યો આનંદથી; કરી રહ્યો કલશોર. ૮૪
માસ્તર દોડ્યા હર્ષથી પ્રથમ વર્ગના એમ
ડબાએ આવી ઊભા આતુરતાથી તેમ. ૮૫
ત્યાં તો "અવધૂત ચિંતન", સૂણ્યો મધુરો નાદ;
ડબામાંથી ઊતર્યા, નારેશ્વરના નાથ. ૮૬
આનંદ આનંદ થઈ ગયો, પામ્યા હર્ષ અનંત;
"હવે મારા દુઃખનો જરૂર આવશે અંત" ૮૭
ખુરસી લાવી તે પરે નાખીને આસન,
સદ્‌ગુરુને બેસાડિયા, પલપલ કરે નમન. ૮૮
બે જણ ઝાલી લાવિયા, પત્નીને તે ઠામ;
અવધૂતજીના ચરણમાં, ભાવે કર્યા પ્રણામ. ૮૯
સ્થિતિ જોઈ એ બાઈની, અવધૂતજી તત્કાળ;
બોલ્યા "હું આવી ગયો, પાછો કાઢીશ કાળ. ૯૦
ચિંતા ના કરશો તમે, દર્દ થાશે દૂર;
મારી તબિયત પણ જુઓ, બગડી હતી પ્રચુર" ૯૧
એમ કહી માસ્તર પ્રતિ બોલ્યા દીન દયાળ:
"માસ્તર ! એમને લઈ તમે, આવો સ્થાનમાં કાલ" ૯૨
એમ કહી અવધૂતજી નારેશ્વરને પંથ,
ચાલ્યા એ બન્નેવને આપી સુખ અનંત. ૯૩
અવધૂતજીના ગયા પછી, બીજે દિવસે એમ;
તબિયત માસ્તર પત્નીની, અતિશય બગડી તેમ. ૯૪
તનનું ભાન ગુમાવ્યું ને નાડીઓ ખેંચાય;
તોયે માસ્તર મોદથી દત્ત દત્ત મુખ ગાય. ૯૫
બીજે દિન નારેશ્વરે જઈને માસ્તર એમ,
અવધૂતજી આગળ કહે, વાત સઘળી તેમ. ૯૬
વંદન કરીને તે પછી, આંસુભર્યાં નયન
વિનવી સદ્‌ગુરુ દેવને કહેવા લાગ્યા વચનઃ ૯૭
"પ્રભુ ! મુજ પત્નીતણી, આખર સ્થિતિ છે એમ;
પડ્યો આપના શરણમાં, કરું આપ કહો તેમ. ૯૮
આપને છોડી હે ગુરો ! જાઉં બીજે કયાંય ?
આપ કહો તો સદ્ય હું લાવું એને આંહ્ય" ૯૯
સૂણી વચન એ ભક્તનાં, દ્રવ્યા દેવ દયાળ;
બોલ્યા "એને લાવ અહીં, પાછો કાઢીશ કાળ". ૧૦૦
સદ્‌ગુરુવચન સાંભળી, પામ્યા હર્ષ અપાર;
આવ્યા મૂળીબેનની પાસ એ તત્કાળ. ૧૦૧
દાસકાકા સાથ વળી મૂળીબેન તે વાર,
સેવામાં રહેતાં હતાં, નારેશ્વર મોઝાર. ૧૦૨
દાસકાકાને મળ્યા, મૂળીબેનને તેમ;
મળીને વાત કરી બધી, નિજ પત્નીની એમઃ ૧૦૩
"આજ્ઞા આપી ગુરુવરે અહીં લાવવા કાજ,
માટે એને અહીં લઈ, આવું છું હું આજ. ૧૦૪
તમે એને સંભાળજો, તમ ભરુંસે એમ;
મૂકી એને જઈશ હું, માલોદ સ્ટેશન તેમ" ૧૦૫
બાપ-દીકરી બેવ જણ, સૂણી થયાં પ્રસન્ન;
માસ્તરને બહુ ભાવથી, આપ્યું આશ્વાસનઃ ૧૦૬
"ચિંતા ના કરશો તમે, માસ્તર હવે જરાય;
અમે તો અહીં છીએ જ ને સાથે છે ગુરુરાય. ૧૦૭
એના ખાન-પાન અને સૂવા-બેસવાની તેમ,
વ્યવસ્થા સઘળી આજથી, કરીશું અમે સપ્રેમ. ૧૦૮
માટે વહેલા એમને, તેડી લાવો આંહ્ય;
સંકોચ જરા ન રાખશો, માસ્તર ! મનની માંહ્ય." ૧૦૯
સૂણી વચન એ બેવનાં, માસ્તર પ્રસન્નમન;
બોલ્યા "ધન્ય ધન્ય છે ! બાપ ને દીકરી ધન્ય !" ૧૧૦
બીજે દિવસ સવારમાં, ગાડે નાખી જાણ;
પત્નીને લાવી દીધાં, નારેશ્વરમાં માન. ૧૧૧
જ્યમ ત્યમ ઝાલી લાવીને, અવધૂતચરણે શિષ;
મૂકાવ્યું ને ગુરુવરે, દીધા હૃદ્-આશિષ. ૧૧૨
કમંડલનું જલ અને પરિક્રમાનો ક્રમ,
ચાલુ કરતાં સ્વાસ્થ્યમાં, પડ્યો ફેર એકદમ. ૧૧૩
આસો વદી આઠમે લાવ્યા'તા એ નાર,
જ્યમ ત્યમ ગાડે નાખીને, નારેશ્વર મોઝાર. ૧૧૪

દિવાળીને દિવસ તો રેવાજીમાં સ્નાન
કરીને બેઢું જલભરી લઈ આવ્યાં એ સ્થાન ! ૧૧૫
જ્વર-ઉધરસ નબળાઈ સૌ, દૂર થયાં તે વાર,
શક્તિ-સ્ફૂર્તિ શરીરમાં, આવી ગયાં અપાર. ૧૧૬
અલખ કહે હે બાળ ! તું સાંભળ ચમત્કાર,
નૂતન વર્ષે આ બાઈએ દાળ-ભાત-કંસાર ૧૧૭
શાક, બનાવ્યાં નિજ કરે, જમી જમાડ્યા અન્ય;
કેવી કૃપા અવધૂતની ! ધન્ય સદ્ગુરુ ધન્ય ! ૧૧૮
મરણપથારીથી અહા ! માસ્તરપત્ની આમ,
અવધૂતે બેઠી કરી, ધન નારેશ્વર ધામ. ૧૧૯
સદ્ગુરુને વંદન કરી, ગયા માસ્તર ઘેર;
સુખી થયો સંસાર ને થઈ ગઈ લીલાલહેર. ૧૨૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! અચરજની એક વાત,
ગુરુકૃપાએ બાઈને ગર્ભ રહ્યો સાક્ષાત્. ૧૨૧
તેજ સાલના ભાદ્રપદ મહિનામાં હા ! એમ,
માસ્તર-પત્ની પુત્રને, જન્મ આપે તેમ. ૧૨૨
હૃષ્ટ પુષ્ટ શરીર ને રૂપતણો અંબાર,
દીકરો જોતાં સર્વને, થાય આનંદ અપાર. ૧૨૩
એક દિવસ અવધૂતજી, માલોદ સ્ટેશન એમ;
વહેલી સવારે આવિયા, ગાડીએ બેસવા તેમ. ૧૨૪
જોતાં સામે સદ્ગુરુ, માસ્તર વેગે ધાય;
ખુરસી-આસન નાખીને, બેસાડ્યા ગુરુરાય. ૧૨૫
ત્યાં તો પત્ની નીકળ્યાં, લઈ દીકરો બહાર;
અવધૂતજીના ચરણમાં, મૂકી દીધો તે વાર. ૧૨૬
અવધૂતજીએ પુત્રને, ઊંચકીને તે વાર;
એના કંઠમાં નાખિયો, પોતાનો ફૂલહાર. ૧૨૭
ફૂલહાર ઝૂલાવતા, બાળકને અવધૂત
ઊંચો કરી હલાવીને, પ્રેમે બોલ્યા તુર્તઃ ૧૨૮
"અરે ! કેમ તું આટલો, વહેલો ઊઠ્યો બાળ !
જા,તું અવધૂત બાવો થા, પહેરી આ ફૂલમાળ" ૧૨૯
એમ કહી અવધૂતજીએ, પોતાની ફૂલમાળ
પહેરાવી એ બાળના કંઠે હા ! તત્કાળ. ૧૩૦
માને બાળક આપતાં, અવધૂતજીની નજર;
અર્થ-સૂચક કંઈ ભાવથી પડી બાળ ઉપર. ૧૩૧
ત્યાં તો ગાડી આવી હા ! માલોદ સ્ટેશન પર;
બિરાજી ગાડીમાં ગયા, દૂર દૂર ગુરુવર. ૧૩૨
તે દિવસેજ બપોરના, બાળકના તન માંહ્ય;
તાવ ભરાયો જરા તરા, આકુળ-વ્યાકુળ થાય. ૧૩૩
બીજે દિન સવારમાં દવા વગેરે એમ,
કાળજીથી કર્યું છતાં, ફેર પડ્યો ના તેમ. ૧૩૪
રાત્રે શાંતિથી સૂતો, પરોઢિયાના ચાર
વાગ્યા ત્યાં તો બાળ એ, જાગ્યો કંઈક લગાર. ૧૩૫
માના ખોળામાં સૂતો શાંતિથી ભગવાન !
છેલ્લા શ્વાસ લીધા અને ત્યજી દીધા નિજ પ્રાણ !! ૧૩૬
જોતાં મડદું પુત્રનું, માત-પિતાને એમ;
કેટલું દુઃખ થયું હશે ! શકું વર્ણવી કેમ ? ૧૩૭
માસ્તર મન વિચારતાઃ "અવધૂતજીએ એમ
રમાડી એ બાળને નિજ ફૂલમાળા તેમ ૧૩૮
આરોપી, એ બાળના કંઠે પછીથી એમ,
"જા બાવો અવધૂત થા" કહ્યું હશે એમ કેમ ? ૧૩૯
યોગભ્રષ્ટ આત્મા હશે જરૂર, કોઈ આ બાળ;
અવધૂતનાં દર્શન થતાં, થયો એનો ઉદ્ધાર. ૧૪૦
દર્શન કરી અવધૂતનાં પૂર્ણ કર્યું નિજ કામ,
જન્મ-મરણનાં બંધનો તોડી ગયો સ્વધામ" ૧૪૧
લે આશ્વાસન એમ ત્યાં, વિચારી માસ્તર મન;
મૂકી શોક, ગુરુપદે ચોંટાડ્યું નિજ મન. ૧૪૨
નિધન થયે નિજ પુત્રને, થયા દિવસ ચારેક,
ત્યાં તો સાંજની ગાડીમાં અવધૂત એકાએક ૧૪૩
ભક્તો સહ ઉતર્યા અહા ! માલોદને સ્ટેશન,
ઉતરતાંજ વેગે ગયા, માસ્તર કેરા સદન. ૧૪૪
માસ્તરપત્ની પાસ હા ! સીધા જઈને એમ,
આશ્વાસન દેતાં વદ્યા અવધૂતજી સપ્રેમઃ- ૧૪૫
"મને ખબર છે બધી, માટે કપિલાબહેન !
શોક ન કરશો પુત્રનો, મા થાશો બેચેન. ૧૪૬
મેં જ એને મોકલ્યો, પ્યારા પ્રભુની પાસ;
લાંબુ આયુષ્ય મેળવી, પાછો ફરવા ખાસ" ૧૪૭
એમ કહી અવધૂતજી, નારેશ્વરની વાટ
પકડી ચાલ્યા વેગથી, ટાળી ભક્તઉચાટ. ૧૪૮
પતિ-પત્ની બન્નેવનાં, હરખ્યાં અતિશય મન;
"અવશ્ય રંગકૃપા થકી થાશે બીજો તન " ૧૪૯
ચિંતા શોક ટળી ગયાં, અનુભવતા હળવાશ;
શક્તિ સદ્ગુરુશબ્દની, અજબ અનુપમ ખાસ. ૧૫૦

જેના શબ્દે ભકતનાં જાય, રોગ ને દુઃખ;
શબ્દે શબ્દે શિષ્યના, અંતર વ્યાપે સુખ. ૧૫૧
અલખ નિરંજનને કહે, કોરા કાગળ પર;
લખી લે મારું વાકય આ, રહેશે સદા અમર. ૧૫૨
"વિપદ હરે જે શિષ્યની, સ્મરતાં દોડે જેહ
એ જ સંત ભગવાન છે ભલે ધર્યો નરદેહ !" ૧૫૩
હજુ તો વર્ષ વીત્યું નથી, ત્યાં તો એક મધરાત.
કપિલાબહેને પ્રસવિયો પુત્ર-રત્ન સાક્ષાત્. ૧૫૪
તે જ રાત્રે શું બન્યું ? સ્ટેશન ઉપર આંહ્ય,
ચિંતામણિને સ્વપ્નમાં, દે દર્શન ગુરુરાય. ૧૫૫
સદ્ગુરુનાં દર્શન થતાં, માસ્તર ઊઠી ત્યાંય;
દીવો કરીને હર્ષથી, જોયું ઘડિયાળ માંહ્ય. ૧૫૬
બરાબર રાત્રીતણો દોઢ વાગ્યો' તો એમ,
સદ્ગુરુસ્મરણાનંદમાં માસ્તર બેઠા તેમ. ૧૫૭
બીજે દિન સવારમાં, રાજપીપલાથી છેક;
સમાચાર શુભ આપવા, માણસ આવ્યો એક. ૧૫૮
માસ્તર સમક્ષ આવીને કહી 'ગુરુદેવદત્ત'
સમાચાર શુભ આપિયા, થઈ આનંદે મત્ત; ૧૫૯
"ગઈ રાતે દોઢ બજે કપિલાબેને એમ,
પુત્ર-રત્નને જન્મ હા ! આપ્યો છે ત્યાં તેમ" ૧૬૦
સમાચાર શુભ સાંભળી, માસ્તર હરખ્યા અપાર;
છબિ પાસ જઈ રંગની, વંદે વારંવાર. ૧૬૧
ઉત્કટ આનંદ હૃદયમાં, તેનો આવિષ્કાર;
ચિંતામણિનાં નયનથી વહે હર્ષાશ્રુધાર. ૧૬૨
ગદ્ગદ્ કંઠ વદી રહ્યા "ધન્ય ! ધન્ય ! ગુરુરાય !
તારી કૃપાથી ભકતનાં શમણાં સાચાં થાય" ૧૬૩
અલખ કહે સૂણ શિષ્ય હે ! રાતના દોઢનો એમ,
સમય કેટલો સૂચક છે પરસ્પર હા ! તેમ. ૧૬૪
દોઢ વાગતાં રાતરે, ચિંતામણિને આંહ્ય;
માલોદ-સ્ટેશને સ્વપ્નમાં, સદ્ગુરુદર્શન થાય. ૧૬૫
તે જ રાતરે દોઢ બજે, રાજપીપલા માંહ્ય;
કપિલાબેનના ઉદરથી પુત્ર-જન્મ હા ! થાય. ૧૬૬
કેવી અવધૂત-લીલા ! નહીં કો'થી કળાય,
ભકતો શ્રદ્ધાવાન જે, સૂણતાં રાજી થાય. ૧૬૭
પહેલી ગાડી સવારની, વેગે કરી વિદાય;
નારેશ્વરની વાટ પર, માસ્તર દોડ્યા જાય. ૧૬૮
પગ જાણે ટકતો નથી, વેગે ધરતી પર;
આનંદના આવેશમાં, આવ્યા નારેશ્વર. ૧૬૯
ઝટ દોડ્યા રેવાતટે, ઝટ-પટ રેવા સ્નાન;
કરીને આવ્યા વેગથી, જ્યાં બેઠા ભગવાન. ૧૭૦
શ્રીફળ મૂકયું ચરણમાં, કંઠે પુષ્પનો હાર;
લાંબા થઈને પગે પડ્યા, હૈયે હર્ષ અપાર. ૧૭૧
"વચન ફળ્યું પ્રભુ ! આપનું, ધન્ય ! ધન્ય ! અવધૂત !
ગઈ કાલે મુજ પત્નીએ, પ્રસવ્યો સુંદર સુત. ૧૭૨
રાજપીપલાથી સવારમાં, આવ્યા સમાચાર;
કહેવા ખબર આપને આવ્યો છું આ વાર" ૧૭૩
એમ કહી શ્રીચરણમાં, ફરી ફરી નત વંદન
કરી રહ્યા માસ્તર અને સદ્ગુરુ થયા પ્રસન્ન. ૧૭૪
પછી વદ્યા અવધૂતજી "જુઓ માસ્તર આમ,
શ્રદ્ધાથી સદ્ગુરુ ભજે તેનું થાય છે કામ. ૧૭૫
મેં કે મારા વચને, નથી કર્યું કંઈ એહ;
પણ તમ શ્રદ્ધા-ભકિતનું, ફલ એ નિઃસંદેહ" ૧૭૬
નિઃસ્પૃહી અવધૂત એ, મળે ના અહંકાર;
મૌને માસ્તર વંદતા, ભાવે વારંવાર. ૧૭૭
ત્યાર પછી માસ્તર ગયા, રાજપીપલા નિજ ઘેર;
જોઈ સુંદર પુત્રને હરખ્યું ચિત્ત સુપેર. ૧૭૮
પછી કહ્યું નિજ માતને, 'હું આવ્યો છું આજ,
નામકરણ આ પુત્રનું, કરીએ આજને આજ; ૧૭૯
દત્તપ્રભુની થઈ કૃપા, અવધૂત આશીર્વાદ;
માટે નામ આ બાળનું રાખો દત્તપ્રસાદ' ૧૮૦
દત્તુ બે-એક વર્ષનો, થયો હશે જયાં એમ,
બદલી થઈ માસ્તરતણી, વેમાર સ્ટેશને તેમ. ૧૮૧
સદ્ગૃહસ્થ વેમારના, મુસ્લીમ બિરાદર;
અમીરઅલી સાથ હા ! માસ્તરને સત્વર ૧૮૨
થયો પરિચય ને વધ્યો, પછી પરસ્પર પ્રેમ;
ગાઢ મિત્રો બની ગયા બન્ને પછીથી એમ. ૧૮૩
અમીરઅલી સાહેબને ચિંતામણિ એક દન,
નારેશ્વરમાં લઈ ગયા કરાવ્યાં ગુરુ-દર્શન. ૧૮૪
પ્રથમ દર્શને રંગના, અમીરસાહેબ એમ;
પરમ ભકત અવધૂતના, બની ગયા હા ! તેમ. ૧૮૫
કૃતજ્ઞતા દર્શાવતા અલિસાહેબ સપ્રેમ,
ચિંતામણિને કહી રહ્યા નયન નીર ભરી એમઃ ૧૮૬

"દોસ્ત ! તારી દોસ્તીની, આઈ આજ બહાર,
અજબ ઓલિયા રંગકા, ચશ્મે કિયા દીદાર. ૧૮૭
નારેશ્વરકા પીરકા, બહુત સૂના થા નામ;
મગર આજ દીદારસે બન્દા બના ગુલામ." ૧૮૮
અમીરઅલી તો પછી જાતા વારંવાર,
ચિંતામણિની સાથ હા ! નારેશ્વર મોઝાર. ૧૮૯
શિષ્ય અહિયાં શું બન્યું ? સાંભળ ધરી સુભાવ,
ચિંતામણિના પુત્રને, એક દિન આવ્યો તાવ. ૧૯૦
તાવની સાથે પુત્રને, ગુમડું એક વિશાલ
કાનની પાછળ નીકળ્યું, ટામેટા શું લાલ. ૧૯૧
દવા-દારૂ કંઈ કર્યાં, ઘરગથ્થુ ઉપચાર
કર્યા તોય વધતું ગયું, પડ્યો ન ફેર લગાર. ૧૯૨
દાકતર આવે શિનોરથી, કરવા રોજ ઉપાય,
મલમ-પટ્ટા કંઈ કરી, સાંજે પાછા જાય. ૧૯૩
તોય ગુમડું કઠણ એ જરા ન પોચું થાય,
જ્યમ ઉપચાર કરે અહા ! ત્યમ ત્યમ વધતું જાય. ૧૯૪
થાકીને દાકતર વદ્યા "નસ્તર મૂકયા સિવાય
આ ગુમડાનો રહ્યો હવે નથી બીજો ઉપાય. ૧૯૫
માટે જાઓ વડોદરા, કોઈ 'સર્જન'ની પાસ;
નસ્તર મૂકાવી ગુમડે, પાછા આવો ખાસ." ૧૯૬
એમ કહી દાકતર ગયા, ચિંતામણિએ એમ;
નિજ મનમાં નિર્ણય લીધો "વાર લગાડું કેમ ? ૧૯૭
આવતી કાલે સવારમાં પહેલી ગાડી માંહ્ય,
લઈ જાઉં આ પુત્રને વડોદરામાં ત્યાંય. ૧૯૮
કોઈ સારા સર્જન કને કરાવું ઓપરેશન,
રહેવાનું કદી થાય તો રહીશું થોડા દન" ૧૯૯
ચિંતામણિ નિજ મન મહીં, કરે છે આમ વિચાર;
ત્યાં તો એમના મગજમાં થયો એક ચમકાર. ૨૦૦
"પુત્રને લઈ વડોદરા, જાતાં પહેલાં એમ;
નારેશ્વર જઈ રંગનાં, કરું, હું દર્શન તેમ. ૨૦૧
સદ્ગુરુની આજ્ઞા અને લઈને આશીર્વાદ,
પછીજ જાઉં વડોદરા જેથી રહે ન વિષાદ" ૨૦૨
નારેશ્વર જાવા અરે ! અત્યારે આ ક્ષણ,
બળદ-ગાડી વિણ બીજું ન'તું કોઈ સાધન. ૨૦૩
અત્યારે જઈ રાતરે જો પાછું અવાય,
તો જ સવારની ગાડીમાં વડોદરા જવાય. ૨૦૪
તેથી ગયા ચિંતામણિ અલિસાહેબની પાસ,
એમનાં ગાડી-બળદ હા ! લઈ જવાને ખાસ. ૨૦૫
અલિસાહેબ બોલિયા, "જાવા નારેશ્વર
મારાં ગાડી-બળદ આ, લઈ જાઓ સત્વર. ૨૦૬
દાઢ દુઃખે છે માહરી, મુજથી નહીં અવાય;
ચાકર મા'રો આવશે, ગાડી હાંકી ત્યાંય. ૨૦૭
અન્ય એક-બે આવશે, તમ સાથે ત્યાં આમ;
અવધૂતના કદમ મહીં, પઢજો મારી સલામ" ૨૦૮
ચિંતામણિ કહે "આપના સિવાય ન જાઉં ત્યાંય,
આપ બેઠા વિણ હું નહીં, બેસું ડમણા માંહ્ય" ૨૦૯
"ચાલો ત્યારે આવું છું." એમ કહી તત્ક્ષણ,
ડમણામાં બેસી ગયા અલિસાહેબ પણ. ૨૧૦
થોડે દૂર ગયા હશે ત્યાં તો એકાએક
અલિસાહેબની દાઢ હા ! દુઃખતી મટી ગઈ છેક. ૨૧૧
"જુઓ, માસ્તર ! માહરી દાઢ મટી ગઈ તુર્ત,
કેટલી આપણી કાળજી રાખે છે અવધૂત !" ૨૧૨
કરતા વાતો એમ ત્યાં, આવ્યા નારેશ્વર;
પ્રથમ નર્મદા સ્નાન કરી, ફળ-ફૂલ લઈ સત્વર. ૨૧૩
આવ્યા ગુફા પાસ જ્યાં, બેઠા'તા અવધૂત,
ફળ-ફૂલ મૂકી ચરણમાં, વંદ્યા ત્યાં તો તુર્ત. ૨૧૪
પૂછ્યું શ્રી સદ્ગુરુવરે "અરે ! માસ્તર !એમ
એકાએક આવ્યા તમે, દીકરાને છે કેમ ?" ૨૧૫
"દીકરાને તો હે પ્રભુ ? કાનની પાછળ એમ,
નીકળ્યું મોટું ગૂમડું એક માસથી તેમ. ૨૧૬
નથી પાકતું ફાટતું, કર્યા કંઈક ઉપાય;
એને લીધે તાવ ને બીજી પીડા થાય. ૨૧૭
આવતી કાલે તે થકી વહેલી સવારે એમ,
એને લઈને જાઉં છું, વડોદરા હું તેમ. ૨૧૮
કોઈ સારા સર્જન કને એના ગૂમડા પર,
દર્દ દૂર કરાવવા મૂકાવશું નસ્તર. ૨૧૯
આજ્ઞા લેવા આપની, આવ્યો છું પ્રભુ ! આજ;
આપો આશીર્વાદ તો સફલ બને મમ કાજ" ૨૨૦
ત્યાં તો અવધૂતજી વદ્યા કંઈક કરી વિચાર;
"ગભરાવાની જરૂર નથી માસ્તર આમ લગાર. ૨૨૧
ચિંતા છોડી દો બધી હવે આવતી કાલ,
એને લઈને વડોદરા નથી જવાનું હાલ. ૨૨૨

ત્યાં તો માસ્તર બોલિયા, વચ્ચે જોડી હાથઃ
"તો પછી એનું ગૂમડું મટશે શેં ? ગુરુનાથ !" ૨૨૩
ત્યાં તો સદ્ગુરુ બોલિયા કરી મોટો અવાજઃ
"અરે ! માસ્તર ! મૂર્ખ છો ? ગભરાઓ શેં કાજ ? ૨૨૪
જેના પર શ્રદ્ધા ધરી આટલે દૂરથી આમ,
આવ્યા છો એ દેવ શું, નહિ કરે તમ કામ ? ૨૨૫
જાઓ ડમણું જોડીને ઉપડો અહીંથી ઝટ;
શ્રદ્ધા રાખી માર્ગમાં, સ્મરજો ગુરુદેવદત્ત. ૨૨૬
પહોંચો ત્યાં તે પૂર્વ તો, ગૂમડું એનું આમ;
ફૂટી ગયું હશે અને થયો હશે આરામ. ૨૨૭
જવું પડે નહિ વડોદરા, તમારે આવતી કાલ;
ઘેર પહોંચતાં એહના સુંદર જોશો હાલ" ૨૨૮
સૂણી વચન સદ્ગુરુતણાં, માસ્તર થયા પ્રસન્ન;
શ્રીચરણે વંદન કરી, નીકળ્યા ત્યાંથી સન્ન. ૨૨૯
વેમાર ગામની પાદરે આવી ગયા જ્યાં એમ;
ત્યાં તો અલિસાહેબને, માસ્તર કહે સપ્રેમઃ ૨૩૦
"અહિયાં ઉતરી જાવ તમે જાઓ સીધા ઘેર,
કાલે સવારે સ્ટેશને આવી જજો સુપેર. ૨૩૧
ત્યાં તો અલિસાહેબ કહે "અરે ! માસ્તર આમ !
અશ્રદ્ધા અધિરાઈની વાત કરો શું કામ ? ૨૩૨
કેમ વચન ભૂલ્યા તમે અવધૂતજીએ કહેલ ?
"ગૂમડું ફૂટી જશે અહો ! ઘેર પહોંચતાં પહેલ !" ૨૩૩
એટલે હું તો આવું છું, લેવા એની ખબર;
ગુમડું ફૂટ્યું જોઈને જઈશ પછી મુજ ઘર" ૨૩૪
વાતો કરતાં બેઉ જણ આવ્યા સ્ટેશન પર,
માસ્તર-ઘેર પ્રવેશતાં, અત્યાનંદની લ્હેર ૨૩૫
આવી, એકાએક ને કાને પડયાં ભજન !
ઘરનાં સહુ કરતાં હતાં, થઈને ચિત્ત મગન. ૨૩૬
અંદર જઈને જોયું તો ગૂમડું ફાટી માન,
લોહી પરુ ને પાક સૌ નીકળી ગયા'તાં જાણ. ૨૩૭
દર્દ થયું ગાયબ અને દત્તુ ઘસઘસાટ
હતો નિરાંતે ઊંઘતો, છોડી સર્વ ઉચાટ. ૨૩૮
અલખ કહે અવધૂતની દયા અપરંપાર,
જોઈને ચિંતામણિ અહા ! વંદે વારંવાર. ૨૩૯
અલિસાહેબ આ જોઈને બોલ્યા વગાડી ગાલઃ
"નારેશ્વરકે ઓલિયા તૂંને કિયા કમાલ" ૨૪૦
રૂપ ધારીને રંગનું, આવ્યા જો ભગવાન;
ચિંતામણિને કાજ જો, ચિંતામણિ સમાન ! ૨૪૧
ગુરુકથા જ્ઞાનપ્રદા, શ્રદ્ધા પ્રેરે પુનિત;
'બાલક' તો બાધો ઠરે, રંગની એવી રીત. ૨૪૨
જાતપાતની ના કંઈ એણે રાખી ચીડ,
સંત નિરંજન ! ઓલિયા જાણે પરની પીડ. ૨૪૩
આગળ રસમય એ કથા, અલખ વદશે ત્યાંય;
વિરામ લેતી કલમ હા ! પૂર્ણ થયો અધ્યાય ! ૨૪૪

ઈતિ શ્રીરંગપાદારવિન્દ મિલિન્દ ચુનિલાલબાલ ગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે અલખનિરંજન સંવાદે ચિંતામણિપ્રસાદદુઃખનિવારણં નામ સપ્તષષ્ટિતમોડધ્યાયઃ ॥ ૬૭ ॥ દોહરા ૨૪૪ ॥

## અધ્યાય : ૬૮

સૂણ નિરંજન બાળ તું, બોલ્યા અલખ દયાળ;
જેને માથે સમર્થ છે સદ્ગુરુ દેવ કૃપાળ; ૧
ભય શાનો તેને જગે ? રંગ બને રખવાળ,
વિરુદ્ધ થાયે જગ ભલે, વાંકો થાય ન વાળ. ૨
ચિંતામણિના મિત્ર જે, માલોદ એમનું ગામ,
ધર્મે મુસલમાન ને દાદુમિયા હતું નામ. ૩
ચિંતામણિના સંગથી, દાદુમિયા પણ એમ;
બન્યા ભકત અવધૂતના, ધારી હૈયે પ્રેમ. ૪
ચિંતામણિના સ્પર્શથી લોહનું સોનું થાય,
તેમ ઘણાં માલોદના મુસ્લીમ ભકતો ત્યાંય; ૫
ચિંતામણિ માસ્તરતણા દિવ્ય સ્પર્શથી એમ,
નારેશ્વર જાતા હતા રંગદર્શને તેમ. ૬
ઘરમાં સાંસારિક કંઈ આફત આવતાં તુર્ત,
દાદુમિયા સંભારતા, નારેશ્વર અવધૂત. ૭
સીધા-સાદા સરળ એ હતા ગ્રામીણ ગૃહસ્થ,
ગ્રામ્ય-સહજ નિર્દોષતા કૃષિકાર્યમાં વ્યસ્ત. ૮
ચિંતામણિની સાથ એ જાતા વારંવાર,
નારેશ્વર અવધૂતના કરવાને દીદાર. ૯
સંકુચિતતા ધર્મની, હતી નહિ તે વાર;
હિન્દુ મુસ્લીમ ભાઈ ભાઈ, ગણી કરે વહેવાર. ૧૦

ચિંતામણિ-દાદુમિયા મિત્ર હતા બે ખાસ.
બન્ને જણ સાથે જતા, અવધૂતજીની પાસ. ૧૧
બન્ને વચ્ચે ના હતો, જ્ઞાતિ-ધર્મનો ભેદ;
ધર્મે અહીં પાડ્યો ન'તો બન્ને વચ્ચે છેદ. ૧૨
એક અભણ ગ્રામીણ ને પાક-મુસલમાન,
બીજો ભણેલો વિપ્ર જો, કર્મઠ ને વિદ્વાન. ૧૩
એક બીજાને ના મળે, દિનમાં જો એકવાર;
મૂંઝાતા બન્નેય જો, પડે ન ચેન લગાર. ૧૪
સાંજે છેલ્લી ગાડીને આપ્યા પછી વિદાય,
માસ્તર દાદુ મિત્રને મળવા નિત્યે જાય. ૧૫
ઘણીવાર તો બેઉ જણ એક બીજાને એમ,
મળવા જતાં માર્ગમાં વચ્ચે મળતા તેમ. ૧૬
દાદુમીયા-ચિંતામણિ બન્ને વચ્ચે એમ,
નાતો હતો ગહન ને હતો પરસ્પર પ્રેમ. ૧૭
એક વખત દાદુમિયા, માંદા પડ્યા કંઈ એમ,
વડોદરા જઈ લાવિયા દવા દાકતરની તેમ. ૧૮
જાતા દર અઠવાડિયે, વડોદરા મોઝાર;
ભાડું અને દવાતણો, ખર્ચો થાય અપાર. ૧૯
એક મહિના સુધી કર્યો, ખર્ચ દવાનો જાણ;
પડ્યો એમને ના જરા ફેર શરીરે માન. ૨૦
ચિંતામણિને આ બધી હતી પ્રથમથી ખબર,
છતાંએ ના એ વધ્યા જાણી-જોઈ અક્ષર. ૨૧
એક દિવસ દાદુમિયા વડોદરા જવા એમ,
વહેલી સવારે સ્ટેશને ચાલી આવ્યા તેમ. ૨૨
ચિંતામણિ પાસે ગયા ટિકિટ લેવા જ્યાંય,
સ્ટેશન માસ્તર ક્રોધથી કે'તા એમને ત્યાંયઃ ૨૩
"શા માટે દાદુ ! તમે વ્યર્થ બગાડો દામ ?
ઉંબરો મૂકી ડુંગરો, પૂજવા જવું શું કામ ? ૨૪
સમર્થ સદ્ગુરુ પાસ છે, એને છોડી એમ;
ફાંફાં વ્યર્થ બીજે તમે, મારી રહ્યા છો કેમ ? ૨૫
ચાલો મારી સાથ તમે, આજે નારેશ્વર,
નથી જવાનું વડોદરા" એમ કહી સત્વર. ૨૬
માસ્તરે ખેંચી લીધી, દાદુ પાસથી જાણ,
શીશી દવાની, ફેંકીને ભાંગી નાખી માન. ૨૭
દાદુ બિચારો શું વદે ? ખળ-ખળ હસીને એમ
બોલ્યો "હવે કરીશ હું તમે કહેશો તેમ." ૨૮

દાદુને બેસાડિયા ત્યાર પછી કંઈવાર,
ચા-પાણી પાયાં અને પછી કહ્યો નિર્ધારઃ ૨૯
દાદુમિયા તમે આજથી અવધૂતજીની એમ,
બાધા રાખો મન થકી યકિન રાખી તેમઃ ૩૦
"દર ગુરુવારે ચાલીને, નારેશ્વરમાં જઈશ;
રેવાસ્નાન કર્યા પછી, અવધૂત-દીદાર લઈશ. ૩૧
આમ પાંચ ગુરુવાર હું, નારેશ્વરના ભરીશ,
અવધૂતકૃપાથી અચુક હું રોગથી છૂટી જઈશ." ૩૨
બાધા લેતા દાદુ ત્યાં, ત્રણેક ગુરુવાર આમ;
ભર્યા હશે ત્યાં તો અહા ! મટતો રોગ તમામ. ૩૩
વડોદરાના દાક્તરે, પૈસા લઈને જેહ
ના કર્યું તે અવધૂતે, કર્યું મફતમાં તેહ. ૩૪
દાદુમિયા સારા થયા, થયો હર્ષ અપાર;
માનવા લાગ્યા રંગને ખુદાનો અવતાર. ૩૫
ત્યાર પછી તો એમને વિપદ પડે કે તુર્ત,
અતિ ભાવથી યાદ કરે નારેશ્વર અવધૂત. ૩૬
અવધૂત પણ નિજ ભકતને, ભૂલે નહીં જરાય;
સહાય કરવા ભકતને, પોતે તુર્તજ ધાય. ૩૭
દાદુમિયાના પુત્રની પત્ની હતી, જે આમ
હતી રાજપીપલાતણી, ફાતમા એનું નામ. ૩૮
એ ફાતમાને એક દિ' ગળા ઉપર જાણ,
મોટું ગૂમડું નીકળ્યું, આપે પીડા માન ૩૯
ઘર-ગથ્થુ ઉપચાર કંઈ કર્યા એના અપાર,
તોયે ગૂમડું કઠણ એ પાકે ના રે ! લગાર. ૪૦
પીડા અતિશય થાય ને તનમાં તાવ ભરાય,
ફાતમાં બિચારી દુઃખથી, આકુળવ્યાકુળ થાય. ૪૧
પુત્ર-વધૂની આ પીડા, દેખી ના દેખાય,
દાદુમિયા તેથી જુઓ અંતર અતિ અકળાય. ૪૨
વિપદ સમયની વ્હાર જે નારેશ્વર કા ફકીર !
પલટાવી દે પલકમાં કિસ્મત કેરી લકીર. ૪૩
દાદુમિયાને તે સમે આવી એની યાદ,
યકિન રાખી અંતરે, બોલ્યા ઊંચે સાદઃ ૪૪
"નારેશ્વર કે ઓલિયા ! અય ! અવધૂત ફકીર !
સૂનજો મેરી આરઝુ હે મસ્તોં કા પીર ! ૪૫
મુજ દીકરાની પત્નીના ગળામાં ગૂમડું જેહ;
કલ સુબહ તક પકવીને ફાડી નાખો તેહ. ૪૬

કાલે ગુરુવાર છે, નારેશ્વર આવીશ;
તુજ કદમોમાં ઓલિયા ! શ્રીફળ મૂકી જઈશ. ૪૭
મારી આટલી આરઝૂ સુન લે મસ્ત ફકીર !
તુજ કદમોમાં રખ દિયા મૈંને મુજ તકદીર" ૪૮
એમ કહી દાદુમિયા, કરી આંખ નિજ બંધ;
કરે યકિનથી બંદગી અવધૂતજીની અખંડ. ૪૯
અલખ કહે સૂણ શિષ્ય હે ! થઈ જ્યાં મધરાત,
ત્યાં તો એના ઘર વિષે બની ગજબની વાત. ૫૦
ફાતમાકેરું ગૂમડું ફાટ્યું એકાએક,
જાણે કોઈએ છરી વડે છેદી નાખ્યું છેક. ૫૧
ધડ-ધડ રકત પરુ અહા ! નીકળી વહેતું બહાર,
જોતાં ફાતમા બાઈએ તુર્ત કર્યો પૂકાર. ૫૨
"જુઓ જુઓ ફાટી ગયું, મુજ ગૂમડું આ વાર;
અબ્બાજાન ! અવધૂતને સૂણી બંદગી તુમ્હાર" ૫૩
દાદુમિયા દોડી ગયા, વેગે નિજ ઘર માંહ્ય;
ગૂમડું ફાટ્યું જોઈને, હરખ્યા અંતર માંહ્ય. ૫૪
લોહી-પરુ વહીને બધું, નીકળી ગયું જો બહાર;
દર્દ ગયું ફાતમાતણું, પામી શાંતિ અપાર. ૫૫
શુકર ખુદાની પામવા, પઢી તુર્ત નમાજ;
"કરી સહાય ગરીબને, ધન-ધન ગરીબ નવાજ" ૫૬
બીજે દિને સવારમાં, માસ્તર સાથે એમ;
દાદુમિયાં આવી ગયા, નારેશ્વરમાં તેમ. ૫૭
રેવાસ્નાન કર્યા પછી, શ્રીફળ લઈ નિજ હાથ;
લીમડા નીચે આવિયા, જ્યાં બેઠા ગુરુનાથ. ૫૮
શ્રીચરણે શ્રીફળ મૂકી, લાંબી કરી નિજ કાય;
દાદુમિયા અવધૂતને સાષ્ટાંગ કરવા જાય; ૫૯
ત્યાં તો બોલ્યા સદ્ગુરુ દાદુમિયાને એમઃ
"ડોસા ! આજ શ્રીફળ લઈ કહોને આવ્યા કેમ ?" ૬૦
અલખ કહેઃ આ દાદુએ, પહેલાં કોઈ પણ વાર;
શ્રીફળ કદી મૂકયું ન'તું રંગ-ચરણ મોઝાર ! ૬૧
તેથી હળવી રમૂજ હા ! કરીને અવધૂત એમ,
"ડોસા ! આજ શ્રીફળ આ, લઈને આવ્યા કેમ ? ૬૨
ગઈ મધરાતે લોહીથી, ખરડાવ્યો મુજ હાથ !
મહેનતાણું શું તેહનું ? શ્રીફળ લાવ્યા સાથ !!" ૬૩
એમ કહી ખડખડ હસ્યા, સમર્થ સદ્ગુરુનાથ;
ઝરતી આંખે દાદુમિયા, જોડી રહ્યા બે હાથ. ૬૪

કૃતજ્ઞતાના ભારથી, દબાઈ ગએલા એહ;
શું બોલે દાદુમિયા ? ગ્રામીણ અભણ જેહ. ૬૫
અલખ કહે અવધૂત છે, સ્મર્તૃગામી દયાળ;
સ્મરતાં દોડે વેગથી, ભક્તોના પ્રતિપાળ. ૬૬
દાદુની વિનતિ સૂણી, દોડ્યા દીનદયાળ;
ગૂમડું ફાડી બાઈનું, કર્યા હાથ લોહિયાળ ! ૬૭
ભકતવત્સલા ગુરુવરા પલ પલ ભક્તિની એમ,
રાખે કાળજી સર્વદા, રખે રાખતો વહેમ ! ૬૮
એક સમે નારેશ્વરે દત્તજયંતીનો એમ,
ઉત્સવ ઉજવાયો અહા ! ધામધૂમથી તેમ. ૬૯
આજુબાજુનાં ગામથી, દૂર દૂરથી ત્યાંય;
ભકતો આવ્યા સેંકડો નારેશ્વરની માંહ્ય. ૭૦
ભજન-ધૂન-કીર્તન થયાં, ગાજ્યો દત્તનિનાદ;
લે હજારો ભક્ત ત્યાં પ્રેમે મહાપ્રસાદ. ૭૧
બે દિન નારેશ્વર વિષે, કરી ખૂબ ધૂમધામ;
ઉત્સવ ઉજવી ભક્ત સૌ, ગયા નિજ નિજ ગામ. ૭૨
ત્યાર પછી ચોથા દિને, ચિંતામણિપ્રસાદ;
નારેશ્વર સદ્ગુરુ કને બેઠા કરવા વાત. ૭૩
ત્યાં તો એકાએક કંઈ યાદ આવ્યું તેમ,
વાતદોર બદલી પ્રભુ માસ્તરને પૂછે એમઃ ૭૪
"અરે ! માસ્તર ! આ ઉત્સવે માલોદવાળા ભગત
દાદુમિયા મેં ના દીઠા, શી છે એમની વિગત ? ૭૫
નહિ તો દર ગુરુવારે અહીં, અચૂક હાજર હોય;
ના દેખાયા કેમ એ મોટો ઉત્સવ તોય ?'' ૭૬
સૂણી પ્રશ્ન સદ્ગુરુતણો જોડી બન્ને હાથ,
ચિંતામણિ બહુ દુઃખથી બોલ્યાઃ "શું કહું નાથ ! ૭૭
છેલ્લા પંદર દિનથી, આપણા દાદુભગત,
મરણપથારીમાં પડ્યા, થઈને વ્યાધિગ્રસ્ત. ૭૮
આજે અતિ ગંભીર છે, નહિ કાઢે એ રાત;
ખુદાના પ્યારા થઈ જશે, ઊગતા પહેલાં પ્રભાત ! ૭૯
એમની ધર્મપ્રણાલિકા, પ્રમાણે એમની એમ;
અંતિમ વિધિની ગોઠવણો કરી દીધી છે તેમ. ૮૦
તનનું ભાન રહ્યું નથી, ચાલે છેલ્લા શ્વાસ;
એમની સ્થિતિ જોઈને, આવ્યો અહીં હું ખાસ. ૮૧
આપ પ્રભુના કર્ણ પર, એમની સ્થિતિની વાત
નાખવા જ આવ્યો હતો, વેગે અહીં સાક્ષાત્. ૮૨

પણ વાત બીજે ચાલુ હતી, આપની અન્યની સાથ,
તેમાં વિક્ષેપ ના પડે, તેથી હે ગુરુનાથ ! ૮૩
મૂંગો થઈ બેઠો હતો, ત્યાં તો આપે એમ;
મૂળ વાત કાપી મને, પૂછ્યું એનું તેમ. ૮૪
સ્થિતિ જોતાં એમની, કહું છું સાચી વાત;
દાદુના જીવનતણી આજે છેલ્લી રાત !'' ૮૫
આટલું કહેતાં તો અરે ! ચિંતામણિનાં નેણ
જલથી ઉભરાયાં અને બોલી શક્યા ના વેણ. ૮૬
દાદુ ને માસ્તરતણા, સ્નેહ સંબંધની વાત;
ઘણા સમયથી જાણતા, હતા સદ્‌ગુરુ તાત. ૮૭
તેથી સદ્‌ગુરુ બોલિયા, મક્કમ ઊંચે સ્વરઃ
''હું છું પછી ગભરાવ છો, કેમ તમે માસ્તર ? ૮૮
નથી જવાનું દાદુને, છે હજી ઘણીવાર,
પાછો કાઢીશ કાળને, કહું છું કરી પડકાર'' ૮૯
એમ કહી અવધૂતજીએ પાસે બેઠેલ એમ
રતનલાલ મહાત્માને આજ્ઞા કરી સપ્રેમઃ ૯૦
''ઊઠો, મહાત્મા ! જાઓ તમે, રસોડામાં અદ્ય,
પ્રસાદીના ત્રણ લાડવા લઈને આવો સદ્ય.'' ૯૧
મહાત્મા દોડ્યા વેગથી, ગયા રસોડે એમ;
ત્રણ લાડુ પ્રસાદીના, લઈને આવ્યા તેમ. ૯૨
એટલે સદ્‌ગુરુ બોલિયા ''લો આ લાડુપ્રસાદ,
આપો મહાત્મા પ્રેમથી ચિંતામણિને હાથ,'' ૯૩
ચિંતામણિ સામે પછી સ્થિર કરીને નયન,
મક્કમ સ્વરથી બોલિયા સદ્‌ગુરુ મધુર વચનઃ ૯૪
''અહીંથી સીધા જાવ તમે, દાદુમિયાને ઘેર;
મરણખાટલે એહના બેસીને સુપેર; ૯૫
ધીમેથી બોલાવજો, કરીને ઊંચો સાદ,
કહેજો નારેશ્વરથી, લાવ્યો છું પ્રસાદ. ૯૬
નારેશ્વરના ઓલિયે, ભેજ્યો છે તમ કાજ;
માટે આરોગો તમે, ત્રણેવ લાડુ આજ'' ૯૭
એમ કહી ત્રણેવ આ, લાડુ એમને એમ;
ખવરાવી દેજો તમે અલ્લાહ ! કરશે રહેમ. ૯૮
ત્રણેવ આ લાડુતણો, દરેક કણેકણઃ
ડોસાનેજ ખવાડજો, બીજાને કણ પણ ૯૯
આમાંથી ના આપશો, એટલું મારું વચન
રાખશો તો દાદુને મળશે નવું જીવન'' ૧૦૦

સૂણી વચન અવધૂતનાં, માસ્તર વિચારે મનઃ
''મરણોન્મુખ શી રીતથી, કરશે આ ભોજન !'' ૧૦૧
વિચાર માસ્તર જ્યાં કરે અન્ય ઝબક્યો વિચારઃ
''શક્ય કરે અશક્યને, સંતો જગ મોઝાર'' ૧૦૨
વિચાર કરતા એમ એ, પહોંચ્યા માલોદ ગામ;
ગામમાં સીધા એ ગયા, દાદુમિયાને ધામ. ૧૦૩
ફળિમાં પેસતાં જોયું તો દાદુને ઘર એમ,
સગાં-વહાલાં સ્નેહીઓ ભેગાં થયાં બહુ તેમ. ૧૦૪
ઓરડો ને પરસાળ હા ! દેખે થયાં ચિક્કાર,
ઘરમાં પ્રવેશવાતણો, રહ્યો માર્ગ ન લગાર. ૧૦૫
ઘર આગળ જઈને પછી બોલ્યા ઊંચે સાદઃ
''અંદર જવા દો મને, લાવ્યો છું હું પ્રસાદ'' ૧૦૬
ચિંતામણિને જોઈને, થયું આશ્ચર્ય અપાર;
આઘાપાછા થઈ કર્યો, માર્ગ જવા તે વાર. ૧૦૭
દાદુમિયાનો દીકરો, બોલ્યો કરી સલામઃ
''માસ્તર સાહેબ ! પ્રસાદનો નથી અર્થ કંઈ આમ. ૧૦૮
અબ્બાજાનના તો હવે, ચાલે છેલ્લા શ્વાસ;
નાડી બંધ પડી ગઈ, નથી હવે કંઈ આશ. ૧૦૯
ગળે ઘરેડો બોલતો, નથી રહ્યું તન-ભાન;
ખુદાના પ્યારા થઈ જશે, પલમાં અબ્બાજાન'' ૧૧૦
એમ કહી એ દીકરે, મૂકી છૂટી પોક;
હકડે ઠઠ ભેગું થયું, ત્યાં તો ગામનું લોક. ૧૧૧
બહેનો પણ તીણા સ્વરે, કરવા લાગી રુદન;
ચિંતામણિએ ધીરજથી, આપ્યું આશ્વાસન. ૧૧૨
''શાને રુદન કરો બધા ? હજુ તો અબ્બાજાન
જીવે છે ને શરીરમાં ધબકે હજુ તો પ્રાણ. ૧૧૩
જ્યાં સુધી માનવતણા, ધબકે તનમાં શ્વાસ;
ત્યાં સુધી તો એહના જીવવાની છે આશ. ૧૧૪
નારેશ્વરના ઓલિયા, અવધૂત કેરી આમ;
દુઆ-પ્રસાદ લઈ પછી, આવ્યો છું આ ઠામ. ૧૧૫
નારેશ્વરકા ઓલિયા કેરું છે ફરમાન,
દુઆ-પ્રસાદ ખાધા થકી બચશે એના પ્રાણ'' ૧૧૬
દીકરો બોલ્યો એ સૂણી ''કરો જરા વિચાર
શી રીતે ખાશે અરે ! ભાન નથી લગાર'' ૧૧૭
ચિંતામણિ બોલ્યા પછી મક્કમ સ્વરથી એમ,
''જરા ધીરજ ધરો તમે, યકિન ગુમાવો કેમ ? ૧૧૮

પીર-ફકીરોં-ઓલિયા ધરતી પરના જેહ
ખૂદા કે નૂર હૈ નૂરી, ના કરો સંદેહ'' ૧૧૯
ત્યાર પછી માસ્તર ગયા, દાદુમિયાની પાસ;
બેઠા પથારી પર પછી, સમર્યા શ્રીઅવિનાશ. ૧૨૦
માસ્તરે દાદુતણા કાન આગળ એમ,
મુખ લઈ જઈ પોતાતણું ઊંચે સાદે તેમ. ૧૨૧
"ભગત ભગત કહી એમણે બૂમ પાડી ત્રણ ચાર
ત્યાં તો દાદુ-શરીરમાં થયો વીજસંચાર. ૧૨૨
સ્પંદન જાગ્યાં અંગમાં, સળવળિયું શરીર;
પાંપણ પણ પલકી અને ખૂલ્યાં નયન ગંભીર. ૧૨૩
ધબકી ઊઠી નાડીઓ, દાદુની ફરીવાર;
જોનારા આશ્ચર્યમાં, ડૂબી ગયા તે વાર. ૧૨૪
'ભગત-ભગત' નો માસ્તરે સાદ કર્યો ફરી જ્યાંય,
દાદુએ તે સાંભળ્યું હુંકાર કરતા ત્યાંય. ૧૨૫
એટલે માસ્તર ફરી વધ્યા કાઢી ઊંચો સાદઃ
''નારેશ્વરથી લાવિયો ઓલિયા કેરો પ્રસાદ'' ૧૨૬
દાદુએ એ સાંભળી, લંબાવ્યો નિજ હાથ;
લેવા માસ્તર હાથથી લાડુ કેરો પ્રસાદ. ૧૨૭
અને કહ્યું બહુ ભાવથીઃ "ભગત ! તમારે કાજ
નારેશ્વરના ઓલિયે, ભેજ્યો પ્રસાદ આજ. ૧૨૮
ખાવાનો છે આ બધો, તમારેજ આ વાર;
દેવાનો નહિ અન્યને, એમાંથી ય લગાર'' ૧૨૯
'સારું', એવી આંખથી કરી ઈશારત એમ,
ધીમે-ધીમે લાડવા ખાવા લાગ્યા તેમ. ૧૩૦
લોક બધા આશ્ચર્યથી, જોઈ રહ્યા આ તાલ;
'મડદું, ખાએ લાડવા અવધૂત ! કિયા કમાલ ! ૧૩૧
દાદુ કેરો દીકરો, સગાં-સ્નેહી સૌ જન;
દિઙ્મૂઢ થઈ જોયા કરે, માન્યું ન માને મન ! ૧૩૨
હકીકત કિન્તુ એ હતી, નક્કર સર્વ સમક્ષઃ
કેમ નકારી શકાય હા ! જોયું જે પ્રત્યક્ષ ! ૧૩૩
ધીમે ધીમે ચાવીને, બે કલાકે એમ;
ત્રણેવ લાડવા દાદુએ ખાધા ત્યાં સપ્રેમ. ૧૩૪
લોકો તો આશ્ચર્યથી બોલ્યા "સુભાનલ્લાહ !
મુર્દા બૈઠા કર દિયા, વાહ ઓલિયા ! વાહ !" ૧૩૫
બીજે દિનથી દાદુને, પડવા લાગ્યો ફેર;
બિમારી બધી દૂર થઈ, ધીમે ધીમે સુપેર. ૧૩૬

દાદુમિયા સારા થયા, લઈ શ્રીફળ-ફૂલહાર;
ચાલી નારેશ્વર ગયા, કરવા રંગ-દીદાર. ૧૩૭
અવધૂત-ચરણે શિર અને શ્રીફળ મૂકી તે વાર,
કૃતજ્ઞતાથી દાદુ જો રડી રહ્યા ચોધાર. ૧૩૮
ભાવ-ભક્તિ એ જોઈને, બોલ્યા સદ્ગુરુ એમ;
''ઝિશતથી પાછા ફર્યા, હવે રડો છો કેમ ? ૧૩૯
ઝિશતનશીન થવાની છે તમારે ઘણીવાર,
માટે જાઓ બંદગી કરો ધરીને પ્યાર'' ૧૪૦
એમ કહી અવધૂતજીએ, લંબાવી નિજ હાથ;
આપ્યો પ્રસાદ દાદુને ધન્ય ! ધન્ય ! ગુરુનાથ ! ૧૪૧
અલખ કહે અવધૂતને, જાત-પાતની એમ,
જરાય ચીડ હતી નહિ, એ તો ચહાતો પ્રેમ. ૧૪૨
સાંભળ શિષ્ય કહું તને બીજું એક દૃષ્ટાંત;
જેથી તારા હૃદયનું ભાગી જાશે ધ્વાંત. ૧૪૩
નજીક સાયર ગામના ભકત મુસલમાન,
સાદા સીધા સરળ એ, નામ કાયમખાન. ૧૪૪
શરૂઆતમાં સૌ પ્રથમ જ્યારે સદ્ગુરુદેવ,
નારેશ્વરમાં આવીને, રહ્યા હતા તતખેવ. ૧૪૫
ત્યારે સાયર ગામનો એક મુસ્લીમ યુવાન,
ખિદમત કરવા ફકીરની, આવે નિત એ સ્થાન. ૧૪૬
પોતે મુસલમાન છે, સામે હિન્દુ સંત;
સજાગ મનને રાખીને, સેવા કરે ધરી ખંત. ૧૪૭
હિન્દુઓની પવિત્રતા જાણીને એ યુવાન,
સંતની પાસે જાય હા ! કરી નર્મદાસ્નાન. ૧૪૮
શુદ્ધ ચોખ્ખાં ધોયલાં, કરે વસ્ત્ર પરિધાન;
માંસાદિક ભક્ષે નહિ, કરે ન ધૂમ્રપાન. ૧૪૯
મદિરા ગાંજો ચરસનો, કર્યો ના કદી સ્પર્શ !
સંતને જોતાં હૃદયમાં થાય અનેરો હર્ષ. ૧૫૦
નિત મળસ્કે આવીને, ઝાડુ લઈને એમ;
વાળી-ઝૂડી સ્થાનને, સ્વચ્છ કરે સપ્રેમ. ૧૫૧
દેગડા બાલદી ભરી ભરી, લાવે રેવાનીર,
વૃક્ષોને જલ સીંચતો, ધારી હૃદયમાં ધીર. ૧૫૨
ટપાલ લેવા સંતની, લીલોડ કોરલ એમ,
જાય દોડતો હોંશથી, રાખીને શુભ નેમ. ૧૫૩
નાની મોટી સંતની, સેવા કરે સુપેર;
કાયમ કરતો ભાવથી, પછી જ જાતો ઘેર. ૧૫૪

મહેનતકશ એ માનવી, કરે ખેતી વ્યવસાય;
પરસેવાનો રોટલો, સંતોષે એ ખાય. ૧૫૫
આઘું-પાછું ના કરે, અલ્લાનો જન નેક;
કૂડાં કર્મો ના કરે, ધારી ચિત્ત વિવેક. ૧૫૬
ભલે અભણ ગ્રામીણ છે, વિધર્મી જાત યવન;
તો યે એના ભાવથી, અવધૂત રહે પ્રસન્ન. ૧૫૭
સેવા કરવા સંતની, જોઈએ કંઈ લાયકાત;
કાયમ કેરા હૃદયમાં, ચોંટી ગઈ આ વાત. ૧૫૮
તેથી નિષ્ઠા રાખીને, લાયક બનવા કાજ;
કાયમ સદા મથ્યા કરે, કદી ન આવે વાજ. ૧૫૯
બીજાની બૂરાઈનો, નાનકડો ય વિચાર;
સજાગ કાયમ હૃદયમાં, આવવા દે ન લગાર. ૧૬૦
અલખ કહે જો સેવ્યને, નિજ સેવાથી એમ;
હર્ષ ન થાય તો સમજવું, સેવા નિષ્ફળ તેમ. ૧૬૧
ભલે અભણ પણ ચતુર છે, સેવક કાયમખાન;
સેવા કરે અવધૂતની, ધર્યા વિના અભિમાન. ૧૬૨
ભકતોથી વીંટળાઈને, લીમડા નીચે એમ;
વાતો કરતા સદ્‌ગુરુ, બેઠા હોયે તેમ. ૧૬૩
ત્યારે સેવા સહુ કરી, પરવારી કોઈ વાર,
દૂર ખૂણામાં બેસતો, કાયમ કરી જૂહાર. ૧૬૪
અમૃતની વર્ષા સમાં, અવધૂતજીનાં વચન;
સૂણતો કાયમ ભાવથી, થાતો મન પ્રસન્ન. ૧૬૫
અવધૂત મુખદ્રુમથી ખરે, સુંદર વચન-સુમન;
તરબતર થાયે મ્હેંકથી, કાયમ કેરું મન. ૧૬૬
એની અમૃતવાણીના, છલોછલ ભરી જામ;
કાયમ નિત્ય પીધા કરે, પામે સુખ અવિરામ. ૧૬૭
એક દિ' વહેલી પરોઢમાં, ઘરના વાડા માંહ્ય;
કયાંકથી આવી પડ્યો હતો, ભુજંગ મોટો ત્યાંય. ૧૬૮
મોં સૂઝણું થયું ન'તું, હજુ તો આછું ધ્વાંત
પ્રસર્યું'તું પૃથ્વી પરે, હતું સઘળું શાંત ૧૬૯
તે સમે કાયમતણા, ઘરનું ઉઘડયું દ્વાર,
કાર્યાર્થે કાયમ કંઈ, નીકળ્યો ઘરની બહાર. ૧૭૦
અંધારામાં ના રહ્યો, કાયમને કંઈ ખ્યાલ;
ભુંજગ પર પગ એહનો, પડી ગયો તત્કાલ. ૧૭૧
પગ પડતાં ભુજંગ એ, રોષ કરી તત્પલ;
કરડયો ભારે જોરથી, કાયમના પગ પર. ૧૭૨

સર્પદંશ થતાં અરે ! કાયમ ભયથી એમ,
થરથર ધ્રૂજતાં ચીસ હા ! પાડી ઊઠ્યો તેમ. ૧૭૩
એરૂ આભડયું છે મને, દોડો જલ્દી આંહ્ય;
ચીસ સૂણતાં ગામ લોક, દોડી આવ્યાં ત્યાંય. ૧૭૪
કરડીને કાળોતરો, સરકયો ત્યાંથી તુર્ત;
સરસર સરતો વાડમાં, થઈ જાતો અમૂર્ત. ૧૭૫
હાં હાં કરતા ગામલોક, ભેગા થયા તે વાર;
કાયમ-આંખે ત્યાંય તો, આવી રહ્યાં અંધાર. ૧૭૬
શું કરવું ? લઈ કયાં જશું ? લોકો કરે વિચાર,
કોક કહે લઈ લો અરે ! ભાથુજીને દ્વાર. ૧૭૭
બૂંગિયો ફૂંકાવો અને ભેગું કરો સૌ ગામ,
નરનારી ભેગાં મળી, કરો કિકિયારી તમામ. ૧૭૮
ભૂવો બોલાવો અરે ! ઉતારવાને ઝેર,
નહિ તો આખા ગામમાં, થાશે કાળો કેર. ૧૭૯
કોઈ કહે જલ્દી કરો, ઝોળીએ નાખી એમ;
કરજણ કે વડોદરા, દાકતર પાસે તેમ ૧૮૦
લઈ જાઓ જેથી મૂકે, ભારે ઈંજેકશન;
જલ્દી કરો બધા હવે, ના બગાડશો ક્ષણ. ૧૮૧
આમ ગામના લોક બધાં, સૂચવે ભિન્ન ઉપાય;
સઘળાં તો યે જો તિહાં, અંતર બહુ મૂંઝાય. ૧૮૨
આ બાજુ કાયમતણી, આંખોમાં અંધાર,
લાગ્યાં ઉતરવા ખૂબ ને, ગુમાવ્યું ભાન લગાર. ૧૮૩
અર્ધભાનમાં કાયમે, સૂણ્યા લોકઉપાય,
તૂટક શબ્દે જેમ તેમ, બોલવા લાગ્યો ત્યાંય: ૧૮૪
"લઈ જાઓ મુજને બધાં, નારેશ્વર મોઝાર;
મૃત્યુ થાય તો ભલે થતું, અવધૂતજીને દ્વાર ! ૧૮૫
નારેશ્વર વિણ ના બીજે, જાવું મારે કયાંય,
જીવાડશે મુજને જરૂર, મારા સદ્‌ગુરુરાય" ૧૮૬
કહે આટલું ત્યાં અરે ! કાયમ થતો બેભાન,
ઝેર બધે પ્રસરી ગયું, શરીર માંહી નિદાન. ૧૮૭
ઝોળી ઊંચકી ઝડપથી, દોડતે પગલે એમ;
કાયમને લઈ આવિયા, નારેશ્વરમાં તેમ. ૧૮૮
કુટિર કેરે આંગણે, ઝોળી ઉતારી જ્યાંય;
મરણોન્મુખ કાયમ અહો ! ભોંયે સૂવાડયો ત્યાંય. ૧૮૯
કુટિરમાં અવધૂતજી, હતા ધ્યાનમાં રત;
સ્વર-સંધાન કરી પ્રભુ ! હતા સમાધિ-મસ્ત. ૧૯૦

બહાર સૂર્યોદય થયો, તેનો દિવ્ય પ્રકાશ;
બારી દ્વારા કુટિરમાં, પ્રસર્યો હા ! ચોપાસ. ૧૯૧
ત્યાં તો કોલાહલ થતો, સૂણ્યો કુટિર બહાર;
અવધૂતજીએ તુર્ત હા ! ખોલ્યાં કુટિરનાં દ્વાર. ૧૯૨
દ્વાર ખોલતાં જોયું તો, સામે ભોંય ઉપર;
કાયમ મુડદા સમ પડયો, સ્થિર કરી ત્યાં નજર. ૧૯૩
કરુણાથી દૃષ્ટિ કરી, બોલ્યા કૃપાનિધાનઃ
'શું થયું છે એહને, કેમ થયો બેભાન ?' ૧૯૪
ત્યાં તો બોલ્યો એક જણ, "હે સદ્‌ગુરુ મા-બાપ;
આજ મળસ્કે એહને, કરડયો ઝેરી સાપ. ૧૯૫
પ્રસર્યું શરીરમાં ઝેર છે, તેથી થયો બેભાન;
એના કહેવાથી અમે, અહીં લાવ્યા ભગવાન ! ૧૯૬
અર્પ્યો તારા ચરણમાં, હવે તુજ આધાર;
લે શરણે અવધૂત હે ! માર હવે કે તાર ! ૧૯૭
લૌકિક ભૌતિક જગતના, છોડી સર્વ ઉપાય;
આવ્યા તારા શરણમાં, હે સમર્થ ગુરુરાય ! ૧૯૮
તારો મોટો આશરો, તારી મોટી આશ;
આશભર્યા આવેલને, કરશો નહીં નિરાશ" ૧૯૯
અશ્રુ ભરેલી આંખથી, નમવી નીચાં માથ;
ગ્રામીણ ભકતો રંગને, વિનવે જોડી હાથ. ૨૦૦
મરણોન્મુખ નિજ ભકતને, સામે પડેલો જોઈ;
કરુણાસાગરના હૃદે, કરુણા ઉભરાઈ ગઈ ! ૨૦૧
આર્દ્ર હૃદય અવધૂતનું, જોઈ ભકતનું દુઃખ;
દ્રવી ગયું તત્ક્ષણ ગયા, કાયમની સન્મુખ. ૨૦૨
અમી દૃષ્ટિથી નીરખ્યો, નખથી શિષ પર્યંત;
પછી કમંડલજલ થકી, અંજલિ ભરી ભગવંત ૨૦૩
છાંટે જલ કાયમ ઉપર, થયો ગજબ ચમકાર;
આંખ ઉઘાડી કાયમે, જોઈ રહ્યો ક્ષણવાર. ૨૦૪
જાગ્યાં સ્પંદન શરીરમાં, કર્યું હલનચલન;
ધીમે ધીમે ભાન ત્યાં, આવવા લાગ્યું તન. ૨૦૫
ત્યાં તો બોલ્યા સદ્‌ગુરુ, લાવો પ્યાલો એક;
પાણી મંતરી આપું તે, મુખમાં રેડો છેક. ૨૦૬
ત્યાં તો લાવ્યા પ્યાલો ને અવધૂતજીએ એમ,
નિજ કમંડલ-જલ થકી, ભરી દીધો હા ! તેમ. ૨૦૭
અભિમંત્રિત જલ એ કરી, આપે અવધૂત જાણ;
કાયમને પીવડાવતા, પ્રેમે લોક સૌ માન. ૨૦૮
જલ જાતાં એ ઉદરમાં, કાયમના તન માંહ્ય
ભાન આવતાં વિસ્મયે; જોવા લાગ્યો ત્યાંય. ૨૦૯
ઝેર બધું ઉતરી ગયું, થઈ ગઈ કંચન કાય;
લોકો બધા આશ્ચર્યથી, અવધૂતનો જય ગાય. ૨૧૦
ક્ષણ બે ક્ષણ આશ્ચર્યથી, જોઈ રહ્યો તે વાર;
અતીતમાં ઉતરી ગયો, કાયમ કરે વિચાર; ૨૧૧
'કેમ મને લાવ્યાં અહીં ? આજુબાજુએ એમ
લોકો ભેગા થઈ બધા, આવ્યા છે અહીં કેમ ? ૨૧૨
કાયમ બાઘા સમ બની, કરતો રહ્યો વિચાર,
ત્યાં તો શબ્દ સુધા સમા, બોલ્યા પ્રભુ અઘહારઃ ૨૧૩
"અરે ! કેમ છે રે તને ? કેમ થયો અસ્વસ્થ ?
નારેશ્વર આવ્યા પછી, રહે ન દુઃખ સમસ્ત. ૨૧૪
બોલ હવે કંઈ થાય છે ? થાતું હોય તો બોલ !
રાખ્યા વિણ સંકોચ કંઈ, હૈયું તારું ખોલ" ૨૧૫
સૂણી શબ્દ સદ્‌ગુરુતણા; આવ્યો એને ખ્યાલ;
સર્પદંશથી નિજના, કેવા થયા'તા હાલ ! ૨૧૬
ખ્યાલ આવતાં એકદમ, ઊભો થઈને ત્યાંય;
અવધૂતના ચરણો મહીં, નાખી દીધી કાય. ૨૧૭
કૃતજ્ઞતાથી આંખમાં, વ્હેતી અશ્રુની ધાર;
કદમ ચૂમે અવધૂતનાં, વંદે વારંવાર. ૨૧૮
"કયા કહું મૈં ઓલિયા ! લાખ લાખ સલામ;
ભુજંગઝેર ઉતારીને, જીવાડ્યો તુજ ગુલામ. ૨૧૯
યમરાજાના દ્વારથી, ઝાલી મારો હાથ;
ખેંચી લાવ્યા ભૂપરે, જય જય જય ગુરુનાથ" ૨૨૦
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂતજી તો આમ,
શરણાગત-વત્સલ પ્રભુ ! કરે ભકતનાં કામ. ૨૨૧
સાયરના લોકો બધા, જોઈ ચમત્કાર;
આશ્ચર્યે થઈ મુગ્ધ હા ! વંદે વારંવાર. ૨૨૨
અંધો દેખે પલકમાં, પંગુ ચઢે ગિરનાર;
મડદું જીવતું થાય હા ! અવધૂતલીલા અપાર ! ૨૨૩
મુખેથી શરીરમાં, નસે નસમાં એમ,
સર્પદંશનું ઝેર હા ! વ્યાપી ગયું'તું તેમ. ૨૨૪
મુખેથી ફીણ ઓકતો, ગયું હતું તનભાન;
સર્પ-ઝેરની અસરથી, લીલો થયો'તો વાન. ૨૨૫
બચવાની કો' શકયતા નહોતી એની લગાર;
શ્રદ્ધાથી પણ લાવિયા, અવધૂતજીને દ્વાર. ૨૨૬

સર્પદંશ થતાં જ રે ! કાયમ મનની માંહ્ય;
સમજી ગયો'તો આ નકી, છે મૃત્યુની ઝાંય. ૨૨૭
અર્ધભાન હતું હજી, ત્યાં તો લોકો એમ;
કયાં લઈ જાવો એહને, વાતો કરતા તેમ; ૨૨૮
અર્ધભાન હતું છતાં, સૂણતાં એ વાત;
કાયમ જ્યમ-ત્યમ બોલિયો, કાઢી મોટો સાદઃ ૨૨૯
'ના લઈ જાશો બીજે મને, લઈ જાઓ નારેશ્વર,
ત્યાં વૈદ્યોના વૈદ્ય છે, મારા સદ્‌ગુરુવર. ૨૩૦
મરીશ તોયે ભલે ભલે, નારેશ્વરની માંહ્ય;
કદમોમાં અવધૂતના, ભલે જીવ મુજ જાય.' ૨૩૧
કાયમનો અવધૂત પર, હતો અડગ વિશ્વાસ;
મરણોન્મુખ હોવા છતાં, છોડી ન એણે આશ. ૨૩૨
આવી શ્રદ્ધા હોય તો, અલખ કહે સૂણ બાળ;
અવધૂતજી પડકારીને, પાછો કાઢે કાળ. ૨૩૩
માટે સદ્‌ગુરુને ભજો, ધરી અડગ વિશ્વાસ;
કરશે શકય અશકયનું, અવધૂતજી અવિનાશ. ૨૩૪
ભકતવત્સલા સદ્‌ગુરુ, ભકતન તારણહાર;
શ્રદ્ધાથી સેવા કરો, કરશે ભવજલપાર. ૨૩૫
શ્રદ્ધા રાખી રંગને, શરણે જે જન જાય;
તેનાં શુભ સહુ કામ હા, અચૂક સફળ થઈ જાય. ૨૩૬
નારેશ્વર શુભ સ્થાનના, ધર્મ-કર્મ આચાર્ય,
શિવપ્રસાદ જોષીજી હા ! વિદ્વાન વિપ્રવર્ય. ૨૩૭
સંસ્કારી સુત એમના, ધીરુભાઈ જે એમ,
મહાનિબંધ લખતા હતા, ધારી હૈયે નેમ. ૨૩૮
દત્તાત્રેય પૂજાતણો, ઉદ્‌ભવ અને વિકાસ;
એ વિષય પર હતો અહા ! મહાનિબંધ એ ખાસ. ૨૩૯
દત્ત-અવતારો થયા બધા, મહારાષ્ટ્રની માંહ્ય;
તેથી દત્ત સાહિત્યની, ભાષા મરાઠી હોય. ૨૪૦
એક વખત નારેશ્વરે, સદ્‌ગુરુજીએ એમ;
ધીરુભાઈને આપીને, એક પુસ્તક તેમ; ૨૪૧
વદ્યા અતિ વાત્સલ્યથી, "વાંચી જજે જરૂર;
દત્તભકિત રહસ્યથી, છે અતિ ભરપૂર. ૨૪૨
એમાંથી મળશે ઘણું, મહાનિબંધને કાજ;
માટે વાંચી જા બધું, ધ્યાનથી આજ ને આજ" ૨૪૩
દત્ત-ભક્તિરહસ્ય એ, શ્રીફડકેનું એમ,
મરાઠી ભાષામાં અરે ! હતું લખેલું તેમ. ૨૪૪
ધીરુભાઈને ના હતું, મરાઠી કેરું જ્ઞાન;
તેથી વાંચ્યું પણ અરે ! સમજ પડી ના આન. ૨૪૫
તેથી સદ્‌ગુરુને કહ્યું, પ્રભુ ! મરાઠી એમ;
મુજને આવડતું નથી, સમજાતું નથી તેમ. ૨૪૬
ત્યાં તો અવધૂતજી વદ્યા, કરી જરા ખુંખાર;
'મરાઠી તો બહુ સ્હેલી છે, શીખતાં ન લાગે વાર. ૨૪૭
આઠ વાગે આવજે, પુસ્તક લઈ મુજ પાસ;
હું તને શીખવીશ એ, થઈશ ના નિરાશ' ૨૪૮
ધીરુભાઈ તો અંતરે, થયા અતિ પ્રસન્ન;
આઠ વાગતાં સવારમાં, પહોંચ્યાં બીજે દન ૨૪૯
અવધૂતજીની પાસ હા ! પુસ્તક લઈ સત્વર,
અવધૂતજીએ ગ્રંથને, સહજ લઈ નિજ કર; ૨૫૦
સ્વાભાવિક ઉઘાડતાં, આકસ્મિક જે પાન;
નીકળ્યું તે બસ ભાવથી, વાંચી રહ્યા ભગવાન. ૨૫૧
વાંચે મૂળ મરાઠી ને કરતા ગુજરાતી અર્થ,
તે જ ઘડી સમજાવતા, યોગીવર્ય સમર્થ. ૨૫૨
દોઢેક પાન વાંચ્યું હશે, ત્યાં તો સદ્‌ગુરુદેવ,
બોલ્યા 'કયાં સુધી આમ હું, વાંચ્યા કરું તતખેવ ? ૨૫૩
જા તુજને બસ આજથી, મરાઠી ભાષા એમ;
લખતાં, વાંચતાં, સમજતાં, આવડી જશે તેમ' ૨૫૪
એમ કહેતા ગ્રંથ એ, ધીરુભાઈને હાથ;
મૂકતાં સ્પર્શ થયો અહા ! સદ્‌ગુરુનો સાક્ષાત્. ૨૫૫
સદ્‌ગુરુની આશિષ ને, દિવ્ય સ્પર્શમાં જાણ;
કેટલી જબરજસ્ત હા ! શક્તિ પડી છે માન. ૨૫૬
લાધ્યું ધીરુભાઈને, મરાઠી કેરું જ્ઞાન;
ઘણા ઘણા મરાઠીમાં, વાંચ્યા ગ્રંથ નિદાન. ૨૫૭
મહાનિબંધ પૂરો કર્યો, સફળ થઈ ગયા એમ;
પારસમણિ સદ્‌ગુરુકૃપા, કરે લોહનું હેમ. ૨૫૮
માટે સદ્‌ગુરુને ભજો, ત્યજી આળ-પંપાળ;
તૃણને પણ મેરુ કરે, સદ્‌ગુરુદેવ દયાળ. ૨૫૯
સાંભળ શિષ્ય કહું તને, શ્રદ્ધાનું દૃષ્ટાંત;
સૂણતાં તારા હૃદયનું, જાશે શંકા-ધ્વાંત. ૨૬૦
ધીરુભાઈનાં પત્ની જે, ઈન્દુબેન છે નામ;
પરમ ભકત અવધૂતનાં, સ્મરે દત્ત અવિરામ. ૨૬૧
પિયરમાં પણ એમના, દત્તભક્તિ પ્રચૂર;
કાકા પરમ ભકત જો, ચંદ્રશંકર સૂર; ૨૬૨

પ્રાધ્યાપક વિજ્ઞાનના, લખે સંસ્કૃત જાણ;
અવધૂતસ્તુતિ ઘણી લખી, રંગશલાકા વળી માન. ૨૬૩
રામશલાકા સમ બની, દત્તભકતને કાજ;
ભકતો સૂરસાહેબને, યાદ કરે છે આજ. ૨૬૪
એમ પિયરમાંથી મળ્યા, દત્તભક્તિસંસ્કાર;
શ્વશૂરગૃહે આવતાં, વિકસ્યા અપરંપાર. ૨૬૫
જ્યારે ઈન્દુબેન કો, મૂંઝવણમાં મૂકાય;
ત્યારે ત્યારે ભાવથી, સ્મરતાં સદ્ગુરુરાય. ૨૬૬
સ્મર્તૃગામી-સ્મરણથી, મૂંઝવણ દૂર થઈ જાય,
અંતરમાં આનંદનો, વાયુ મધુરો વાય; ૨૬૭
સુખભર્યા સંસારમાં, દુઃખ હતું રે ! એક,
ત્રણ-ત્રણ દીકરીઓ છતાં, દીકરો હતો ન એક. ૨૬૮
તેથી ઈન્દુબેનને, ઊંડે ઊંડે એમ,
દીકરો નહિ હોવાતણો, રંજ હતો હા ! તેમ. ૨૬૯
અવધૂત અંતર્યામી એ, ઘટ ઘટ જાણનહાર;
ઈન્દુબેનના રંજને, જાણી ગયા તે વાર. ૨૭૦
કો દિન ઈન્દુબેન ત્યાં, નારેશ્વરમાં એમ,
દર્શન કરવા રંગનાં, આવ્યાં’તાં ધરી પ્રેમ. ૨૭૧
ત્યાં તો શ્રીઅવધૂતની, એક દિવ્ય નજર
એકાએક પડી અહા ! ઈન્દુબેન ઉપર. ૨૭૨
ઈન્દુબેનના ક્ષોભને, પામી ગયા અવધૂત;
નિજ પાસે બેસાડીને, બોલ્યા સદ્ગુરુ તુર્તઃ ૨૭૩
ઈન્દુ ! મારું માનીને, મંગળભુક્તા વ્રત,
કર અતિશય ભાવથી, પામીશ સુખ અતિ બત. ૨૭૪
ત્રાંબા ઉપર દોરીને, મંગળ કેરું યંત્ર;
રક્ત વસ્ત્ર પહેરી અને, રકત પુષ્પથી તત્ર; ૨૭૫
મંગળના શુભ મંત્રથી, પૂજા કર ધરી પ્રીત;
અણીશુદ્ધ અક્ષત અહા ! ચઢાવ સારી રીત. ૨૭૬
માત્ર એક ટંક અહા ! જમીને કંસાર,
પ્રેમે કર તું દીકરી ! એકવીસ મંગળવાર. ૨૭૭
એકવીસ પૂર્ણ થયા પછી, કરવું ઉદ્યાપન;
બ્રાહ્મણ જોડું જમાડવું, પ્રેમે કરી મિષ્ટાન્ન. ૨૭૮
વસ્ત્રો-દક્ષિણા આપવી, વિપ્રહસ્ત સુપેર;
એમ વ્રત કરતાં થશે, તુજ ઘર લીલા-લહેર. ૨૭૯
ઈન્દુબેને પ્રેમથી, પ્રભુ કહ્યા અનુસાર;
મંગલભુક્તા વ્રત કર્યું, એકવીસ મંગળવાર. ૨૮૦
અલખ કહે સૂણ શિષ્ય તું, શ્રદ્ધાનો ચમત્કાર,
ઈન્દુબેનના ઉદરમાં, થયો દિવ્ય સંચાર. ૨૮૧
દિવસ રહ્યા નવ માસ હા ! થયા ન લાગી વાર,
શુભ દિને, શુભ યોગમાં, વ્યાપ્યો હર્ષ અપાર. ૨૮૨
ઈન્દુબેને પ્રસવિયો, પુત્ર-રત્ન તે વાર,
વ્રત-નિમિત્તે રંગનો, ગર્જ્યો જયજયકાર. ૨૮૩
માટે શ્રદ્ધા રાખીને, વ્રત તપ જપ જો થાય;
થાય શકય અશકયનું, રહે ન ખામી કયાંય. ૨૮૪
અલખ નિરંજનને કહે, શ્રદ્ધા મોટી ચીજ;
તરણાનો મેરુ કરે, શંકા ના હરગીઝ. ૨૮૫
‘બાલક’ કેરા બોલને, કરતા વેદ સમાન,
રંગકૃપા પામી અહા ! તરી જાય જો માન. ૨૮૬

નારેશ્વરમાં શું બને, આગળ એ અધ્યાય,
સૂણતાં ભાવે સર્વનાં, દુઃખો સઘળાં જાય. ૨૮૭

ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે
શ્રીરંગલીલામૃતે ભકતાનાં તત્તદ્દુઃખનિવારણં નામ અષ્ટષષ્ટિતોઽધ્યાયઃ ॥૬૮॥ દોહરા ૨૮૭ ॥

## અધ્યાય : ૬૯

અલખ કહે સૂણ શિષ્ય તું, નારેશ્વરમાં એમ,
નિત નૂતન લીલા કરે સદ્ગુરુ અવધૂત તેમ. ૧
તબિયત મા રુકુમા તણી, બગડતાં એકાએક;
દોડતા આવ્યા’તા પ્રભુ હાંફેશ્વરથી છેક. ૨
તે દિનથી નિર્ણય લીધો અવધૂતજીએ ત્યાંય,
“આરામ માટે પણ અહો ! જાવું દૂર ન કયાંય. ૩
માજીની તબિયતતણું, ઠેકાણું નહિ આંહ્ય;
માટે આરામ કાજ હા ! જવું નજીકમાં કયાંય” ૪
આમ વિચારી સદ્ગુરુ આરામ માટે એમ,
પ્રતિવર્ષ જાતા હતા પોર ગામમાં તેમ. ૫
મા રુકુમામ્બા પ્રતિ અહા ! અવધૂતજીના એમ,
હતા અતિશય ગજબના ભાવ, ભક્તિ ને પ્રેમ. ૬

માજીની આજ્ઞા હતી, સૌને શિરોમાન્ય;
આશ્રમમાં માજી હતાં સર્વશ્રેષ્ઠ વદાન્ય. ૭
મા રુકુમામ્બા તો હતાં કરુણાનાં ભંડાર,
'મા'ની કરુણા વરસતી, સૌ પર અનરાધાર. ૮
અવળપંથ અવધૂત પણ પ્રસન્નચિત્તે માન,
શિરોમાન્ય કરતા અહા વચન માનાં જાણ !! ૯
માજીની આજ્ઞાતણું સદાય પાલન થાય,
નારેશ્વરમાં માજી તો 'સુપ્રીમ કોર્ટ' ગણાય. ૧૦
આર્ત ભકત કંઈ આવતા, નારેશ્વરની માંહ્ય;
સદ્ગુરુ પાસે શોધવા, નિજ દુઃખનો ઉપાય. ૧૧
પ્રતિભા અવધૂતજીની એવી જાજ્વલ્યમાન,
જોતાં સૌ અંજાય ને બોલી શકે ના વાણ. ૧૨
એવા ભકતો માજીની, પાસે આવી જાણ;
નિજ દુઃખની વાતો કરે, ઝરતી આંખે માન. ૧૩
કરુણામૂર્તિ માત એ, સૂણતાં એની વાત;
દ્રવી જતાં અંતર વિષે, કારુણ્યે સાક્ષાત્. ૧૪
આશ્વાસન આપી અને મૂકે અવધૂત પાસ
સઘળી એની વાત હા ! પૂર્ણ કરાવે આશ. ૧૫
કવચિત્ વળી અવધૂતજી, કોપી કોઈની ઉપર;
સાત્ત્વિક-પુણ્ય પ્રકોપ હા ! કરતા કારણસર; ૧૬
ત્યારે ભકત પહોંચી જતો, સીધો માજી પાસ;
'મા' ચરણે વંદન કરી, નિજ ભૂલની ખાસ; ૧૭
ક્ષમા યાચતો હૃદયથી, વહેતે નીર નયન;
આંસુ જોતાં માતનું, દ્રવી જાય ઝટ મન. ૧૮
આશ્વાસી મા એહને, પ્રેમે કરે વિદાય;
રડતો ભકત 'મા' પાસથી, હસતો હસતો જાય. ૧૯
બાબા-અવધૂતને પછી, સમજાવી 'મા' એમ;
ક્ષમા અપાવે ભકતને સાધે સઘળું ક્ષેમ. ૨૦
ભકતો ને અવધૂતની વચ્ચે માજી એમ;
સાંકળ સમ રહેતાં સદા, હૈયે ઉત્કટ પ્રેમ. ૨૧
સાંભળ શિષ્ય કહું તને, એક મઝાની વાત;
અવધૂતજી કેવા હતા માતૃભકત સાક્ષાત્. ૨૨
શરુ શરુમાં સદ્ગુરુ, નિજ નિયમમાં સદાય;
અતિ કડક રહેતા અને મૂકે છૂટ ન જરાય. ૨૩
સ્પર્શ ન કરવા દે, કદી પાદુકાને એમ;
ના મૂકવા દે ચરણમાં, ફલ-પુષ્પાદિક તેમ. ૨૪
કોઈને કયારેય પણ, છૂટ મળે ન લગાર;
આવવા દે ના કોઈને, નિજ તપનો અણસાર, ૨૫
અવધૂત સાચે માનતા, વિશ્વ આત્મસ્વરૂપ;
એક બ્રહ્મ વ્યાપ્યો બધે, ધરી જૂજવાં રૂપ. ૨૬
કોણ પછી પૂજા કરે ? કોણ વળી પૂજાય ?
'હું' 'તું' ના ભેદો તૂટ્યા, દ્વંદ્વ રહ્યું ના કયાંય. ૨૭
એવા દ્વંદ્વાતીત હા ! સમર્થ સદ્ગુરુરાય;
સ્વપ્ને પણ ઈચ્છે નહિ, પૂજા નિજની થાય. ૨૮
છતાંય એક દિન સદ્ગુરુ, કહોણા ગામની માંહ્ય;
આકસ્મિક જઈ ચઢ્યા બેઠા ટેકરે ત્યાંય. ૨૯
ગામલોકને ખબર પડી, અવધૂત આવ્યા આંહ્ય;
વેગે દોડ્યા દર્શને, મન અતિ હરખાય. ૩૦
પટેલ ભકત કહોણાતણા, વિચારતા મન માંહ્ય;
''ખાલી હાથે સંતનાં, દર્શને કયમ જવાય ?'' ૩૧
કહોણા નાનું ગામડું, મળે ન કંઈ ઉપચાર;
''શું મૂકવું એ સંતના, ચરણમાં આ વાર ?'' ૩૨
ભકતહૃદય આ પટેલને કોઈ સંતે જાણ,
આવીને કહ્યું ''ભગત ! રાખો મારું માન. ૩૩
નિત રેવાતીર જઈ, મત્સ્યાદિકને એમ;
નાળિયેર કેરું કોપરૂં, ખવાડજો સપ્રેમ. ૩૪
જલચરને ખવરાવીને સંતોષજો સુપેર,
પ્રભુ-કૃપાથી તમ ઘરે થાશે લીલા લહેર'' ૩૫
વચન રાખવા સંતનું ભકત પટેલ સુપેર;
મંગાવીને રાખતા શ્રીફળ બહુ નિજ ઘેર. ૩૬
ખાલી હાથે સંતની પાસ કદી ન જવાય,
એમ વિચારી ભકત એ શ્રીફળ લઈને જાય. ૩૭
અવધૂતજીની પાસ હા ! પહોંચીને તે વાર,
શ્રીફળ મૂકયું ચરણમાં, પ્રેમે કર્યો સ્વીકાર ૩૮
ભાવ એહનો જોઈને સદ્ગુરુએ તે વાર,
એના એ શ્રીફળતણો તુર્ત કર્યો સ્વીકાર. ૩૯
પછી એ શ્રીફળ તિહાં, છોલી કર્યો પ્રસાદ;
ભકતોને વહેંચી દીધો, વ્યાપ્યો બધે આહ્લાદ. ૪૦
તે દિનથી અવધૂતનાં પવિત્ર ચરણો માંહ્ય;
ભક્તો ફળ-પુષ્પાદિ હા ! ધરવા લાગ્યા ત્યાંય. ૪૧
શ્રીફળ કે બીજાં ફળો અવધૂત ચરણે ધરાય;
તુર્ત તેનો પ્રસાદ કરી ભકતોમાં વહેંચાય. ૪૨

તે દિનથી શરુ થઈ, પ્રથા અનેરી આંહ્ય;
ધરાય જે જે ચરણમાં, પ્રસાદ તે કે'વાય ! ૪૩
અવધૂતના ચરણમાં, જે જે ચીજ ધરાય;
તે તે પ્રસાદ સ્વરૂપમાં, વહેંચી જો દેવાય. ૪૪
બીજો વળી અવધૂતનો કડક નિયમ જો એમ,
"પૂજાર્થે નિજ પાદુકા નહીં આપવી તેમ. ૪૫
કયારેય કોઈનો એ મહીં ના કરવો અપવાદ;
માથું કૂટે કો વળી, ભાવે કરે વા સાદ ! ૪૬
તે સમે અવધૂતની સેવામાં તત્પર,
નારેશ્વર રહેતા હતા ગોર પ્રભાશંકર. ૪૭
પ્રભાશંકર એક દિ' જોઈ અવધૂત-મિજાજ,
વિનમ્ર ભાવે બોલિયા 'હે મારા ગુરુરાજ ! ૪૮
આપ સદા નિર્લેપ છો, કશાયની પણ એમ
નથી પડી હા ! આપને જાણું છું હું તેમ. ૪૯
દયા કરી પણ હે પ્રભુ ! વિનતિ સુણો ગુરુવર !
પૂજાર્થે સુમન ચઢાવવા, ઈચ્છા પાદુકા પર ! ૫૦
ચરણપાદુકા આપની પૂજતાં દિવ્ય પવિત્ર,
થઈ જાશું ધન્ય ગુરો ! સુખી અત્ર પરત્ર !! ૫૧
બામણ અમે સમાજમાં, થયા માનહીન જેહ;
વૈદિક કર્મ કરાવવા, પ્રેરાશે પ્રભુ ! તેહ. ૫૨
મોઢે વેદો બોલવા વિપ્રો કરશે મન,
જેથી વૈદિક ધર્મનું પુનઃ થશે સ્થાપન. ૫૩
શ્રદ્ધા જાગશે કર્મમાં અને સમાજમાં એમ,
બ્રાહ્મણ-શાસ્ત્ર-ધર્મની થશે પ્રતિષ્ઠા તેમ. ૫૪
વૈદિકધર્મપ્રચારક હે યોગી અવધૂત !
દયા કરી નિજ પાદુકા, પૂજવા દો ગુરુદૂત !" ૫૫
સૂણી વચન એ ગોરનાં અવધૂત થયા પ્રસન્ન,
"મુજ નિમિત્તે ભલે થતું વેદકાર્યસમ્પન્ન" ૫૬
એમ વિચારી ગુરુવરે દયા કરીને તુર્ત,
નિજ પાદુકા-પૂજનની, આપી દીધી છૂટ. ૫૭
ત્યાર પછી સદ્ગુરુતણી પાદુકા નિત પૂજાય,
પૂજન કરતાં ભક્તનાં હૈયાં અતિ હરખાય. ૫૮
ચતુર્વેદના વિપ્ર હા ! ચતુર્વેદનાં ગાન
પૂજન કરતાં ગાય જો, શ્રદ્ધા સહ વિદ્વાન. ૫૯
ચઢિયાતું એક એકથી, હરખ ધરીને મન;
થાયે નિત નિત નવું-નવું પાદુકાનું પૂજન. ૬૦
પાદુકાપર વસ્ત્રનો ઢગલો મોટો થાય,
સંતો ને વિપ્રો મહીં વ્હેંચી એ દેવાય ! ૬૧
ભક્તોની મન-કામના, તુર્ત સફળ થઈ જાય;
પાદુકાના પૂજનનો, મહિમા વધતો જાય. ૬૨
અલખ કહે સૂણ શિષ્ય તું, બન્યું એક દિન એમ;
આફ્રિકાના ભક્ત એક નારેશ્વરમાં તેમ. ૬૩
આવ્યા સદ્ગુરુ-પાદુકા પૂજન કરાવવા માટ,
શ્રીમંત-ગૃહસ્થ જોઈને રચ્યો માળીએ ઘાટ. ૬૪
પુષ્પો ને પુષ્પહારની ચાર ઘણી કિંમત
લઈ લે માળી જોઈને ઘરાક એ શ્રીમંત. ૬૫
ધનિક હતા આ ભક્ત તે કર્યા વિના વિચાર,
માગ્યા પૈસા માળીને, આપી દે તે વાર. ૬૬
કોઈએ જાણ્યો માળીનો, આવો ભ્રષ્ટાચાર;
માજી પાસે જઈ બધી, વાત કરી તે વાર. ૬૭
પૂજ્ય માજી આ સૂણી, થાતાં દુઃખી અપાર;
ચાલે નહિ જો સ્થાનમાં આવો ભ્રષ્ટાચાર ! ૬૮
તે સાંજે અવધૂતજી માજી કેરે સદન,
દુગ્ધપાન કરવા અહા ! આવ્યા ચિત્ત પ્રસન્ન. ૬૯
ત્યારે માજીએ કહ્યું 'બાબા ! સૂણ, વિચારઃ
સ્થાનમાં વેચાય પુષ્પ જે, થાય કાળાં બજાર. ૭૦
ધનિક ભક્તને જોઈને, ફૂલની કિંમત એમ;
ફૂલમાળી લે છે અહીં નિજ મન ફાવે તેમ. ૭૧
તારે શું ના આ બધું, જોવાનું કંઈ એમ ?
ભ્રષ્ટાચાર આ સ્થાનમાં ચલાવી લેવાય કેમ ?' ૭૨
સૂણી વચન માજીતણાં, ઊઠ્યા ઝટ અવધૂત;
કાઢી મૂકાવ્યો માળીને સ્થાનમાંથી તુર્ત. ૭૩
પછી શ્રીઅવધૂતજી નિજ મન કરે વિચારઃ
"માળીને કાઢ્યા થકી જાય ન ભ્રષ્ટાચાર. ૭૪
મૂલે કુઠાર કર્યા વિના, અનાચારનું વૃક્ષ
ચોગમ ફેલાશે અરે ! ધીમેથી પ્રત્યક્ષ" ૭૫
એટલે અવધૂતશ્રીએ પૂજન માટે એમ,
પાદુકાઓ આપવી બંધ કરી હા ! તેમ. ૭૬
પૂજન પાદુકાતણાં, બંધ થયાં જે વાર;
ભક્તોના અંતર વિષે વ્યાપ્યું દુઃખ અપાર. ૭૭
સદ્ગુરુની સામે જઈ, પાદુકા માગવા એમ;
નથી હિંમત કોઈની, કહો કરવું કેમ ? ૭૮

આમ સમય વીત્યો કંઈ, સૂણ નિરંજન બાળ;
પાદુકા-પૂજન પુનઃ શરુ થયું શુભ કાળ. ૭૯
વડોદરાના ભકત સૌ, સંઘ કાઢીને એમ;
પગપાળા પ્રતિવર્ષ હા ! આવે ધારી પ્રેમ. ૮૦
ધ્વજ લઈ આવે ભાવથી, ત્યારે પૂજે જાણ;
રંગ-પાદુકા પ્રેમથી શ્રદ્ધા ધરી નિજ મન. ૮૧
ધ્વજ લઈ આવ્યા ચાલતા, નારેશ્વરમાં આજ;
ત્યાં તો સૂણ્યું ‘પાદુકા નહિ આપે ગુરુરાજ’ ૮૨
સૂણતાં બહુ દુઃખી થયો, ભક્તોનો સમુદાય;
“ગુરુચરણ પાદુકાતણું, પૂજન શું નહિ થાય ?” ૮૩
મોદીકાકાને મળ્યા, આંખમાં આંસુ સાથ;
“અપાવો અમને પાદુકા, વિનવો સદ્‌ગુરુનાથ” ૮૪
મોદીકાકા કહે, “ભલા ! મારી નહિ એ હામ,
યુક્તિ બતાવું પણ અહા ! સફળ થશે તમ કામ. ૮૫
રુકુમામ્મા જગદમ્બ જે કરુણાનો ભંડાર,
વિનવો જઈને એમને, થાશે બેડો પાર. ૮૬
આર્દ્રહૃદય છે માતનું, દ્રવી જશે એકવાર;
પ્રભુને કહીને પાદુકા, અપાવશે તત્કાળ. ૮૭
અવધૂત કેરી કોર્ટ એ, સુપ્રીમ માનું નામ,
મંગલકારી માત એ, કરશે મંગલ કામ.” ૮૮
એમ કહીને મોદીજી, ત્યાંથી થયા વિદાય,
માતૃકુટિરે પહોંચિયો, ભક્તોનો સમુદાય. ૮૯
‘મા’ ના પુનિત ચરણમાં સૌએ મૂકયાં શિષ,
હાસ્યવદના માજીએ, આપી શુભ આશિષ. ૯૦
વડોદરાના ભકત એ, નારણદાસ મહંત;
વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી ને પદ્મકાન્ત યશવંત; ૯૧
શેઠ ગોવિંદલાલ ને અંબાલાલ સુથાર,
ફોટોગ્રાફર સુરેશ સૌ શ્રદ્ધાવાન અપાર. ૯૨
‘મા’ ના પદપંકજ મહીં કરીને નમસ્કાર,
હાથ જોડી વિનવી રહ્યા, નયન ભરી જલધારઃ ૯૩
“દયા કરો જગદમ્બ હે ! સમજાવો ગુરુનાથ,
પૂજન કરવા પાદુકા અપાવો રુકુમામાત ! ૯૪
અમે બાળ સૌ તાહરાં, છીએ અતિ અજ્ઞાન;
ક્ષમા કરો અપરાધ મા ! રીઝાવો ભગવાન” ૯૫
ભક્તોના એ ભાવથી રીઝ્યાં રુકુમામાત,
કરુણામયી, આનંદમયી અનસૂયા સાક્ષાત્. ૯૬
બોલ્યા અતિ કરુણા કરી “ના થાશો ઉદાસ,
હમણાં બાબા આવશે, ભિક્ષાર્થે મુજ પાસ. ૯૭
ત્યારે એને કહીશ ને પ્રેમે સમજાવીશ,
જાઓ તમને અચૂક હું પાદુકા અપાવીશ” ૯૮
એમ કહી સૌ ભકતને, આપી પ્રેમે વિદાય;
ત્યાં તો ભિક્ષાર્થે તિહાં, આવી ગયા ગુરુરાય. ૯૯
એટલે માજીએ પૂછ્‌યું “આ ભક્તોને એમ
પૂજાર્થે તુજ પાદુકા, નથી આપતો કેમ ?” ૧૦૦
અવધૂત કહે “માજી ! સૂણો મારો આદર્શ જેહ,
નથી રાખતા આ બધા, પૂજનમાં ધરી સ્નેહ. ૧૦૧
પાદુકાનું પૂજન યદા, થઈ જશે વ્યાપાર,
જાશે તેજ આ સ્થાનનું, વ્યાપી જશે અંધકાર. ૧૦૨
આજે માળીએ કર્યો, ફૂલનો કાળો બજાર;
કાલે ફળવાળો અરે ! કરશે એ વહેવાર. ૧૦૩
પછી બ્રાહ્મણો માગશે, દક્ષિણા અપરંપાર;
પૂજન પછી આ સ્થાનમાં, થઈ જાશે વ્યાપાર. ૧૦૪
લોહીતણું પાણી કર્યું, મેં તપ કરી અપાર;
નથી કરવું એ સ્થાનને, મારે મીના બજાર. ૧૦૫
માટે હું આપું નહિ પૂજન કરવા માટ,
મારી પાદુકા કોઈને સમજી લો હે માત !” ૧૦૬
માજી કહે “તુજ વાત હું સમજું છું હે ભાઈ !
પણ આ જગમાં સર્વથી, ઊંચી પ્રેમ સગાઈ. ૧૦૭
આ ભક્તોનો પ્રેમ જો, ભાવ-ભક્તિ પણ એમ;
કેટલા કષ્ટે ચાલતા આવ્યા છે અહીં તેમ. ૧૦૮
આપે નહીં જો પાદુકા, થાશે સર્વ નિરાશ,
માટે એમનો ભાવ જો, આપ પાદુકા ખાસ” ૧૦૯
સૂણી વચન માજીતણાં બોલ્યા યોગીરાજઃ
“માજી ! મુજ હાથે નહિ આપું પાદુકા આજ. ૧૧૦
આપ કહો તો આપના હાથમાં આપું એમ,
પછી ભલે આપો તમે ફાવે તેને તેમ” ૧૧૧
એમ કહીને ગુરુવરે પાદુકાઓ તુર્ત;
મંગાવીને માજીના મૂકી વરદ-હસ્ત. ૧૧૨
માજીએ બોલાવિયા, વડોદરાના ભક્ત;
પાદુકાઓ આપતાં મહંતજીને હસ્ત; ૧૧૩
બોલ્યાં પછી “અવધૂતના આદર્શોની આમ,
અવગણના કરશો નહિ, થાશો સુખી તમામ” ૧૧૪

મહંતજી ગદ્ગદ્ થયા, પાદુકા લેતાં હાથ;
"ધન્ય કરી અમ ભાવના જય જય રુકુમામાત" ૧૧૫
થયું ઉત્કૃષ્ટ ભાવથી પાદુકાનું પૂજન,
જય જયકાર થયો અને ભક્તો હરખ્યા મન. ૧૧૬
તે દિનથી શરું થયું પુનઃ પાદ્યપૂજન,
ભક્તો હરખ્યા ને વદ્યા "ધન્ય ધન્ય ! માતૃચરણ ! ૧૧૭
મંગલમયી મા રંગની ભક્તો માટે આમ,
ગુરુપાદુકા અપાવીને કીધું મંગલ કામ." ૧૧૮
નારેશ્વરના વિકાસના, મૂળમાં જો કોઈ હોય;
તો તે મા રુકુમાજ છે, અન્ય બીજું ના કોય. ૧૧૯
અલખ કહે એક વાત તું સૂણ શિષ્ય સચોટ;
જો 'માજી' ના હોત તો નારેશ્વર ના હોત. ૧૨૦
સદા મસ્ત અવધૂત એ, મનમોજી ફરનાર;
આશ્રમ રાખત ના કદી, નારેશ્વર મોઝાર. ૧૨૧
નિરાલંબ, નિર્બંધને, કોણ બાંધી શકનાર ?
તોયે બંધાઈ ગયો ! જબરો 'મા'નો પ્યાર ! ૧૨૨
કેવળ 'મા'ના પ્રેમના, તંતુએ અવધૂત;
રહી ગયો બંધાઈને, નારેશ્વરમાં તુર્ત. ૧૨૩
આજે નારેશ્વર બની વિકાસ પામ્યું જેહ,
તેની પાછળ માજીનો સ્નેહ જ નિઃસંદેહ. ૧૨૪
નારેશ્વરમાં આજ જે સુંદર સુરૂપ દેખાય,
તેની પાછળ માજીના, પ્રેમ-ત્યાગ ડોકાય. ૧૨૫
"આવાં પ્રેમ સ્વરૂપ ને ત્યાગ-સ્વરૂપ જગદંબ,
એનું સ્મરણ સ્થાનમાં રહેવું જોઈએ અખંડ. ૧૨૬
'માજી'ના એ સ્મરણથી ભવિષ્યપેઢી જેહ,
પીએ પ્રેરણા પીયૂષને અમર કરે નિજ દેહ" ૧૨૭
'કંઈક કરવું જોઈએ, બધા કરે વિચાર;
શું કરવું તેની અરે ! પડે સમજ ન લગાર. ૧૨૮
જે 'માજી' ના ત્યાગથી મળ્યા સમર્થ અવધૂત,
તેની 'યાદ' કાયમ કરી, થાવું કંઈ ઋણમુકત. ૧૨૯
માનું ઋણ ચૂકવવા બધા, કરે વિચાર;
ત્યાં તો દાકતર વાણીએ, કર્યો એક નિર્ધાર. ૧૩૦
"સફેદ આરસ પહાણની આખા કદની એમ,
સુંદર મૂર્તિ માજીની સ્થાપીએ તો કેમ ?" ૧૩૧
એકી અવાજે હર્ષથી, વધાવ્યો આ પ્રસ્તાવ,
જય બોલાવ્યો માતનો, ધરી હૃદયમાં ભાવ. ૧૩૨
સહુને આનંદ તો થયો, મૂંઝવે પણ એક વાત;
'સદ્ગુરુ નહિ દે સંમતિ, મૂર્તિ-સ્થાપન માટ' ૧૩૩
ત્યાં તો મક્કમ સૂરથી બોલ્યા દાકતર એમઃ
"ફીકર શાને તમે અરે ! બધા કરો છો કેમ ? ૧૩૪
સદ્ગુરુની સંમતિ અને મૂર્તિનું સહુ કામ;
છોડી દઈ મુજ પર તમે, નિશ્ચિંત થાઓ આમ" ૧૩૫
વચન સૂણી દાકતરતણાં, ભક્તો પામ્યા હર્ષ
ભેગા થઈ પછી કર્યો, સૌએ વિચાર-વિમર્શ. ૧૩૬
'માતૃકુટિર'ની બાજુમાં સુંદર કળામય એમઃ
માતૃ-મંદિર બાંધવું, હૈયે રાખી પ્રેમ. ૧૩૭
સફેદ આરસ-પહાણની આખા કદની જાણ,
સુંદર મૂર્તિ માજીની, સ્થાપવી તેમાં માન" ૧૩૮
એમ વિચાર કર્યા પછી દાકતર વાણી તુર્ત,
સદ્ગુરુ સંમતિ મેળવે, રીઝવીને અવધૂત. ૧૩૯
શુભ સંકલ્પ વાણીનો થયો મૂર્ત સ્વરૂપ,
ઝટ તૈયાર થઈ ગઈ સુંદર મૂર્તિ અનુપ. ૧૪૦
નાનકડું પણ કળામય દિવ્ય માતૃમંદિર,
થઈ ગયું તૈયાર હા, વાર ન લાગી લગાર. ૧૪૧
સૂણ નિરંજન ! એક થયું કૌતુક તેણીવાર,
શાસ્ત્રી પંડિત લાવિયા મુહૂર્ત નથી આ વાર ! ૧૪૨
અસ્ત થયો છે ગુરુતણો, મૂર્તિ ના મૂકાય,
કોકે કીધું રંગને 'બાપજી ! હવે શું થાય ?' ૧૪૩
હાસ્ય કરી અવધૂત ત્યાં બોલ્યા નિરંજન ! જાણ,
"કે'જે તારા શાસ્ત્રીને, જે છે મુજથી અજાણ. ૧૪૪
એના ગુરુનો અસ્ત હશે, મારા ગુરુનો નહીં !
સદાય થાતો ઉદય છે મારા ગુરુનો અહીં !! ૧૪૫
ગ્રહ બિચારા શું કરે, ઈશ અનુકૂળ જ્યાંય ?
ઊગી મનમાં ભાવના, શુભ મુહૂર્ત એ ત્યાંય ! ૧૪૬
મારો ઈશ્વર પાધરો, ગુરુજી રાખે લાજ;
જગત છોને બબડતું, ઊંધું મારું કાજ ! ૧૪૭
દેવી આઠમ આવતી, નવરાત્રીમાં જેહ;
મૂર્તિ મારી માતની સ્થપાઈ જાશે તેહ. ૧૪૮
મીન મીખ એમાં નહીં, અવધૂતનિશ્ચય જાણ;
ફરશે નહીં એ જો કદિ, પશ્ચિમ ઊગે ભાણ" ૧૪૯
એમ જ નિરંજન માજીનું દિવ્યમૂર્તિ-સ્થાપન,
માતૃમંદિરમાં કર્યું વેદ-વિધિસંપન્ન. ૧૫૦

વિક્રમ સંવત ઓગણીસો બારની સાલે એમ,
આશ્વિન સુદી અષ્ટમી, દુર્ગાષ્ટમીએ તેમ. ૧૫૧
હોમાત્મક શતચંડીનો, યજ્ઞ કર્યો અતિ ભવ્ય;
વેદમંત્રના ગાનથી, સ્થાન થયું અતિ દિવ્ય ! ૧૫૨
દૂર દૂરથી આવિયા, હજારો ભાવિક ભક્ત;
મા રુકુમાના ઋણને ફેડવા જો સંનદ્ધ. ૧૫૩
શુદ્ધ આરસ પહાણની તાજા દૂધ શી શ્વેત,
મૂર્તિ 'મા' ની ભક્તપર વરસાવે નિજ હેત. ૧૫૪
જાણે કમળાસન ઉપર શ્રી-લક્ષ્મી સાક્ષાત્,
બિરાજ્યાં હોય એમ હા ! શોભે રુકુમા માત. ૧૫૫
માજીની હયાતિમાં 'મા'ની મૂર્તિ એમ,
સ્થાપીને સહુ ભક્ત હા ! હરખ્યા હૈયે તેમ. ૧૫૬
'મા' ની મૂર્તિ સ્થાપીને, નારેશ્વરમાં જાણ;
નૂતન માતૃ-તીર્થનું, કર્યું અહા ! નિર્માણ. ૧૫૭
પ્રતિ વર્ષ નવરાત્રિમાં, ઉત્સવ અનેરો થાય;
ઘટ-સ્થાપન નવચંડીના, પાઠ-યજ્ઞ યોજાય. ૧૫૮
દૂરદૂરથી ને વળી આજુ-બાજુથી તેમ,
શત-શત બહેનો આવતી, ધારી હૈયે પ્રેમ. ૧૫૯
રાત્રે એ બહેનોતણાં, મોટાં વર્તુલ થાય;
તાલ મિલાવી વાદ્ય સહ, ગરબા નિત્ય ગવાય. ૧૬૦
થાક ન લાગે બહેનોને, ભલે થાય મધરાત;
મધુર સ્વરે સ્વર કિન્નરી, રીઝવે રુકુમા માત. ૧૬૧
ભાત-ભાતની વસ્તુઓ, લહાણીમાં વહેંચાય;
રુકુમા 'મા' ના આંગણે, આનંદ આનંદ થાય. ૧૬૨
સામે પતિત પાવની, મા રેવાનાં નીર;
હર હર ૐના નાદથી, વહી રહ્યાં ગંભીર. ૧૬૩
તો અહિંયા 'માજી' તણાં, કમળ નયનથી એમ;
આશિષધાર વહી રહી, કરવા સૌનું ક્ષેમ. ૧૬૪
આમ બેવ જગદમ્બનો, ભેળો થઈને સ્નેહ;
ભક્તોપર વરસી રહ્યો, અનરાધારે મેહ. ૧૬૫
તેથી તો નારેશમાં, જે જે ભક્તો જાય;
તેનાં તન ને મન તણાં, પાપ-તાપ દૂર થાય ! ૧૬૬
એમ અહીં આનંદથી, વર્ષો વીતતાં જાય;
વર્ષો સાથે માજીની, ઉંમર વધતી જાય. ૧૬૭
વૃદ્ધત્વની ઝાંયથી, 'મા'ના શુભ તન માંહ્ય;
કૃશતા આવી ગઈ અને અશક્તિ વધતી જાય. ૧૬૮

અશક્તિ વધતાં અરે ! રોગતણો પ્રતિકાર
કરવાની તાકાત તને, રહી ન હા ! લગાર. ૧૬૯
તેથી નાનાવિધ અરે ! રોગોએ બહુવેષ,
ધીમે ધીમે માજીના, તનમાં કર્યો પ્રવેશ. ૧૭૦
માજીના તનમાં જઈ, બન્યા ભયંકર એહ;
અત્યંત પીડા આપતા, ધ્રૂજતો માનો દેહ. ૧૭૧
માજીના શુભ દેહમાં, પીડા થતાં લગાર;
દૂરથી આવી ખડી થતી, દાક્તર કેરી કતાર. ૧૭૨
મુંબઈ, અમદાવાદ ને સુરતના પણ આમ,
મોટા-મોટા દાક્તરો, આવી જતા તમામ. ૧૭૩
અદ્યતન સારવારનાં, સાધનની હારમાળ;
ખડકાઈ જાતી એકદમ, આશ્રમમાં તત્કાળ. ૧૭૪
માજીની સારવારમાં, ખામી રહે ન કયાંય;
એની કાળજી રાખતા, દાક્તર સઘળા ત્યાંય. ૧૭૫
એવી માજીસ્વાસ્થ્યની કાળજી રાખવા છેક,
ભક્તો સૌ આકાશ ને પાતાળ કરતા એક. ૧૭૬
કારણ સૌ ભક્તોતણાં, માજી હતાં એક આશ;
માજી જતાં આ સ્થાનમાં, વ્યાપી જશે નિરાશ. ૧૭૭
માજી રહેશે ત્યાં સુધી, રહેશે અહીં અવધૂત;
માજી જતાં ઊડી જશે, મુક્ત પક્ષીવત્ તુર્ત. ૧૭૮
હતા જાણતા ભક્ત સૌ, અંતરની આ વાત;
તેથી પ્રાર્થતા, "ઘણું ઘણું જીવો રુકુમામાત !" ૧૭૯
કોઈ બાધા રાખતા, કરતા કોઈ અનુષ્ઠાન;
સ્વાસ્થ્ય માટે માજીના, અઢળક દેતા દાન. ૧૮૦
કરતા વ્રત ઉપવાસ ને કો પઢે નમાઝ,
કોઈ બંદગી કરે અહા ! 'મા'ના સ્વાસ્થ્યને કાજ. ૧૮૧
કોઈ કોઈ ભક્તો તો વળી, નિજ આયુષ્યથી એમ;
થોડાં વર્ષો કાઢીને, દે માજીને તેમ. ૧૮૨
પ્રાર્થે કોઈ નિજ ઈષ્ટને, જોડી બન્ને હસ્ત;
"મુજને મારો, હે પ્રભુ ! બચાવો રુકુમા માત" ૧૮૩
આવો ભક્તોનો અહા ! જોઈ ભાવ સાક્ષાત્,
વર્ષોનાં વર્ષો સુધી, જીવ્યાં રુકુમા માત. ૧૮૪
ચિત્કલા જગદમ્બ એ બ્રહ્મમયી સાક્ષાત્,
જન્મ-મૃત્યુના દ્વંદ્વની, કયાંથી આવી વાત ? ૧૮૫
પણ જગ-હિતને કારણે, ધર્યો મનુષ અવતાર;
તેથી માનવ-દેહનો, કરવો રહ્યો વહેવાર. ૧૮૬

વિક્રમ સંવત બે હજાર ત્રેવિસની એ સાલ,
ગ્રીષ્મ ઋતુના સૂર્યનો, પડતો તાપ કરાળ. ૧૮૭
દર વર્ષે અવધૂતજી, ગ્રીષ્મ ઋતુમાં આમ;
દૂર કહીં જાતા હતા, લેવાને આરામ. ૧૮૮
પણ ચાલુ વર્ષે ના ગયા, છોડીને એ સ્થાન;
માજીની સેવા મહીં, રહી ગયા ભગવાન. ૧૮૯
ગ્રીષ્મ ઋતુ સરતી રહી, આવ્યો જ્યેષ્ઠનો માસ;
રવિ-રશ્મિ તો પ્રખર થઈ, આપે સહુને ત્રાસ. ૧૯૦
જ્યેષ્ઠ સુદી પાંચમ પછી, સૂણ શિષ્ય સુપેર;
હવામાન પલટાયું ને ઠંડા પવનની લહેર ૧૯૧
દક્ષિણ દિશથી આવતી, નીલ ગગનની માંહ્ય;
વાદળિયો તરતી અહા ! આમ તેમ દેખાય. ૧૯૨
જ્યેષ્ઠ સુદ છઠ-સાતમે, 'મા'ની તબિયત જાણ;
બગડી કંઈક વધુ અને, ભાન ગુમાવ્યું માન ૧૯૩
બહેનો ખૂબ ચિવટ થકી, કરી રહ્યાં સારવાર;
નામ-સ્મરણ સ્તોત્રોતણા પાઠ કરે તે વાર. ૧૯૪
આઠમે નોમે દશમે, લાગી તબિયત ઠીક;
ભાન આવ્યું, વાતો કરી, ગઈ મરણની બીક ! ૧૯૫
છેલ્લા ચાર-પાંચ દિવસથી, અવધૂતજી પણ એમ;
ઘડી ઘડી માજી પાસ હા ! આવીને સપ્રેમ; ૧૯૬
મંત્રોચ્ચાર કરી જતા, બેસી માજી પાસ;
જાણે 'મા' ના મૃત્યુને રોકી રાખતા ખાસ. ૧૯૭
ત્યાં તો બીજા દિવસનું, ઊગ્યું મધુર પ્રભાત,
ભીમા અગિયારસ હતી અનુપમ એ સાક્ષાત્. ૧૯૮
નામ નિર્જલા અન્ય જો, એવો દિવસ પવિત્ર;
'મા'ની તબિયત આજ જો, દોરે અવળું ચિત્ર !! ૧૯૯
અવધૂત અંતર્યામી તો, જાણી ગયા'તા એહ;
દિવસ આજનો માજીને, જરૂર દેશે છેહ. ૨૦૦
લક્ષ્મીશંકર શાસ્ત્રીજી, આવ્યા નારેશ્વર;
વાતે વાતે જો વદે, પંડિતને સદ્ગુરુવરઃ ૨૦૧
'લાગે મુજને શાસ્ત્રીજી ! એકાદશી આ જાણ,
ભાગ્યેજ માજી કાઢશે, જોતાં માંદગી માન' ૨૦૨
અગીયારસની સવારમાં, અવધૂતજીએ ગહન;
મંત્રોચ્ચાર કર્યા વિના, કેવળ કર્યાં નમન. ૨૦૩
દિવસ આજનો સર્વને, લાગે અતિ કરાળ;
એકાદશીનું કોઈએ, નથી કર્યું ફરાળ ! ૨૦૪

ઘૃત દીપક સવારથી, જલતો હતો અખંડ;
ધૂપસળી ને ધૂપની મહેંકે સાત્ત્વિક ગંધ. ૨૦૫
ભકતો સૌ ટોળે વળી, નિજ-નિજ રુચિ અનુસાર;
સ્તોત્ર પઠન ને પ્રભુ-સ્મરણ, કરી રહ્યા તે વાર. ૨૦૬
અવધૂતજી પણ ઘડી-ઘડી, આવી કુટીર પર;
માજીના શુભ શરીર પર, નાખે દિવ્ય નજર. ૨૦૭
ગગને ઘડી ઘડી વાદળી, ઝરમર વરસી જાય;
લહેરો ઠંડા પવનની, ઘડી ઘડી આવી જાય. ૨૦૮
દિવસ આખો વીતી ગયો, સાંજના છને સુમાર;
માજી કેરી માંદગી, ગઈ વધી અપાર. ૨૦૯
હાથ-પગ શિથિલ થયા, થઈ ગયાં બેભાન;
શ્વાસોચ્છ્વાસ ધીમા પડ્યા, ઊંચા ચઢિયા પ્રાણ. ૨૧૦
જોઈ સ્થિતિ જગદમ્બની, સેવામાં રહેનાર
બહેનો ગભરાતી વળી, ચિંતા કરે અપાર. ૨૧૧
એક બહેન દોડી ગઈ, મોદીજીની પાસ;
મોદીકાકા દોડતા, આવ્યા માજી પાસ. ૨૧૨
જોઈ સ્થિતિ માતની, વિચાર્યું એમણે મન;
'સદ્ગુરુને બોલાવવા જોઈએ આવી ક્ષણ.' ૨૧૩
મોદીકાકા દોડતા, જતા સદ્ગુરુ પાસ;
અવધૂતજી હમણાં હજી આવ્યા જઈ સંડાસ. ૨૧૪
તૈયારી કરતા હતા, કરવાને એ સ્નાન;
ત્યાં તો મોદી આવીને, બોલ્યા જોડી પાણ; ૨૧૫
"ઝટ પધારો હે પ્રભુ ! થોભ્યા વિણ એક ક્ષણ,
માજી અતિ ગંભીર છે, આવી આખર ક્ષણ" ૨૧૬
સદ્ગુરુ કહે "સંડાસથી હમણાં નીકળ્યો બહાર,
સ્નાન કરું ઝટ ત્યાં સુધી થોભાશે કે લગાર ?" ૨૧૭
મોદીજી કહે, "ના, પ્રભુ ! ક્ષણનો પણ વિલંબ
ચાલશે નહિ જો હવે, ગંભીર છે, જગદમ્બ" ૨૧૮
સૂણી વચન મોદીતણાં, બોલ્યા, સદ્ગુરુરાયઃ
"જેવી ઈચ્છા પ્રભુતણી" ચાલવા લાગ્યા ત્યાંય. ૨૧૯
અલખ કહે માજીતણો, હતો શુદ્ધ આચાર;
સ્નાન કર્યા વિણ પાણી પણ, પીતાં નહિ કોઈવાર. ૨૨૦
કોઈનું સ્પર્શેલું કદી, ખાય પીએ ન લગાર;
સ્નાન કર્યા વિણ ન લે કશું, ભલે હોય બીમાર ! ૨૨૧
શુદ્ધ, ધોયલું સોળું હા ! માજી ધરતાં અંગ,
સ્વયં રસોઈ બનાવતાં, ધારી મન ઉમંગ. ૨૨૨

સ્વયંપાક જમતાં સદા, આચારશુદ્ધિ સાથ;
એઠું-જૂઠું કોઈનું, કદી ન સ્પર્શે હાથ. ૨૨૩
કદી વળી અજાણતાં, જો કોઈને સ્પર્શાય;
માજી ખાય-પીએ નહિ, સાબોળ સ્નાન સિવાય. ૨૨૪
આવાં શુદ્ધાચારીને અંતિમ સમયે હાય !
મળત્યાગ કર્યા પછી, તુર્ત કેમ સ્પર્શાય ? ૨૨૫
અવધૂતજીના અંતરે, રંજ હતો આ એક;
'અશુદ્ધ શરીરે માતને સ્પર્શવું પડશે છેક !' ૨૨૬
"જેવી ઈચ્છા પ્રભુ તણી" એમ વિચારી મન,
ગુફાપાસથી નીકળ્યા, જાવા માતૃસદન. ૨૨૭
સ્વયંસ્નાત અવધૂતને, કેવી છૂતાછૂત !
માતૃપ્રેમવશ પુત્ર એ, બની ગયા અવધૂત. ૨૨૮
અલખ કહે સૂણ શિષ્ય હે ! અવધૂત-મન ડંખાય,
કુદરતને એ ના ગમે, ચમત્કાર સર્જાય. ૨૨૯
જેવા સદ્ગુરુ નીકળ્યા, નિજ ગુફાની બહાર,
ત્યાં તો ગગને છવાઈ હા ! વાદળી એક તે વાર. ૨૩૦
ઝર-મર ઝર-મર વરસી રહી, અમૃત કેરી ધાર;
દિવ્ય સ્નાન કરાવતી, અવધૂતને તે વાર ! ૨૩૧
અમૃત-જલની ધારથી, થઈ કાયા તરબોળ;
રંગની કંચન-કાયથી, નિતરે જલ બંબોળ. ૨૩૨
દિવ્ય સ્નાનથી રંગનો, રંજ ગયો તત્કાળ;
ભીને તન આવી ઊભા, માતૃકુટિરને દ્વાર. ૨૩૩
શરીર લૂછ્યું, ના લૂછ્યું ગયા કુટિર અંદર;
માજીના શુભ શરીર પર નાખી દિવ્ય નજર. ૨૩૪
ભીના લંગોટે પછી, આવી માજી પાસ;
'મા'નું શિર નિજ અંકમાં, લીધું ભાવથી ખાસ. ૨૩૫
'મા'ના શિરપર પ્રેમથી, ફેરવતા નિજ હાથ;
સ્તુતિ પ્રભુની કરી રહ્યા, નારેશ્વરના નાથ. ૨૩૬
શિરપર હાથ પસારતાં, થોડી વારે એમ;
ડાકટર રતિલાલને પૂછે સદ્ગુરુ તેમ. ૨૩૭
"દાકતર ! માજીને હવે, નીચે લઈશું કે કેમ ?
વિદ્યાબેને તુર્ત હા ! રેવાજલથી તેમ, ૨૩૮
ગોમય ને ગોમૂત્રથી ચોકો કર્યો તૈયાર;
જવ-તલ નાખી દર્ભને, પાથરિયા તે વાર. ૨૩૯
શુદ્ધ વસ્ત્ર પહેરાવિયાં, પાયું ગંગાજલ;
મુખમાં મૂકયાં સુવર્ણ ને દહીં ને તુલસીદલ. ૨૪૦
ભસ્મ લગાવી ભાલપર, કંઠે રુદ્રાક્ષમાળ;
આરોપી બહુ ભાવથી, માજીને તત્કાળ. ૨૪૧
શિર રાખી ઉત્તર તરફ, બહુ ચિવટથી જાણ;
દર્ભાસનના સાથરે, શયન કરાવ્યું માન. ૨૪૨
દક્ષિણ દિશ મુખ રાખીને, બિરાજ્યા સદ્ગુરુરાય;
માજીના શુભ શિરને, મૂકી ખોળા માંહ્ય. ૨૪૩
ઘડી ઘડી 'મા' ના ભાલ પર, મસ્તિષ્ક પર તન પર,
પ્રેમે હાથ પસારતા, બેઠા સદ્ગુરુવર. ૨૪૪
વેધક દૃષ્ટિ નાખતા, લગભગ થઈ ધ્યાનસ્થ;
"ૐ ૐ ૐ નમઃ શિવાય" ઉચ્ચારે સુસ્પષ્ટ. ૨૪૫
થોડીવાર પછી પૂછયું "કેટલો થયો સમય ?"
"સાડા સાતને પાંચ થઈ," સૂણી નેત્ર નિજ દ્વય ૨૪૬
બંધ કરી અવધૂતજી 'ૐ ૐ' ઉચ્ચાર
કરતા બેઠા ધ્યાનમાં, થાતાં થોડીવાર. ૨૪૭
ફરી વાર પૂછ્યું "અરે ! કેટલા વાગ્યા એમ ?"
'પંદર બાકી આઠમાં' આપ્યો જવાબ તેમ. ૨૪૮
જવાબ સૂણતાં ધ્યાનમાં, લાગી ગયા અવધૂત;
'ૐ ૐ ૐ નમઃ શિવાય' ઉચ્ચાર કરે અતિપૂત ! ૨૪૯
ધ્યાનસમાધિમાં રહ્યા લીન એમ ગુરુદેવ,
થોડી વારે જાગીને ફરી પૂછે તતખેવઃ ૨૫૦
"કેટલો સમય થયો અરે !" ત્યાં તો બોલ્યા જનઃ
"પાંચ મિનિટ જો આઠમાં બાકી છે, ભગવન્ !" ૨૫૧
થોડીવાર આંખો મીંચી, કર્યો મંત્રોચ્ચાર;
ત્યાં તો ટકોરા આઠના પડ્યા ઘડીમોઝાર ! ૨૫૨
હજુ તો ડંકા આઠના ઘટિકાયંત્રે થાય,
ત્યાં તો ઊંચા સ્વરથી 'ૐ નમઃ શિવાય' ૨૫૩
બોલ્યા શ્રીઅવધૂત ને નિજ અંકથી એમ,
માજીનું શિર લઈ, મૂકી દર્ભાસન પર તેમ. ૨૫૪
ત્યાર પછી નિજ આંખથી, ચશ્મા ઉતારી એમ;
મોતી સમ બે બિન્દુઓ, લૂછી નાખ્યાં તેમ. ૨૫૫
અશ્રુબિંદુ લૂછી કર્યું, હૈયું હળવું તુર્ત;
શોક-મોહ સ્પર્શે નહિ વીતરાગી અવધૂત. ૨૫૬
બ્રહ્મમયી જગદમ્બ હા ! થયાં બ્રહ્મમાં લીન,
પાંચે તત્ત્વો પંચમાં, થઈ ગયાં વિલીન. ૨૫૭
વ્યષ્ટિ રૂપે એ હતાં, શ્રીરુકુમાબ્મા માત;
મનષ્યદેહ ધારણ કરી, લીલા કરી અગાધ. ૨૫૮

સુખ-દુઃખ આ સંસારનાં, સઘળાં સહ્યાં અપાર;
સુખ-દુઃખથી પર રહી, કર્યો શુદ્ધ આચાર. ૨૫૯
કિશોર વયમાં છોડિયાં, માત-પિતા-ઘર-ગામ;
પતિની પાછળ આવિયાં, ગુર્જર દેશે આમ. ૨૬૦
યૌવનમાં વિધવા બન્યાં, બે પુત્રોને એમ;
ઉછેરી મોટા કર્યા, વળી ભણાવ્યા તેમ. ૨૬૧
શુભ સંસ્કાર સીંચ્યા અને મોટો દીકરો ત્યાંય,
ઘર છોડી બાવો બની, ભાગી ગયો રે કયાંય ! ૨૬૨
નાનાની સાથે રહી, જ્યમ ત્યમ કાઢ્યા દન;
ત્યાં તો નાનો પણ અરે ! જાતો પ્રભુને સદન ! ૨૬૩
કિશોર વયમાં ઘર ત્યજ્યું, યૌવનમાં વૈધવ્ય
આધેડ વયમાં દીકરો ગયો દુઃખ અસહ્ય !! ૨૬૪
માએ સઘળું વેઠિયું, થયા વિના લાચાર;
શહેર-સદન છોડી વસ્યાં, જંગલમાં નિર્ધાર. ૨૬૫
દુઃખના ડુંગર એ બધા, કર્યા માજીએ પાર;
નારેશ્વરમાં રહી કર્યો, ભકતોનો ઉદ્ધાર. ૨૬૬
એમ વ્યષ્ટિ રૂપ અહીં, કર્યો બધો વહેવાર;
વ્યષ્ટિ મટીને માજી હા ! આજે જગ મોઝાર; ૨૬૭
સમષ્ટિમાં વ્યાપી ગયાં, જૂજવે રૂપ અનંત;
તોડી નાખ્યો આજ હા ! અંત-અનંતનો તંત. ૨૬૮
ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી બહેનો હતી જે ત્યાંય;
માજીનો વિયોગ અરે ! કેમ કરી સહેવાય ! ૨૬૯
પણ અડગ ખડક સમા, અવધૂત ઊભા ત્યાંય;
શાન્ત, સ્વસ્થ, નિર્લેપ ને વીતરાગી સદાય. ૨૭૦
ભકતોને આજ્ઞા કરી, 'મા'ના તનની એમ;
અન્ત્યેષ્ટિ ક્રિયાતણી, કરો તૈયારી તેમ. ૨૭૧
'મા' ના પાર્થિવ દેહને, સ્નાન કરાવ્યું એમ;
અઢાર હાથની સાડી હા ! પહેરાવી પછી તેમ. ૨૭૨
અત્તર, સુંગધિત દ્રવ્ય હા ! 'મા'ના શુભ તન પર,
ખૂબ લગાડ્યું ભાવથી, ફરી-ફરી મનભર. ૨૭૩
તાજાં-સુંદર ફૂલની, ફૂલમાળાઓ અનેક;
આરોપી 'મા' કંઠમાં, એક પછીથી એક; ૨૭૪
શણગારીને લાવિયા, સુંદર શિબિકા એક,
'મા' ના પાર્થિવ દેહને, બેસાડ્યો ત્યાં છેક. ૨૭૫
'મા' ના મુખપર લસલસે, દિવ્ય તેજની ઝાંય;
"હમણાં બોલી ઊઠશે, એવું લાગે ત્યાંય." ૨૭૬
સદ્યઃસ્નાત પવિત્ર ને પહેરી પીતાંબર,
વિપ્રોએ શિબિકા લીધી, ભાવે ખાંધ ઉપર. ૨૭૭
અવધૂતે પણ આ તરફ પરંપરાને એમ
જાળવવા પોતે અહા ! કરાવ્યું મુંડન તેમ. ૨૭૮
ધોતી પહેરી કેડ પર, આગ-હાંલ્લી છે હાથ;
સૌની આગળ પાંચ ડગ, ચાલ્યા સદ્‌ગુરુનાથ. ૨૭૯
હાંલ્લી પછી આપી દીધી, વિશ્વનાથને હાથ;
શિબિકા લઈ રેવાતીરે, ગયો વિપ્રનો સાથ. ૨૮૦
આ બાજુ અહીં સ્થાનમાં, પ્રાગજીભાઈએ એમ;
જુની ગુફાની સામેની, જગ્યા ઉપર તેમ ૨૮૧
ચંદન-કાષ્ટતણી અહા ! ચિતા કરી તૈયાર;
ત્યાં તો શિબિકા આવતી, ચિતા સમીપ તે વાર. ૨૮૨
'મા' ના પાર્થિવ દેહને, કાઢ્યો શિબિકા બહાર;
દિવ્ય તેજથી લસલસે, તેજ તેજ અંબાર ! ૨૮૩
સુખડ કેરા હાર હા ! આરોપ્યા અગણિત,
ચિતાપર સૂવડાવિયો 'મા'નો દેહ પુનિત. ૨૮૪
શુદ્ધ ઘી ગૌમાતનું, બે ડબા ભરપૂર;
રેડ્યું 'મા'ની ચિતા પરે; એક મણ કપૂર; ૨૮૫
એક કોથળો કોપરાં; દશાંગ-ગુગળ ધૂપ
લગભગ આઠ મણ અહા ! ઠલવાયો ત્યાં અનુપ. ૨૮૬
છેલ્લી ધાર્મિક વિધિ અહા ! પૂર્ણ કરી અવધૂત
'મા'ના પાર્થિવ દેહનાં, દર્શન કરે અદ્‌ભુત ! ૨૮૭
સંસ્કારિત મંત્રાગ્નિ હા ! લઈ આવ્યા તે વાર,
સપુત-સદ્‌ગુરુએ કર્યો, 'મા'નો અગ્નિ સંસ્કાર. ૨૮૮
ભડભડ કરતી જવાળ એ, પ્રગટી ચિતા માંહ્ય;
'મા'ના પાર્થિવ દેહને, લપેટી લેતી ત્યાંય. ૨૮૯
તે સમે અવધૂતજી, ચિતા પાસે જાણ;
નાનકડી ખુરસી ઉપર બેસી ભાવે માન; ૨૯૦
કઠોપનિષદ ભણતા હતા, કરી સ્પષ્ટ ઉચ્ચાર;
જેથી આત્માને મળે, શાશ્વત શાંતિ અપાર. ૨૯૧
એમ દોઢ વાગ્યા સુધી, જલતી ચિતા જાણ;
અવધૂતજી બોલતા રહ્યા, ઉપનિષદની વાણ ! ૨૯૨
ત્યાં સુધી ભકતો બધા, સાથે સૌ બ્રાહ્મણ;
ચિતા પાસે બેસીને, કરતા પ્રભુ-સ્મરણ. ૨૯૩
દોઢ બજે મધરાતના, પાઠનો આવ્યો અંત,
ચિતા પણ મા-દેહને, ભક્ષી થઈ'તી શાન્ત. ૨૯૪

ત્રીજે દિન પ્રભાતમાં, બ્રાહ્મણ દ્વારા એમ;
ટાઢી વાળી માતની, અસ્થિ-પુષ્પનો તેમ; ૨૯૫
સુંદર કલશ ભર્યો અને વિધિવત્ કર્યું પૂજન,
સદ્ગુરુ સહ સૌ જો કરે, ભક્તિ થકી દર્શન. ૨૯૬
'મા'ના પુનિત શરીરના, દિવ્ય અસ્થિનાં એમ;
દર્શન કરતાં સર્વનાં, હૃદય ભરાયાં તેમ. ૨૯૭
ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી, બહેનો સૌ તે વાર;
"હવે દર્શન નહિ મળે, માજીનાં ફરી વાર" ૨૯૮
આજ સુધી રાખી હતી, બેનોએ સંયમપાળ,
દર્શન કરતાં અસ્થિનાં, તૂટી ગઈ તત્કાળ ! ૨૯૯
માજીના સાન્નિધ્યમાં કેવો મધુરાનંદ
લૂંટ્યો હતો હા ! આજ તક ! આજે આવ્યો અંત. ૩૦૦
'મા' ની મધુરી હૂંફમાં, એનાં સર્વે બાળ,
કેવાં કિલ્લોલે અહો ! ગાતાં ગીત રસાળ. ૩૦૧
માજી જાતાં હાય ! હવે ક્યાં કરશું આનંદ ?
બહેનો એમ વિચારીને, કરી રહી આક્રંદ. ૩૦૨
'મા' ના અસ્થિફૂલને, વંદે વારંવાર;
"માજી ! અમને છોડીને, ના જાશો કંઈ બહાર" ૩૦૩
છાઈ બધે ગમગીનતા, વાતાવરણની માંહ્ય;
સજાગ શ્રી અવધૂતજી, બોલ્યા પછીથી ત્યાંયઃ ૩૦૪
વિપ્રવર્યો જાઓ તમે, રેવીતીરે સદ્ય,
અસ્થિવિસર્જન કરી બધા, આવો વહેલા અદ્ય" ૩૦૫
અસ્થિવિસર્જન કર્યા પછી, મધ્યાહ્ને તે દન,
અવધૂતજી નીકળી પડ્યા, સાથ લઈ ત્રણ જણ. ૩૦૬
દૂર બહાર ગુજરાતની મોરટક્કાએ એમ,
શ્રાદ્ધ ક્રિયા કરાવવા જતા હતા સપ્રેમ. ૩૦૭
અંતેવાસી સ્થાનના, રડતી આંખે એમ;
સ્ટેશન સુધી વળાવવા, ગયા પ્રભુને તેમ. ૩૦૮
ગાડી આવી, ગાડીમાં બેઠા સદ્ગુરુનાથ;
ભક્તો સર્વે રડી પડ્યા, હૈયું રહ્યું ના હાથ ! ૩૦૯
દશા, એકાદશા, વળી દ્વાદશાનું શ્રાદ્ધ;
સરાવવા ચાલ્યા ગયા, મોરટક્કા સશ્રદ્ધ ! ૩૧૦
નારેશ્વરમાં પણ વળી, દાન ધર્મ અનુષ્ઠાન;
માજીની પાછળ થયાં, વિવિધ શિષ્ય ! તું જાણ. ૩૧૧
શાનું મૃત્યુ ? શાની ક્રિયા ? લીલા એની ગૂઢ;
રંગ-'બાલક' દેખતો, ગાતો થઈ દિઙ્મૂઢ !! ૩૧૨

**ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે શ્રીરુકમામ્બાનિર્વાણં નામ નવષષ્ટિતમોઽધ્યાયઃ ॥૬૯॥ દોહરા ૩૧૨ ॥**

## અધ્યાય : ૭૦

અલખ કહે આગળ સૂણો, નારેશ્વરથી એમ;
નીકળી સદ્ગુરુ પહોંચિયા, મોરટક્કા તેમ. ૧
પરમહંસના આશ્રમે, મા રેવાને તીર;
ઉત્તર ક્રિયા માતની, કરી બધી ધરી ધીર. ૨
કર્મનિષ્ઠ, પવિત્ર હા ! વિપ્રવર વિદ્વાન;
જ્ઞાતા શાસ્ત્રવિધિતણા, અલવણી દાદા જાણ. ૩
એમના આચાર્યપદે, સર્વ વિધિ ભલીભાત;
મોરટક્કામાં થઈ અહા ! ધન ધન રુકમામાત. ૪
બ્રાહ્મણભોજન ને વળી દરિદ્રભોજન તેમ,
દિવસો સુધી અહીં થયાં; અન્ન-વસ્ત્રો પણ એમ ૫
દીન-દુખિયાને આપિયાં, છૂટે હાથે ત્યાંય;
આપનારો અવધૂત ત્યાં મણા રહે ના કયાંય ! ૬
નારાયણ દેનાર ને નારાયણ લેનાર,
દાતા-ભોક્તા એક થતાં, રહ્યું ન દ્વૈત લગાર. ૭
ધરવી દીધાં સર્વને, આપી વસ્ત્રો-અન્ન;
દીન દુઃખિયાં ગરીબ સૌ, થયા પ્રસન્ન પ્રસન્ન. ૮
માજી પાછળ અવધૂતે, ખૂબ કર્યું હા ! દાન,
મોટા શ્રીમંત શ્રેષ્ઠિઓ પણ મૂકે નિજ માન. ૯
અકિંચન અવધૂતની, આવી શ્રીમંતાઈ;
ભલ-ભલા તાર્કિકને, સમજી ના સમજાઈ. ૧૦
સર્વ-ક્રિયા માજીતણી, પૂર્ણ કરી અવધૂત;
મોરટક્કાથી નીકળ્યા, જયપુર જાવા તૂર્ત. ૧૧
આઠેક દિન જયપુરમાં, રોકાયા ગુરુદેવ;
નૈમિષારણ્યે તે પછી પધારતા તતખેવ. ૧૨
સદ્ગત બાબુભાઈ દવે, નિષ્ઠાવાન ગુરુભક્ત,
સરસ વ્યવસ્થા કરી દીધી કે'તાં માત્રે તુર્ત ! ૧૩
નૈમિષમાં પહોંચ્યા પછી, ચોથા દિવસે એમ;
અવધૂતજી બેસી ગયા, અનુષ્ઠાનમાં તેમ. ૧૪

એક માસનું આ હતું, લાંબું અનુષ્ઠાન;
અશક્ત તન હોવા છતાં, બેસી ગયા ભગવાન. ૧૫

સફળતાદર્શન ચિહ્ન જો અનુષ્ઠાનનાં જાણ,
દેખાયાં અવધૂતને નૈમિષારણ્યે માન. ૧૬

શંખધ્વનિ સંભળાય ને થાય દિવ્ય દર્શન,
દિવ્ય સ્પંદનો થાય ને અંતઃકરણ પ્રસન્ન. ૧૭

એક દિવસ આ સ્થાનનાં, અધિષ્ઠાત્રી માત;
લલિતામ્બા-જગદમ્બ જે દિવ્ય શક્તિ સાક્ષાત્. ૧૮

અવધૂતજી સમક્ષ હા ! ઊભાં થઈને પ્રસન્ન,
દર્શન કરતાં માતનું, સદ્ગુરુ હરખ્યા મન. ૧૯

મુકુટમણિ શિરપર અહા ! ચળકે ઝાકઝમાળ,
ચંદ્રસમું મુખડું અહા ! ફરકે હાસ્ય રસાળ. ૨૦

એક હસ્તમાં, ચક્ર ને બીજામાં શિવલિંગ,
કોટિ સૂર્ય સમ તેજથી, લસલસતું છે અંગ. ૨૧

સ્વચ્છ સ્ફટિકસમ શ્વેત હા ! વસ્ત્ર કર્યું પરિધાન;
નેહ નયનથી નીતરે, એવાં કરુણા-નિધાન. ૨૨

મા લલિતામ્બાને અહા ! નીરખી રહ્યા અવધૂત;
નયન ભરી ભરી નીરખતાં, જોયું દૃશ્ય અદ્ભુત ! ૨૩

લલિતામ્બાની મૂર્તિમાં, રુકુમામ્બાનું રૂપ
નિહાળ્યું અવધૂતજીએ દિવ્ય રૂપ અનુપ. ૨૪

મા લલિતામ્બામાં અહા ! રુકુમામ્બાને એમ,
જોતાં આનંદ થઈ ગયો, જાણે વરસ્યું હેમ !! ૨૫

આનંદ આનંદ થઈ ગયો, અવધૂત-અંતર માંહ્ય;
છોળ વહી આનંદની, પદરચના થઈ જાય ! ૨૬

અવધૂતજીના અંતરે, જે આનંદ ઉભરાય;
ગદ્ગદ્ કંઠે સદ્ગુરુ સ્તોત્ર મધુરું ગાયઃ ૨૭

નમામિ લલિતાં દેવીં સર્વપાપપ્રણાશિનીમ્ ।
વસન્તીં નૈમિષારણ્યે ભક્ત-વૈભવકારિણીમ્ ॥

ગદ્ગદ્કંઠે ગુરુવરે, આંખમાં આંસુ સાથ;
કરી પ્રાર્થના માતની, રીઝ્યાં લલિતા માત. ૨૮

મા લલિતામ્બાએ અહા ! ઊંચો કરી નિજ હાથ,
આશિષ આપ્યા રંગને, મૂકી નિજ કર માથ ! ૨૯

આનંદાબ્ધિમાં અહા ! ડૂબ્યા સદ્ગુરુતાત,
ડૂબાડી આનંદમાં, થાતાં અદૃશ્ય માત ! ૩૦

માત ભલે અદૃશ્ય થયાં, સ્થૂલ રૂપે જો આંહ્ય;
અવધૂતજીના અંતરે, વસ્યાં કિન્તુ સદાય ! ૩૧

આમ દિવ્ય દર્શન થતાં, અવધૂતજીનું મન;
આનંદમાં ડૂબ્યું અને મુખડું થયું પ્રસન્ન. ૩૨

આમ એક મહિનાતણું, પૂર્ણ થયું અનુષ્ઠાન;
વિપ્રો સાથ દરિદ્રોને, દીધાં દક્ષિણા-દાન. ૩૩

અમાસના દિને વળી, ચક્રતીર્થમાં, એમ;
સ્નાન કર્યું ને દાન પણ, દીધું અઢળક તેમ. ૩૪

ત્યાર પછી અવધૂતજીને, બ્રહ્માવર્તનું આંહ્ય
આકર્ષણ જબરૂં હતું; તેથી પધાર્યા ત્યાંય. ૩૫

સૂણતાં પ્રશ્ન થયો અહા ! નિરંજનને એમ;
"બ્રહ્માવર્તનું રંગને આકર્ષણ હતું કેમ ?" ૩૬

અલખ કહે સૂણ શિષ્ય તું બ્રહ્માવર્તે તેહ,
અવધૂતજીના સદ્ગુરુ સ્વામી મહારાજ જેહ ૩૭

વાસુદેવાનંદજીએ અહિયાં ધારી પ્રેમ,
ચાતુર્માસ કર્યો હતો, સ્મૃતિચિહ્ન વળી તેમ. ૩૮

અહીયાં જો શ્રીનાં હતાં, તેનાં દર્શન કાજ;
અતિ આતુર હતા અહા ! સમર્થ સદ્ગુરુરાજ. ૩૯

બ્રહ્માવર્તે જઈ અહા ! દત્તમંદિરે આમ,
દત્તપ્રભુની મૂર્તિને પ્રેમે કર્યા પ્રણામ. ૪૦

ત્યારપછી નિજ સદ્ગુરુ, નિજ હૈયાના હાર;
શ્રીમદ્વાસુદેવાનંદ, નતજનતારણહાર. ૪૧

સ્મૃતિચિહ્નો એમનાં, છાટી સહ કમંડલ,
પાટલો વળી જે પરે, બિરાજતા યતીશ્વર. ૪૨

સદ્ગુરુની સ્મૃતિઓતણું, દર્શન કરતાં એમ;
ગદ્ગદ્ અવધૂતજી થયા, ભાવોદ્રેકે તેમ. ૪૩

ફરી ફરી વંદન કરે, વહે ભાવનિર્ઝર;
સ્મૃતિચિહ્ન દર્શન થકી; ધન્ય થયા ગુરુવર !! ૪૪

કૃતજ્ઞતા દર્શાવવા, ગાવાની સ્વરચિત
આજ્ઞા કરી ભકતને ધૂન, ધરીને પ્રીત. ૪૫

ત્યાર પછી અવધૂતજીએ સ્વાન્તઃસુખને કાજ,
લખી છે પ્રાર્થના સૂણી અંતર-અવાજ; ૪૬

"શ્રીવાસુદેવનામસુધા" તેનો કરવા પાઠ,
આજ્ઞા કરી સહુ ભકતને, ચિત્તશુદ્ધિને માટ. ૪૭

ત્યાંના પૂજારી સર્વને, વસ્ત્ર-દક્ષિણા એમ;
આપીને અવધૂતજી આગળ વધિયા તેમ. ૪૮

ત્યાંથી દિલ્હી થઈ પછી, આવી ગયા ગુજરાત;
મહેસાણાએ ઉતર્યા, લીંચ જવાને માટ. ૪૯

સદ્‌ગુરુને સત્કારવા, મહેસાણા સ્ટેશન;
બચુભાઈ આવ્યા હતા, મન પ્રસન્ન પ્રસન્ન. ૫૦
એમ નૈમિષારણ્યથી પધાર્યા લીંચ ગામ,
અવધૂતકુટિરમાં અહા ! પ્રેમે કર્યો મુકામ. ૫૧
સાંભળ શિષ્ય કહું તને, આફ્રિકાના ભક્ત,
મણિભાઈ પટેલ હતા, શ્રીચરણે આસક્ત. ૫૨
પરમ ભક્ત અવધૂતના, સાત્ત્વિક શ્રદ્ધાવાન;
સેવે સદ્‌ગુરુ ભાવથી, નિષ્ઠાપૂર્વક જાણ. ૫૩
સુશીલ પત્ની એમનાં, કાશીબહેન છે નામ;
સ્થાનમાં રહી માજીતણી, સેવા કરે નિષ્કામ. ૫૪
પતિ-પત્ની આ બેઉનાં, સદ્‌ગુરુચરણો માંહ્ય
શ્રદ્ધા-ભકિત દૃઢ હતાં, સેવા કરે સદાય. ૫૫
મણિભાઈએ એક દિ', અવધૂતજીને એમ;
પ્રસન્ન-મન જોઈ અને કરી વિનંતી તેમઃ ૫૬
"હે સદ્‌ગુરુદેવ ! દયાળ હે ! હે ભક્તન પ્રતિપાળ !
મારી આટલી વિનતિ હૈયે ધરો કૃપાળ ! ૫૭
આફ્રિકા મુજ ઘેરે પ્રભુ ! આપનાં પુનિત ચરણ
પધરાવી પાવન કરો, હે અશર્ણ-શરણ !" ૫૮
વળી કાશીબહેન પણ પૂજ્ય માજીને એમ,
અવધૂતજીને આફ્રિકા પધારવાને તેમ; ૫૯
સમજાવવા વિનતિ કરે, ધરી હૃદયમાં ભાવ;
માજી પાસે ઘડી ઘડી જો, મૂકી રહ્યાં પ્રસ્તાવ. ૬૦
ભાવ જોઈ એમનો માજી થયાં પ્રસન્ન;
પછી સદ્‌ગુરુ રંગને, કીધાં મધુર વચનઃ ૬૧
"મારું શરીર છૂટ્યા પછી, વિધિ કરી સુપેર;
બાબા ! આફ્રિકા જજે, મણિભાઈને ઘેર" ૬૨
મણિભાઈનો ભાવ ને માજી કેરું વચન
રાખવા અવધૂતજીએ, વિચાર્યું ત્યાં નિજ મનઃ ૬૩
"પૂજ્ય માજીનું વચન ને મણિભાઈનો ભાવ,
છે અતિ ઉત્કટ ખરે ! જાઉં આફ્રિકા, લાવ" ૬૪
એમ વિચારી સદ્‌ગુરુ જવા આફ્રિકા માટ,
વચનબદ્ધ થઈ ગયા મણિભાઈની સાથ. ૬૫
નાજુક તબિયત હતી છતાં, રાખવા 'મા'નું વચન,
ભાવ જોઈને ભક્તનો, દયાળુ એ ભગવન્; ૬૬
કટિબદ્ધ થયા અરે ! જાવાને પરદેશ;
'મા' નું બંધન છૂટતાં, મુક્ત થયા વરવેષ. ૬૭
બચુભાઈની સૂઝ ને સેવા અપરંપાર
સ્વીકારતા અવધૂતજી, રહ્યા લીંચ મોઝાર. ૬૮
હતા જવાના આફ્રિકા, લીંચથી બારોબાર;
તેથી લીંચમાં જનતણી, ગિર્દી રહેતી અપાર. ૬૯
નિત નિત દર્શનાર્થીઓ આવે હારોહાર,
હજારો ભક્તોતણી, જામે લાંબી કતાર. ૭૦
પરમ ભક્ત અવધૂતના, બચુભાઈ પણ એમ;
સ્વાગત કરતા સર્વનું, ધારી હૈયે પ્રેમ. ૭૧
બે હજાર ત્રેવીસના ભાદરવા વદ એમ,
નવમીથી તે આસોવદ બીજ સુધી હા ! તેમ; ૭૨
રહ્યા સદ્‌ગુરુ લીંચમાં, બાવીસ દિન સુધી એમ;
દર્શનસુખ આપ્યું અહીં, ભક્તોને સપ્રેમ. ૭૩
આસોવદી બીજ ને શુક્રવારને દન,
પ્રાતઃકાલે લીંચથી, અવધૂત કરે ગમન. ૭૪
લીંચથી અમદાવાદ પ્રભુ ! પહોંચ્યા કુશળક્ષેમ;
ત્યાંથી મુંબઈ ગયા પ્રભુ વિમાન દ્વારા તેમ. ૭૫
તે પછી મુંબઈમહીં, રોકાયા દિન ચાર,
'વીઝા' માટે, ભક્તને આપ્યો હર્ષ અપાર ! ૭૬
આસો વદી છઠ ને બુધવારે એમ,
વિમાન દ્વારા સદ્‌ગુરુ ગયા આફ્રિકા તેમ. ૭૭
સેવામાં સાથે હતાં, કાશીબેન યજમાન;
કમ્પાલામાં પુનિત હા ! ચરણ મૂકે ભગવાન. ૭૮
અહીંથી ત્રણ ભક્તો અહા ! સદ્‌ગુરુ સેવા કાજ,
સમુદ્રમાર્ગે ગયા હતા, બેસીને જલ-જહાજ. ૭૯
સદ્‌ભાગી એ રંગના, હતા અનન્ય ભક્ત;
સદ્‌ગુરુની સેવા મહીં રહેતા સદા આસક્ત. ૮૦
સુણ તું શિષ્ય કહું તને, એ ભક્તોનાં નામ;
સૂણતાં શ્રદ્ધા જાગશે સંશય થશે વિરામ. ૮૧
ભાલચંદ્ર ત્રિપાઠી જે ત્વરિત ચિત્ર લેનાર,
ચિત્રો લઈ અવધૂતનાં, અંતર ઉજાળનાર. ૮૨
જુદા જુદા કોણથી, જૂદાં જૂદાં ચિત્ર;
લઈને શ્રીઅવધૂતનાં કરે સ્થિર નિજ ચિત્ત. ૮૩
'કેમેરા' ના નિમિત્તથી, અવધૂતજીના એમ;
દિવ્ય સ્વરૂપને અંતરે સ્થિર કર્યું હા ! તેમ. ૮૪
ફોટા ખેંચી રંગના, એક અનોખી જાણ;
ઉપાસના અવધૂતની કરી એમણે માન. ૮૫

અતિ ચિવટથી ભાવથી રંગસ્વરૂપની એમ,
એક એક રેખાઓ અહા ! સ્થિર કરી હૃદ્ તેમ. ૮૬
શિશુ સમયથી સાંપડ્યું, સદ્ગુરુનું સાન્નિધ્ય;
જેથી શ્રદ્ધા-ભક્તિ હા ! વધવા લાગ્યાં નિત્ય. ૮૭
માધ્યમ કેમેરો કરી, નિજ અંતર-નિર્ઝર
શ્રદ્ધા-ભક્તિ-પ્રેમનો વહાવ્યો સદ્ગુરુ પર. ૮૮
અવધૂતજી પણ એમને 'ગામા' નામે એમ,
પુકારીને વહાવતા, નિજ હૃદ્-આશિષ તેમ. ૮૯
એ આશિષથી ભાલભાઈ, પીને જ્ઞાનામૃત;
અવધૂતના આદેશને ધરી હૃદય અદ્ભુત; ૯૦
સદ્ગુરુના આદેશથી, કરી સાધના પૂત;
ભાલભાઈ બની ગયા અહા ! બાલ અવધૂત ૯૧
બીજા સાથ જનાર હા ! શાસ્ત્રી નટવરલાલ,
કર્મકાંડી વિપ્ર એ, કરે કથા રસાળ. ૯૨
ત્રીજા ભગતજી જો હતા, ખડતલ-સેવક એમ;
સેવા કરે સદ્ગુરુતણી ધારી હૈયે પ્રેમ. ૯૩
ત્રણે ભકતો એમ હા ! અવધૂતજીની સાથ,
આફ્રિકાના પ્રવાસમાં, સેવા કરે ભલીભાત. ૯૪
આફ્રિકાના ભકત સૌ, નીરખી અદ્ભુત સંત;
દર્શન કરતાં રંગનાં, પામે હર્ષ અનંત. ૯૫
રંગજયંતી શુભ અહા ! સીત્તેરમી જો આમ,
કમ્પાલામાં ઉજવી, કરી ખૂબ ધૂમ-ધામ. ૯૬
ભજન-કીર્તન ને વળી પાદુકાનાં પૂજન;
અન્ન-વસ્ત્ર ગરીબને, આપ્યાં ભરી ભરી મન. ૯૭
અહીંના આદિવાસી ને અંધ છાત્રોને એમ,
એક એક જોડી ઉપાનની, વહેંચી ધરીને પ્રેમ. ૯૮
જ્યાં જ્યાં અવધૂતજી ગયા, આફ્રિકાની માંહ્ય;
ત્યાં ત્યાં માનવનો અહા ! મહેરામણ છલકાય. ૯૯
લગભગ પાંચ મહિના સુધી, આફ્રિકામાં આંહ્ય;
પાંચ દેશો પુનિત કર્યા, કરી વાસ્તવ્ય ત્યાંય. ૧૦૦
યુગાન્ડા, કેન્યા અને ઝામ્બિયામાં વળી તેમ,
રોડેશિયા ને વળી મલાવી પણ એમ. ૧૦૧
પાંચ દેશોમાં ફર્યા, સદ્ગુરુ ધરી ઉમંગ;
લગાડ્યો ત્યાંના લોકને, દત્તભક્તિનો રંગ. ૧૦૨
ના લીધું કોઈનું કશું, દીધું છૂટે હાથ !
જબરો દાતા નીકળ્યો, નારેશ્વરનો નાથ ! ૧૦૩
અલખ કહે સૂણ શિષ્ય તું આફ્રિકામાં આંહ્ય,
અવધૂતજીએ જે કર્યું, કોઈએ કર્યું ન કયાંય. ૧૦૪
"અદ્ય સુધી અહીં આવતા, ભારતથી જે સંત;
માત્ર ફંડ-ફાળો અરે ! ઉઘરાવવાને હંત ! ૧૦૫
આશ્રમ માટે કોઈ વળી, મંદિર માટે કોઈ;
નિજ નિજ સંસ્થા કાજ જો, માગે ધન હર કોઈ. ૧૦૬
આ જ સંત એક એહવો, આવ્યો છે રે ! આંહ્ય;
અઢળક આપી જાય છે, લીધા વિના જરાય" ૧૦૭
આમ આફ્રિકાતણા, લોકો કરે વિચાર;
ત્યાગ જોઈ અવધૂતનો, વંદે વારંવાર. ૧૦૮
ત્યાગ ભક્તિ ને ગુરુતણો, ડંકો વગાડી એમ;
આફ્રિકાથી આવિયા, સદ્ગુરુ કુશળક્ષેમ. ૧૦૯
ભારતમાં આવી ગયા, મુંબઈ ઉતરી તુર્ત;
વલસાડ પહોંચી ગયા, સદ્ગુરુ શ્રીઅવધૂત. ૧૧૦
શ્રીબાળકૃષ્ણભાઈને, ઘેર ગયા વલસાડ;
ભક્તોને ત્યાં ખબર પડી, "સદ્ગુરુદેવ દયાળ ૧૧૧
આફ્રિકાથી આવીને વલસાડ ગામે આમ,
બાલકૃષ્ણને ઘેર હા ! રાખ્યો છે મુકામ" ૧૧૨
સૂણતાં આ આશ્ચર્યથી, ગુજરાતભરથી એમ;
ભક્તો દોડ્યા ભાવથી, વલસાડ ગામે તેમ. ૧૧૩
દરેક ભકત વિનંતી કરે, હાથ જોડીને આમઃ
"નારેશ્વર જાતાં પ્રભુ ! પધારો અમ ગામ" ૧૧૪
દરેકને અવધૂતજીએ, આપ્યું પ્રેમે વચન;
"જરૂર તમારે ગામ હું આવીશ એક બે દન" ૧૧૫
વચન સૂણી અવધૂતનાં, ભકતો અતિ હરખાય;
"ધન્ય ! પધારશે અમ ઘરે, સમર્થ સદ્ગુરુરાય !" ૧૧૬
તે પછી વલસાડથી, પ્રભુએ લીધી વિદાય;
વચન પ્રમાણે ભકતને, ગામે સદ્ગુરુ જાય. ૧૧૭
માજી સ્વધામ ગયા પછી, નારેશ્વરનું એમ;
બંધન સદ્ગુરુને હવે, ન'તું રહ્યું કંઈ તેમ. ૧૧૮
ભક્તોને તેથી અહો ! સંતોષ દેવા કાજ;
ગામે-ગામ જતા હતા, સ્મર્થ સદ્ગુરુરાજ. ૧૧૯
વલસાડથી નીકળ્યા પછી, ચારેક મહિને આમ;
અવધૂતજી આવી ગયા ધન્ય ! અછાલિયા ગામ. ૧૨૦
પરમ ભકત અવધૂતના, અછાલિયાના રાવ;
હતો એમને ગુરુ પ્રતિ અત્યંત ભક્તિ-ભાવ. ૧૨૧

અછાલિયાની કુટિરમાં, પ્રભુએ કર્યો મુકામ;
નારેશ્વરમાં ખબર પડી, આવ્યા પૂરણકામ. ૧૨૨
"અછાલિયામાં સદ્‌ગુરુ, રહેશે બે-ચાર-દન;
સીધા ત્યાંથી સ્થાનમાં, પધારશે ભગવન્. ૧૨૩
પૂજ્ય માજીના ગયા પછી, લાંબે ગાળે આમ;
નારેશ્વરે પધારશે, અવધૂત આત્મારામ. ૧૨૪
વળી દરિયાપારના, દેશોમાં જઈ એમ;
દત્તભક્તિના ધ્વજને લહેરાવીને તેમ; ૧૨૫
પ્રભુ હવે પધારશે, સ્થાનમાં પહેલીવાર;
માટે સ્વાગત એમનું, કરવું છે શાનદાર" ૧૨૬
અંતેવાસી સ્થાનના ભક્તો સૌ તે વાર,
સ્વાગત કરવા રંગનું, કરી રહ્યા વિચાર, ૧૨૭
વિચાર મૂકયો અમલમાં, ખૂબ કરી ધૂમ-ધામ;
સ્વાગતની તૈયારીઓ, કરી રહ્યા અવિરામ. ૧૨૮
રંગ-વિરંગી તોરણો, બાંધ્યાં હારોહાર;
કલા-પૂર્ણ કમાનો હા ! ઊભી કરી અપાર. ૧૨૯
મંગલ-પલ્લવથી અહા ! શણગાર્યું સિંહદ્વાર,
પુષ્પ-ગુચ્છ હા ! ઠેર ઠેર શોભે અપરંપાર. ૧૩૦
વિદ્યુત દીવડાઓતણી, જ્યાં ત્યાં ઝાકઝમાળ;
મંગલવાદ્યો વાગતાં, રણકે ઝાંઝ કરતાળ. ૧૩૧
રેવાજીના ઘાટથી, સ્થાન સુધીનો માર્ગ;
શણગાર્યો વિધ વિધ રીતે, લઈને શ્રમ અથાગ. ૧૩૨
એમ અહીં નારેશ્વરે, સદ્‌ગુરુસ્વાગત કાજ
ધૂમ-ધામ તૈયારીઓ, થઈ રહી છે આજ. ૧૩૩
અછાલિયાના ગામમાં, અવધૂતજીને એમ
ખબર પડી કે, એમના સ્વાગત માટે તેમ ૧૩૪
નારેશ્વરમાં થાય છે, અહા ! ખૂબ ધૂમ-ધામ,
સૂણતાં શ્રી અવધૂતજીએ મન વિચાર્યું આમ: ૧૩૫
"મારા નિજ સ્થાનમાં, મારો ભવ્ય સત્કાર !
બેહુદું લાગે આ બધું, ગમે મને ન લગાર" ૧૩૬
એમ વિચારી સદ્‌ગુરુ, અછાલિયાથી એમ;
મધરાતે નીકળી ગયા, ડમણે બેસી તેમ. ૧૩૭
વેળુગામ આવ્યા અને કરી નર્મદા પાર,
પાછલા રસ્તેથી કર્યો પ્રવેશ સ્થાન મોઝાર ! ૧૩૮
ગૂપચૂપ મધરાતે અહા ! આવી ગયા તતખેવ,
'શાન્તિનિકુંજ' ને ઓટલે, બેસી ગયા ગુરુદેવ ! ૧૩૯
ખબર પડી ના કોઈને, નારેશ્વરમાં એમ;
પોતપોતાના કામમાં, રત હતા સૌ તેમ. ૧૪૦
હજુ તો મોં સૂજણું અરે ! થયું નથી તે વાર,
સેવક ઝાડુ વાળવા, આવ્યો કુટિરને દ્વાર. ૧૪૧
જેવો ઝાડુ મારવા, ઓટલો ચઢવા જાય;
ત્યાં તો બેઠેલા દીઠા, સામે સદ્‌ગુરુરાય ! ૧૪૨
સામે જોતાં સદ્‌ગુરુ, થઈ આશ્ચર્યે મૂઢ;
પલભર તો બાઘા સમો, જોઈ રહ્યો કંઈ ગૂઢ. ૧૪૩
ભય કંપારી વ્યાપતાં, મૂઠીવાળી એમ;
નાઠો બૂમો પાડતો, વાઘે ઝાલ્યો જેમ. ૧૪૪
"દોડો દોડો અરે ! બધા શાંતિનિકુંજ આંહ્ય
અવધૂતજી આવી ગયા, જુઓ બિરાજ્યા ત્યાંય ! ૧૪૫
સેવકની બૂમો સૂણી, દોડ્યા સઘળા લોક;
'શાંતિનિકુંજ' ભક્ત સૌ, જામ્યા થોકે થોક. ૧૪૬
અવધૂતજી આવી ગયા, સ્થાનમાં એકાએક;
સ્વાગત-સામૈયાતણો, છોડી બધો વિવેક; ૧૪૭
અંતેવાસીઓ બધા, અંતરમાં પસ્તાય;
ગત ન્યારી અવધૂતની, કોઈથી ના સમજાય !! ૧૪૮
અલખ કહે અવધૂત જે, મનમોજી ફરનાર;
અનાસક્ત આ જગતને, તરણા સમ ગણનાર; ૧૪૯
અનિકેત આઝાદ એ, ઘટઘટમાં રહેનાર;
એને ગમે ના બ્હારનાં, સ્વાગત ને સત્કાર. ૧૫૦
નારેશ્વરમાં આવીને, માતૃ-સ્મૃતિનો વિચાર
કરતાં અવધૂત અંતરે, થયો એક ચમકાર: ૧૫૧
"માતૃ-સ્મૃતિ શૈલ" નો એક અનોખો વિચાર,
અવધૂતજીના અંતરે, ચમકી ગયો તે વાર. ૧૫૨
"જાણે 'મા'ના વિયોગથી, ધરતી ફાટે એમ;
તે ધરતીથી ફૂટતું નીકળે શિખર તેમ; ૧૫૩
એવો કલાત્મક ગિરિ અહીં, પથ્થર ગોઠવી છેક;
માતૃસ્મૃતિશૈલ અહા ! ઊભો કરીએ એક" ૧૫૪
ભક્તોને આ ગમી ગયું, શરુ થઈ ગયું કામ;
આદ્ય શંકરાચાર્યની જયંતીએ શુભ આમ. ૧૫૫
નીલકંઠ-તાત છનુભાઈ જે, અગ્નિહોત્રી જાણ;
શોધી કાઢે ન્યાસવિધિ, વર્ણી અગ્નિપુરાણ. ૧૫૬
તે વિદ્યાથી ન્યાસ થયો; રજતપટપર એમ
'શ્રીયંત્ર' કોતરાવીને, અભિમંત્રિત કરી તેમ; ૧૫૭

સ્થાપન કર્યું પાયા મહીં, વેદમંત્ર ભણી જાણ,
સદ્‌ગુરુ શુભ હસ્તે થયું, માતૃતીર્થ નિર્માણ. ૧૫૮
ધૂન મચવતા દત્તની લાવે રેવાનીર
અત્યુત્સાહે ભકત સૌ, કામ કરે ધરી ધીર. ૧૫૯
સદ્‌ગુરુનું સાન્નિધ્ય ને ભાવ-ભક્તિ ઉર માંહ્ય,
જોત જોતામાં હા થયો, શૈલ તૈયાર ત્યાંય ! ૧૬૦
પૂજ્ય માજીની પુણ્યતિથિ ભીમા અગિયારસ,
ઉદ્‌ઘાટન માટે હતો, દિવસ શુભ સરસ. ૧૬૧
છ સાત-દિન અગાઉથી, નારેશ્વર મોઝાર;
દૂર દૂરથી આવતા, ભકતો હારોહાર. ૧૬૨
અલખ કહે સૂણ શિષ્ય તું, તે શુભ દિન એમ;
મુંબઈથી નીકળેલ જે પદયાત્રીઓ તેમ; ૧૬૩
સામે વેળુગામમાં રહ્યા હતા જે રાત,
તે પણ આવવા માગતા સવારમાં સાક્ષાત્. ૧૬૪
સાંભળ શિષ્ય કહું તને, મુંબઈના એક ભકત,
શ્રીરમણલાલ જોષી હા ! રંગચરણ આસકત. ૧૬૫
પરમભકત અવધૂતના, વિપ્ર એ વિદ્વાન,
કર્મકાંડી જ્યોતિષી, કવિહૃદય પણ જાણ. ૧૬૬
માજી પ્રત્યે એમના, હૃદે ભક્તિ ને પ્રેમ,
હતાં અતિશય, એમનું સ્વપ્ન હતું એક એમ. ૧૬૭
"સુંદર મૂર્તિ માજીની, શિબિકામાં લઈ જાણ,
પગે ચાલતા સંઘ લઈ જવું નારેશ્વર માન" ૧૬૮
સુંદર સમણું એમનું, આજ થયું સાકાર;
પગપાળા શિબિકા ગ્રહી, આવ્યા હતા આ વાર. ૧૬૯
માજીની શિબિકાતણું, સ્વાગત કરવા કાજ;
વિધવિધ રંગે સ્થાન હા ! શણગાર્યું તું આજ. ૧૭૦
સ્વયં શ્રીઅવધૂતજી, પધાર્યા રેવાઘાટ;
સ્વાગત કરવા માતનું, બેઠા જોતા વાટ. ૧૭૧
ત્યાં તો પદયાત્રી બધા, આવી ગયા આ પાર;
મા રુકુમાનો પ્રેમથી, કરતા જયજયકાર. ૧૭૨
સૌ પ્રથમ સદ્‌ગુરુવરે, 'મા'ના કંઠે એમ;
ફૂલમાળા આરોપીને સ્વાગત કર્યું હા તેમ. ૧૭૩
વાગે મંગળ વાદ્ય ને આતશબાજી થાય,
નાચી-કૂદી ભકત સૌ, માજીનો જય ગાય. ૧૭૪
'માતૃસ્મૃતિશૈલ' કને, મૂકી શિબિકા જ્યાંય;
વેદ-મંત્રના ગાનથી, વિધિ શરુ થઈ ત્યાંય. ૧૭૫

ભારતભરની સર્વ હા ! પવિત્ર નદીનાં જલ,
અભિષેક રૂપે શૈલ પર, ધન્ય થયાં તત્પલ. ૧૭૬
આજ 'માતૃ-સ્મૃતિ-શૈલ'નું, શાસ્ત્રવિધિપુરઃસર;
ઉદ્‌ઘાટન કરી ધન્ય જો, જાતે થયા ગુરુવર !! ૧૭૭
માતૃતીર્થનું એમ જો, સ્વયં કરી નિર્માણ;
અવધૂતજી વિચર્યા પછી, ગુજરાત મધ્યે જાણ. ૧૭૮
દર્શનસુખ દેવા અહા ! નિજ ભકતોને કાજ,
ગુજરાતભરમાં ફરી વળ્યા, પ્રેમે યોગીરાજ. ૧૭૯
ત્રણ મહિના વિચર્યા પ્રભુ, આવ્યા છેલ્લે પોર;
ઢાઢરતીરે જો રહ્યા, નહીં દમામ કે દોર. ૧૮૦
અલખ કહે સૂણ શિષ્ય તું, હવે બન્યું જો એમ;
બારે મેઘ ખાંગા થયા, ગુજરાતભરમાં તેમ. ૧૮૧
નદી-નહેરો ઉભરાઈને, જળ બંબાકાર;
ચોગમ વ્યાપ્યો ને મચ્યો સઘળે હાહાકાર ! ૧૮૨
લોકમાતા નર્મદા, પતિતપાવની માત;
તે પણ ગાંડીતુર બની, કરવા લાગી પ્રપાત. ૧૮૩
રેવાનીર ઘૂઘવતાં, ઉછળી રહે આકાશ;
જલ ફૂંફાડા મારતાં, ફેલાયાં ચોપાસ. ૧૮૪
વાડી, વજીફા, ખેતરો, નગર, ઘરો ને ગામ;
માનવ-પશુ-પક્ષી અરે ! ડૂબી ગયાં બેફામ !! ૧૮૫
રેવા રૌદ્ર બન્યાં અરે ! તણાયાં ગામનાં ગામ,
ઘર,ઘરવખરી અન્ન અરે ! પામ્યાં નાશ તમામ. ૧૮૬
રેવાતીરે જે વસે, ભાગ્યા સઘળા લોક;
છોડી નિજ ઘર-ગામને, નાઠા મૂકી પોક. ૧૮૭
સર્વસ્વ ગુમાવ્યું એમણે, ના રહ્યું કંઈ પાસ;
નીચે ધરતી ને અરે ! ઉપર રહ્યું આકાશ. ૧૮૮
સાયર નાનું ગામ છે, નારેશ્વરની પાસ;
એ ગામના લોક પર અવધૂતજીનો ખાસ; ૧૮૯
પ્રેમ-ભાવ હતો અહા ! તેથી વારંવાર,
"મારું સાયર" એમ હા ! કહેતા નત-જનતાર. ૧૯૦
રેવામાના કોપનું, ભોગ બન્યું એ ગામ;
સર્વ કાંઈ તણાઈ ગયું, રહ્યું માત્ર એક નામ. ૧૯૧
અવધૂતજીને પોરની કુટિર બેઠાં આમ,
ખબર મળી કે "ડૂબી ગયું, આખું સાયર ગામ ! ૧૯૨
સાયર ગામના સૌ જનો, થઈ ગયા બેકાર;
સઘળું ખોયું એમણે, રહ્યો ન કંઈ આધાર" ૧૯૩

સૂણતાં શ્રીઅવધૂતના આર્દ્ર હૃદય ઉપર,
દુઃખ કેરી ફરી વળી, જાણે જુઓ કાતર ! ૧૯૪
આવેશમાં ઊભા થઈ, બોલ્યા સદ્‌ગુરુરાયઃ
"ચાલો અહીંથી સદ્ય હવે, મુજથી નહિ રહેવાય ! ૧૯૫
મારું સાયર ડૂબતાં, લોકો દુઃખી થાય;
અહીં બેઠે મુજ થકી, દેખી કેમ શકાય ?" ૧૯૬
અલખ કહે અવધૂતજી, પોર ગામમાં આમ;
એક માસ રહેનાર હતા, કરવાને આરામ. ૧૯૭
સાયર ગામના લોકની, સાંભળી દુઃખની વાત;
તે જ દિને અવધૂત અહા ! નીકળી ગયા સાક્ષાત્. ૧૯૮
અવધૂતજી પહોંચ્યા અહા ! નારેશ્વરમાં જ્યાંય,
અન્ન-વસ્ત્ર-વાસણતણા, ઢગલા થઈ ગયા ત્યાંય. ૧૯૯
ભક્તોએ જાણ્યું હતું, અવધૂતજી નિજ હસ્ત;
સહાય કરવા જાય છે સાયરને પુરગ્રસ્ત. ૨૦૦
ટ્રકો ભરી-ભરી દૂરથી, અન્ન-વસ્ત્ર-વાસણ;
ઠલવાવા લાગ્યાં અરે ! નારેશ્વર તત્ક્ષણ. ૨૦૧
ઠેલણગાડીમાં અહા ! બેસીને અવધૂત,
ઘેરે-ઘેર ફર્યા અહા ! સાયરમાં મુનિસુત. ૨૦૨
અન્ન-વસ્ત્ર-વાસણ અને ગાદલાં-ગોદડાં તેમ,
મરી-મસાલા-નિમક ને મરચું સુદ્ધાં એમ. ૨૦૩
બીજ, બળદ, ખાતર અને ખેતીનાં ઓજાર,
જેને જેવી જરૂર હા ! આપ્યું અપરંપાર. ૨૦૪
સાયર ઊભું જો કર્યું, આપી વસ્તુ તમામ;
ત્યાર પછી અવધૂતજીએ, લીધો કંઈ આરામ !! ૨૦૫
આવી ત્યાં તો જાય અહા ! નવરાત્રીના દન,
માજીના દ્વારે થયાં, નવચંડી ને હવન. ૨૦૬
દૂર દૂરથી સેંકડો, બહેનો ભેગી થાય;
માતૃ-તીર્થમાં રાત્રે, ગરબા નિત્ય ગવાય. ૨૦૭
ત્યાર પછી નવરાત્રિમાં અવધૂતજીએ એમ,
ગોધરાથી આવેલ જે ભક્તો સઘળા તેમ; ૨૦૮
નિજ પાસે બોલાવીને 'મા'ની મૂર્તિ એક,
લાવ્યા જે પદયાત્રીઓ, મુંબઈથી જો છેક. ૨૦૯
તે મૂર્તિની સાથ હા ! 'મા'ના વસ્ત્રો, શાલ
આસન, માળા, પાત્ર હા ! આપ્યાં ધરીને વહાલ. ૨૧૦
આપતાં બોલ્યા અવધૂતજી," સ્મૃતિ-ચિહ્નો લઈ આજ,
'મા'ને મંદિર ગોધરા, મૂકજો દર્શન કાજ," ૨૧૧
ગોધરાવાસી ભક્ત સૌ, હરખ્યા અપરંપાર;
હોંશે હોંશે લઈ ગયા, સ્મૃતિ-ચિહ્નો તે વાર. ૨૧૨
શોભાયાત્રા કાઢીને, ખૂબ કરી ધૂમ-ધામ;
પધરાવ્યાં માતૃમંદિરે, ધન્ય ! ગોધરા ગામ ! ૨૧૩
દીવાળીના દિવસો, નજીક આવતા જાય;
ત્યમ ત્યમ અવધૂતઅંતરે, સ્ફુરણા નૂતન થાય. ૨૧૪
ગુરુબંધુ યતિવર અહા ! ગાંડા મહારાજ જેહ;
તેમની શતાબ્દી ગૂંજમાં ઉજવાતી સસ્નેહ. ૨૧૫
ત્યાંના ટ્રસ્ટીઓતણી અત્યાગ્રહભરી માન,
વિનતી હતી અવધૂતને, પધારવા ત્યાં જાણ. ૨૧૬
અવધૂતજીએ કર્યો હતો, વિનતિનો સ્વીકાર,
કહ્યું હતું 'પ્રવાસથી આવીશ બારોબાર. ૨૧૭
તમે કપડવંજ આવજો મળવા માટે એમ,
ત્યાંથી ગૂંજ પ્રવાસનું ગોઠવીશું સહુ તેમ.' ૨૧૮
આસો વદી નવમીએ, સદ્‌ગુરુ અવધૂત એમ;
નડિયાદ જાવા નીકળ્યા, નારેશ્વરથી તેમ. ૨૧૯
કંઈ ના લીધું સાથમાં, એક ઝોળી સિવાય;
સઘળું છોડી સ્થાનમાં, નીકળ્યા સદ્‌ગુરુરાય. ૨૨૦
છોડી દિવ્ય ગુફા અરે ! છોડ્યું રેવાતીર;
છોડ્યો બોધિ-લીમડો, છોડી માતૃકુટીર. ૨૨૧
છોડ્યાં શાંતિનિકુંજ હા! છોડ્યું માતૃમંદિર,
છોડ્યું માતૃશૈલ ને છોડ્યાં વૃક્ષો રુચિર. ૨૨૨
કૂજન કરતાં પક્ષીઓ, છોડ્યાં કુંજે એમ;
થનક નાચતા મોરલા, છોડ્યાં પ્રભુએ તેમ. ૨૨૩
છોડ્યા અંતેવાસીઓ, છોડ્યું મમત્વ તમામ;
અવધૂતજીએ છોડિયું, નારેશ્વરનું ધામ. ૨૨૪
અલખ કહે અવધૂતની અનાસક્તિનો ખ્યાલ,
આવે છે તુજને અરે! કાંઈ નિરંજન બાળ! ૨૨૫
વર્ષોનાં વર્ષો સુધી, માતા સાથે જ્યાંય;
લોહીનું પાણી જો કરી, કરી તપસ્યા ત્યાંય. ૨૨૬
નિબિડ અરણ્ય વેરાનને, કીધું નંદનવન;
સાતગામના સ્મશાનને, કીધું વિષ્ણુસદન! ૨૨૭
વન્ય પશુ ને ભૂતડાં, જ્યાં કરતાં ચિત્કાર;
ભજન-કીર્તન થાય ત્યાં વેદ મંત્રોચ્ચાર. ૨૨૮
એવી દિવ્ય ભૂમિતણો, માટીનો કણ-કણ;
કરાવે સાત્ત્વિક તત્ત્વનો, અનુભવ તિહાં ક્ષણ ક્ષણ. ૨૨૯

એવી ભૂમિ છોડી હા! જરાય રંજ વગર,
પાછું ભાળીને અરે! નાખી નથી નજર ! ૨૩૦
અનાસક્ત અવધૂતની, આ તે કેવી લહર!
ભલભલા ત્યાગીતણો, ગર્વ ગળે સત્વર!! ૨૩૧
નિજ હાથે જે ભૂમિમાં નારણભાઈને હાય!
અગ્નિચિતાને સોંપિયા, તે તો કેમ ભૂલાય? ૨૩૨
જે ભૂમિમાં માજી હા! રુકુમામ્બાના એમ,
કર્યા અગ્નિસંસ્કાર હા! નિજ શુભ હસ્તે તેમ. ૨૩૩
'માતૃસ્મૃતિશૈલ' હા ! જે ભૂમિમાં સ્થપાય,
તેવી ભૂમિને છોડતાં, કોને દુઃખ ન થાય ? ૨૩૪
આ તો પણ અવધૂત છે, નિરાસક્તિની મૂર્ત!
મમત્વને બાળી ધરી, ખાખ અંગ અદ્ભુત!! ૨૩૫
જાતાં-જાતાં ટ્રસ્ટીને, બોલાવી નિજ પાસ;
કહ્યું "જરા આ ઝોળીમાં કરી જુઓ તપાસ" ૨૩૬
પછી રમૂજ કરી વધ્યા "જુઓ તમે સૌ ખાસ;
ચશ્મા સિવાય ઝોળીમાં, નથી લીધું કંઈ ખાસ" ૨૩૭
એમ હસી હસાવીને આગળ વધતા જાય,
કોને ખબર હતી કે આ છેલ્લી હતી વિદાય? ૨૩૮
ત્યાગતણી મસ્તી અને અનાસક્તિનો રંગ,
ઝગમગ ઝળકે વદન પર, ચાલ્યા ભવ-ભય-ભંગ. ૨૩૯
ના લીધું કોઈનું કશું, દઈને અપરંપાર;
નારેશ્વરથી નીકળ્યા, નતજનતારણહાર. ૨૪૦
ડગલે ડગલે એહના, પુષ્પ-પુંજ પથરાય;
વણમાગે ધન-ધાન્યના, ઢગલા સામે થાય. ૨૪૧
પણ અવધૂત એના ઉપર દૃષ્ટિ નાખ્યા સિવાય,
ૐ ૐ રટતા અહા! આગળ ચાલ્યા જાય. ૨૪૨
જેની દૃષ્ટિ માત્રથી, પાપી પાવન થાય;
તેનું અંતર કોઈથી, સમજ્યું ના સમજાય. ૨૪૩
અંતરના ઊંડાણમાં, ધીખતી ધૂણી જેહ;
તેનો આવિષ્કાર હતો, એમાં નહિ સંદેહ. ૨૪૪
નારેશ્વરથી નીકળી, આવી ગયા નડિયાદ;
થોડા દિન નડિયાદનો, કીધો દૂર વિષાદ. ૨૪૫
નીકળી પ્રભુ નડિયાદથી, જાવા કપડવંજ;
રેલગાડીમાં બિરાજિયા, પોતે ભવ-ભયભંજ. ૨૪૬
રેલ્વેનું આ કપડવંજ હતું છેલ્લું સ્ટેશન,
તેથી સદ્ગુરુ બોલિયા કરી વ્યંગ ગહનઃ ૨૪૭

"છેલ્લું સ્ટેશન આપણું આવી ગયું હવે કેમ?"
ત્યાંના ભક્તોને પૂછે પ્રભુ ઘડી-ઘડી એમ! ૨૪૮
કોને પણ ખબર હતી, પ્રભુનાં આ વચન;
કેવાં સૂચક ભાવિનાં, હતાં ગૂઢ-ગહન! ૨૪૯
કપડવંજ-નગરની, જનતાએ ધરી પ્રેમ;
અતિભવ્ય સ્વાગત કર્યું, અવધૂતજીનું એમ. ૨૫૦
જ્યાં જુઓ ત્યાં નગરમાં, આનંદ-આનંદ થાય,
દર્શનાર્થીઓનો અહા! મહેરામણ છલકાય. ૨૫૧
કપડવંજમાં સદ્ગુરુ, કરતા રોજ તપાસ;
આવ્યું કે કોઈ ગુંજથી? લેવા માટે ખાસ. ૨૫૨
દીવાળીના દિન સુધી, જોઈ પ્રભુએ વાટ;
કોઈ ન આવ્યું ગુંજથી, વાતચીત કરવા માટ. ૨૫૩
ત્યાં તો જયપુરથી અહા! શાંતિલાલના સુત;
આવ્યા દર્શન કાજ હા! ભાવ ધરીને સુપૂત! ૨૫૪
શ્રીચરણે વંદન કરી, વધ્યા ભાવથી એહ;
"જયપુર ક્યારે પધારશો? હે સદ્ગુરુ! વરદેહ! ૨૫૫
અમને નૂતન મકાનમાં, પધારવાનું એમ;
આપે વચન દીધું હતું, ભૂલ્યા પ્રભુજી કેમ? ૨૫૬
નૂતન સદન એ હવે, થઈ ગયું તૈયાર;
પગલાં પવિત્ર આપનાં, પડે એટલી વાર! ૨૫૭
માટે આપ કહો પ્રભુ! ત્યારે હું તત્કાળ,
લઈ જાઉં જયપુર હા! ક્ષણે ન લાગે વાર" ૨૫૮
એવું કહીને યુવક એ, જોડી રહ્યો બે હાથ;
ત્યાં તો બોલ્યા ભાવથી, અવધૂત-સદ્ગુરુ નાથઃ ૨૫૯
"ચાલ હું તો અબઘડી, આવવા છું તૈયાર;
અહીંથી સીધા પહોંચીએ જયપુર બારોબાર!" ૨૬૦
સૂણી વચન સદ્ગુરુતણાં, હરખ્યો યુવક અપાર;
ટિકિટ લેવા વિમાનની, દોડ્યો તેણીવાર. ૨૬૧
વડોદરાથી ત્યાંય હા! આવી પહોંચ્યા એમ,
ભક્ત પ્રવીણભાઈ ને કમુબેન પણ તેમ. ૨૬૨
પહેલાં એમની સાથ હા! જાવાને હરિદ્વાર,
વાતચીત થઈ જો હતી, વડોદરા એકવાર. ૨૬૩
કમુબેન તેથી પૂછતાં, જોડીને બે હાથઃ-
"ક્યારે પધારવું છે હવે હરિદ્વાર ગુરુનાથ?" ૨૬૪
ત્યાં તો મસ્તીમાં વધ્યા, સદ્ગુરુ એકાએક
"જયપુરથી હરિદ્વાર હા! આવી જઈશું છેક" ૨૬૫

ભાઈબહેન બન્નેવ આ, પામ્યાં હર્ષ અપાર;
તૈયારીઓ કરવા બધી, દોડી ગયાં હરિદ્વાર. ૨૬૬
ગુંજતણાં મંડળતણી, જોઈ અહિયાં વાટ;
કો નવ ત્યાં આવતાં, પકડી જયપુરવાટ! ૨૬૭
કારતક સુદી છઠનો, દિન કર્યો નિર્માણ;
કપડવંજથી જયપુર, કરવા શુભ પ્રયાણ. ૨૬૮
કપડવંજના લોકની, લઈને વસમી વિદાય;
સાબરમતી પહોંચી ગયા સમર્થ સદ્‌ગુરુરાય. ૨૬૯
કારતક શુકલની અષ્ટમી, સોમવારે જાણ
સાબરમતીથી નીકળ્યા, વિમાન દ્વારા માન. ૨૭૦
આવી ગયા જયપુર અહા! અવધૂત સદ્‌ગુરુરાય,
અકળ કળા અવધૂતની, કોઈથી ના કળાય, ૨૭૧
લીંચ, નારેશ્વર અને ગુંજને બાજુપર,
મૂકીને પહોંચી ગયા, જયપુર સદ્‌ગુરુવર! ૨૭૨
પરિપકવ થઈ વૃક્ષથી, પડેલા પાંદડા જેમ;
સંતની લટક-લહર અહા! અસ્થિર હોય છે તેમ; ૨૭૩
સૂકાઈ ગયેલા પાનને ખેંચી પવન જ્યાં જાય,
લહેર પ્રમાણે પવનની, સૂકું પાન તણાય!! ૨૭૪
તેવી રીતે સંત જો, જોઈ ભકતનો પ્રેમ;
સુખે ઈશ્વર-મરજીથી, ઊડતા આમ ને તેમ. ૨૭૫
સદા તૃપ્ત અવધૂતને, જવા-આવવાની કયાંય;
નિજ ઈચ્છા કંઈ હોય ના, સદાતુષ્ટ-મન માંહ્ય. ૨૭૬
પણ ભક્તોના પ્રેમના, કાચા તાંતણે એમ;
બંધાયો અવધૂત તે ખેંચાય ખેંચે તેમ. ૨૭૭
આવી ગયા જયપુરમાં, જયપુર નગરે એમ;
ઈકોતેરમી રંગની જયંતી ઉજવાઈ તેમ. ૨૭૮
ભજન-ધૂન ને પાદુકા-પૂજન કરે સૌ એમ,
અન્નવસ્ત્ર ગરીબને, આપ્યાં ખૂબ સપ્રેમ. ૨૭૯
ત્યાં તો ગૂંજની મંડળી, જયપુર આવી જાણ;
નકકી કરવા દિવસ હા! પધારવાનો માન. ૨૮૦
અવધૂતજી કહે " હાલ તો જાઉં છું હરિદ્વાર,
વીસમી પછીથી આવજો નક્કી કરશું વાર" ૨૮૧
એમ કહીને એમને, આપી ત્યાંથી વિદાય;
આવી ગયાં બીજે દિને, કમુબેન પણ ત્યાંય. ૨૮૨
હરિદ્વાર જવા પ્રભુ, થઈ ગયા તૈયાર;
ત્યાં તો આવી એક જણે, પૂછ્યું તેણીવારઃ ૨૮૩
"હરિદ્વારથી કયાહરે, પાછા ફરશો આપ?
દીન બાળકને એટલું, કહેતા જાઓ બાપ!" ૨૮૪
મુકત હાસ્ય કરી વદ્યા અવધૂતજી સપ્રેમઃ
"હરિને દ્વાર ગયેલ કોઈ, પાછો ફર્યો છે કેમ?" ૨૮૫
એમ કહી અવધૂતજી, થઈ વિમાને સ્વાર;
ગગનમાર્ગે વેગથી, પહોંચ્યા હરિદ્વાર!! ૨૮૬
શું બન્યું તે પછી, આગળ છે સંધાન;
રંગલીલા અવનવી 'બાળક' ને ના ભાન!! ૨૮૭

અલખ નિરંજન કહેઃ 'કઠણ કાળજુ કર,
છેલ્લી લીલા જો કરે, કેવી સદ્‌ગુરુવર' !! ૨૮૮

**ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે
અલખનિરંજનસંવાદે શ્રીરુકમામ્બાનિર્વાણં નામ સપ્તતિતમોઽધ્યાયઃ ॥૭૦॥ દોહરા ૨૮૮ ॥**

## અધ્યાય : ૭૧

હરિદ્વારમાં આવીને, ગંગાજીને તીર;
આર્યનિવાસ સ્થાનમાં, મુકામ કર્યો સુધીર. ૧
રેવામાનો લાડલો, ગંગામાને ઘેર;
આપવા આનંદ એમને, આવ્યો ના કરી દેર. ૨
દેખી ગંગા દિવ્ય એ, રેવાતણો સુપુત્ર;
ખળખળ નાદે હરખને વ્યકત કરતી તત્ર ! ૩
અવધૂતજી પણ ભાવથી, જોડી બન્ને હાથ;
અનંત શ્રદ્ધાભકિતથી, વંદે ગંગામાત. ૪
બ્રહ્માજીના દિવ્ય હા! કમંડલથી એમ,
પવિત્ર જલ-પ્રવાહ હા! છલકયો વેગે એમ. ૫
બ્રહ્મલોકથી નીકળ્યો, વહેતો દિવ્ય પ્રવાહ;
આવી ગયો વૈકુંઠમાં, પરમ પવિત્ર વાહ! ૬
ભગવાન શ્રીવિષ્ણુતણા, ચરણ પખાળી એહ,
સ્વર્ગલોકમાં વહી રહ્યો, પાવનકારી જેહ, ૭
ભગીરથજીના તપ થકી, પુનિત દિવ્ય પ્રપાત;
પૃથ્વી પર પડતાં ઝીલે શિર પર ભોળાનાથ. ૮

આશુતોષની જટા થકી, અલકનંદા માત;
નીકળ્યાં જગ ઉદ્ધારવા, જય જય ગંગા માત! ૯

અવધૂતજીએ ભાવથી, ગંગોદકનું એમ;
પાન કર્યું ને સ્નાન કર્યું, થયા પ્રસન્ન મન તેમ. ૧૦

આર્યનિવાસના ઉગમણા, ઝરૂખે બેસી એમ;
કલાકો સુધી રંગ હા ! ધારી હૈયે પ્રેમ ૧૧

મા ગંગાના પુનિત ને, ત્વરિત પ્રવાહને વાહ !
નયન ભરી ભરી નીરખતા, અંતર અતિ ઉત્સાહ. ૧૨

સેવામાં અવધૂતની, ત્યાં હતાં જણ ચાર,
ધન્ય ધન્ય સદ્ભાગી એ, સેવામાં રહેનાર. ૧૩

રતિલાલ દાક્તર એક, ડભાણના રહેનાર;
વ્યવસાયે દાક્તર પણ, શુદ્ધ આચાર પાળનાર. ૧૪

કષ્ઠ વેઠીને ભાવથી, અવધૂતઆજ્ઞા પ્રમાણ;
રેવામાની પરિક્રમા, કરી હતી તું જાણ. ૧૫

અતિ શુદ્ધ આચાર ને, તન-મન અતિ પવિત્ર;
શ્રદ્ધાથી સેવા કરે, સદ્ગુરુની જો તત્ર. ૧૬

આવા શુદ્ધ પવિત્ર ને, શુદ્ધાચારી વિપ્ર,
અવધૂતની તહેનાતમાં, સેવા કરતા ક્ષિપ્ર. ૧૭

બીજાં કમુબેન હા ! પરમ પવિત્ર ભકત,
અંતર ભાવભર્યું અને, સેવા મહીં આસકત. ૧૮

સોજીત્રા મૂળ ગામ પણ, રહે વડોદરા માંહ્ય;
અલકાપુરી નિવાસ છે, સદ્ગુરુ ભજે સદાય. ૧૯

ત્રીજાં અતિલક્ષ્મી બહેન ને સાથે ચીમનલાલ.
પતિ જે અતિલક્ષ્મીતણા, રહે વડોદરા હાલ. ૨૦

બન્ને પતિ-પત્ની અહા! અવધૂતજીનાં જાણ
પરમભકત છે રંગનાં, સેવારત રહે માન. ૨૧

ચારે ભકતો જો તિહાં, રહીને હરિદ્વાર;
વિધ-વિધ રીતે રંગની, સેવા કરે અપાર. ૨૨

એક દિવસ ત્યાં આવીયા, મુંબઈથી જે આમ;
ટ્રસ્ટી નારેશ્વરતણા, જયદેવભાઈ છે નામ, ૨૩

પત્ની ભારતીબેન જે, અત્યંત શ્રદ્ધાવાન;
બન્નેને સદ્ગુરુ પ્રતિ, ભાવ-ભક્તિ બહુ માન. ૨૪

જયદેવભાઈ જો રંગને, પ્રાર્થે ત્યાં બહુ પેર;
ગુંજ જાતાં હે ગુરો, મુંબઈ આવો ઘેર !! ૨૫

પવિત્ર પગલાં આપનાં, પધરાવો કરી મહેર;
ધન્ય થઈશ ગુરુવરા! અરપો કૃપાની સેર! ૨૬

ભાવ જોઈ બોલ્યા પ્રભુ, ગુંજ જઈશ જો એમ;
તો મુંબઈમાં તમ ઘરે, રાત રહીશ એક તેમ. ૨૭

આ વીસમી તારીખ પછી, ખબર આપું કે તુર્ત;
બે ટિકિટ પણ ગુંજની, લેજો રાખી સ્ફૂર્ત. ૨૮

જયદેવ-ભારતી પામીને, હૈયે આશ્વાસન;
હરિદ્વારથી વિદાય હા! થઈ ગયા તે દન. ૨૯

અલખ કહે સૂણ શિષ્ય તું, જયદેવભાઈને એમ;
અવધૂતલીલાના ઘણા, પરચા થયા'તા તેમ. ૩૦

સુરત પાસે એમનું, મોતા નામે ગામ;
પરમભકત પિતા હતા, તારાશંકર નામ. ૩૧

તારાશંકરનો અહા! ભક્તિ-ભાવ જોઈ આમ;
સદ્ગુરુનો મોતા મહીં, થયો હતો મુકામ. ૩૨

તોયે જાગ્યાં ન હતાં, જયદેવભાઈનાં જાણ;
શ્રદ્ધાભક્તિ દિલ મહીં, અવધૂત પ્રત્યે માન. ૩૩

એક દિવસ જયદેવભાઈ, મોતા આવવા એમ;
નિકળ્યા મુંબઈથી અહા! રેલ્વે દ્વારા તેમ. ૩૪

રૂપિયા પચ્ચીસો પૂરા, ભરેલી થેલી એક;
સાથ હતી તે ચિવટથી, મૂકી પાટીએ છેક. ૩૫

આવી ગયું ત્યાં તો અહા! બારડોલી સ્ટેશન;
જયદેવભાઈ ઉતરી ગયા, સામાન સહ તત્ક્ષણ. ૩૬

રૂપિયાની થેલી અરે! રહી ગઈ ગાડી માંહ્ય;
મોતા ગામ ગયા પછી, ખબર પડી એ ત્યાંય. ૩૭

થેલી ગઈ રૂપિયા ગયા, દુ:ખ તો અંતર થાય;
કરવું એનું કેમ જો, ન્હોતો કોઈ ઉપાય. ૩૮

આ મલકમાં જે ગયું, મળે ન કદીયે કયાંય;
પ્રસંગ બગડશે માનીને , કહ્યું ન કોઈને ત્યાંય. ૩૯

અવધૂતજીએ જો કરી, લીલા ત્યાં અદ્ભુત,
શ્રદ્ધા જાગે યુવાનની, એવું ગોઠવ્યું તુર્ત. ૪૦

સુપ્ત સંસ્કાર ભકતના, પિતૃદત્ત જે ઉર માંહ્ય.
મ્હોરી ઊઠયા અન્ય દિન, પૂજન મહીં જો ત્યાંય. ૪૧

બેઠા પૂજન કાજ જ્યાં, જયદેવભાઈ તે વાર,
ભુસાવળથી આવિયો, પોલિસ કેરો તાર! ૪૨

અહીંની પોલીસને અરે! તમારી થેલી એક;
મળી છે માટે ખાતરી આપીને અહીં છેક. ૪૩

લઈ જાઓ પરત એ "વાંચતાં એવો તાર,
જયદેવભાઈના હૃદયમાં, વ્યાપ્યો હર્ષ અપાર. ૪૪

કૃતજ્ઞતાથી રંગના, ચરણે વારંવાર;
વંદન કરી અવધૂતનો, પોકારે જયકાર. ૪૫
રૂપિયાની થેલી મહીં, નોંધપોથીમાં જાણ;
સરનામું મોતાતણું, લખ્યું હતું આ માન; ૪૬
થેલી મળતાં પોલીસે, એ સરનામે એમ;
તાર કરીને એમને, બોલાવ્યા'તા તેમ. ૪૭
થેલી મળી, રૂપિયા મળ્યા, થયો હર્ષ અપાર;
એકી અવાજે રંગનો, બોલાવ્યો જયકાર. ૪૮
એક સમે અવધૂતનો, મોતામાં મુકામ;
જયદેવભાઈનાં પત્ની જે, ભારતીબેન છે નામ, ૪૯
એમણે શુભ સંકલ્પ હા! કર્યો નિજ મનની માંહ્ય,
"કાલે ભિક્ષા બનાવીને, જમાડું સદ્‌ગુરુરાય." ૫૦
પૂછે પછી અવધૂતને : "શું ખાશો ગુરુરાજ?
આપ કહો તે વાનગી, બનાવી દઉં હું આજ." ૫૧
વળતી બોલ્યા શ્રીગુરુઃ "મને ન ઈચ્છા કાંઈ,
તું બનાવીશ તે જમીશ, બધું જઈશ હું ખાઈ!" ૫૨
ભારતીબેન વ્હેલાં ઊઠ્યાં, કરીને મંગલ સ્નાન,
શુદ્ધ રેશમી વસ્ત્ર હા! અંગે કરી પરિધાન. ૫૩
ખૂબ પવિત્રતાથી અને ચિવટ રાખી એમ,
વિવિધ પ્રકારની વાનગીઓ, બનાવી ધરી પ્રેમ. ૫૪
શાક-પાક ને રાયતાં, માખણ-રોટલી એમ;
સરસ-કેસર કેરીનો, રસ કાઢ્યો હા! તેમ ૫૫
આજે ગુરુજી માહરા, ઘેરે જમશે જાણ;
ધન ઘડી, ધન દહાડો, હરખભેર એમ માન; ૫૬
થાળ મૂક્યો બહુ ભાવથી, સદ્‌ગુરુ સામે તેમ;
ભારતીબેન તો હૃદયથી, પ્રાર્થે ખાવા તેમ. ૫૭
અલખ કહે સૂણ બાળ તું, પ્રભુએ શું કર્યું ત્યાંય!
કારેલાનું શાક બધું, નાખ્યું રસની માંહ્ય! ૫૮
મધુર રસમાં ભેળવ્યાં, કારેલાં કટુ ઝેર;
મિશ્રણ બરાબર જો, કરે ચોળીને સુપેર. ૫૯
પછી ગટગટાવી ગયા, આખી વાડકી ઝટ;
તૃપ્તિના ઓડકાર સહ, બોલ્યા 'જયગુરુદત્ત' ૬૦
ભારતીબેન તો સ્તબ્ધ થઈ, જોઈ રહ્યાં તે વાર;
શું બોલે? અવધૂતનો, અવળચંડ વહેવાર!! ૬૧
સ્વાદ જીત્યો હા જેમણે, લાગે બધું સરસ !
કારેલાં કે આમ્રરસ, પેટનું ભાડું બસ! ૬૨
દેહ ટકાવી રાખવા, ખાતા સંત સુજાણ;
લેપાયે ના સ્વાદમાં, ભલે હોય મિષ્ટાન્ન. ૬૩
અવધૂત ભૂખ્યો ભાવનો, સ્વાદે રુચિ ન લગાર;
એટલું સમજતાં ભક્તનો, થાયે બેડો પાર. ૬૪
એવા જયદેવભાઈને ભારતીબેનને ત્યાંય,
આપી સંતોષ બેઉને, પ્રેમે કર્યાં વિદાય. ૬૫
નૂતન સાધુ-સંતનાં, રંગ કરે દર્શન,
ધનભોજન અપાવીને, સહુને કરે પ્રસન્ન. ૬૬
ગરીબ-ભિખારી રોગીને, ભોજન-વસ્ત્રો એમ;
દક્ષિણા પાત્ર અપાવતાં, અવધૂતજી ધરી પ્રેમ. ૬૭
પતિયાંને જમાડિયા, ભરપેટ મિષ્ટાન્ન;
ભૂખ્યાંઓને તૃપ્ત કર્યાં, ધરી ભાવ ભગવાન. ૬૮
'હરકી પેડી' પર જઈ, ભૂખ્યાઓને તમામ;
શાક-રોટલી જમાડિયા, પેટ ભરી ભરી આમ. ૬૯
સર સર વીત્યો સમય ને કારતક વદી એમ,
ચૌદસનો આવી ગયો, ગોઝારો દિન તેમ. ૭૦
આજ સવારથી સાંજ સુધી, હતી ચૌદસ ખાસ;
સાંજે સાત પછી અહા! થાતી હતી અમાસ. ૭૧
પ્રાતઃકાલ આજ હા ! કર્યું ગંગાસ્નાન,
ત્યાર પછી સદ્‌ગુરુવરે, ધર્યું ધીરથી ધ્યાન. ૭૨
આજ સવારથી શરીરમાં, હતો સામાન્ય જ્વર;
સ્નાન સમે રતિભાઈને, પડી હતી ખબર. ૭૩
યત્કિંચિત્ ભિક્ષા લીધી, પછી કર્યો આરામ;
બરાબર બે વાગતાં, બેઠા પૂરણકામ. ૭૪
ભક્તો સહ વિંટળાઈને, વાતો કરતા એમ;
બોલ્યા શ્રીઅવધૂતજી, સહજ ભાવે તેમઃ ૭૫
"છાતીમાં અમૂંઝણ કંઈ ધીમી ધીમી થાય;
એકાદ વાન્તિ થાય તો, તુર્ત બંધ થઈ જાય" ૭૬
સૂણી રતિભાઈએ કહ્યું, મીંઢળ ઘસીને એમ,
પાણી લો તો જરૂર એક, વાન્તિ થાયે તેમ, ૭૭
વાન્તિ થાતાં છાતીની, મૂંઝવણ થાશે બંધ,
માટે હું મીંઢળતણો, હમણાં કરું પ્રબંધ. ૭૮
એમ કહી રતિભાઈએ, મીંઢળની તપાસ
કરવા માણસ મોકલી, બેઠા સદ્‌ગુરુ પાસ. ૭૯
દાક્તર પાસે બેસીને, નાડી જોવા જાય;
ત્યાં તો હાથ ખેંચી લઈ, બોલ્યા સદ્‌ગુરુરાયઃ ૮૦

"કશુંય થયું નથી મને, નથી થવાનું કાંઈ;
શાને તમે બધા અરે! ચિંતા કરો છો આંઈ" ૮૧
એમ કહીને સદ્‌ગુરુ, કાઢી મોટો અવાજ;
વાતો ઉચ્ચ સ્તરની, કરવા લાગ્યા આજ. ૮૨
સાધુ-સંતો દેશના, વળી ધર્મ-સમાજ;
સૌના સમન્વયતણી, કેવી જરૂર છે આજ. ૮૩
વાતો ઊંચા સ્તરની, ઊંચા સ્વરથી એમ;
કરવા લાગ્યા સદ્‌ગુરુ, જેથી ન આવે વહેમ. ૮૪
કરવા લાગ્યા સદ્‌ગુરુ કરી રહ્યા જે વાત,
એ તો સૌને માટ હા! છેલ્લી હતી સાક્ષાત્. ૮૫
વાતો કરવી બંધ કરી, ક્ષણભર ત્યાં ગુરુરાય;
આંખો મીંચી ગહન હા! ઉતર્યા ધ્યાનમાં ત્યાંય. ૮૬
થોડીવાર પછી અરે! ખોલી કમલ-નયન,
દાક્તર રતિભાઈને પૂછી રહ્યા ભગવન્: ૮૭
'કેટલો સમય થયો?' અને દાક્તર બોલ્યા વાણ;
"સવા આઠ ઘટી-યંત્રમાં, થયા છે ભગવાન!" ૮૮
આંખ બંધ કરી અહા! ૐ ૐ ૐ ઉચ્ચાર,
ઊંચેથી હા! કરી રહ્યા, સદ્‌ગુરુ જગદાધાર. ૮૯
થોડીવાર ડૂબી રહ્યા, ધ્યાનમાંહી ગહન;
ત્યાર પછી બહુ શાંતિથી, ઉઘડ્યાં દિવ્ય નયન. ૯૦
અને પૂછ્યું રતિભાઈને "કેટલા વાગ્યા અધ ?"
"સાડા આઠ થયા પ્રભુ" બોલ્યા દાક્તર સદ્ય. ૯૧
દિવ્ય નયન અવધૂતનાં, ઢળી રહ્યાં પલવાર;
ૐ ૐ ૐ નો કંઠથી , થયો મધુર ઉચ્ચાર. ૯૨
પલભર દિવ્ય સમાધિમાં, ડૂબી રહ્યાં નયન;
દિવ્ય શાંતિ પ્રસરી રહી ચોગમ ત્યાં તત્ક્ષણ. ૯૩
ચોગમ દિવ્ય પ્રકાશ હા! પ્રસર્યો ઓરડા માંહ્ય;
દિવ્ય સુગંધિત લહર હા! અનુભવતા સૌ ત્યાંય. ૯૪
અકથ્ય દિવ્યાનંદના, નિર્ઝર ઝરતા ત્યાંય;
બેઠેલા સૌ ભક્તના, ભાવ ભીંજવતા જાય. ૯૫
પલભર ભાવાવેશમાં, ડૂબી ગયાં સૌ જન;
ત્યાં તો નયન વિકાસીને, ફરી પૂછે ભગવન્: ૯૬
"કેટલો સમય થયો અરે!" દાક્તર બોલ્યા સદ્યઃ
"પોણાનવ થયા, પ્રભુ! ઘટિકાયંત્રે અધ." ૯૭
ચતુર્દશીનો અમલ હા! પૂરો થયો'તો એમ,
અમલ અમાવાસ્યાતણો, શરુ થયો'તો એમ, ૯૮
ઝરા દિવ્યશાંતિતણા, ઝરતા'તા ચોપાસ;
'પોણાનવ' સૂણતાં અહા! અવધૂતજીએ ખાસ ૯૯
ૐ...ૐ...ૐ... નો, કરી સ્પષ્ટ ઉચ્ચાર;
પિંજર છોડી દેહનું, ગયા હરિને દ્વાર!! ૧૦૦
ધીમે ધીમે ૐ નો, મંદ થયો ઉચ્ચાર;
ઊર્ધ્વગામી આત્મા થયો, ક્ષણે ન લાગી વાર. ૧૦૧
અર્ધોન્મીલિત નેત્રથી, દિવ્ય સમાધિ માંહ્ય;
જાણે બિરાજ્યા છે પ્રભુ! એવી તેજની ઝાંય. ૧૦૨
દિવ્ય દેહપર લસલસે, મુખમંડળ પર એમ;
દિવ્ય તેજ ઝળકી રહ્યું, સૂર્ય-ચંદ્ર સમ તેમ. ૧૦૩
દિવ્ય નયનથી નીકળી, દિવ્ય જ્યોતિ જો એક;
પરમ જ્યોતમાં જ્યોત એ, ભળી ગઈ હા! છેક!! ૧૦૪
અલખ કહે સૂણ શિષ્ય તું, ગીતાજીમાં એમ;
યોગેશ્વર શ્રીકૃષ્ણએ ગાયું છે સપ્રેમ: ૧૦૫
ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥
"એકાક્ષર હું બ્રહ્મને ૐ ૐ ૐ એમ,
જપતાં છોડે દેહ તે પામે સદ્‌ગતિ તેમ."
સંવત બે હજારને પચીસ કેરી સાલ,
કારતક વદ અમાસ ને દિવસ મંગળવાર; ૧૦૬
રાત્રે પોણા નવતણો, થયો જ્યાં સુમાર;
'આર્યનિવાસ' સ્થાનમાં હરિદ્વાર મોઝાર; ૧૦૭
ૐ ૐ નો નાદ હા! થયો ધીમેથી ક્ષીણ,
સદ્‌ગુરુ રંગ અવધૂતજી, થયા બ્રહ્મમાં લીન. ૧૦૮
ૐ ૐ ઉચ્ચારીને , પરબ્રહ્મ અવધૂત;
પરમ ધામ પહોંચી ગયા, છોડી આ જગ જૂઠ. ૧૦૯
ઓમકારનો દિવ્ય હા! બંધ થયો ઉચ્ચાર;
રતિભાઈએ તુર્ત અરે! જોયું તેણી વાર. ૧૧૦
નાડી ચાલતી બંધ થઈ, હૃદય થયું હા બંધ,
પાર્થિવ દેહ અવધૂતનો, રહ્યો દિવ્ય અકબંધ! ૧૧૧
પંચ મહાભૂતો મહીં, પાંચે તત્ત્વો એમ;
અવધૂતજીના દેહનાં ભળી ગયાં હા ! તેમ. ૧૧૨
કેમ કરી દાક્તર અરે! કહે આ નક્કર વાત?
સૂણતાં સાથીજન પરે, થાશે વજ્ર પ્રપાત. ૧૧૩
છતાંય વાસ્તવિકતા અરે! કેમ કરી છોડાય?
દાક્તરે અતિ દુઃખથી કહ્યું "ગયા ગુરુરાય" ૧૧૪

સૂણતાં ત્રણે જણ પર થયો વજ્રનો ઘાત,
વીજળી જાણે તૂટી પડી એવો થયો પ્રપાત. ૧૧૫
મગજ બહેર મારી ગયું, ચારેવનું ક્ષણભર;
તનચેતન હરાઈ ને ઠરી ગયું પલભર. ૧૧૬
તન,મન,ધન, સર્વસ્વ હા! જાણે લુંટાયું આજ,
એમ શૂન્યમસ્તક થઈ, બેઠાં સૌ નારાજ. ૧૧૭
ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યાં, આંખ આંસુ ના માય;
અધવચ મૂકી રખડતાં, ચાલ્યા ગયા ગુરુરાય! ૧૧૮
અરે! ગુર્જર દેશનો, સૌ અવધૂતપરિવાર
પૂછશે, 'ક્યાં છોડ્યો તમે, અમ હૈયાનો હાર? ૧૧૯
ક્યાં મૂકી આવ્યા અરે! તમે અમારા તારણહાર?
યોગીરત્ન ગુજરાતનું, ક્યાં ખોયું? આ વાર' ? ૧૨૦
શું મોઢું બતલાવશું ? શો દઈશું જવાબ?
અરે અરે આ શું થયું ? સાચું છે કે ખ્વાબ? ૧૨૧
એમ વિચાર કરતાં અરે! બાવરાં થઈ એ ચાર?
ડૂસકાં શમ્યાં શમાય ના, વહે અશ્રુ ચોધાર. ૧૨૨
અજાણ્યા એ દેશમાં, ચારે અજાણ્યા જન,
હ્રદય ભરી-ભરી રડે અરે! કોણ દે આશ્વાસન? ૧૨૩
અલખ કહે એ ચારની, પરિસ્થિતિનો એમ;
વિચાર કરતાં હ્રદય આ કંપી ઊઠે છે તેમ. ૧૨૪
કોને આપે! કોણ હા? હૈયાધારણ ત્યાંય;
એક બીજાનાં આંસુ હા! પોછ્યાં ના પોછાય. ૧૨૫
પ્રથમ સ્વસ્થ રતિભાઈ થયા, કર્યો મનમાં વિચારઃ
"કઠણ મન કરી સત્યનો, કરવો રહ્યો સ્વીકાર" ૧૨૬
એમ વિચારી એમણે, આંસુ ખાળી એમ;
આસું લૂછી અન્યનાં, બોલ્યા ધીમે તેમઃ ૧૨૭
"કઠણ કરો હૈયું હવે, કરો સત્ય સ્વીકાર;
શું કરવું આગળ હવે, એનો કરો વિચાર" ૧૨૮
એમ કહીને સ્થાનના, આર્યનિવાસના આમ;
વ્યવસ્થાપક ભાઈ જે અમૃતલાલ છે નામ. ૧૨૯
નીચેથી હા એમને, ઝટ બોલાવ્યા ત્યાંય;
આવતાં જ પરિસ્થિતિ, પામી ગયા મન માંહ્ય. ૧૩૦
આશ્વાસન આપી કહ્યું:'કઠણ રાખજો મન'!
કરવા લાગ્યા ફોન એ, કઠણ રાખી મન. ૧૩૧
દિલ્હીથી બોલાવિયા, શુકલસાહેબને ઝટ;
ટેલીફોનની રીંગ હા! ફેરવતાં ઝટ-પટ. ૧૩૨

અમદાવાદ શ્રીવાણીને, વડોદરામાં તેમ
લોહાણા બોર્ડિંગ વિષે, કર્યો ફોન હા! તેમ. ૧૩૩
પરમભક્ત સદ્‌ગુરુતણા, કરજણના અદ્‌ભુત
ઠક્કર શ્રીરામલાલને, ફોન કરીને તુર્ત ૧૩૪
કહ્યું કે નારેશ્વરે, ખબર આપજો પટ;
મોદીકાકા જે થકી, હરિદ્વાર આવે ઝટ. ૧૩૫
શુકલસાહેબે તે પછી ફોન કરીને એમ;
'આકાશવાણી, દિલ્હીને ખબર આપી તેમ. ૧૩૬
'આકાશવાણી દિલ્હી' ના મુખ્ય સ્થળેથી એમ,
સમાચાર આ દુઃખભર્યા ભારતભરમાં તેમ; ૧૩૭
કર્યા પ્રસારિત ત્યાં અરે! વર્ત્યો હાહાકાર!
આખાએ ગુજરાતનો ચાલ્યો ગયો આધાર!! ૧૩૮
તૂટી પડી આકાશથી, જાણે વીજળી એમ;
લોકો થઈને બાવરા એકમેકને તેમ; ૧૩૯
પૂછવા લાગ્યા "જે સૂણ્યું સાચી શું એ વાત?"
શૂન્યમનસ્ક થઈ ગયા થયો વજ્રનો ઘાત. ૧૪૦
ટોળે ટોળાં નીકળ્યાં, જાવા નારેશ્વર;
ઘરમાં કેમ રહેવાય જો, જાણી અશુભ ખબર! ૧૪૧
નારેશ્વરમાં તે સમે, શું બન્યું તે જાણ;
સૂનકાર છવાઈ ગયો, સ્થાન બન્યું નિષ્પ્રાણ. ૧૪૨
લીલોડવાસી આપણા સર્વદમન દેસાઈ,
હતા વિદ્યાર્થી અને ભણતા રારોદમાંઈ. ૧૪૩
ચાલુ રેડિયો એ કરી, સૂણતા'તા તે વાર;
ત્યાં તો સૂણ્યા એમણે, દુઃખદ સમાચાર. ૧૪૪
ખબર કરવા દોડિયો, લીલોડ ગયો તે વાર;
"બ્રહ્મલીન થયા બાપજી હરિદ્વાર મોઝાર" ૧૪૫
આભ જાણે તૂટી પડ્યું, સૂણતાં એ વચન;
દોડ્યાં નારેશ્વર ભણી, કરતાં ઘોર રુદન. ૧૪૬
મોદીજી લખતા હતા, એમના ઓરડા માંહ્ય;
ત્યાં તો એક જણ હાંફતો, દોડતો આવ્યો ત્યાંય. ૧૪૭
કહેવા લાગ્યો મોદીને, અંતર અતિશય શોક;
"બાપજી ગયા" બાપજી બોલી મૂકી પોક. ૧૪૮
સૂણતાં મોદીજી અરે! થયા સ્તબ્ધ પલભર;
ચક્કર આવ્યાં ને પડ્યા ભૂમિપર તત્પલ. ૧૪૯
રેલિંગ કેરી પાઈપ જો, ના ઝાલેલી હોત;
મોદીકાકા પડત ને ખૂબ ઈજા થઈ હોત. ૧૫૦

ત્યાં તો સાયર-લીલોડનાં, ટોળે ટોળાં લોક;
આવી ગયાં નારેશ્વરે, રડતાં મૂકી પોક. ૧૫૧
અંતેવાસીઓ સ્થાનના, ભેગા થયા તે વાર;
એકમેકને વળગીને, રુદન કરે અપાર. ૧૫૨
નારેશ્વરના સ્થાનના, અવધૂતજી તો પ્રાણ;
જતાં એ આ સ્થાન હા! બની ગયું નિષ્પ્રાણ. ૧૫૩
રોતાં રોતાં સર્વ એ, મોદીજીને એમ
કહેવા લાગ્યા "અરે તમે કરીને ફાવે તેમ, ૧૫૪
લાવો પાર્થિવ દેહને નારેશ્વર મોઝાર;
પ્રાણપ્યારા અવધૂતજી, અમ હૈયાના હાર." ૧૫૫
છેલ્લાં છેલ્લાં એમનાં કરવા મુખદર્શન;
ગ્રામીણ સૌ વિનવી રહ્યા, બોલી દીન વચનઃ ૧૫૬
"શી રીતે જઈશું અમે જોયા વિણ હરિદ્વાર ?
શું જોવાના નહિ મળે! અમને તારણહાર? ૧૫૭
જેના તપથી વિશ્વમાં ધન્ય બની ગુજરાત
છેલ્લાં દર્શન ઋષિતણાં શું નહિ કરે ગુજરાત? ૧૫૮
ઘેલી આ ગુજરાતના, લાખો જનોના નાથ;
હૃદય-સિંહાસન-સ્થિત અહા! નારેશ્વરના નાથ! ૧૫૯
અવધૂતજીનાં શું નહીં, અંતિમ-દર્શન થાય?
ભાવભક્તિ શું અમારાં, આજે નિષ્ફળ જાય?" ૧૬૦
હૃદય હલાવી નાખતાં આવાં વિનીત વચન
સૂણતાં મોદીજીતણું, અતિ દ્રવી ગયું મન! ૧૬૧
ડુસકાં ખાતા બોલિયા, આંખમાં આંસુ સાથ,
"ગમે તેમ કરીને હું, લાવીશ આપણા નાથ. ૧૬૨
તમે બધા ભેગા મળી, કરજો અહીં ભજન;
જલદી લઈને આવું છું, આપણું તન-મન-ધન" ૧૬૩
ત્યાં તો વડોદરા થકી, ટેક્ષી લઈ તત્કાળ
શેઠ હિંમતલાલ ને શાહ જયંતિલાલ ૧૬૪
આવી ગયા જો વેગથી; મોદીજીને એમ
જોતાં છાટીફાટ અરે! રડી ઊઠ્યા સૌ તેમ. ૧૬૫
જેમ-તેમ હૃદય કઠણ કરી, મોદીજી સત્વર
હરિદ્વાર જાવા અહા! નીકળી ગયા તત્પલ. ૧૬૬
ટોળે-ટોળાં ભક્તનાં, મળે માર્ગમાં એમ;
રડતાં-છાતી કૂટતાં, રંગ-વિયોગે તેમ. ૧૬૭
કઠણ-કાળજું રાખીને, મોદીજી રે હાય!
આશ્વાસન દઈ એમને, ઝટ થાતા વિદાય. ૧૬૮

ગામે ગામની ભાગોળે, લોકો થોકે થોક;
મોદીજીને રોકતા, રડતા પોકેપોક. ૧૬૯
મોદીજીને રોકીને, કહેતા સર્વે એમઃ
"લાવો અમારા નાથને, કરીને ગમે તેમ. ૧૭૦
તમે પાછા ફરતા સુધી, અમે રહીશું આંહ્ય;
અશોદક લઈશું નહિ, દર્શન કર્યા સિવાય" ૧૭૧
આ લોકોના ભાવ જોઈ, મોદી પીગળી જાય;
"આવા ભક્તોને કહો, કેમ નિરાશ કરાય?" ૧૭૨
મોદીજી કહેતા સર્વને "કરો બધા ભજન,
ખેંચાઈ તમ ભજનથી, આવશે અહીં ભગવન્" ૧૭૩
આવી પહોંચ્યા વડોદરા, પછી ધરી વિવેક;
પંડિતો બોલાવીને, સભા ભરી હા! એક. ૧૭૪
પૂછ્યું વિનમ્ર ભાવથી પંડિતોને એમઃ
"પ્રભુના પાર્થિવ દેહને, અહીં લવાય કે કેમ?" ૧૭૫
પોથાં-થોથાં ગોડવી, બોલ્યા પંડિતો વાણઃ
"અવધૂતજીએ છોડિયો ગંગાતીરે પ્રાણ; ૧૭૬
માટે ગંગાતીરે જ હા ! સર્વ ક્રિયાઓ થાય,
ગંગા છોડી એમને બીજે ના લવાય !! ૧૭૭
કહેતા ના ઘરનું અમે, કહીએ શાસ્ત્રપ્રમાણ;
માટે ગંગા છોડીને ના લઈ જાશો આન" ૧૭૮
સૂણી પંડિત-વાણ એ મોદી વિચારે મનઃ
"મારે શું કરવું હવે, આ તો પ્રશ્ન ગહન ! ૧૭૯
શાસ્ત્રાજ્ઞા ઉલ્લંઘીને, કોઈ ક્રિયા ના થાય,
અવગણીએ જો શાસ્ત્ર તો પ્રભુનું દિલ દુભાય. ૧૮૦
પણ પેલા ગુજરાતના, ભાવિક-ભક્તો એમ;
અશોદક છોડી અને ભજન કરતા તેમ; ૧૮૧
હશે જોતા રાહ અરે ! રાખી નયન અધીર;
એઓના અંતરતણી શેં સહેવાશે પીર ? ૧૮૨
ભોળા, શ્રદ્ધાવાન એ ભક્તો થશે નિરાશ,
શું અવધૂત પર એમનો નથી હક કંઈ ખાસ ? ૧૮૩
ભલે અભણ, ગ્રામીણ પણ, અત્યંત શ્રદ્ધાવાન;
અવધૂત પર ઓવારી દે, નિજ તન,મન,ધન,પ્રાણ. ૧૮૪
એમની એ શ્રદ્ધાતણું મોટું આલંબન;
અવધૂતજીનાં નહિ કરે શું અંતિમ દર્શન ? ૧૮૫
મોદીકાકા મન મહીં, કરી રહ્યા વિચાર;
ત્યાં તો એમના અંતરે થયો એક ચમકાર; ૧૮૬

'વર્ષો તક અવધૂતજીએ, સેવ્યાં રેવાતીર;
રેવામાની પરિક્રમા, કરી ધારીને ધીર. ૧૮૭
રેવામાના ઉછંગમાં, જપ-તપ સાધન એમ;
કર્યાં અતિ કઠિન ને, સાધી સમાધિ તેમ. ૧૮૮
જે રેવાને કાંઠડે, નારેશ્વર વેરાન;
આદરીને તપ આકરાં, કર્યું વૈકંઠ સમાન. ૧૮૯
તે રેવાને અંત સમે, અરે ! કેમ ભૂલાય ?
ભૂલે તો અવધૂતનો, દિવ્યાત્મા દુભાય. ૧૯૦
ગંગામાને અવધૂતે આપ્યા જો નિજ પ્રાણ
રેવામાતને દેહ તો, અર્પણ કરવો નિદાન. ૧૯૧
રેવાકાંઠે તપ કર્યું, મરણ ગંગાતટ;
એ ઉક્તિ સમ રંગનો સાર્થક જીવનપટ. ૧૯૨
મરણ થવાનું થઈ ગયું, પવિત્ર ગંગાતીર;
'સંસ્કાર અંતિમ દેહના કરવા રેવાતીર !'' ૧૯૩
મોદીજીના અંતરે, ચમક્યો આ વિચાર;
તુર્ત પ્રભુને લાવવા, કીધો દૃઢ નિર્ધાર. ૧૯૪
વિમાન દ્વારા મોદીજી, દિલ્હી પહોંચ્યા જ્યાંય;
હરિદ્વારથી આવી ગઈ ટેક્ષીઓ બે ત્યાંય ! ૧૯૫
સહસા જોઈને ટેક્ષી, પાર્થિવ દેહની સાથ;
વિચાર કરતા મોદીજી, કોણ લાવ્યું ગુરુનાથ ? ૧૯૬
હું તો હજી બોલ્યો નથી, આવી દિલ્હીદ્વાર,
પ્રભુનો પાર્થિવ દેહ આ છોડે જો હરિદ્વાર !! ૧૯૭
પ્રભુપ્રેરિત આ બન્યું માની મોદી એમ,
કરે ચાર્ટર્ડ વિમાન એક, ચાલીસ જણનું તેમ. ૧૯૮
દેહ મૂકવા ગુરુતણો, પેટી બનાવી ખાસ;
પુષ્પો પરિમલથી ભર્યાં, પાથરિયા ચોપાસ. ૧૯૯
પ્રભુ કેરા દેહને, અતિ ચિવટથી એમ;
મૂક્યો એ પેટીમહીં, સુગંધી દ્રવ્યો તેમ ૨૦૦
ખૂબ લગાડ્યાં અંગપર, લસલસતું એ અંગ;
હમણાં બોલી ઊઠશે, જાણે મારા રંગ ! ૨૦૧
એવી પવિત્ર કાયને, લઈ ઊડ્યું વિમાન;
જાણે આવ્યું સ્વર્ગથી, રંગ માટે માન ! ૨૦૨
ઉતર્યું અમદાવાદ હા ! હવાઈ મથકે જાણ;
લાખો લોક ઊભા હતા, સ્વાગત કરવા માન. ૨૦૩
અમદાવાદના શ્રેષ્ઠિઓ, નગરજનો વળી તેમ;
વળી પ્રધાનો રાજ્યના, ઊભા હતા ત્યાં એમ. ૨૦૪
મોટા જે અધિકારીઓ અમલદાર વળી એમ;
સ્વાગત કરવા રંગનું, આવ્યા જો ધરી પ્રેમ. ૨૦૫
પેટીમાંથી કાઢીને, પાર્થિવ દેહને જ્યાંય;
શણગારેલી ટ્રક મહીં, પધરાવતા પછી ત્યાંય. ૨૦૬
અવધૂતજીના દેહને, દૂરથી જોતાં માંહ્ય;
લાખો લોકો રડી પડ્યા, ધ્રૂસકે ધ્રૂસકે ત્યાંય. ૨૦૭
કંચન કાયા ચમકતી, વદન તેજઅંબાર;
અર્ધોન્મીલિત નેત્ર હા, કરી રહ્યાં ચમકાર. ૨૦૮
જાણે સૂતા સમાધિમાં, હમણાં જાગશે જાણ;
લાગે સૌ જોનારને, રડતી આંખે માન. ૨૦૯
ટ્રક પાસે આવીને, અમદાવાદની જેહ;
મુખ્ય વ્યક્તિઓ ને વળી અધિકારીઓ તેહ; ૨૧૦
પ્રધાનો ને શ્રેષ્ઠિઓ, ધારી હૈયે પ્રેમ;
ફૂલહાર અર્પણ કરે, ભીંની આંખે તેમ. ૨૧૧
ત્યાર પછી ટ્રક ઉપડી માર્ગે હારોહાર;
દર્શનાર્થીઓની અહા ! લાંબી લાંબી કતાર ૨૧૨
ખડી હતી લાંબે સુધી; નિજ હૈયાના હાર
અવધૂતજીને નિરખવા; આજે છેલ્લી વાર. ૨૧૩
રસ્તે ગામેગામ હા ! ટોળેટોળાં લોક,
દર્શન કરવા સંતનાં, ઊભા થોકેથોક. ૨૧૪
રાત્રે અંધારું થતાં, બત્તીઓ લઈને એમ;
ગામને પાદર ઊભા રહ્યા, લોકો સઘળા તેમ. ૨૧૫
ગામને પાદર રંગની, ટ્રક આવતાં જાણ;
'અવધૂત ચિંતન નાદ'થી, ગગન ગજાવતા માન. ૨૧૬
સ્ત્રી, પુરુષ, યુવાન ને બાળક વૃદ્ધ તમામ;
ઊભા ઘણા સમયથી, દર્શન કરવા આમ. ૨૧૭
પુરુષો આંસુ સારતા, બાળકો કરે રુદન,
સ્ત્રીઓ છાતીફાટ હા ! ખૂબ કરે ક્રંદન. ૨૧૮
અમદાવાદથી તે અહા ! નારેશ્વર સુધી એમ;
જેટલાં ગામો આવતાં, તે ગામોમાં તેમ; ૨૧૯
અવધૂતજીનાં દર્શને, ટોળે-ટોળાં લોક;
ભાગોળે ભેગા થતા, ધરી હૃદયમાં શોક. ૨૨૦
નારેશ્વરમાં આવિયા, રાત પડી ગઈ ત્યાંય;
હજારો લોકો રાહ જોઈ, બેઠા હતા હા ! આંહ્ય. ૨૨૧
ગુફા કેરે ઓટલે, પધરાવ્યો શુભ દેહ;
કેસરસ્નાન કરાવતાં, શોભી રહ્યો વરદેહ. ૨૨૨

કરાવવા પ્રભુના દેહને, છેલ્લું રેવાસ્નાન;
ભક્તો રેવા લઈ ગયા, શિબિકા મહીં ભગવાન ! ૨૨૩
રેવાએ નિજ પુત્રનો, જોઈ પાર્થિવ દેહ;
રડતી આંખે કહ્યું હશે "મુજને દીધો છેહ ! ૨૨૪
આવું છું કહીને ગયો, કરવા ગંગાસ્નાન;
નિશ્ચેતન થઈ આવિયો, દઈ ગંગાને પ્રાણ. ૨૨૫
પાર્થિવ તારું ખોળિયું, લાવ્યો મારી પાસ ?
સાચે કહું અવધૂત તેં, કરી મને નિરાશ !" ૨૨૬
એમ કહી રેવાજીએ, નિજ સપુતને એમ;
ઉપાલંભ આપ્યો હશે, ભીંની આંખે તેમ. ૨૨૭
રેવાજલના સ્પર્શથી, અવધૂતજીનો દેહ;
જાણે ચેતનવંત થઈ બોલે નિઃસંદેહઃ ૨૨૮
"કોપ ન કરશો મુજ પરે, હે ! નર્મદા માત !
વંદન કરું હું તુજ પાદમાં, સાંભળો મારી વાતઃ ૨૨૯
"ગંગા મને પુકારતી, કરવાને ત્યાં સ્નાન;
સ્નાન કર્યું ઉપકૃત થયો, દીધું પ્રાણનું દાન. ૨૩૦
તારા જલ-અમૃતથી પોષાયો મુજ દેહ,
તારું તને અર્પણ કરું એમાં શાનો છેહ ! ૨૩૧
વળી સ્થૂલ આ દેહથી, આજે અદશ્ય થઈશ,
સૂક્ષ્મરૂપે તુજ કાંઠડે, અખંડ કિન્તુ રહીશ. ૨૩૨
જ્યાં સુધી પૃથ્વીપટે, વહેશે તારાં જલ,
ત્યાં સુધી નારેશ્વરે, રહીશ હું નિશ્ચલ !" ૨૩૩
સૂણી વચન અવધૂતનાં, રીઝયાં રેવામાત;
પ્રસન્ન થઈ, ખળખળ વહ્યાં, કરતાં હર ઓમ્ નાદ. ૨૩૪
સ્નાન કરાવી દેહને, લાવ્યા સ્થાન મોઝાર;
ચંદનકાષ્ટતણી અહા ! ચિતા હતી તૈયાર. ૨૩૫
સુખડ કેરા સોળ મણ, કાષ્ટ ગોઠવી એમ;
પુષ્કળ ગુગળ કપૂર હા ! ભેળવી એમાં તેમ; ૨૩૬
ગૌમાતાનું પવિત્ર હા! શુદ્ધ ઘૃત અપાર,
બીજાં સુગંધિત દ્રવ્ય હા! નાખ્યાં અપરંપાર. ૨૩૭
અવધૂતના શુભ દેહને, દિવ્ય ચિતા મોઝાર;
સુવડાવ્યો રે! ત્યાહરે ભક્તો રડ્યા અપાર. ૨૩૮
જગના તારણહારને, દિવ્ય ચિતામાં આમ;
ચત્તા સૂતેલા જોઈને, ભક્તો હાર્યા હામ. ૨૩૯
દિવ્ય દેહ અવધૂતનો, દર્શનથી દુઃખ જાય;
તેને ભરખી જશે અરે ! અગ્નિ પલકમાં હાય! ૨૪૦
દિવ્ય તેજથી ઝબકતી, કંચન જેવી કાય;
ભડભડ બળશે અગ્નિમાં, કેમ કરી જોવાય? ૨૪૧
સ્ત્રીઓ, પુરુષો, બાળકો, રડતાં છાતી ફાટ;
માનવમહેરામણ અહા! છલક્યો આજ અફાટ. ૨૪૨
અતિ પવિત્ર વિપ્ર જે કર્મઠ ને વિદ્વાન,
જ્ઞાતા સકળ શાસ્ત્રના અલવણી દાદા જાણ; ૨૪૩
તેમના શુભ હસ્તે અહા! થયો અગ્નિસંસ્કાર
પાવક જ્વાળાઓ અહા ! પ્રગટી અપરંપાર ૨૪૪
અગ્નિ પણ પાવન થયા, સ્પર્શી અવધૂત-દેહ;
ભડભડ શબ્દે અગ્નિએ, પ્રગટ કર્યો નિજ સ્નેહ! ૨૪૫
ચારેગમ અગ્નિતણી, જ્વાળાઓ લહેરાય;
ત્યાં તો શિષ્ય કહું તને, અચરજ એક સર્જાય. ૨૪૬
ચિતા ભડભડ બળી રહી, ત્યાં તો એકાએક
અવધૂતજીનો વામ હસ્ત ઊંચો થયો હા! છેક. ૨૪૭
નીચેથી ઊંચો થઈ અર્ધચંદ્ર આકાર,
ડાબેથી જમણી તરફ હસ્ત થયો પસાર; ૨૪૮
આશિષ દેતા હોય તેમ, ધીમે થયો પસાર;
પૂરો કરી ગોલાર્ધ એ પડ્યો ચિતા મોઝાર. ૨૪૯
ઊંચો થએલો હસ્ત હા! જોતાં તેણી વાર
હજારો ભક્તોએ કર્યો ભાવભર્યો ચિત્કાર, ૨૫૦
અવધૂત ચિંતન.....નાદથી, ગાજી ઊઠ્યું ગગન;
છેલ્લા આશિષ ભકતને, આપે રુકમારતન! ૨૫૧
ઠેઠ બ્રાહ્મમુહૂર્ત સુધી, ચિતા બળીને શાન્ત;
થાતી ના જો ત્યાં સુધી, ખસ્યા ન લોક નિતાંત. ૨૫૨
બીજે દિન સવારમાં, શેષ અસ્થિ હા! જેહ
ચિવટે એકત્રિત કરી, રેવાજીમાં એહ ૨૫૩
પધરાવ્યાં બહુ ભાવથી, કરી રંગજયકાર;
અસ્થિવિસર્જન જો કર્યાં, ભક્તોએ નિર્ધાર. ૨૫૪
એમ સદ્ગુરુ રંગ હા! સ્થૂલ દેહથી આંહ્ય;
પૃથ્વીથી અદશ્ય થયા; વિલીન બ્રહ્મની માંહ્ય. ૨૫૫
સૂક્ષ્મ દેહે વિચરતાં, કરશે જગ-કલ્યાણ;
અનંત સુખની વિશ્વમાં, કરતા રહેશે લહાણ. ૨૫૬

પરબ્રહ્મ અવધૂતને કેવાં જન્મ-મરણ?
ઉદ્ધારવા જગને જુઓ થયું હતું અવતરણ. ૨૫૭
સંતોને પણ શરીરની, મર્યાદા તો હોય;
ગુણ-ધર્મ પણ દેહના, ભોગવવાના હોય. ૨૫૮
સ્થૂલ શરીર અવધૂતનું, હતું જ્યાં સુધી એમ;
ત્યાં સુધી તો શરીરની મર્યાદામાં તેમ ૨૫૯
રહીને શ્રીઅવધૂતજી, વિચર્યા સૃષ્ટિ માંહ્ય;
શરીર પડતાં થઈ ગયા, અમર્યાદિત આંહ્ય. ૨૬૦
એક રૂપ મટી હવે, થયા અનંત રૂપ;
ઘટઘટમાં વ્યાપી અહા! ધારે રૂપ અનુપ. ૨૬૧
વ્યષ્ટિ મટી સમષ્ટિમાં, વ્યાપી ગયા અવધૂત;
સર્વાન્તરમાં વ્યાપીને, લીલા કરે અદ્‌ભુત. ૨૬૨
આંસુ લૂછ્યાં કંઈકનાં, સફળ કર્યાં જીવન.
ખરાબે ચઢેલા કંઈકનાં સફળ કર્યાં જીવન. ૨૬૩
ના બોલ્યા મુખથી બહુ, ના રાખ્યું બહુ મૌન;
ના ભટક્યા, ના સ્થિર રહ્યા, નહિ બૃહદ્ નહિ ગૌણ. ૨૬૪
ઘોર અજ્ઞ અંધારમાં, વિદ્યુત્ સમ ચમકાર
કરી; કંઈકની નાવને ઉતારી ભવપાર. ૨૬૫
રક્ત ટપકતા ઘાવ હા, રુઝવ્યા કંઈક અપાર;
દિલ-દાઝયાના હૃદયમાં, કર્યો શાંતિસંચાર. ૨૬૬
જ્ઞાનરશ્મિ ફેંકી અહા! કંઈનાં હૃદયકમળ
વિકસાવ્યાં ને કંઈક રે! અબળ કીધા સબળ. ૨૬૭
કંઈક ગુલાબોને અહા! હસાવ્યા ખડખડાટ,
કંઈક બુલબુલોને અરે! રડાવ્યાં છાતીફાટ. ૨૬૮
ઝોળી ભરી-ભરી પ્રેમનો, ખજાનો લખલૂંટ;
લૂંટાવ્યો ખુલ્લા દિલે, લૂંટવું હોય તે લૂંટ. ૨૬૯
કંઈક કંકરને અહા ! બનાવીને શંકર
પૂજાવ્યા આ જગતમાં, મહાલ્યો બહુ મનભર. ૨૭૦
કંઈક શંકરને વળી બનાવીને કંકર;
રસ્તે રઝળતા એ થયા, ખાઈ રહ્યા ઠોકર. ૨૭૧
ના લાવ્યો કંઈ સાથ ને ના લીધું લગાર;
ના લઈ ગયો સાથ ને આપ્યું અપરંપાર! ૨૭૨
એમ પૃથ્વીના પાટલે, આવ્યો જો અવધૂત;
જ્ઞાન-ભક્તિભાગીરથી, વહાવા દિવ્ય અદ્‌ભુત. ૨૭૩
સંતપ્ત આ સંસારને, આપી શાંતિ અપાર;
સ્વયં સ્વધામ પધારિયા, નિમિત્ત કરી હરિદ્વાર. ૨૭૪

સ્થૂલ શરીરે ગયા પ્રભુ , પણ સૂક્ષ્મ દેહે આમ;
યુગોના યુગો રહે, નારેશ્વરને ધામ. ૨૭૫
શું ગાઉં હું રંગની, લીલા અપરંપાર;
આ તો માત્ર કહ્યો તને, યત્કિંચિત્ કંઈ સાર. ૨૭૬
સિંધુ સમ અવધૂતની, લીલા અતિ અગાધ;
એમાંથી કંઈ બિંદુનો, લીધો અરે! આસ્વાદ. ૨૭૭
મધુનું એકજ બિંદુ જો, મુખમાં મૂકીએ એમ;
આખું મોઢું તો અહા! મધુર થઈ જાય તેમ; ૨૭૮
રંગલીલામૃતની અહા! લીલા એકાદ ત્યાંય;
જીવનમહીં ઉતારતાં, ધન્ય જીવન થાય. ૨૭૯
દૈન્યહારિણી આ કથા સર્વ સૌખ્ય દેનાર;
પઢતાં-સૂણતાં ના રહે દુઃખ શોક લગાર. ૨૮૦
પારાયણ કરતાં અહા! સપ્તદિન પર્યંત;
ધન ધાન્ય અઢળક વધે, પામે સુખ અનંત. ૨૮૧
રોગ-દોગ દૂર થાય ને ભાગે સર્વ અરિષ્ટ;
ગ્રહ-બાધા દૂર થાય, ને પામે વરદ વરિષ્ઠ. ૨૮૨
શરીર-સુંદરતા વધે, તન-મન થાય સશક્ત;
જ્ઞાન-ભક્તિ વાધે ઘણી, બને પ્રભુનો ભક્ત. ૨૮૩
આથી અદકું શું કહું? સાંભળ શિષ્ય સુજાણ
રંગલીલામૃત દિવ્ય આ, દે મુડદાને પ્રાણ. ૨૮૪
એમ કહીને અલખજી , જોડી બન્ને પાણ;
અવધૂતને વંદી રહ્યા, બંધ કરીને વાણ. ૨૮૫
બંધ થતાં શ્રીઅલખનો, દિવ્ય વાણી પ્રવાહ;
શિષ્ય નિરંજન જાગીને બોલ્યો, "વાહ પ્રભુ વાહ!" ૨૮૬
અલખજીના ચરણમાં, વંદી વારંવાર;
બોલ્યો "શી રીતે પ્રભુ! વ્યક્ત કરું આભાર ! ૨૮૭
રંગલીલામૃત ગાઈને પુનિત કર્યો આ બાળ,
શી રીતે ઉપકારનો બદલો વાળું દયાળ? ૨૮૮
તન બાળીને ભસ્મ કરું, અંગ ધરો જો ભભૂત!
શરીર આસન પાથરું, બેસો જો મુનિસુત! ૨૮૯
ચર્મ ઉતારી શરીરથી, બનાવું પાદત્રાણ;
ચરણે જો ધારણ કરો, ઓ મમ જીવન-પ્રાણ!" ૨૯૦
ગદ્‌ગદ્ કંઠે એમ હા ! વદે નિરંજન બાળ;
કૃતજ્ઞતાથી આંખમાં, વ્હેતી અશ્રુની ધાર. ૨૯૧
ત્યાં તો દિવ્ય અલખજી, થાતા અંતર્ધાન,
અજ્ઞતિમિરથી કાઢીને, કરી શિષ્ય સાવધાન. ૨૯૨

રંગે આપી પ્રેરણા, લખાવનારો રંગ;
રંગચરણમાં અર્પીને 'બાળક' થાય શ્રીરંગ! ૨૯૩

**ઈતિશ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય(બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે મહાનિર્વાણગમનં નામ એકસપ્તતિતમોઽધ્યાયઃ ॥૭૧॥ દોહરા ૨૯૩ ॥**

## અધ્યાય : ૭૨

સદ્‌ગુરુ રંગલીલાતણું કરી ભાવથી ગાન;
અંતઃસ્રોત શ્રી અલખજી, થયા અંતર્ધાન. ૧
શિષ્ય નિરંજન જાગિયો, વ્યાપ્યો હર્ષ અપાર;
સ્મરણ સદ્‌ગુરુચરણનું, કરતો વારંવાર. ૨
વાગોળે નિજ અંતરે, સદ્‌ગુરુ લીલા અપાર;
ધન્ય ! ભેટ્યા અલખજી, સફળ થયો અવતાર. ૩
સ્મરણપટથી ના ખસે, લીલા કોઈ લગાર;
સ્મરણે લીલાઓતણી જામી લાંબી કતાર !! ૪
એક પછી એક નીકળે, દિવ્યલીલા પ્રસંગ;
અંતર આનંદે ભર્યું, છલકે દિવ્ય ઉમંગ. ૫
અંતરપટ પર ચમકતા, એક પછીથી એક;
દિવ્ય પ્રસંગો રંગના, કરતા ભાવાભિષેક. ૬
દિવ્યાનુભૂતિ થાય ને થાય દિવ્ય સ્પંદન;
વહે સ્રોત આનંદનો, નિર્મળ થાતું મન. ૭
નિર્મળ એ અંતર વિષે, લીલા પ્રસંગ-પ્રવાહ;
વહી રહ્યો વિનાશવા, ભક્તના અંતર-દાહ. ૮
પ્રથમ અધ્યાયે સ્મર્યા પહેલા ગણપતિ નાથ;
વિઘ્નહરા, વિઘ્નેશ્વરા, મોદકપ્રિય મુદદાત. ૯
પછી સ્મર્યાં મા શારદા, કરી શુદ્ધ વિચાર;
સદ્‌ગુરુપદપંકજતણું, ધ્યાન ધરી તે વાર. ૧૦
સ્વચ્છ કરી મનમુકુરને, સદ્‌ગુરુ અલખ દયાળ;
ભાવ-ભીના હૈયે કહે કથા દિવ્ય રસાળ !. ૧૧
પ્રથમ દેવળેં ગામનું, કરી દિવ્ય વર્ણન;
જયરામભટ્ટના કુળની, કરી વાત ગહન. ૧૨
વિરતિવ્રત વિઠ્ઠલતણો, થયો આરે ! ઘરભંગ,
પંઢરપુર ચાલ્યા ગયા, કરવાને સત્સંગ. ૧૩
પંઢરપુરમાં તે પછી પંઢરીનાથે એમ;
વિઠ્ઠલજીને સ્વપ્નમાં આવીને કહ્યું તેમઃ ૧૪
"જા પાછો તું, દેવળેં, ફરી માંડ સંસાર;
તારે ઘર હા ! માહરે લેવો છે અવતાર." ૧૫
દેવળેં જઈને વિઠ્ઠલે, લગ્ન કર્યું સુપેર;
કાશી રુકુમાબાઈ બની, આવ્યાં વિઠ્ઠલઘેર. ૧૬
ત્યાં તો દૂર ગુજરાતથી, આવ્યા સખારામ;
રુકુમા-વિઠ્ઠલને લઈ સ્થાપ્યા ગોધરાગામ. ૧૭
રુકુમા ને વિઠ્ઠલજીએ, ગોધરા આવી એમ;
વિઠોબાના ચરણમાં, મૂક્યું મસ્તક તેમ ! ૧૮
મંગલ શુકન થયા અને વર્ત્યો જયજયકાર,
રુકુમા-વિઠ્ઠલજીતણો, મંગલમય સંસાર. ૧૯
યાદ આવતાં ગોધરા, પાવાગઢની યાદ;
આવી ગઈ શ્રીઅલખને વધ્યાં કાલિમાત. ૨૦
પ્રશ્ન નિરંજનનો સૂણી, પાવાગઢનું એમ;
માહાત્મ્ય કહ્યું વિસ્તારથી, દ્વિતીયાધ્યાયે તેમ. ૨૧
વળી કાલિકામાતનો, રક્તબિંદુ પ્રસંગ;
દ્વિતીયાધ્યાયે વર્ણવ્યો, હૈયે ધરી ઉમંગ. ૨૨
તૃતીયાધ્યાયે વર્ણવ્યું, ગોધરામાહાત્મ્ય અનુપ;
અને સદ્‌ગુરુ રંગ જે સાક્ષાત્ દત્ત સ્વરૂપ, ૨૩
જન્મકથા અવધૂતની, ગોપાષ્ટમી પર એમ;
કુષ્માંડ નવમીએ અહા ! વર્ણવી જો સપ્રેમ. ૨૪
અરણ્યનો વસવાટ ને છુંદણાતણો પ્રસંગ;
મડદું જોતાં બાબુએ, મેળવ્યો મંત્ર અભંગ ! ૨૫
નારાયણનો જન્મ પણ, આ અધ્યાયે થાય;
એમ કથા અવધૂતની આગળ વધતી જાય. ૨૬
ચોથા અધ્યાયે અરે ! વિઠ્ઠલજી રે ! હાય !
સ્મરતાં પંઢરીનાથને, વિઠ્ઠલશરણે જાય. ૨૭
રુકુમામ્બા નિજ શોકને રાખી બાજુ જાણ;
કઠણ કાળજું રાખીને, પુત્ર ઉછેરે માન. ૨૮
મોટા થાતાં દીકરા, જઈ દેવળેં એમ;
બન્નેને ઉપવીત હા ! આપે ધારી પ્રેમ. ૨૯
પંચમ અધ્યાયે અહા ! પાછા વળતાં એમ;
ગયા નૃસિંહવાટિકા, બટુકો સાથે તેમ. ૩૦

થયાં ટેંબે સ્વામીનાં, અહીં દિવ્ય દર્શન;
પ્રશ્નમાત્રે સ્વામીના, માથું મૂક્યું ચરણ ! ૩૧

કોલ્હાપુરમાં બાબુને, થયું સ્વપ્ન દૃષ્ટાંત
'પોથી વાંચ' એમ ત્રણ વાર, કહેતા સંત નિતાંત. ૩૨

ત્યાંથી આવ્યા ગોધરા, શરૂ કર્યું ભણતર;
કાષ્ઠઅસિથી દુશ્મનો, ભગાડિયા સત્વર. ૩૩

લાવી સડેલાં રીંગણાં, ભલો ભણાવ્યો પાઠ;
સ્વાર્થી શિક્ષકને અને, ટાળ્યો સર્વ ઉચાટ. ૩૪

પાટલીપર ઊભા રહ્યા, રાખી ગુરુનું માન;
શિક્ષક કેરું વ્યર્થ જો, ટાળ્યું હા ! અભિમાન. ૩૫

છઠ્ઠા અધ્યાયે અહા ! મોંઘે મામા એમ;
આપે 'પોથી-પ્રસાદ' હા ! અંતર ઉત્કટ પ્રેમ. ૩૬

પોથીવાંચનથી વધી, મેધાશક્તિ અપાર;
નિજના સંવાદો રચી, દીપાવ્યું નાટક સાર. ૩૭

બંસીના વાદન થકી, મુગ્ધા થઈ પ્રસન્ન;
ભાંગી નાખી બંસરી, કર્યું બંધ વાદન !! ૩૮

સાતમા અધ્યાયે પછી, વિષ્ણુયાગમાં એમ;
વિષ્ણુસહસ્રનામના, પાઠ કરી સપ્રેમ. ૩૯

મહત્ત્વ કર્મકાંડનું, સમજાવ્યું સુપેર;
કર્તવ્યનિષ્ઠાતણી, લહેરાવી હા ! લહેર. ૪૦

ગોરા એ હાકેમની, રજતજડેલી જેહ;
સોટી પાછી આપીને, ધન્ય ! વધાર્યો સ્નેહ. ૪૧

પડોશણનાં રીંગણાં, કેરું એ વ્યંજન;
ફેંકી દઈને સ્વમાનનો, શીખવ્યો પાઠ, સુધન્ય ! ૪૨

પાંડુરંગ મૌખિકની, પરીક્ષા આપવા માટ
ગયા અને સાહેબને કરી દીધા મહાત. ૪૩

આઠમા અધ્યાયે અહા ! પડ્યા માંદગી માંહ્ય;
તોયે આપી પરીક્ષા, સફળ થયા વરકાય ! ૪૪

જુનિયર બી.એ. માં અહા ! સત્ર-શુલ્કની માન;
આકસ્મિક વ્યવસ્થા, ત્યાંજ વર્ણવી જાણ. ૪૫

નવમા અધ્યાયે પછી, વડોદરા કોલેજ માંહ્ય;
ગોરા સૈનિક પાસ હા ! મગાવી માફી ત્યાંય. ૪૬

દત્તોપંતની સાથ હા ! મળી ગયા 'ભગવાન'
આધ્યાત્મિક સાધનતણાં, ચઢી રહ્યા સોપાન. ૪૭

આઝાદીની લડતનાં, બ્યુગલ ફૂંકાયાં જ્યાંય;
દેશદાઝના અગ્નિમાં, ભણતર હોમ્યું ત્યાંય. ૪૮

ગાંધીબાપુને મળ્યા, જોઈ એની ઝાંય;
પલભર મુગ્ધ થઈ ગયા, ગાંધીજી પણ ત્યાંય. ૪૯

દશમા અધ્યાયે કહ્યો, બન્યો પ્રસંગ જે તેમ;
ડાકોરના દર્શનતણો, ગાંધી સાથે એમ. ૫૦

નવજીવનમાં રહ્યા, સ્વામી આનંદ સાથ;
ચોટ્યું મન ના ત્યાં અરે ! જોઈ સૌ વહેવાર. ૫૧

લખ્યો 'લોટોભાંગ' નો, શિક્ષક બન્યા તે વાર;
નિરીક્ષક ચૂપ થઈ ગયા, જોઈ સૌ વહેવાર. ૫૨

પેંડાના પ્રસંગથી, વિદ્યાર્થીને એમ;
માફી આપી, શમાવિયો ક્રોધને પોતે તેમ. ૫૩

એકાદશ અધ્યાયમાં, દારૂ-પીઠે જાણ;
જઈ દારૂ છોડાવિયો, એક બાઈનો માન. ૫૪

શિરપર લાંબાવાળથી, ટીખળી છોરાં એમ;
'નાટકની બાયડી' કહી, ચિડવવા લાગ્યાં તેમ, ૫૫

ક્રોધ જરાય કર્યા વિના, છોરાં સાથે એમ;
નાચ્યા કૂદ્યા ને વળી વરસાવ્યો હા ! પ્રેમ. ૫૬

માથામાં જુ લીખ પડી, તરવર તરવર થાય;
દેહાધ્યાસની હા ! જુઓ કેવી કસોટી થાય !! ૫૭

બારમાં અધ્યાયે લખી સ્તોત્ર સ્વહસ્તે જાણ;
નારદવિરચિત દત્તનું દેતા યતિને માન ! ૫૮

એ સ્તોત્ર-અનુષ્ઠાનથી, શંકરાચાર્ય થાય;
દ્વારકાપીઠના અધિપતિ, લોકોમાં પૂજાય. ૫૯

મિત્રો સાથે તે પછી, કેદારેશ્વરે જાણ;
રાત્રે પડકાર્યો અહા, ક્રૂર વાઘને માન. ૬૦

તે પછી રેવાતીરે, ઈન્દરવરણા ગામ;
રાત્રે સ્વપ્ને આવીને સ્વામી કે' તા આમઃ ૬૧

"વાંચી 'દત્તપુરાણ' જો આચર તું અનુષ્ઠાન."
'દત્તપુરાણ' મળતું નથી મૂંઝાયા, ભગવાન ! ૬૨

રતનલાલનો દીકરો, ખોવાયો તે વાર;
એને શોધવાને ગયા, પોતે ભરૂચ મોઝાર. ૬૩

ભરૂચમાંથી મળી ગયું, ધન્ય ! દત્તપુરાણ,
પાંડુરંગ-આનંદથી, સર્વ વાત ત્યાં જાણ. ૬૪

તેરમા અધ્યાયે પછી, છોડી નોકરી એમ;
'ટ્યુશન' કરી ઘરખર્ચ હા ! કાઢવા લાગ્યા તેમ. ૬૫

શ્રીમતી એની બીસેન્ટની, ગીતામાંથી એક;
ભૂલ કાઢી બેંકરજીને બતાવી દીધી છેક. ૬૬

ત્યાર પછી માજી અને જોશીડાનો પ્રસંગ;
વર્ણવી સમજાવિયું; 'કરો ન ખોટો રંજ.' ૬૭
ચૌદમા અધ્યાયે પછી, નારણભાઈનો એમ;
પ્રસંગ રમૂજી વર્ણવ્યો, મિત્ર સાથેનો તેમ. ૬૮
પાંડુરંગની માંદગી, વધી ગઈ અત્યંત;
મનમાં લાગ્યું શરીરનો જરૂર આવશે અંત. ૬૯
વિચાર-મંથન વર્ણવ્યું, પાંડુરંગનું ત્યાંય;
આજ દેહથી મોક્ષનો, નિશ્ચય પણ છે ત્યાંય ! ૭૦
પંદરમાં અધ્યાયમાં, રુકુમામ્બાને એમ;
સમજાવ્યું બહુ પ્રેમથી મનુષ્ય-જન્મનું ક્ષેમ. ૭૧
માનવ-જન્મતણી અહા ! કીમતી છે ક્ષણ-ક્ષણ;
એજ અધ્યાયે વર્ણવ્યું, મહાભિનિષ્ક્રમણ. ૭૨
સોળમા અધ્યાયે કહ્યું, 'ધૂનીવાલા' ચરિત્ર;
સત્તરમાએ ચીતર્યું ચંદ્રશેખરનું ચિત્ર. ૭૩
લંગડે સ્વામીને મળ્યા, અઢારમે અધ્યાય;
રતનલાલની પાસ હા ! રણાપુરમાં જાય. ૭૪
દાસકાકા-મિલન અને આવ્યા એકાંત સ્થાન;
નારેશ્વરમાં રાત્રીએ, રહી ગયા ભગવાન. ૭૫
વર્ણન એનું ત્યાં જ છે, થાય દિવ્ય દર્શન;
મયૂર-સર્પનું નૃત્ય હા ! જોઈ થયા પ્રસન્ન. ૭૬
ઓગણીસમા અધ્યાયમાં, નારેશ્વરનો વાસ;
આરંભ્યું અનુષ્ઠાન જે, રાખી ઉર વિશ્વાસ. ૭૭
મા રેવાની પ્રાર્થના, નારેશ્વરના દેવ;
કપર્દીશ્વર-વંદના, વર્ણી ત્યાં તતખેવ. ૭૮
વીસમા અધ્યાયે અહા ! નિરંજનને તત્ર,
કહ્યું નારેશ્વર-મા'ત્મ જે, પાવન અત્રપરત્ર. ૭૯
દાસ ને રતનલાલ બે, આવી પહોંચ્યા ત્યાંય;
ઝૂંપડી બાંધી ઘાસની, વાસ કર્યો હા ! ત્યાંય. ૮૦
એકવીસમા અધ્યાયમાં 'દત્તકુટિર' બંધાય;
અનુષ્ઠાનરત રંગજી, કરે તપસ્યા ત્યાંય. ૮૧
નિબિડ એ વેરાનમાં, કઠણ તપસ્યા એમ;
જોતાં કેશવલાલ રે ! થયા ચકિત ત્યાં તેમ. ૮૨
ભયંકરતામાં અહા ! અવધૂતજીને ત્યાંય;
દિવ્યતા દેખાય ને દિવ્યગાન સૂણાય ! ૮૩
મેઘલીરાતે એક દિ', અવધૂતજીને હાય !
વીંછી ડંખ્યો અંગુલિએ, પીડા અતિશય થાય. ૮૪
રાત્રે રેવાજીતણાં, શીતલ જલની માંહ્ય;
અંગુલિ બોળી બેસતા, સર્વ વર્ણવ્યું ત્યાંય. ૮૫
બાવીસમાં અધ્યાયમાં, માત્ર નવટાંક દાળ;
ઉકાળીને પી ગયા, કર્યો તૃપ્તિ ઓડકાર. ૮૬
ત્યાં તો સીધું ખાસ્સુ હા ! ચાલે દિવસો સાત,
એટલું લઈ આવી ગઈ, એક બેન સાક્ષાત્. ૮૭
એક દિ' અવધૂતજી, રેવાજીમાં સ્નાન
કરી નયનો મીંચી ધરી રહ્યા'તા ધ્યાન. ૮૮
ત્યાં તો ત્રણ દિશથી અરે ! ત્રણ મગરો કરાળ;
ધસમસતા અવધૂત પ્રતિ, દોડ્યા જાણે કાળ ! ૮૯
આંખ ખૂલતાં રંગની, ત્રાણે મગરો એમ;
નતશિષ થઈ પાછા વળ્યા, વંદીને સપ્રેમ. ૯૦
એક રાત્રિએ ચોર બે, અવધૂતજીની પાસ;
આવીને ઊભા રહ્યા, ચોરી કરવા ખાસ. ૯૧
નિર્ભયતા જોઈ રંગની, ભાગ્યા છોડી વાદ;
કથા સઘળી ત્યાં કરી, નિરંજનને તાત ! ૯૨
ત્રેવીસમા અધ્યાયમાં, ફોજદાર પણ એમ;
વંદન કરી અવધૂતને, ગયા નતમુખ તેમ. ૯૩
વળી કોઈ મૂર્ખે અરે ! અવધૂતજી પર એમ;
વિષપ્રયોગ કર્યો હતો, મઠિયાંમાં રે ! તેમ. ૯૪
ઝેર નાખી લાવ્યા હતા, મઠિયાં કંઈ બે-ચાર,
ખાતાં એકાદ રંગને, વ્યાપ્યું ઝેર અપાર. ૯૫
પણ વાન્તિ થઈ રક્તની, વિષ નીકળ્યું એ બહાર;
શરીર શાન્ત થઈ ગયું, વર્ત્યો જયજયકાર. ૯૬
મોર મરેલો નાખીને, અવધૂતજીને જાણ;
દુઃખી કરવાનો અહા ! વ્યર્થ યત્ન ત્યાં માન. ૯૭
ચોવીસમા અધ્યાયમાં, મંકોડાની કતાર;
ચાલે રંગ શરીર પર, ખબર ન પડે લગાર. ૯૮
ચંદનઘોની સાથ હા ! રંગ વિતાવે રાત;
જોતાં મહીજી ભગતને, થયો અતિ આઘાત. ૯૯
જ્યારે પ્રાતઃકાળમાં, સદ્ગુરુ ધરતા ધ્યાન;
ત્યારે એક ભુજંગ પણ લઈને સામે સ્થાન ૧૦૦
ધ્યાન ધરીને બેસતો; ખુલતાં રંગનયન,
ધીમેથી સરકી જતા, 'લંબે નારાયણ' ૧૦૧
સાફ-સૂફ કરતાં કદી, ભકત યુવકને ક્યાંય;
વાગે તો રેવાજલે, શાન્ત કરે પ્રભુ ત્યાંય. ૧૦૨

ભુજંગ કેરા ત્રાસથી, ખિસકોલીને જાણ;
બચાવી તે વાત પણ, આવી તેમાં માન. ૧૦૩
પચ્ચીસમા અધ્યાયમાં, આજુબાજુના એમ;
ગામલોક સહુ આવતા, ધારી હૈયે પ્રેમ. ૧૦૪
સદાવ્રતની વાતને, ટાળી પ્રભુએ એમ;
પણ સદાવ્રત ચણાતણું, શરુ કરાવ્યું તેમ. ૧૦૫
વળી દાસ મોરારને, ચંડીપાઠના સ્વર
સંભળાવી સમજાવિયું, "હું છું અહીં હાજર" ૧૦૬
વળી મૂળજી ગોરને, હનુમાન-દર્શન
નિજ રૂપમાં કરાવિયું, એનું પણ વર્ણન. ૧૦૭
છવ્વીસમા અધ્યાયમાં, મૂળીબેનને ઘેર;
કહોણામાં ધૂપ-સુગંધ હા ! મોકલતા સુપેર. ૧૦૮
અવધૂતજીના શરીરથી, દૂર કરવાને જ્વર;
દાસે પીધું ન્યાસનું, કડવું જલ સત્વર. ૧૦૯
દસ્તાવેજો દાસના, ગુમાવેલા જેહ;
યવનવેષે પરત કર્યા, સઘળું વર્ણવ્યું તેહ. ૧૧૦
સત્તાવીસમાએ કર્યું પૂર્ણ અનુષ્ઠાન;
ઉદ્યાપન કરવા અહા ! વિચારે કંઈ આન. ૧૧૧
ત્યાં તો સ્વપ્ને આવીને, બોલ્યા સદ્ગુરુ એમઃ
"રેવા-પરિક્રમા કરી, કર ઉદ્યાપન તેમ" ૧૧૨
રેવા-પરિક્રમાતણો, કરે છે જ્યાં વિચાર;
ત્યાં તો સ્વપ્ને સદ્ગુરુ, બોલ્યા જો ફરીવારઃ ૧૧૩
"ગાંડો પ્રતીક્ષા કરે, માટે જા સત્વર,
પ્રથમ ગાંડાને મળી, પછી પરિક્રમા કર." ૧૧૪
જ્યમ ત્યમ શોધતાં તેમને, ગયા વાંકળી ગામ;
ગાંડાને મળતાં, મળ્યું ગ્રંથસુધારણા કામ. ૧૧૫
પરિક્રમા કર્યા પછી, ભરૂચમાં જઈ એમ;
ગ્રંથસુધારણા કાર્ય હા ! પૂર્ણ કર્યું સપ્રેમ. ૧૧૬
અઠ્ઠાવીસમાએ અહા ! ૐકારેશ્વરથી એમ;
શરૂ કરી પરિક્રમા બની ઓલિયા તેમ. ૧૧૭
પરિક્રમામાં એકલું, પાશેર ગોળનું જલ,
લઈને ચાલે મોદથી, ગાતા 'નર્મદે હર !' ૧૧૮
ત્રણ દિન ગોળ મળ્યો નહિ, પડ્યા થઈ બેભાન;
રેવા માએ મોકલ્યો ગોળ લઈ યજમાન. ૧૧૯
સાત્ત્વિક પરિક્રમી કોઈ, મળતાં સાથીદાર;
તેની સાથે મોદથી, કરતા રમૂજ અપાર. ૧૨૦

ઘોરવનમાં ચાલતા, ઓગણત્રીસમાં વાત;
કઠિયારાના વેષમાં, આવી ગયા જગતાત ! ૧૨૧
ગામની પાદર લાવીને મૂકી દે ક્ષણ માંહ્ય;
ગુપ્ત થાએ તે પછી, ભાળ ન લાગે કયાંય ! ૧૨૨
આગળ જાતાં ઉદરમાં લાગી ભૂખ અત્યંત;
ભોજન માટે કશું ન'તું, શું કરવું ? ભગવંત ! ૧૨૩
ત્યાં તો સ્વચ્છ શિલાપરે, ભાખરી-માખણ એમ;
જોયું પણ ખાધું નહિ, આગળ ચાલ્યા તેમ. ૧૨૪
આગળ ત્યાં તો શિલા ઉપર, બે ભાખરિયો એમ
જોઈ, પ્રસાદી માતની, માની ભક્ષે તેમ. ૧૨૫
આગળ જતાં વાવપર, કર્યો પ્રેત-ઉદ્ધાર;
ડૉક્ટરને શિખવ્યો તિહાં, વિવેક અને વિચાર. ૧૨૬
ત્રીસમા અધ્યાયે મળ્યો, પરિક્રમી હા ! એક;
ખેમસીંગ નામે તેહને, સાથે લીધો છેક. ૧૨૭
અનુકરણ અવધૂતનું કરીને બ્રહ્મ-દાતણ
એ કરતાં, ખેમસીંગનું કરતા પ્રાણ-રક્ષણ. ૧૨૮
ભેખડોના પ્રદેશમાં, રીંછ ભયંકર ત્રણ;
જોતાં ખેમસીંગ ભય થકી, ચીસી ઊઠ્યો તત્ક્ષણ. ૧૨૯
રીંછડાં સામે ગુરુવરે, કરી પ્રેમનજર;
રીંછડાં નતમસ્તક કરી, ભાગી ગયાં સત્વર. ૧૩૦
અહંકાર ખેમસીંગનો, ઉતારવાને એમ;
છોડી વચમાં એહને, આગળ ચાલ્યા તેમ. ૧૩૧
ગિરનારી સાધુતણો, વાઘતણો પ્રસંગ;
એકત્રીસમાએ અહા ! વર્ણ્યો ધરી ઉમંગ. ૧૩૨
કંકર-કંટક ખૂંદતા, આગળ વધતા જાય;
ઝેરી-જલ ઝરણાતાણું, પીધું નીર હા ! ત્યાંય. ૧૩૩
ઝેરી-જલના પાનથી, પેટમાં ઊઠ્યું શૂળ.
ઉદર ફૂલી ગયું અને દૈવ બન્યું પ્રતિકૂળ. ૧૩૪
પ્રાર્થ્યા રેવા માતને, શાન્ત થઈ ગયો દાહ;
પ્રાતઃકાળે પ્રયાણનો, આગળ વહ્યો પ્રવાહ. ૧૩૫
આવ્યા વેળુગામમાં, રણાપુરથી એમ;
દાસકાકા આવી ગયા, કુટુંબ સહ હા ! તેમ. ૧૩૬
જોઈ શ્રીઅવધૂતનો, ઓલિયા જેવો વેષ;
દાસકાકાને અંતરે, વાગી જબરી ઠેસ. ૧૩૭
જટા-જૂથ છોડ્યું અને ઉષ્ણોદકથી એમ,
સ્નાન કરાવ્યું ભાવથી, ભિક્ષા કરાવી તેમ. ૧૩૮

વેળુગામથી વ્યાસમાં, આવી ગયા ગુરુરાય;
સાક્ષાત્ વ્યાસમુનિતણાં, દર્શન થયાં હા ! ત્યાંય. ૧૩૯
બત્રીસમા અધ્યાયમાં, અવધૂત આગળ જાય;
માતાજીના મંદિરે, 'મા' નાં દર્શન થાય. ૧૪૦
ત્યાંથી આગળ ચાલતાં, એક ગામની માંહ્ય;
તંબુરિયા એક ભક્તની, મુલાકાત હા ! થાય. ૧૪૧
સાથે ચાલતાં અરણ્યમાં, ભિલ્લો મળિયા ત્યાંય;
તંબુરો ખૂંચવી અને ભાંગી નાખ્યો જ્યાંય; ૧૪૨
ખણ-ણ-ણ કરતા નીકળ્યા, રૂપિયા દશ-અગિયાર;
અવધૂતજી આ જોઈને, કરી રહ્યા વિચારઃ ૧૪૩
"સંગ્રહ મોટું દુઃખ છે, સંગ્રહથી રે હાય !
આજે જુઓ ભગતજી કેવા દુઃખી થાય !" ૧૪૪
છોડી સાથ એ ભગતનો, આવ્યા સંગમસ્થાન;
વહાણે બેસીને પછી, કરી રહ્યા ઉતરાણ. ૧૪૫
મધ્ય-દરિયામાં વહાણને, નડ્યું પવનતોફાન;
ભીષણતામાં દિવ્યતા, જોઈ હસે ભગવાન ! ૧૪૬
કરી પ્રાર્થના માતની, શાન્ત થયું તોફાન;
સર સર કરતું નાવડું, પહોંચ્યું હરિને ધામ. ૧૪૭
ભરૂચમાં પહોંચ્યા પછી, દ્વારિકાપીઠાધીશ,
શંકરાચાર્ય મળ્યા અહા ! ધન્ય ! નમાવ્યું શિષ. ૧૪૮
પીઠાધીશ્વરપદતણો, કરીને અસ્વીકાર;
ચાલ્યા ને આવી ગયા, તીર્થ જ્યાં ૐકાર. ૧૪૯
તેત્રીસમા અધ્યાયમાં, પરિક્રમા હા ! એમ
પૂર્ણ કરી આવી ગયા, પોતે કુશળક્ષેમ. ૧૫૦
ૐકારેશ્વરમાહાત્મ્યનું, કર્યું મધુર વર્ણન;
શ્રીગુરુમૂર્તિચરિત્રને, છાપી કર્યું અર્પણ. ૧૫૧
ત્યાર પછી એક વર્ષ હા ! કર્યું અજ્ઞાત ભ્રમણ;
વિધ-વિધ લીલા ભ્રમણમાં, અનુભવ જો ક્ષણ-ક્ષણ. ૧૫૨
ત્યાગ અને વૈરાગ્યની, કસોટી થાતી જાણ;
પસાર કરતા ભ્રમણમાં, ઉત્તમ રીતે માન. ૧૫૩
ચોત્રીસમા અધ્યાયમાં, સરખેજ ગામે આમ;
'લીલામૃત' લખવાતણું, શરૂ કર્યું હા ! કામ. ૧૫૪
નારેશ્વરમાં જઈ કર્યું, પૂર્ણ લેખન-કાર્ય;
'શ્રીગુરુલીલામૃત' હા ! ગ્રંથ લખાયો ધન્ય ! ૧૫૫
કમળાશંકર-પત્નીને, કરી અહા ! નિમિત્ત;
'દત્તબાવની' લખાઈ અહા ! જનહિતકાજ પુનિત. ૧૫૬

પાંત્રીસમા અધ્યાયમાં, ઢોંગી નિરંજન;
ભગાડિયો દિવેરથી, સહુનાં હરખ્યાં મન. ૧૫૭
દિવેરમાં ગીતા ઉપર, સુંદર શ્રીનાં વચન;
પ્રભાશંકર ગોર ત્યાં, સૂણી આવ્યા શરણ. ૧૫૮
વિઠ્ઠલભાઈનું ગાંડપણ, દૂર કીધું તત્ક્ષણ;
પ્રદક્ષિણાનું મહત્ત્વ હા ! સમજાવ્યું ત્યાં ગહન. ૧૫૯
છત્રીસમા અધ્યાયમાં, કહોણા ગામની એમ;
પટેલબાઈનું ભૂત હા ! ભગાડ્યું ધરી પ્રેમ. ૧૬૦
દત્તજયંતી ઉત્સવો, ઉજવિયા ભલીભાત;
પહેલી વિકેન્દ્રિત પોરમાં, ઉજવી તેની વાત. ૧૬૧
સાડત્રીસમા અધ્યાયમાં, ગુરુપૂર્ણિમાને દન;
વરસાદે ભક્તો ભીંઝ્યા, પ્રભુ થયા મન ખિન્ન. ૧૬૨
અતિથિગૃહ ત્યાં બાંધવા, આજ્ઞા આપી તુર્ત;
દાસકાકાની ભાવના અહા ! થઈ ત્યાં મૂર્ત. ૧૬૩
ગંગાની શ્રદ્ધા અને સેવાનું દૃષ્ટાંત;
એ પણ એ અધ્યાયમાં, આપ્યું ધરીને ખાંતઃ ૧૬૪
આડત્રીસમાં અહા ! દૂઝવી વંધ્યા ભેંસ;
લીલા ઝાલર ખવાડવા, દઈને તે આદેશ ! ૧૬૫
નારણભાઈને લાવિયા, માજી સાથે જાણ;
પ્રાણ ત્યજ્યા નારેશ્વરે, નારણભાઈએ માન. ૧૬૬
ઓગણચાલીસમાં અરે ! અવધૂત કરે શું જાણ ?
માજી કેરા શોકને, વિધ-વિધ રીતે માન ૧૬૭
કર્યો નિવારણ, ને પછી માજીએ તત્કાળ,
રહેવા નારેશ્વર વિષે દૃઢ કર્યો નિર્ધાર. ૧૬૮
સૂણી નિર્ણય માતનો, હરખ્યા રંગ અપાર;
'સુપ્રિમકોર્ટ' બની ગયાં, માજી સ્થાન મોઝાર. ૧૬૯
નિત નૂતન લીલા કરી, રીઝવે રુકુમા માત;
અનસૂયાને દત્ત જ્યમ, રીઝવતા સાક્ષાત્. ૧૭૦
ચાલીસમા અધ્યાયમાં, દૂધી-શાકનો એમ;
પ્રસંગ રચીને વર્ણવ્યો, મા-દીકરાનો પ્રેમ. ૧૭૧
સ્વાદેન્દ્રિયની જીતના, અવધૂતજીના એમ;
કઈ પ્રસંગો વર્ણવ્યા, આ અધ્યાયે તેમ. ૧૭૨
પ્રાણશંકરને પછી, બોલાવી નિજ પાસ;
ગોધરા કેરા ઘરતણી, ચાવી આપી ખાસ. ૧૭૩
ગોધરા કેરું ઘર અને, રાચ-રચીલું જેહ;
સર્વસ્વ આપી દીધું, ધન્ય ! ત્યાગી વરદેહ ! ૧૭૪

એકતાલીસમાએ અહા ! હસનચાચાને આમ;
ગોદડામાં બતલાવિયા, ગુમાવેલા દામ. ૧૭૫
વળી યવન વિધવાતણા, દીકરાની રે ! એમ
માટી આપી મટાડી હા ! રસોળી મોટી તેમ. ૧૭૬
બેતાલીસમાએ પછી નાળિયેર ફોડી તુર્ત;
પરચો આપ્યો ભક્તને, નારેશ્વરમાં મૂર્ત. ૧૭૭
માથાપર પાઠાતણા, દર્દે બાઈ પીડાય;
પાઠે જીવડા ખદબદે, દુઃખ અતિશય થાય. ૧૭૮
માથે રેવાજલતણો ઘટ મૂકાવી ત્યાંય;
પાઠાનું દુઃખ દૂર કર્યું ધન્ય ! ધન્ય ! ગુરુરાય ! ૧૭૯
યોગભ્રષ્ટ મેડકતણો, ધન્ય ! કર્યો ઉદ્ધાર;
જ્વર વિઠ્ઠલનો લઈ લીધો, ક્ષણે ન લાગી વાર. ૧૮૦
તેતાલીસમાએ અહા ! રંગજયંતી એમ,
પ્રથમ દિવેરમાં ઉજવી, ચાર વર્ષ પછી તેમ; ૧૮૧
ઝણોરમાં ઉજવાઈ ને ઉમલ્લા પછી આમ,
અડતાલીસમી તે પછી, ઉજવાઈ પોર ગામ. ૧૮૨
બ્રાહ્મણ કમળાબાઈને, મૃત્યુમુખથી જાણ;
નિમિત્ત ઔષધ માટીથી, ઉગારી હા ! માન. ૧૮૩
ચુંવાલીસમાં જો દીઠી, યવનશ્રદ્ધા અપાર;
રાત્રે જઈ અત્તરતણો, કર્યો પ્રેમે સ્વીકાર. ૧૮૪
ગુપ્તરોગ મટાડીયો, એક ભક્તનો એમ;
ભેંસનું ભૂત ભગાડિયું, ધૂપ કરાવી તેમ. ૧૮૫
પીસ્તાલીસમા અધ્યાયમાં બળિયાદેવની વાત;
કથા પુરાણની જો કહી, નિરંજનને તાત ! ૧૮૬
છેંતાલીસમામાં પછી, યવનબાઈનું એમ;
મેસરાળગામે ભૂત હા ! ભલું ભગાડ્યું તેમ. ૧૮૭
બાજી ભગતનું ગાંડપણ ભાગ્યું દૃષ્ટિપ્રસાદ !
ભીલોડીઆમાં પધારીને, વરસાવ્યો વરસાદ. ૧૮૮
સુડતાલીસમામાં પછી, બેચરભાઈનું જાણ;
માત્ર માટીના લેપથી, મટાડ્યું ‘કેન્સર’ માન. ૧૮૯
વળી ચંદુલાલતણો રોગ અસાધ્ય ગણાય;
માત્ર લીંબુજલ થકી, મટાડતા ગુરુરાય. ૧૯૦
ઈચ્છાશક્તિ એજ છે, કામધેનુ સાક્ષાત્;
અડતાલીસમામાં અહા ! સમજાવ્યું ગુરુનાથ ! ૧૯૧
ઈચ્છામાત્રે પલકમાં, પોંક આવ્યો સન્ન,
માસ્તર આવ્યા, છાશ પીધી, ધન્ય ! નિર્મલ મન ! ૧૯૨
ઓગણપચાસમાં અહા ! વાસંતીને એમ,
મંત્રદીક્ષા દીધી ને સાધ્યું સઘળું ક્ષેમ. ૧૯૩
‘દત્તનામસંકીર્તને’ કરાવતા અભિષેક,
મગનલાલના મૃત્યુને, પાછું કાઢ્યું છેક. ૧૯૪
પચાસમા અધ્યાયમાં ધન્ય ! પાદરા ગામ,
‘રંગજયંતી’ વર્ણવી ધન્ય ! ગુણવંત નામ. ૧૯૫
ત્યાર પછી સદ્ગુરુ અહા ! મગનલાલની સાથ;
હાંફેશ્વર પહોંચી ગયા, વેઠી કષ્ટ અથાગ ! ૧૯૬
હાંફેશ્વરનું માહાત્મ્ય પણ, આ અધ્યાયે ગાય;
એકાવનમાં તે પછી નૂતન લીલા થાય. ૧૯૭
ભીલ્લ પટેલના ગામનો, ડાકણનો ઉત્પાત;
ફૂંક મરાવી ભક્તથી દૂર કરાવ્યો તાત. ૧૯૮
સ્વાસ્થ્ય બગડતાં માજીનું બાવનમેં અધ્યાય;
માસ્તર તેડવા આવતાં, ઝટ ગુરુવર જાય. ૧૯૯
નારેશ્વરમાં જોઈને માજી રોગથી મુક્ત;
પછી જ જલ મુખમાં મૂક્યું, ધન્ય ! માતૃભક્ત. ૨૦૦
ત્રેપનમા અધ્યાયમાં, વહાણખૂટાની માંહ્ય
હનુમાનના અભિષેકનું તેલ ચઢ્યું જે ત્યાંય; ૨૦૧
વહેંચી દીધું જો તિહાં, ગરીબ જનોને જાણ;
સાચી સગુણ ઉપાસના, સમજાવી હા ! માન. ૨૦૨
અરણ્યેશ્વરમાં તે પછી, ધસતાં રેવાનીર;
કરી પરિક્રમા રંગની, પાછાં વળ્યાં સુધીર. ૨૦૩
ચોપનમા અધ્યાયમાં, કુંભનાથમાં એમ;
નિહંગ બાવાઓતણો, કહ્યો પ્રસંગ તેમ. ૨૦૪
“સાત્ત્વિક રાખવું જોઈએ ધ્યાનનું આલંબન”
નાસ્તિક જનને જો તિહાં, સમજાવ્યું તત્ક્ષણ. ૨૦૫
પંચાવનમાં તે પછી, પાવલીના ફેંકનાર;
એક મજૂર ભક્તનો, કર્યો અહા ! ઉદ્ધાર. ૨૦૬
છોટુભાઈના બંગલે, લઈ ફકીરનો વેષ,
જઈને સમજાવ્યું અરે ! “સહુમાં પ્રભુને પેખ” ૨૦૭
છપ્પનમા અધ્યાયમાં, કર્યું બુચિયાનું વર્ણન;
સેવાનું ફળ આપીને, ધન્ય બનાવ્યું મરણ. ૨૦૮
દત્તજંયતી-ઉત્સવે, જોઈ ભક્તો બહાર;
બનાવરાવ્યો માંડવો, ક્ષણે ન લાગી વાર. ૨૦૯
અધ્યાય સત્તાવનમહીં, ગરબાડામાં એમ;
રંગજયંતી-ઉત્સવે, ભિલ્લ-ભક્તો પર પ્રેમ ૨૧૦

અતિ વરસાવ્યો અને વહેંચાવ્યું બહુ અન્ન;
'દાબડાવાલા' સંતની 'જય'થી ગાજ્યું ગગન. ૨૧૧
રંગજયંતી-ઉત્સવે, વડોદરામાં જાય;
'લીલામૃત' પારાયણો, અષ્ટોત્તરશત થાય. ૨૧૨
સાઈઠમી રંગજયંતી હા ! નારેશ્વર ઉજવાય;
લાખો ભક્તો મોદથી, ગાંડા-ઘેલા થાય. ૨૧૩
એકસઠમી જયંતી હા ! ડાકોરમાં ઉજવાય;
ગોપાલ-અવધૂત થઈ તિહાં, ગાયો ચારવા જાય. ૨૧૪
જલચરને પોષ્યાં અને, ટોપીનો પ્રસંગ,
માખણચોરે રચ્યો અહા ! છલક્યો મન ઉમંગ. ૨૧૫
ત્યારપછી આરાસુરે, ધન ધન અંબામાત;
વીંટલા પહેર્યા અવધૂતે, પ્રગટ થયાં સાક્ષાત્. ૨૧૬
જોઈ ભાવ અવધૂતનો, ફટાક ઉઘડ્યાં દ્વાર;
રણચંડીદર્શન થયાં, વર્ત્યો જયજયકાર. ૨૧૭
અઠ્ઠાવનમાં જો ગયા, દ્વારકાધીશની પાસ;
રંગજયંતી-ઉત્સવે, વગાડ્યાં 'ડિમ્ ડિમ્' ખાસ. ૨૧૮
ત્યાર પછી નારેશ્વરે, 'વાઢકાપશિબિર'
યોજાઈ ને રોગીઓ થયા સ્વસ્થ-શરીર. ૨૧૯
રેવાજલમાં ડૂબકી, ખવરાવીને એમ;
પ્રેમજીની શિરવેદના, દૂર કરી હા ! તેમ. ૨૨૦
ભક્ત મંજુલાલનું, રૂપ ધરી તે વાર;
રૂપિયા આપ્યા એહને, દવાખાનાને દ્વાર. ૨૨૧
ઓગણસાઈઠમાં જો અરે ! વાત અનોખી જાણ;
રાજકોટથી ગરોળી હા, મળવા આવી માન. ૨૨૨
વડોદરાની બહેનનાં, જોઈ શ્રદ્ધા-પ્રેમ;
નિજનું ઘર આપ્યું અહા ! ધન્ય ! ગુરુવર ! એમ. ૨૨૩
વળી ઈન્દ્રવદનતણાં, કર્યાં અલૌકિક કામ;
લગ્ન કરાવ્યું ને ગયા ઘરે રંગવિશ્રામ. ૨૨૪
સાઈઠમા અધ્યાયે પછી, ચીમનલાલને એમ;
'દત્તબાવની' પાઠથી, બચાવ્યા પૂરથી તેમ. ૨૨૫
એકસઠમા અધ્યાયમાં, ધરીને બે સ્વરૂપ;
શ્રદ્ધા દૃઢ કરી ભક્તની, લીલા કરી અનુપ. ૨૨૬
ધૂળાભગતના રૂપિયા, વડોદરામાં એમ;
હતા ગુમાવ્યા તે પ્રભુ ! પાછા અપાવ્યા તેમ. ૨૨૭
બાસઠમા અધ્યાયમાં, ગ્રામીણભક્તો સાથ;
નૌકાવિહાર કર્યો, પ્રભુ ! સરળ સંત સાક્ષાત્. ૨૨૮

માલસરમાં સમજાવિયું, પૂજારીને એમ;
જુઓ જોડણી 'રેલ્મ'ની શુદ્ધ લખાવી તેમ; ૨૨૯
માથે મૂકી તાવડી, અમદાવાદની માંહ્ય;
શોભાયાત્રામાં ફર્યા ધન્ય ! સરળતા આંહ્ય. ! ૨૩૦
ત્રેસઠમા અધ્યાયમાં, 'દત્તજયંતી' પર;
થુવાવી ગામે જો ગયા, પરમ સદ્ગુરુવર. ૨૩૧
કેમેરાના 'ફ્લેશ' નો, આવ્યો પ્રકાશ અપાર;
પ્રકાશ પડતાં રંગની, આંખ ઉપર તે વાર; ૨૩૨
'ડોળો' અરે ! ખસી ગયો, અપાર પીડા થાય;
તોયે સદ્ગુરુ પ્રેમથી, વાતો કરતા જાય. ૨૩૩
'ડોળો' ખસતાં, આંખથી પ્રકાશ ના સહેવાય,
કાળા ચશ્મા આંખપર, તેથી ધરે ગુરુરાય. ૨૩૪
વડોદરામાં દેહથી દૂર કરીને જ્વર;
દર્શન દેવા ભક્તને, બેસી રહ્યા ગુરુવર. ૨૩૫
ચોસઠમા અધ્યાયમાં, ભંગાવ્યો નિજ હાથ;
ભક્ત-ગોરને બચાવિયા, મૃત્યુથી સાક્ષાત્ !! ૨૩૬
દેવસાહેબના હસ્તથી, નૂતન કુટિર પર;
મૂર્તિઓની સ્થાપના, કરાવે સદ્ગુરુવર ! ૨૩૭
પાંસઠમા અધ્યાયમાં લીંબું કાપતાં એમ,
અંગુલિ છેદાઈને, લોહી વહાવ્યું તેમ. ૨૩૮
બચુભાઈ-પ્રાર્થના થકી રુઝાયો ઘા,
પણ મિસ્ત્રી કેરો દીકરો બચ્યો મોતથી હા ! ૨૩૯
છાસઠમાં અધ્યાયમાં, અવધૂતજીએ એમ;
દયા કરીને 'દેવ' ને, મકાન અપાવ્યું તેમ. ૨૪૦
દેવસાહેબનાં પત્નીને, વ્રત કરાવી એમ;
પુત્ર-રત્ન દીધો અહા ! કર્યું ભક્તનું ક્ષેમ. ૨૪૧
કરેણાના પટેલ હા ! વિઠ્ઠલભાઈને ઘેર,
પધારી જૂની પત્નીને, પુત્ર-રત્ન દે સુપેર. ૨૪૨
સડસઠમા અધ્યાયમાં, કૃપા કરી ભગવાન !
ચિંતામણિનાં પત્નીને, દીધું જીવતદાન. ૨૪૩
પુત્ર-રત્ન દીધો અને ગુમડું મટાડી એમ;
શક્ય કર્યું અશક્યનું, ભક્ત ભૂલે એ કેમ ? ૨૪૪
અડસઠમાએ તે પછી, માલોદનો એ યવન
દાદુમિયા શરણે ગયો, થતાં દુ:ખી નિજ તન. ૨૪૫
લાડુના પ્રસાદ થકી ધન્ય ! ગુરુવર ! ધન્ય !
આપ્યું એને નવજીવન, યવન બન્યો સુધન્ય. ૨૪૬

ફાતમાબીબીનું પછી, મટાડ્યું ગુમડું તુર્ત;
સર્પઝેર ઉતારીને, બચાવ્યો કાયમ ભક્ત. ૨૪૭
ધીરુ જોશી બાળને, એક જ વખત એમ;
વાંચીને શિખવી દીધી, મરાઠી ભાષા તેમ. ૨૪૮
ધીરુભાઈનાં પત્ની જે, ઈન્દુબેનને જાણ;
'મંગલવ્રત' કરાવીને, દીધો પુત્ર હા ! માન ૨૪૯
અગનોસિત્તેરમો અહા ! અધ્યાય ઉત્તમ જાણ;
અવધૂત-માતૃ-પ્રેમનું કરે અલખજી ગાન ! ૨૫૦
આજ્ઞા શિરપર ધારીને, પૂજ્ય માજીની એમ;
પૂજન કરવા પાદુકા, આપી પ્રભુએ તેમ. ૨૫૧
માજીની મૂર્તિતણી, નારેશ્વરની માંહ્ય;
કરી સ્થાપના તે પછી, નવરાત્રી ઉજવાય. ૨૫૨
ધીમે ધીમે માજીનું, સ્વાસ્થ્ય બગડતું જાય;
રુકુમામ્બા, જગદમ્બ હા ! બ્રહ્મલીન થઈ જાય !! ૨૫૩
આ અધ્યાયે માજીના, કરી અગ્નિસંસ્કાર;
ઉત્તરક્રિયા કરાવવા, નીકળ્યા તેણીવાર. ૨૫૪
સીત્તેરમા અધ્યાયમાં મોરટક્કાએ જાય;
ઉત્તરક્રિયા પછી જતા નૈમિષે ગુરુરાય. ૨૫૫
અનુષ્ઠાન પૂરું થતાં, લલિતા-દર્શન થાય,
બ્રહ્માવર્ત ગયા પછી, લીંચ ગામ પ્રભુ જાય. ૨૫૬
ત્યાંથી સદ્ગુરુએ કર્યું, આફ્રિકાખંડગમન,
આફ્રિકાના પાંચ દેશ પુનિત કરે ભગવન્ ! ૨૫૭
સ્વદેશ પાછા આવીને, નારેશ્વરમાં એમ;
'માતૃશૈલ'ની સ્થાપના, કરી પ્રભુએ તેમ. ૨૫૮
મુંબઈના પદયાત્રીઓ, સુંદર શિબિકા માંહ્ય;
મૂર્તિ લઈ માજીતણી, આવી ગયા હા ! ત્યાંય. ૨૫૯
ત્યાર પછી ગુજરાતમાં, ભ્રમણ કર્યું સુપેર;
પ્રભુ પધાર્યા પ્રેમથી, નિજ ભક્તોને ઘેર. ૨૬૦
પૂરગ્રસ્ત સાયરતણા, ગ્રામ જનોને એમ;
અન્ન, વસ્ત્ર-પ્રચુર ને ઘર વખરી પણ તેમ ૨૬૧
વહેંચી હા ! બહુ પ્રેમથી, પછી ગયા નડિયાદ,
ત્યાંથી કપડવંજમાં, સૂણી ભક્તનો સાદ. ૨૬૨
કપડવંજથી સાબરમતી, થઈને સદ્ગુરુરાય;
વિમાન દ્વારા જયપુરે, પહોંચી જો ઝટ જાય ! ૨૬૩
જન્મજયંતી રંગની, જયપુરમાં ઉજવાય;
દઈને આશિષ વિજયની, હરિદ્વારમાં જાય. ૨૬૪
ઈકોતેરમામાં અહા ! જઈને હરિદ્વાર;
'આર્યનિવાસ'માં રહી અહા ! લીલા કરી અપાર. ૨૬૫
જયદેવભાઈને પ્રેમથી, આપીને વિદાય;
એમનાં દૃષ્ટાંતો કહ્યાં, ધન્ય ! અલખ ગુરુરાય ! ૨૬૬
સાધુ સંતો ને વળી, પતિયાંને સુપેર;
પેટભરી જમાડિયાં, ધન્ય ! કરી બહુ મહેર. ૨૬૭
કાર્તિક વદ અમાસનો, ગોઝારો એ દિન;
ૐ ૐ રટતા થયા, રંગ બ્રહ્મમાં લીન ! ૨૬૮
આકાશવાણીએ કર્યા, સમાચાર પ્રસાર;
આખાએ ગુજરાતમાં વ્યાપ્યો શોક અપાર. ૨૬૯
પ્રભુના પાર્થિવ દેહને વિમાન દ્વારા જાણ;
લાવ્યા અમદાવાદ ને ત્યાંથી ટ્રકમાં માન; ૨૭૦
નારેશ્વર લાવ્યા અહા ! કર્યો અગ્નિસંસ્કાર;
લાખો ભક્તો ડૂબી ગયા, શોકાબ્ધિ મોઝાર. ૨૭૧
રેવા નિર્મલ જલ વિશે, ગંગામાં વળી તેમ;
પ્રભુનાં શુભ અસ્થિ જો, કર્યાં વિસર્જન એમ. ૨૭૨
આમ લીલા પૂરી કરી દીન 'બાળક' શું ગાય ?
સ્મરી-સ્મરી અવધૂતને રોમહર્ષ થઈ જાય !! ૨૭૩
ગુરુગુણગાવા થકી, વિશુદ્ધ થાયે ચિત્ત;
અલખ નિરંજન માધ્યમે, ગાવા થાયે પ્રવૃત્ત. ૨૭૪
બાલક-મતિ લખવા કરે, અર્પે ગુરુ ગતિ જાણ;
સ્વાભાવિક આ થઈ કૃતિ, કૃપા-પ્રસાદે માન. ૨૭૫
બોધે સ્વયં જે આચરી, એનું દિવ્ય ચરિત્ર;
ગાયું મૂકી ગુમાન જો, ભક્તિભાવથી અત્ર. ૨૭૬
રંગલીલામૃત આ નકી, પાતક સૌ હણનાર;
શ્રવણમનને એહના, મળશે જીવન-સાર. ૨૭૭
ગુરુલીલાના ગાનથી, ભક્તિસૌખ્ય વધનાર;
પારાયણ કરતાં નકી, શ્રદ્ધા સુદૃઢ થાનાર. ૨૭૮
આવ્યા અવધૂત ગુર્જરે, કરવા ભક્તિ પુષ્ટ;
ભક્તિ કરતા મનુષ્યને, રાખે એ સંતુષ્ટ. ૨૭૯
નિત્ય નિયમ રાખી સદા, વાંચે જે આ ગ્રંથ;
વધશે સદ્બુદ્ધિ અને થાશે એ નિર્ગ્રંથ. ૨૮૦
જ્ઞાની કેરું જો થશે, જ્ઞાન અહીં દૃઢમૂલ;
કર્મમાર્ગીનાં અહો ! બંધન જો નિર્મૂળ. ૨૮૧
યોગીકેરા યોગનું, જળવાશે સહુ ક્ષેમ;
ભક્તિમાર્ગે લીન જે, તેનાં યોગ-ક્ષેમ. ૨૮૨

**સીધા સાદા સરળ જે, શુદ્ધ હૃદયના આપ;**
**તેને આના પાઠથી, મળશે શાંતિ અમાપ. ૨૮૩**
**આનંદી અવધૂત એ, કરશે મસ્ત જીવન;**
**સુખમાં કે દુઃખમહીં, હસતો રે'શે જન. ૨૮૪**
**ભાવે જે કો ગાય વા, પઠે લખે વા જાણ;**
**નારેશ્વરના નાથ જે, કરશે સૌ કલ્યાણ. ૨૮૫**
**રંગા કેરું તપ અહીં, તપે નિરંતર માન;**
**પોતાની શ્રદ્ધા સમું, ફળ મેળવે જાણ. ૨૮૬**
**પારાયણ કરનાર જે, રાખે અર્થ-સંધાન;**
**વ્હેલા ઊઠી નાહીને, સ્વસ્થ ચિત્તે માન; ૨૮૭**
**સન્મુખ રાખી દેવ-ગુરુ, વાંચે પારાયણ;**
**ધૂપદીપ સળગાવીને, બેસે એકાસન. ૨૮૮**
**પ્રથમ દિવસે તેર ને બીજે જો પચ્ચીસ;**
**ત્રીજે ત્યાં છત્રીસ સુધી, ચોથે ચુંવાળીસ; ૨૮૯**
**ચોપન જો પંચમદિને, છઠ્ઠે ચોસઠ જાણ;**
**સપ્તમ દિન પૂરું કરે, પારાયણ નિજ માન. ૨૯૦**
**અલખ નિરંજનને કહે, ભાવે કર વંદન;**
**પરબ્રહ્મ પરમાત્મ જે દત્ત અત્રિનંદન. ૨૯૧**
**શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુ, કલિમાં તારણહાર;**
**નૃસિંહસરસ્વતી ને વળી વાસુદેવ અઘહાર. ૨૯૨**
**ત્યાંથી જે ઉતરી અહા ! પરંપરા જે જાણ;**
**રંગે જાળવી રંગથી, ગુર્વાદેશથી માન. ૨૯૩**
**એવા એ ગુરુદેવના, ચરણે લાખ પ્રણામ !**
**બોલી અલખ ક્યાં ગયા ? રહ્યું નિરંજન નામ !! ૨૯૪**

**રેવા રુકમા રંગના, ચરણે થઈને મત્ત,**
**અર્પણ કરતાં બોલું જો. શ્રી ગુરુદેવદત્ત ! ૨૯૫**

**ઈતિ શ્રીરંગપાદારવિન્દમિલિન્દચુનિલાલબાલગોવિન્દોપાધ્યાય (બાલક) રચિતે શ્રીરંગલીલામૃતે અલખનિરંજનસંવાદે સર્વાધ્યાયસારવર્ણનં નામ દ્વિસપ્તતિમોऽધ્યાયઃ ॥૭૨ ॥ દોહરા ૨૯૫ ॥ સપ્તાહપારાયણ - ૭મો દિવસ.**

**કુલ દોહરા ૧૪, ૯૭૭**

